પ્રકરણ ૨૭

# રસ્તા – માર્ગો

ખંભાતથી નીકળતા ધોરી માર્ગો : ખંભાત હિન્દનું મુખ્ય બંદર હોવાથી પ્રવાસીઓને જવા તથા અન્ય માલ વગેરે લઈ જવા લાવવાના મુખ્ય મુખ્ય ધોરી માર્ગો આ પ્રમાણે હતા. ઉત્તર હિંદનો અને પૂર્વ હિંદનો માલ આ બંદરેથી જવા આવતો અને પરદેશનો માલ આ બંદરે આવતો. આ બંદરેથી હિંદની અંદરના ભાગોમાં જતો. આ રીતે પ્રાચીન મહાનગર આખા જગતનું એક અગત્યનું વેપારી મથક હતું.

[૧]પહેલો માર્ગ : તારાપુરથી સોજીત્રા સુધી :

'નગરાની પશ્ચિમ બાજુએ ભાલનો નીચાણ પ્રદેશ હતો જેથી પશ્ચિમ દિશાએ કોઈ પણ ધોરી માર્ગની શકયતા નહોતી. ચારપાંચ માસ ચોમાસાનું પાણી ભરાઈ રહે એટલે સ્વાભાવિક રીતે તે તદ્દન બંધ રહે અને બાકીના વખતમાં ખરબચડી સખત માટી હોવાથી ધોરી માર્ગો માટે તે જગા નકામી થઈ પડે. નગરાથી બીજો અનુકૂળ માર્ગ તારાપુર થઈ સોજીત્રાનો હતો. આ રાહદારી રસ્તો લગભગ બારેય મહિના માટે ખુલ્લો હતો. તે વખતે માલ લાવવા લઈ જવા માટેનાં સાધનોમાં મુખ્યત્વે પોઠો હતી. વધારામાં ગધેડાં, ઘોડા, ઊંટ અને ગાડાનો ઉપયોગ થતો. આ ધોરી માર્ગો એકલા વેપારના માર્ગો નહોતા. પણ સાથે સાથે લશ્કરોની આવજા કરવા માટેના પણ હતા.'

નગરાથી સોજીત્રા નીકળતો માર્ગ લગભગ સો ફૂટ પહોળો હતો. અને પછીથી સોજીત્રાથી જુદી જુદી દિશાઓમાં ફંટાતા માર્ગો પણ લગભગ એટલા જ પહોળા હતા. સોજીત્રાથી એક માર્ગ ધોળકા જતો હતો. અસામલી આગળ આ માર્ગ સાબરમતીને ઓળંગતો હતો.

ચીની મુસાફર યુઆનશુઆંગ : પ્રખ્યાત ચીની મુસાફર ગુજરાતમાં આવ્યો ત્યારે તે પ્રથમ ઉજ્જૈનથી ખંભાત ગયો હતો. તે મહીસાગરને ઓળંગીને ખંભાત આવેલો અને ખંભાતથી નીકળીને વલભી જાય છે. તે વખતે સાબરમતી નદીનું ઉતરાણ એટલે અસામલી આગળ કરેલું છે. શ્રી મુનશી લખે છે કે યુઆનશુઆંગે સાબરમતીને અસલાલી આગળ ઓળંગી હતી. પણ અસામલી નામની ખબર ન હોવાથી અને નામ સાદૃશ્ય હોવાથી તેમ નામ લખ્યું હશે.

બીજા માર્ગો : સોજીત્રાથી બીજા માર્ગો નીકળી મખર, ખેડા થઈને આશાવળ થઈને મારવાડ જતો હતો. આશાવળથી આ રસ્તો આગળ જતાં કડી થઈને પાટણ જતો અને ત્યાંથી શ્રીમાલ જતો.

ત્રીજો માર્ગ : નગરાથી સોજીત્રા થઈ નડિયાદ, મહુધા, કપડવંજ, ચિતોડ, ગ્વાલીયર થઈ કનોજ તરફ જતો હતો. ચોથો માર્ગ પાટલીપુત્ર પહોંચતો હતો.

એક માર્ગ સોજીત્રાથી મહેળાવ, વડતાલ, બોરીઆવી થઈને ભાલેજ રોડ ઉપર થઈને ગોધરા, દાહોદ થઈ ઉજ્જૈન તરફ જતો.

---

૧. માર્ગો સંબંધીનો લેખ શ્રી ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલે લખેલો 'ચરોતરના ધોરી માર્ગો'ના આધારે લખાયો છે. ચરોતર સર્વસંગ્રહ ભા. ૧લો પૃ. ૮૭૨

સોજીત્રાથી આશાપુરી, સુણાવ, કરમસદ, આણંદ જતો હતો વળી સોજીત્રાથી પેટલાદ, મોગરી, નાવલી, નાપા, વાસદ, વડોદરા જતો અને ત્યાંથી ધારાનગરી જવાતું.

ખંભાતથી હોડી મારફતે કાવી જવાતું. કાવી અને ગાંધાર એ બે મહીસાગરનાં દક્ષિણનાં બંદરો હતાં. કાવીથી જંબુસર જવાતું. ખંભાતથી પેટલાદ સુધીનો એક ધોરી માર્ગ હતો. ખંભાતથી બોરસદ સુધીનો માર્ગ હતો. તથા દહેવાણ સુધીનો માર્ગ હતો. અને ત્યાંથી આગળ કાનમમાં જવાતું. નગરા અને ખંભાત બંનેને ભરૂચ સાથે દરિયા માર્ગે સીધો સંબંધ હતો. ખંભાતથી અરબસ્તાન, ઈરાન વગેરે દેશોમાં સમુદ્ર રસ્તે જવાતું.

ખંભાતથી દિલ્હી સુધીનો ધોરી માર્ગ :

ખંભાતથી નારના રસ્તે સોજીત્રા જતાં, અને ત્યાંથી અમદાવાદ જતાં ઈ. સ. ૧૬૩૮માં આવેલો મુસાફર મેન્ડેલ્સ્લો અમદાવાદથી પ્રથમ સોજીત્રે બે દિવસે આવ્યો હતો,[૧] અને ત્યાંથી ખંભાત આવ્યો હતો.

વિ. સં ૧૬૩૫ના અરસામાં અકબર બાદશાહને જિન દર્શનનું તત્ત્વ જાણવા ઇચ્છા થતાં તેણે તે વખતના પ્રભાવશાળી જૈનાચાર્ય જિનચંદ્રસુરી અને તેના શિષ્ય બીકાનેરના રાજ્યનો કર્મચંદ્ર મંત્રી જે તે વખતે ખંભાતમાં હતા, તેમને બોલાવવાને ફરમાન મોકલ્યું. આ ફરમાન તેમને ખંભાતમાં મળ્યું એટલે તેઓ ખંભાતથી અમદાવાદ ત્યાંથી શિરોહી, મગસીજી, મેડતા, નાગપુર પછી વિક્રમપુર (વિકાનેર) ને ત્યાંથી મરુમંડલમાં રાણપુર અને ત્યાંથી લાહોર પહોંચ્યા[૨] ( ફાગણ સુદ ૧૨ વિ. સ. ૧૬૩૫ )

૧. મેન્ડેલ્સ્લોની મુસાફરી.

૨. જુઓ કર્મચંદ્ર મંત્રીરાસ પૃ. ૧૨૬–૨૭

જૈન સાધુઓ હંમેશાં પગપાળા મુસાફરી કરે છે. ખંભાત એ જૈન તીર્થ હોવાથી ઘણાખરા જૈન સાધુઓ ખંભાતમાં આવી ગયા છે. અને હજી આવે છે. એટલે તેઓ ધોરી માર્ગે જાય એ દેખીતું છે.

વિજયસેન સૂરી ( વિ. સ. ૧૬૦૪ જન્મ ) રાજનગર ( અમદાવાદ )થી સોજીત્રા અને ત્યાંથી નારને રસ્તે થઈ ખંભાત આવ્યા હતા.[૩]

૧. ખંભાત – તારાપુર સડક :

આ રસ્તાનું કામ ૧૯૫૪ના માર્ચમાં શરૂ કરવામાં આવ્યું તેનો અંદાજી ખર્ચ ૯૬૫૦૦૦ નવલાખ પાંસઠ હજાર છે. આ રસ્તો ખંભાત મ્યુનીસીપલ હદથી તારાપુર સુધી ૧૩ માઈલ લંબાઈનો છે. ચૌદ નવાં નાળાં બાંધવામાં આવ્યાં.

| | |
|---|---|
| ૧ ખંભાતથી તારાપુર | ૧૩ માઈલ દૂર |
| ૨ ખંભાતથી માતર | ૩૦ માઈલ દૂર |
| ૩ ખંભાતથી ખેડા | ૩૩ માઈલ દૂર |
| ૪ ખંભાતથી અમદાવાદ | ૫૫ માઈલ દૂર છે. |


ઉપરનો પ્રથમનો રસ્તો ના. નવાબસાહેબ હુસેનયાવરખાન સાહેબે તા. ૨૭–૫–૫૬ના રોજ ખુલ્લો મૂકયો.

૫ ખંભાતથી પેટલાદ તથા ખંભાતથી ગોલાણા રોડ થયા.

૩. રાજનગરથી પૂજ્ય પધારિયા, અનુક્રમિ સોજિત્ર પુરિઆવિદ્યા દેવતણી ગતિ કો ન સકઈ કવિ ભવિતવ્યતા જે તે કિણિના લિટલી ૧૪

× × ×

સહૂ પરવારિ બહુ યતન કિયા, નારિ નગરમાં ગુરુ પધરાવીયા. જૈ. ઐ. ગૂ. કા. સં. પૃ. ૧૬૧




ખંભાત તાલુકાના રસ્તા

**ખંભાત રેલવે : સને ૧૯૦૧**

ઈ. સ. ૧૮૫૩ના એપ્રિલની ૧૬મી તારીખે મધ્યાહ્નને ત્રણ વાગ્યે ભારતની પ્રથમ રેલવે મુંબઈથી થાણા સુધી ૨૧૩ માઈલ નાખવામાં આવી, ત્યાર પછી ૧૮૫૫માં ઉતરાણ અને અંકલેશ્વર વચ્ચે, પછી ઈ. સ. ૧૮૬૧માં વડોદરા ભરૂચ વચ્ચે, પછી ૧૮૬૨માં વડોદરા વાસદ વચ્ચે, ૧૮૬૨માં વાસદથી મહેમદાવાદ અને ૧૮૬૩માં મહેમદાવાદથી અમદાવાદ સુધીની રેલવે તૈયાર થઈ.

**ખંભાત રેલવેના પ્રયત્નો :** ખંભાતનો વ્યાપાર વધે, ગુજરાતનાં બીજાં શહેરો સાથે ખંભાતનો સંબંધ જોડાય અને ખંભાતની જાહોજલાલી વધે એવા શુભ હેતુથી ખંભાતને રેલવે દ્વારા સાંકળી લેવાનો વિચાર ઈ. સ. ૧૮૯૧ના ખંભાતના સ્પેશિયલ ઑફિસર મેજર કેનેડીને આવ્યો હતો, પરન્તુ તે વિચાર પાછળ પ્રગતિબળ ન હતું. પછી ઈ. સ. ૧૮૯૫માં રેલવે કાઢવાનાં આંદોલન શરૂ થયાં. અમદાવાદમાં શાહીબાગમાં મી. રીડ સાહેબ, કર્નલ ઓલીવર, અને ખંભાતના દીવાન શ્રી માધવરામ એ ત્રણેની એક મીટીંગ મળી, તેમાં ખંભાતના દીવાનશ્રીએ ખંભાતના હિત માટે ઘણી જ લાગણીભરી સમજાવટ રજૂ કરી અને એ વાત કમિટિમાં કબૂલ થતાં કલકત્તા સરકાર પાસેથી મંજૂરી મેળવી.

**કાર્યની શરૂઆત :** આણંદથી પેટલાદ સુધી રેલવે ઈ. સ. ૧૮૯૧માં બંધાઈ હતી. એટલે પેટલાદથી ખંભાત સુધીની બ્રોડગેજ રેલવે બાંધવાનું હતું. તારાપુરથી ખંભાત સુધીનો ૧૩ માઈલનો ગાળો તે નવાબસાહેબની હદ હતી, તે રસ્તો બાંધવાનું કામ તા. ૧૯મી નવેમ્બર ૧૮૯૯થી શરૂ થયું. આ સમયે દુષ્કાળ પડ્યો હતો. એ દુષ્કાળમાં પિડાતાં ૩,૦૦૦ માણસોને કામે લગાડવામાં આવ્યા, અને ફેબ્રુઆરી ૧૯૦૦માં કામ તૈયાર થઈ ગયું. ખંભાત રેલવે સ્ટેશન ૧૯૦૧માં બંધાયું.

**પ્રથમ રેલવે ઉદ્દઘાટન : ૨૦ જૂન ૧૯૦૧**

તા. ૨૦મી જૂન ૧૯૦૧ ને ગુરુવારનો ઉજ્જવલ દિવસ હતો. તે દિવસે સવારના નવ વાગે ઉત્તર વિભાગના કમિશનર મે. એફ. એસ. પી. લેલી સાહેબના હસ્તે ખુલ્લી મૂકવાની ક્રિયા કરવામાં આવી. સ્ટેશનના કંપાઉન્ડને શણગારવામાં આવ્યું હતું. સવારે આણંદથી સ્પેશિયલ ટ્રેનમાં મે. લેલી સાહેબ તેમના મંડળ, રેલવે કંપનીના એજંટ કર્નલ ઓલીવાર સાહેબ, અમદાવાદના ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ, ખેડાના કલેકટર મે. પ્રાટ સાહેબ વગેરે મહેમાનો આવ્યા હતા.

ના. મર્હુમ નવાબ સાહેબ જાફરઅલીખાન સાહેબે સૌને હર્ષથી આવકાર્યા હતા. તે સઘળાઓને તેર તોપોનું માન આપ્યું હતું.

બાદ દીવાન શ્રી માધવરામે ખંભાત વિષે ઐતિહાસિક અને મનન યોગ્ય ભાષણ આપ્યું હતું. તે કહે છે કે 'આજનો દિવસ ખંભાતના ઇતિહાસમાં લાલ અક્ષરથી નોંધ લેવા લાયક છે. આજથી ખંભાતની આબાદી અને સુધારાનો સમય શરૂ થયો છે. રેલવે સાથે ખંભાત જોડાય છે. તેથી ખંભાતની ગએલી આબાદી પાછી મળશે.' તેમના ભાષણ પછી મી. લેલી સાહેબે ભાષણ આપ્યું હતું.

ના. નવાબ સાહેબ જાફરઅલીખાન સાહેબે ચાંદીનો નકસીદાર રેશમી વાવટો મી. લેલી સાહેબને આપ્યો, તે ધરતાં હુરરેના આનંદધ્વનિ સાથે તા. ૨૦મી જૂન ૧૯૦૧ના સવારના નવ વાગે ખંભાતના સ્ટેશનથી પ્રથમ ગાડી ઊપડી. એક તોપ ફોડવામાં આવી હતી.

**મહેમાનોનો સત્કાર અને વિદાય**

મહેમાનોને ડંકાનિશાન સાથે સવારીના રૂપમાં કોઠીના બંગલામાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાં તેમને ખાણું આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ તે આણંદ તરફ વિદાય થયા હતા.

**પ્રારંભમાં ગાડીનો સમય :**

રેલવે ગાડીનો હંમેશનો સમય : સવારે પાંચ વાગે આણુંદ તરફ જતી હતી. અને સાંજે ૪-૫૫ પછી આવતી હતી એટલે એક વખત જતી હતી અને એક વખત આવતી હતી.

**ખર્ચ અને આવક :**

પેટલાદથી ખંભાત સુધીનો ખર્ચ આશરે ૪૫ લાખ જેટલો થયો હતો, તેમાં લગભગ ૧૨૧/૨ માઈલ રેલવે ના. નવાબસાહેબની હોવાથી નવ લાખ રૂપિયા ખર્ચ નવાબસાહેબના હિસ્સે હતો.[૧] એનો વહીવટ બી. બી. સી. આઈ. રેલવે કંપનીને સોંપ્યો હતો. અને તેની આવક અમુક ટકા દર વરસે સ્ટેટને આવતી.

**બંદર સુધીની રેલવે : ૧-૩-૧૯૦૬.**

ખંભાત સ્ટેશનથી બંદર સુધીની રેલવે નવાબસાહેબના ખર્ચથી બંધાવવામાં આવી હતી, જેથી બંદર સુધી માલની હેરફેર તથા દરિયામાંના વહાણ મારફતે આવેલો માલ સ્ટેશને આવે. આ માટે બંદર સુધી રેલવે બાંધી હતી.

સને ૧૯૩૮ના બીજા વિશ્વયુદ્ધ વખતે આ રેલવેના પાટા ઉખાડીને લઈ જવામાં આવ્યા હતા. પરન્તુ પાછળથી ઈ. સ. ૧૯૫૧માં તે નાંખવામાં આવ્યા હતા.

**વડોદરા રેલવે આવી ત્યારે ખંભાત સાથેના વહેવાર માર્ગો**

વડોદરા સુધી રેલવે આવી ( ઈ. સ. ૧૮૫૬ ) ત્યારે ગાજણા, ઉમેટા, થઈ ખંભાત આવતા, પછી આણંદ સુધી રેલવે આવી એટલે ઉપરને રસ્તો બંધ થયો. અને આણુંદ સ્ટેશનથી સંદેશર, પેટલાદ, પીપળોઈ, અને પછી ખંભાત આવતા. આણુંદ સુધી ખંભાતથી સીધરામો અને ગાડાઓ મારફતે જતા આવતા.

ભરૂચથી જંબુસર અને ત્યાંથી ખંભાત આવવાનો રસ્તો કાવી ઉપરનો હતો. કાવી તે જંબુસર તાલુકાનું ગામ છે. ત્યાં મછવા રહે અને હંમેશાં; ચોમાસા સિવાય; આવજા કરતા. આથી ભરૂચ સાથેનો સંબંધ ખંભાતને રહેતો. આણુંદથી પેટલાદ સુધી રેલવે ઈ. સ. ૧૮૯૧માં આવી ત્યારે ત્યાં સુધી ખંભાતથી ભાડે ગાડાં, ગાડીઓ, સંઘરામ વગેરે કરીને પેટલાદ જતા. વાઘડિયા વડ આગળ આ વાહનો ઊભા રહેતા હતા.

**નવી રેલવેની માંગણીઓ :**

ખંભાતથી કઠાણા સાથે જોડવાને રેલવે લાઈન નાખવાની જરૂર છે, આથી ખંભાત તાલુકાનાં તથા જંબુસર તાલુકાનાં ગામોની સારી સગવડ વધે તેમ છે.

ભાવનગરથી તારાપુર : રેલવે અંગે માપણીનું કામ ખંભાત તાલુકાના વિસ્તારોમાં થઈ ગયું છે. તારાપુર, મોરજ, ખાનપુર, વરસડા અને ગલિયાણા સ્ટેશનો થશે. સાબરમતી નદી ઉપર ગલિયાણા આગળ રેલવે પુલ બંધાશે જેથી ભાલ વિસ્તારને રેલવેની પૂરેપૂરી સગવડ મળવાથી તેની ખીલવણી થશે.

ખંભાતથી વીરસદ : આ ટૂંકા ગાળાનું જોડાણ છે. પરંતુ ઘણું જ ઉપયોગી છે. ચરોતરનાં મોટાં મોટાં ગામોનો વેપારઉદ્યોગ ખૂબ ખીલવા સંભવ છે. કારણ કે તંબાકુનો પાક તથા અનાજ મુખ્ય છે.

**ખાનગી બસ સર્વિસ ( ૧૯૫૩ )**

૧ ખંભાતથી કઠાણા, ૨ ખંભાતથી ગોલાણા, ૩ ખંભાતથી વડગામ, ૪ ખંભાતથી ધોળકા,

---

૧. ૧લી જુલાઈ સને ૧૯૦૧
ખંભાત દરબાર ગેઝેટ

૫ ખંભાત સ્ટેશનથી બજાર અને ખંભાતથી ધંધુકા આ પ્રમાણે પાંચ મોટરો જુદા જુદા સંચાલકો તરફથી ખાનગી રીતે સને ૧૯૫૩માં ચાલતી.

રાષ્ટ્રીયકરણ : સ્વરાજ્ય મળ્યા પછી તરત જ સને ૧૯૪૮માં ભારત સરકારે ' રોડ ટ્રાન્સ-પોર્ટ કોરપોરેશન ઍક્ટ ' કાયદો પસાર કર્યો અને તરત જ મુંબઈ રાજ્યે સને ૧૯૪૮માં સ્ટેટ ટ્રાન્સપોર્ટ યોજના કરી. અને સને ૧૯૪૯માં સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોરપોરેશન સ્થપાયું.

### સ્ટેટ ટ્રાન્સપોર્ટ તા. ૧-૧-૧૯૫૦

તા. ૧-૧-૧૯૫૦થી સ્ટેટ ટ્રાન્સપોર્ટ તરફથી ખંભાત બસ મૂકવામાં આવી. ખંભાતથી પેટલાદ અને બોરસદ અને કેનેવાલના રસ્તે અમદાવાદ : એમ ત્રણ સર્વિસો શરૂ થઈ. આ રસ્તાઓ આ વખતે કાચા હતા, એટલે એક માઈલે એક આનો ભાડું લેવામાં આવતું. ધીમે ધીમે ખાનગી બસો બંધ કરાવી અને સ્ટેટ ટ્રાન્સપોર્ટ પોતાની મોટરો શરૂ કરી દીધી. સને ૧૯૫૦-૫૧માં વહોરવાડ આગળ બસ સ્ટેન્ડ બાંધવામાં આવ્યું.

બસ સ્ટેશન : ખંભાતની વસ્તી વધી તેમ એસ. ટી. બસનો વ્યવહાર વધવાથી; મુસાફરોની આવજા ઘણી જ વધી છે તેથી બસ સ્ટેશનની જોગવાઈઓ ઘણી વધી છે.

### ખંભાતમાં પ્રથમ મોટર

ઈ. સ. ૧૮૯૭-૯૮માં ભારતના રસ્તાઓ પર સૌ પ્રથમ ચાર પાંચ વાહનો ( યાંત્રિક ) દેખા દીધી હતી. ' તા. ૪થી ડિસેમ્બર સને ૧૯૨૮ના રોજ મુંબઈ ખાતે પહેલી મોટર જોવા મળી ત્યારે આબાલવૃદ્ધ સૌ કોઈના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.' ત્યાર પછી ભારતમાં મોટરો, સાયકલો, વગેરે ધીમેધીમે વૃદ્ધિ પામવા લાગ્યું.

ખંભાતમાં એડમિનિસ્ટ્રેટર તરીકે વી. કે. નામ જોશી સને ૧૯૨૯-૩૦માં હતા, તેમણે પ્રથમ મોટર આણી હતી. અને ત્યાર પછી શેઠિયા વર્ગમાં તેનો પ્રવેશ થયો.

### જળમાર્ગનો વાહનવ્યવહાર

ખંભાતના અખાતમાં દરિયા માર્ગે વહાણોથી વ્યવહાર ચાલે છે. એનું નિયમન મધ્યસ્થ સરકારનું જકાતખાતું કરે છે. તેની પ્રાદેશિક કચેરી વડોદરામાં છે. તે વહાણો અને હોડીઓ માટે લાયસન્સ આપે છે.

### ખંભાત વિસ્તારમાં વિમાની મથકની જરૂરિયાત

ખંભાત વિસ્તારમાં તેલ નીકળ્યું છે. અને દહેરાદૂન તેની મુખ્ય ઑફિસ છે, વળી દિલ્હીમાં વડી કચેરી છે એટલે આ દૂર પ્રદેશ સાથેનો સંબંધ નજીક લાવવા માટે વિમાની મથકની જરૂર છે.

સને ૧૯૩૭માં સોખડા નજીક વિમાનીમથક બાંધવાનો પ્રયત્ન કરવામાં આવેલો અને ના. નવાબ સા. હુસેનયાવરખાને જમીન વગેરે આપવાનું તાતા કંપની સાથે નક્કી પણ થયેલું. પરંતુ ૧૯૩૯માં વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું એટલે આ આખી યોજના બંધ પડી ગઈ.

### પુનઃ તપાસ :

ખંભાત, વડોદરા, દિલ્હી, દહેરાદૂન વગેરે સ્થળે વારંવાર દોડાદોડી કરવામાં ઘણી સરળતા થાય તે માટે ખંભાત વિસ્તારમાં એરોડ્રોમની યોજના ઉપર ઓ. એન. જી. કમિશન અને ભારત સરકારના વિમાની વ્યવહાર ખાતાના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે વિચારણા થઈ હતી અને હાલ પૂરતું મીડીયમ એરપોર્ટ ઊભું કરવાની યોજના હાથ પર લેવાની યોજના વિચારાઈ હતી. તે મુજબ એર ઇન્ડીયાના બે પ્લીન્થ સર્વેયરો તથા ભારત સરકારના વિમાની અધિકારીઓ (ઑકટોબર-૬૦) ખંભાત આવી ગયા તેમણે લૂણેજ અને સોખડા વચ્ચેની જગા પસંદ કરી.[૧]

૧. ન. સં. ૨૭-૧૦-૬૦.

પ્રકરણ ૨૯

# તાડપત્રીય હસ્તલિખિત જૈન જ્ઞાનભંડારો

'પુસ્તક તણો કરઈ ભંડાર, કીધું રાય સફળ અવતાર, ત્રિહસઠિ શિલાકા પુરુષ પવિત્ર; નિત સાંભળવા કરઈ ચરીત્ર, ગ્રંથ સંખ્યા સહસ્ર બત્રીસ, સોવન અક્ષર લિખાવઈ ઇ. સ. ૯૪ તે પોથી ગજ મસ્તિગ ધરી, બિહુત્તરી સામંત આગલિ ધરી.'

(કવિ ઋષભદાસ – કુમારપાળરાસ)

'વૈદિક, બૌદ્ધ, અને જૈન પરંપરાના પ્રાચીન તથા મધ્યયુગના શાસ્ત્રોના સંશોધનમાં જેમને રસ છે તેમને માટે આ જ્ઞાનભંડારોમાં અપરિમિત સામગ્રી ઠસાઠસ ભરેલી પડી છે.'

(મુનિ પુણ્યવિજયજી મહારાજ)

ખંભાતમાં જૈન જ્ઞાનભંડારોનું અનોખું સ્થાન છે, તેમાં પણ શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડાર એ ખંભાત અને ગુજરાતનો અલૌકિક જ્ઞાનધન ભંડાર છે, ભૂષણ છે, જેને માટે વિદેશથી વિદ્વાનો આવતા હતા, જેમાં તાડપત્રો ઉપર અનેકવિધ વિદ્યાનાં પુસ્તકો લખાયાં છે. જે પુસ્તકો ઉઘાડીને જોવાથી જાણે આજે જ લખાયાં હોય તેવું લાગે છે. આ પુસ્તકો વાંચવાની વાતને બાજુએ મૂકીએ પણ એક વખત નજરે જોવાનો લહાવો લેવો તે પણ અમૂલ છે. આવો મહાન સંગ્રહ ખંભાત, પાટણ અને જેસલમીરમાં છે. આ માટે ખંભાતની પ્રજા જેટલો ગર્વ ન લે તેટલો ઓછો છે.

'સ્થાવિર આર્ય દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણે સંઘ સમવાય એકત્ર કરી સર્વ સંમત રીતે શાસ્ત્ર-લેખનનો આરંભ કર્યો હતો. એ શાસ્ત્રલેખન પ્રસંગે પુસ્તકલેખનને અંગે શી શી વ્યવસ્થા કરી હશે, કઈ કઈ જાતનાં પુસ્તકો લખાયાં હશે, કેટલાં લખાયાં હશે, એ પુસ્તકોના લેખકો કોણ હશે... ઈત્યાદિ હકીકત જાણવા માટે તે જમાનામાં લખાયેલા જ્ઞાન ભંડારો – જ્ઞાન સંગ્રહાલયો કે તેમાંનો એક પણ અવશેષ આજે આપણી સામે નથી.[૧]

રાજાઓ પૈકી જૈન જ્ઞાનકોશની સ્થાપના કરનાર સિદ્ધરાજ અને કુમારપાળ મશહૂર છે. મહારાજા કુમારપાળદેવે ૨૧ જ્ઞાનભંડારો સ્થાપ્યાના તેમ જ શ્રી હેમચંદ્ર વિરચિત ગ્રંથોની સુવર્ણાક્ષરી એકવીસ પ્રતિઓ લખાવ્યાના ઉલ્લેખો કુમારપાળ પ્રબંધ અને ઉપદેશતરંગિણીમાં મળે છે.[૨]

જૈન મંત્રીઓમાં જ્ઞાનભંડાર સ્થાપનાર, લખાવ-નાર (પ્રાગ્વાર) જ્ઞાતિય મહામાત્ય વસ્તુપાળ – તેજપાળ, ઓસવાળ જ્ઞાતીય મંત્રી પેથડ શાહ,[૩] મંડન મંત્રી વગેરેનાં નામો ખાસ પ્રસિદ્ધ છે.[૪]

જેમ મહામાત્ય વસ્તુપાળ આદિએ જ્ઞાન-સંગ્રહો લખાવ્યા હતા તેમ ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનભદ્રના આદેશથી ધારણા શાહે, પેથડશાહે, મંત્રી પર્વત કન્હાએ નવીન ગ્રંથો લખાવી જ્ઞાનભંડારો સ્થપાવ્યા છે.[૫]

---

કુમારપાળરાસ પૃ. ૧૩૮–૧૩૯

૧. 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા.' પૃ. ૮૯.

૨. ઉપર મુજબ પૃ. ૯૨

૩. માંડવગઢનો મંત્રી પેથડશાહ

૪. નં. ૨ મુજબ પૃ. ૯૨

૫. ઉપર મુજબ પૃ. ૯૪

પીટર્સનના રિપોર્ટો :

ખંભાતમાં જે જ્ઞાનભંડારો છે, તેમાં શાંતિનાથ તાડપત્રીય ગ્રંથ ભંડાર મુખ્ય છે. અને વિશ્વ વિખ્યાત છે. ઉપર જણાવ્યું છે તેમ દેશપરદેશના સાધુઓ, વિદ્વાનોએ આ ભંડારનો ઉપયોગ કર્યો છે. ડૉ. પીટર્સન નામના પરદેશી વિદ્વાને ઈ. સ. ૧૮૮૪ના એપ્રિલ અને ૮૬ના માર્ચમાં આ ભંડારની મુલાકાત લઈ તેમાંના ગ્રંથોની 'સૂચી' પ્રથમ વાર તૈયાર કરી, તે સૂચી 'પીટર્સનના રિપોર્ટો' નામે પ્રખ્યાત છે. તે વડોદરા ઓરીએન્ટલ લાયબ્રેરીમાં છે. તે રિપોર્ટોમાં પુસ્તકનો આદિભાગ તથા અંતભાગ, તથા કેટલીક પ્રશસ્તિઓ વગેરે આપવામાં આવ્યું છે. અને તે રીતે રિપોર્ટો ઘણા જ કિંમતી છે. લગભગ ૧૨૦ પોથી તાડપત્રો ઉપર છે. એમ જણાવ્યું છે તેમાં નંબર, પુસ્તકનું નામ રચનાર, દરેક પાનાની લીટી, સંવત અને રિમાર્ક એમ ખાનાં પાડી તમામ પુસ્તકોની નોંધ લીધી છે. સને ૧૮૮૭માં તે રિપોર્ટ પ્રસિદ્ધ કર્યો. તેમાં પહેલો અને ત્રીજો રિપોર્ટ ખંભાતના ગ્રંથભંડારને લગતા છે. પહેલા ભાગમાં પૃ. ૧ થી ૧૩૨ સુધીમાં ૧૮૦ પુસ્તકોની યાદી છે. અને ત્રીજા રિપોર્ટમાં ૭૩+૨૪ પુસ્તકોની યાદી છે. એકેક પોથીમાં બબ્બે ત્રણ ત્રણ ગ્રંથો લખેલા હોય છે.

ઉદ્ધારકો :

શ્રી વિજયવલ્લભસૂરિના વરદ હસ્તે ઉદ્ધાર – વિ. સં. ૧૯૯૩માં તેઓ શ્રી ખંભાત પધાર્યા ત્યારે તેમના શિષ્ય ચરણવિજયજીએ સૂચી તૈયાર કરેલી, પરંતુ તે પ્રકાશમાં આવતા પહેલા તે કાળધર્મ પામ્યા. ત્યાર પછી શ્રી કુમુદસૂરિએ તેને તૈયાર કરી પ્રકાશમાં મૂકી.

શ્રી પુણ્યવિજયજી મહારાજના હાથે ઉદ્ધાર : સને ૧૯૫૩માં ગુજરાતના મહાવિદ્વાન અને પુસ્તક સંશોધનકાર્યના અતિનિષ્ણાત, સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓના જાણનાર પાટણ, જેસલમીર, લીમડી, વડોદરા, અમદાવાદ વગેરેના જ્ઞાનભંડારોનાં પુસ્તકો વાંચી તેની યાદીઓ તૈયાર કરનાર શ્રી પુણ્યવિજયજી મહારાજ, વિ. સં. ૨૦૦૯ના ચૈત્ર સુદ ૧૩થી ખંભાત પધાર્યા હતા. અને બજારના ચિંતામણિ દહેરા પાસેની અંબાલાલ પાનાચંદની વાડીમાંના ઉપાશ્રયમાં ઊતર્યા હતા. અહીં તેઓશ્રીએ શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારના એક એક પુસ્તકો વાંચ્યાં, અને પ્રત્યેક ગ્રંથની સાઈઝ, લીટીઓ, પાનાં, ચિત્રો, રચ્યા સંવત, લખ્યા સંવત, ગ્રંથકર્તા, નકલકર્તા, ગ્રંથનો વિષય, ભાષા, ગ્રંથની હાલની સ્થિતિ, ગ્રંથનો આદિ અને અંત ભાગ, આ ગ્રન્થની નકલો બીજે ક્યાં છે, ગ્રન્થની પ્રશસ્તિઓ વગેરે ઉપયોગી અનેક બાબતોની તેમણે ગ્રન્થસૂચી તૈયાર કરી હતી વળી તેના રક્ષણ માટે થોડી લાકડાની પેટીઓ, ( દાબડા કહે છે ) હતી તે સુધારાવી, કેટલીક નવી કરાવી, વળી જેસલમીરના જ્ઞાનભંડારો જેવા એલ્યુમિનિયમની પેટીઓ કરાવી, તેમાં નવા કપડાંથી પુસ્તકો બાંધીને મૂક્યાં, પેટી ઉપર કયા કયા ગ્રન્થો છે તેનાં નામ તે ઉપર લખાવ્યાં વળી જંતુથી રક્ષા કરવા પૂરતી કાળજી રખાઈ. આ ભગીરથ કાર્ય સમયે આ લેખકને જોવાનો લાભ મળ્યો હતો. આ ગ્રન્થસૂચી 'શ્રી શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારની સૂચી; ભા. ૧લો ઈ. સ. ૧૯૬૧માં અને ભાગ ૨જો સને ૧૯૬૬માં વડોદરાની પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી બહાર પડ્યો છે. બીજા ભાગમાં સંપૂર્ણ સૂચી આપી છે; જે ઘણી ઉપયોગી છે.

ખંભાતના જ્ઞાનભંડારો વિષે પૂ. મુનિ પુણ્યવિજયજી શું કહે છે :

'ખંભાતના ભંડારો' : ખંભાતના કેટલાક ભંડારો અસ્તવ્યસ્ત થઈ વિખરાઈ જવા છતાં પણ આજે ત્યાં અતિ વિશાળ ગણી શકીએ તેવો અને તેટલો ગ્રંથરાશિ છે. ત્યાં આજે ચાર સંગ્રહો છે.

(૧) શાંતિનાથ તાડપત્રીય જૈનભંડાર (૨) સૂરિ સમ્રાટ શ્રી વિજયનેમી મહારાજનો ભંડાર (૩) જૈનશાળાનો શ્રી નીતિવિજયજી મહારાજનો (૪) તપગચ્છના શ્રી પૂજ્યજીનો ભંડાર, આ ચારે ભંડારો પૈકી શરૂઆતના ત્રણ ભંડારો અતિસુવ્યવસ્થિત છે. ચાર ભંડારો પૈકી ગ્રંથ સંખ્યાની નજરે શ્રી સૂરિસમ્રાટનો ગ્રંથભંડાર પ્રથમ સ્થાને છે અને શ્રી નીતિવિજયજીનો સંગ્રહ બીજે નંબરે આવે છે. પરંતુ પ્રાચીનતાની દૃષ્ટિએ તાડપત્રીય મહત્ત્વના સંગ્રહની કે પ્રાચીનતમ ચિત્રસમૃદ્ધિના સંગ્રહની દૃષ્ટિએ અને બીજી અનેક દૃષ્ટિએ શ્રી શાંતિનાથ તાડપત્રીય ગ્રંથસંગ્રહ અતિગૌરવવંતો છે.

શ્રી શાંતિનાથ તાડપત્રીય ભંડારમાં એકંદરે ૨૯૧ તાડપત્રીય પોથીઓ છે જેમાંની સંખ્યાબંધ પ્રતિઓ કળાપૂર્ણ; ચિત્રકળા અને ચિત્રશોભનોથી અલંકૃત છે. સાહિત્યની દૃષ્ટિએ આ સંગ્રહમાં ઘણી સામગ્રી છે જે અતિપ્રાચીન હોઈ સંશોધનની દૃષ્ટિએ ઘણી જ મહત્ત્વની છે. આ સંગ્રહમાં લખાયેલી થોડીક પોથીઓ વિક્રમના બારમા સૈકામાં લખાયેલી છે પણ તેરમા-ચૌદમા સૈકામાં લખાયેલી પોથીઓ ઘણી છે. કેટલીક પોથીઓ પંદરમા સૈકામાં લખાયેલી પણ છે. છતાં તેરમા-ચૌદમા સૈકામાં લખાયેલી પોથીઓ ઘણી છે. महानिशीथसूत्रની એક પોથી ખડાયતા જ્ઞાતિના જૈનશ્રાવકે લખાવેલી છે. એથી ખડાયતા જ્ઞાતિમાં જૈનધર્મને અનુસરનારા હતા એ જાણવા મળે છે. ખડાયતા જ્ઞાતિના જૈન આચાર્યોનો ઉલ્લેખ પણ મળે છે. સાવદેવી નામની શ્રાવિકાએ પોતાના હાથે લખેલી એક પોથી પણ આ ભંડારમાં છે. આપણે ત્યાં સ્ત્રીઓની પ્રવૃત્તિને લગતા ઉલ્લેખો જે થોડાઘણા મળી આવે છે તેમાં આ ઉલ્લેખ મહત્ત્વની વસ્તુ છે. આ પોથી વિક્રમના તેરમા સૈકાના પૂર્વાર્ધમાં લખાયેલી લાગે છે. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ વિરચિત 'योगशतक' નામના અલભ્ય ગ્રંથના નકલ પહેલવહેલી આ પોથીમાં જ જોવા મળી છે.

આ ભંડારની ઘણીખરી પોથીઓના અંતમાં ગ્રંથ લખનાર લખાવનારાના પરિચયને માટે લગતી પુસ્તિકા અને તેમાં વિશિષ્ટ વિગતો નોંધાયેલી છે. જેમાં ભૌગોલિક, રાજકીય, સામાજિક આદિ ઇતિહાસને લગતી કેટલીય સામગ્રી છે. એક પુષ્પિકામાં દર્ભાવતી–ડભોઈને લાટદેશમાં "लाट देशालकारिणी दर्भवती स्थाने" એમ જણાવેલ છે તેમ જ વિ. સંવત ૧૨૧૨માં લખાયેલી એક પોથી જે ગુર્જરેશ્વર ચાલુક્યરાજ શ્રી કુમારપાલ દેવના રાજ્યમાં લખાયેલી છે. તેની પુષ્પિકામાં दण्डनायक श्री वोसरी लाट देश मंडले मही–यमुन योरन्तरालेसम (२) व्यापारा परिपन्थयतीत्येवं काले प्रवर्तमाने ' આ પ્રમાણે ઉલ્લેખ છે. એથી આપણને જાણવા મળે છે કે ચૌલુક્ય રાજ્યકાળ દરમિયાન મહી અને દમણના વચ્ચેનો પ્રદેશ લાટદેશ મનાતો હતો. તે સમયે ત્યાંનો દંડનાયક વોસરી હતો, અને ત્યાંને લશ્કરી કાબૂ તેના હાથમાં હતો. ગુર્જરેશ્વરોની રાજ્યસીમા ક્યાં સુધી પહોંચી હતી તે પણ આથી જાણવા મળે છે.'

ઇતિહાસશોધકો માટે: સાહિત્યની દૃષ્ટિએ સંશોધકો માટે આ ભંડારમાં ઘણી સામગ્રી છે. જૈન આગમો, પ્રકરણો, કથાસાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વગેરે ઘણુંઘણું છે. સિદ્ધહેમ વ્યાકરણની ઘણી પ્રતિઓ છે. મહાકવિ કાલિદાસના રઘુવંશની અને વાક્પતિરાજના गउडवहनो પ્રાકૃત કાવ્યની પ્રાચીન પ્રતિઓ આમાં છે. જયમંગળ કૃત અને રવિગુપ્તાચાર્ય તેમ જ પરમ શૈવાચાર્ય મુમ્મુણિદેવકૃત सूकतावलीઓ આ સંગ્રહમાં છે. कहारयणकोस, आख्यान कमणिकोस सहिक; मुनिसुव्रतस्वामि चरित, अमम स्वामि चरित्र, जयंति प्रकरण सहीक; निःशेष सिद्धान्त पञ्चार्य, चैत्यवंदनादिसूत्र ઉપરની કુલપ્રભની વૃત્તિ આદિ ઘણા ગ્રન્થો આ ભંડારમાં પ્રાપ્ત થયા છે.

આ બધાની સાથે સવિશેષ ધ્યાન ખેંચે તેવી એક વસ્તુ એ છે કે ગુર્જરેશ્વર મહામાત્ય શ્રી

વસ્તુપાલે સ્વહસ્તે વિ. સં. ૧૨૯૦માં લખેલી ધર્માભ્યુદય મહાકાવ્યની અતિ મહત્ત્વપૂર્ણ પોથી આ ભંડારમાં સચવાઈ રહી છે.

ખંભાતનો બીજો ભંડાર : વિજયનેમિસૂરિજીનો ખંભાતમાં જ બીજો ભંડાર સૂરિસમ્રાટ શ્રી વિજયનેમિસૂરિજી મહારાજનો છે. આ ભંડાર જ્ઞાનશાળામાં વિદ્યમાન છે.

તેમાં એકંદર વીસ હજાર હસ્તલિખિત ગ્રંથો હોવાનું જાણવામાં આવ્યું છે. મુખ્યત્વે આ ભંડાર કાગળ ઉપર લખાયેલી પોથીઓનો છે. એમાં અતિ વિપુલ અને મહત્ત્વના સાહિત્યનો સંગ્રહ છે. અને એ ભંડારના સંગ્રાહક સૂરિસમ્રાટ અને તેમનો પરિવાર વિદ્વાન તેમજ વિશેષજ્ઞ હોઈ આ સંગ્રહ ગ્રન્થસંખ્યા અને સાહિત્યની દૃષ્ટિએ અતિ મહત્ત્વનો છે.

(૩) શ્રી નીતિવિજયજીનો જ્ઞાનભંડાર :

આ જ્ઞાનભંડાર જૈન શાળામાં આવેલો છે. તેમાં લગભગ પાંચ હજાર પ્રાચીન અને શ્રેષ્ઠતમ ગ્રંથો છે. મુનીશ્રી પુણ્યવિજયજી કહે છે કે આ જ્ઞાનભંડારમાં કાગળ ઉપર લખાયેલા વિ. સં. ૧૨૩૨ની પ્રત છે. જેસલમેરના જ્ઞાનભંડારમાં વિ. સં. ૧૨૪૬ અને ૧૨૭૯માં લખાયેલી પ્રતો છે તે કરતાં પણ અહીં વધુ પ્રાચીન છે. વળી આ ભંડારમાં વિક્રમની પંદરમી અને સોળમી સદીના પ્રારંભમાં લખાયેલી સુવર્ણાક્ષરી સચિત્ર પ્રાચીન પોથી છે.

સુવર્ણાક્ષરે પુસ્તકો લખાતાં :

હસ્તલિખિત જ્ઞાનભંડારોનાં પુસ્તકો સારાં તાડપત્રો ઉપર લખાતાં, તેમાં કાળી શાહી વાપરવામાં આવતી, તેલના કાજળથી ઘેર ઘૂંટીને બનાવતા, તે શાહીઓ કાળી, લાલ, સોનેરી અક્ષરોવાળી, રૂપેરી અક્ષરોવાળી વગેરે કેવી રીતે બનાવવી તથા કલમો શેની બનાવવી કેટલા માપની બનાવવી વગેરે વર્ણનોનાં પુસ્તકો લખેલાં આવે છે. આજે તે તાડપત્રો ઉપરનાં પુસ્તકો જોઈએ તો જાણે આજે જ લખ્યાં છે એમ લાગે છે. શ્રી પુણ્યવિજયજી કહે છે કે સોળમી સદીના પૂર્વાર્ધમાં લખાયેલી સુવર્ણાક્ષરી સચિત્ર પ્રાચીન પોથી ઘણી જ સારી દશામાં છે તે પ્રતિ જાણે અત્યારે જ લખાયેલી હોય ! તેની લિપિનું સૌષ્ઠવ અને તેનું સુવર્ણ એ ઊભય અતિ આકર્ષક છે. પ્રતિનાં દર્શન કરતાં તે એક ચેતનવંતી હોય તેમ લાગે છે. આવી જ પ્રાણવંતી સુવર્ણાક્ષરી એક પોથી જેસલમેરના તપગચ્છીય જ્ઞાનભંડારમાં છે. આ રીતે આ બંને પ્રતિઓ બહુ સારી અને સુઘડ રીતે સચવાઈ રહી છે.

વીસમી સદીના તાડપત્રોના ગ્રંથો :

શ્રી નીતિવિજયજી મહારાજના સંગ્રહ સાથે પરિશિષ્ટ રૂપે ત્યાંના જ નિવાસી અને ભંડારના સંરક્ષક શેઠ શાંતિલાલ મણિલાલનો સંગ્રહ જોડાયેલો છે. જેમાં ચાલુ સદીમાં લખાયેલી તાડપત્રીય પ્રતિઓ અને ચાંદીની શાહીથી લખાયેલ કલ્પસૂત્ર અને નવ સ્મરણ સચિત્ર પ્રતિઓ છે. તાડપત્રીય પ્રતિ માટે તાડપત્ર મેળવ્યા છે. એ અતિશ્લક્ષ્ણ શ્રી તાડ જેવાં ન હોવા છતાંય એકંદર બહુ જ સારાં છે. પંદરમા સૈકામાં જે સ્થૂલ તાડપત્ર ઉપર લખાયેલા કેટલાક ગ્રંથો પાટણ – ખંભાત – જેસલમેરના તાડપત્રીય ગ્રંથસંગ્રહોમાં જોવામાં આવે છે તેને મળતાં આ તાડપત્રો છે. આ જમાનામાં આવાં સારાં તાડપત્રો મેળવવા કોશિશ કરનારને આપણે ધન્યવાદ જ આપીએ છીએ. હવે પ્રશ્ન એક જ છે કે એના ઉપર જે લખાણ કરવામાં આવ્યું છે તે કેટલું ટકી રહે છે; લેખનના વાહન તરીકે કાગળોને અતિ મહત્ત્વ અપાયા પછી આપણે ત્યાં તાડપત્રીય લેખન અને તેના માટે ઉપયોગી શાહીની બનાવટની રીતો બહુ જ જલદી ભુલાઈ

ગઈ છે. પાટણ – ખંભાત-જેસલમેરના તાડપત્રીય સંગ્રહમાંની વિક્રમના પંદરમા સૈકાના પ્રારંભ સુધી લખાયેલાં તાડપત્રીઓનાં તાડપત્ર, તેની શાહી, તેનું લખાણ, લેખન વિષેની ચોકસાઈ વગેરે જોઈએ અને એ જ સૈકાના બીજા ચરણથી લખાયેલી તાડપત્રીય પ્રતિઓ જોઈએ તો તેમાં એ ચોકસાઈ અને શાહીની બનાવટ વગેરેમાં ભારે પરિવર્તન થઈ ગયેલું નજરે પડે છે. કેટલાય ગ્રંથોના લખાણમાંથી શાહી પતરી થઈ ને ઊખડી જવાથી અક્ષરો દેખાતા નથી.

અને ખરેખર આચાર્ય શ્રી જિનભદ્રસૂરિ વગેરેએ વિક્રમના પંદરમા સૈકાના ઉત્તરાર્ધમાં જે તાડપત્રીય ગ્રંથસંગ્રહો લખાવેલ છે તેમાં તાડપત્ર, શાહી વગેરે ઘણું જ સારું છે. તે છતાંય પરાપૂર્વથી ચાલ્યા આવતા સૌષ્ઠવ તો ખામી દેખાય જ છે. એટલે આજે આ પ્રવૃત્તિ કરનારે ચોકસાઈ રાખવી જ જોઈએ. અને આજના વૈજ્ઞાનિકોનો આ માટે ઉપયોગ કરવો જ જોઈએ.

ચાંદીથી લખાયેલ પ્રતિઓમાં ખર્ચ ઘણું કર્યું છે અને ભભકદાર ચિત્રો કરવા–કરાવવા પ્રયત્નો કર્યા છે. પરંતુ આજની વિકસતી શાસ્ત્રીય ચિત્રકળા અને રંગોળી પસંદગી આદિને કશું જ સ્થાન નથી.

**અપરિમિત જ્ઞાનસામગ્રી :**

શ્રી પુણ્યવિજયજી મહારાજ કહે છે કે મેં લગભગ ચાલીસ મહત્ત્વના સ્થાનોના ભંડારો જોયા છે અને લગભગ પચાસેક ભંડારોમાં તો પ્રત્યક્ષ બેસીને કામ કર્યું છે. આટલા પરિમિત અનુભવથી જે સાધનસામગ્રી જાણવામાં આવી છે અને પ્રાપ્ત થઈ છે તેના આધારે હું કહી શકું છું કે વૈદિક, બૌદ્ધ અને જૈન પરંપરાના પ્રાચીન તથા મધ્યયુગીન શાસ્ત્રોના સંશોધનમાં જેમને રસ છે તેમને માટે આ જ્ઞાનભંડારોમાં અપરિમિત સામગ્રી ઠસાઠસ ભરેલી પડે છે.

**મનોહર ચિત્રો :**

તાડપત્રોના લખાયેલાં પુસ્તકોમાં સુંદર ચિત્રો ચિતરેલાં નજરે પડે છે, એટલે લહિયાઓ સુંદર અક્ષરોથી પુસ્તકો લખે; પરંતુ પુસ્તકોના વર્ણન પ્રમાણે તેમાં વિવિધરંગી ચિત્રો મૂકેલાં હોય છે.

**પાંડવ ચરિત્ર પદ્ય :** જે મલધારી દેવપ્રભસૂરિએ રચેલું છે તેના પહેલા પાને શ્રીજીનેશ્વર દેવીનાં ત્રણ ચિત્રો, બીજે પાને ત્રણ દેવીઓનાં ચિત્રો છે તથા શ્રી નેમીનાથજીનું તથા યુદ્ધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, સહદેવ તથા દ્રૌપદીનું ચિત્ર છે.

**ઉત્તરાધ્યયન સૂત્ર લઘુવૃત્તિ :** સંઘવી આરાધને સં. ૧૩૫૨ વર્ષાકાળમાં લખાવ્યું છે. આ પ્રતમાં પ્રથમ પાને ત્રણ ચિત્રો શ્રી તીર્થંકરદેવનાં છે. ૪૩૮મા પાના ઉપર શ્રી શત્રુંજય આદિનાથ, રાયણ પગલાં, પુંડરિકજીનું ચિત્ર છે. આરાધન વગેરે પાંચ ભાઈઓ તથા સ્ત્રીનું ચિત્ર છે. ૪૩૯મા પાને પલ્હવીયા પાર્શ્વનાથનું ચિત્ર છે. તથા સિદ્ધસુરી પાસે પાંચ ભાઈઓ તથા સ્ત્રીઓનાં ચિત્રો છે.

**વિવેક મંજરી :** પોરવાડ આસપાલે વિ. સં. ૧૩૨૨માં પોતાના પિતાના પુણ્યાર્થે લખાવી. તેમાં પ્રથમ પાને આચાર્યશ્રીનું ચિત્ર તથા ૨૩૯–૨૦ પાના ઉપર દેવીઓનાં ચિત્રો છે. આ સં. ૧૨૪૮માં આસડ કવિએ રચી વૃત્તિકાર શ્રી બાલચંદ્રાચાર્યજી છે.

**ઉપદેશમાલા :** સં. ૧૨૯૧ના અશાડ સુદી ૧૩ શનિવારે લખાયું છે. તેમાં પાંચ ચિત્રો છે.

**જિતેન્દ્ર ચરિત્ર મહાકાવ્ય :** આ કાવ્યમાં શ્રી તીર્થંકરદેવનું ચિત્ર છે. તે ઉપરાંત બીજે પાને શ્રી હેમચંદ્રસૂરિજી અને કુમારપાળનું ચિત્ર છે. ધર્માભ્યુદય મહાકાવ્ય સં. ૧૨૯૦ વર્ષે ચૈત્ર સુદી ૧૧ સ્તંભતીર્થમાં લખાયેલું છે.

આમ ઘણા ગ્રંથોમાં ચિત્રો મૂકયાં છે. જેમાંનાં ઘણાં તો પ્રસિદ્ધ થયાં છે.

લહિયાઓ : તાડપત્રીય ગ્રંથો; તથા કાગળ ઉપરના ગ્રંથો લખવાનું કામ લહિયાઓ કરતા હતા. અને તે માટે હસ્તાક્ષરો પહેલેથી સુધારવા તરફ ધ્યાન અપાતું હતું. તેનાં સાધનો સંપૂર્ણ બનાવતાં આવડતું હતું. કેટલાક પોતે ચિત્રો ચિતરતા અને કેટલાકમાં બીજા પાસે ચિત્રો ચિતરાવતા હશે. પુસ્તકોને અંતે લહિયો પોતાનું નામ લખતો. કેટલાંક પુસ્તકોમાં નામ નથી હોતાં જે જે લહિયાઓએ બીજા પુસ્તકની નકલ કરી હોય તો પુસ્તકને અંતે આ પ્રમાણે લખતાં ( સં. શ્લોક )

यादशं पुस्तकं दृष्टं तादृशं लिखितं मया।
यदि शुद्धम शुद्धं वा मम दोषो न दीयते ॥

વળી કેટલાંક પુસ્તકોને અંતે વાચકને આશિષ રૂપ શ્લોક મૂકતા 'શુભં ભવતુ લેખક પાઠયોઃ' મંગલંમસ્તુ શિવમસ્તુ સર્વા જગતઃ પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ । દોષો પ્રયાંતુ નાશ સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥

×

મંગલં લેખકાનાંચ પાઠકાનાં ચ મંગલમ્ ।
મંગલં સર્વ લોકાનાં, ભૂમિ–ભૂપતિ મંગલમ્ ॥
॥ કલ્યાણમસ્તુ ॥ શ્રી રસ્તુ ॥ શ્રી ॥

વળી આકાશમાં સૂર્યચંદ્ર હોય, તારા હોય, પૃથ્વી હોય, સાગર હોય, ત્યાં સુધી પુસ્તક રહો અને લેખક વાચક સુખી થાઓ.

પુસ્તકો લખનાર મોટો ભાગ કાયસ્થ જ્ઞાતિના નામો મળે છે અને કેટલાંક પુસ્તકો યતિઓએ લખેલાં છે.

લહિયાઓ લખવાની કલમ સારા બરુની જાતે બનાવીને લખતા. તેનું માપ તે સારી રીતે સમજતા. લેખિની કલમમાં જે આગળ ગાંઠ હોય તો આયુષ્યનો નાશ કરે છે, પાછળ ગાંઠ હોય તો ધનનો ક્ષય કરે છે, મધ્યમાં ગાંઠ હોય તો વિદ્યાનો નાશ કરે છે. માટે ગાંઠ વગરની લેખિનીને શુભપ્રદ ગણતા. વળી તેનું માપ નવ આંગળનું રાખવામાં આવતું તેથી વધારે મોટી હોય તો અધિક ફળ મળે છે. વળી પીળા રંગની લેખિની બહુ લક્ષ્મી આપનારી છે. કાળા રંગની લેખિની સ્વામિનો નાશ કરનારી, રાતા રંગની લેખિની દરિદ્રતા આપનારી અને વિચિત્ર રંગની લેખિની શુભદાયક જાણતા.

ભંડારનું નવું મકાન : શ્રી શાંતિનાથ તાડપત્રિય જૈન જ્ઞાનભંડાર માટે નવું વિશાળ અને સગવડવાળું મકાન (સને ૧૯૬૮માં) તૈયાર થયું છે. અને પૂ. પુણ્યવિજયજી મહારાજશ્રી સં. ૨૦૨૫ના પોષ સુદ ૧ના રોજ પધારી તેનો સારોદ્ધાર કર્યો છે. તેઓશ્રીએ ખંભાતના બીજા જ્ઞાનભંડારોની મુલાકાત લીધી હતી.

## પ્રકરણ ૨૯મું

# પુસ્તકાલયો

મનુષ્યના સંસ્કારપ્રેરક પુસ્તકાલયો છે. વધતી જતી કેળવણીને પ્રતાપે પુસ્તકાલયોની સ્થાપના વધવા લાગી છે. ખંભાત શહેરમાં અને તાલુકાનાં ગામોમાં તેની સંખ્યા વધી છે. વાચકમાં જે પ્રમાણમાં જ્ઞાનની ભૂખ જાગે તે પ્રમાણે તેની અગત્ય વધે છે. ખંભાતમાં જ્ઞાનભંડારો વિશે જુદા પ્રકરણમાં લખવામાં આવ્યું છે; આ પ્રકરણમાં છાપેલાં પુસ્તકો વિશે લખવામાં આવ્યું છે.

| | ઈ. સ. |
|---|---|
| ૧. કૃપાશંકર લાયબ્રેરી | ૧૮૮૨ |
| ૨. લોર્ડ રે લાયબ્રેરી | ૧૮૮૮ |
| ૩. કેમ્બે એજ્યુકેશનલ પુસ્તકાલય | ૧૯૧૬ |
| ૪. આત્મકમલ જૈન પુસ્તકાલય | |
| ૫. સુબોધ પુસ્તકાલય | |
| ૬. પટેલ લાયબ્રેરી | |
| ૭. સૈફી લાયબ્રેરી | |
| ૮. ખંભાત મ્યુનિસિપલ વાંચનાલય | |
| ૯. ના. જાફરઅલીખાન સંસ્કૃત પુસ્તકાલય | |
| ૧૦. કૉલેજનું પુસ્તકાલય | |
| ૧૧. બાળપુસ્તકાલય | |
| ૧૨. મુસલમાની પુસ્તકાલયો. | |

૧. કૃપાશંકર લાયબ્રેરી: સને ૧૮૮૨, હાલ આ પુસ્તકાયલનું નામનિશાન નથી. પરન્તુ ખંભાતમાં પ્રથમ પુસ્તકાલય કાઢનાર તરીકે કૃપાશંકરનું નામ મૂકી શકાય છે. ગુજરાતમાં પ્રથમ પુસ્તકાલય સને ૧૮૫૦માં અને ત્યાર પછી ઈ. સ. ૧૮૫૮માં અમદાવાદમાં સ્થપાયું અને ત્યાર પછી ૧૮૮૨માં ખંભાતમાં કૃપાશંકરે પુસ્તકાલય શરૂ કર્યું.

કૃપાશંકરના પિતાનું નામ પ્રભાશંકર હતું. તેઓ ખંભાતના બ્રાહ્મણ જ્ઞાતિના હતા. અને વડોદરાના હાઈકૉર્ટના વકીલ અને ડભોઈ મ્યુ.ના મેમ્બર હતા. તેમણે પુસ્તકાલયના નિભાવ માટે મેમ્બર–ફી યોજના કરી હતી. તેની વાર્ષિક આવક ઈ. સ. ૧૮૮૪માં લગભગ ૪૦ રૂ. હતી. અને ખરચ રૂ. ૮૦ હતો. આ પુસ્તકાલયમાં સને ૧૮૮૯માં ૧૭૮ ગુજરાતી, ૩૨ અંગ્રેજી, પુસ્તકો મળી ૨૧૦ પુસ્તકો હતાં. ગુજરાત, દેશમિત્ર, અમદાવાદ ટાઇમ્સ, 'ખંભાત સમાચાર,' 'અખબારે ખંભાત,' એ પાંચ અઠવાડિક આવતાં અને 'બુદ્ધિપ્રકાશ,' 'નિત્યાનંદ' અને ટાળક શુભેચ્છક એ ત્રણ માસિક આવતાં. અત્યારના સમય પ્રમાણે તે પુસ્તકાલય બહુ નાનું ગણાય. પણ તે વખતે વાંચનાર બહુ ઓછા હતા. તે પુસ્તકાલયને પાછળથી સરકારી પુસ્તકાલયમાં ભેળવી દેવામાં આવ્યું. કેટલાંક પુસ્તકોમાં 'કૃપાશંકર લાયબ્રેરી' એવું નામ જોવામાં આવે છે. 'કૃપાશંકર લાયબ્રેરી' ખંભાતમાં હનુમાનની પોળ સામે મકાન હતું. ભીંત ઉપર એક પથ્થર ઉપર તે નામ કોતરેલું હતું.[૧]

---

૧ એક હસ્તલિખિત કાગળ ઉપરથી (કૃપાશંકરના હાથનો) આ લેખકે તથા તે નામ લખેલો પથ્થર જોયો હતો. તે પુસ્તકાલયના કાઢનારના વંશમાં હાલ કોઈ નથી.

૨. લૉર્ડ રે લાયબ્રેરી : ( ૧૮૯૦ )

સને ૧૮૮૮માં મુંબઈના ગવર્નર તરીકે લોર્ડ રે હતા. તેમનું નામ જોડીને નવાબ સરકાર તરફથી એક પુસ્તકાલય ઈ. સ. ૧૮૯૦માં કાઢવામાં આવ્યું. તેમાં ગુજરાતી તથા અંગ્રેજી પુસ્તકોની સંખ્યા સારા પ્રમાણમાં હતી. તેમાં વર્તમાનપત્રો વગેરે આવતાં. આનો વહીવટ સરકારી અમલદારોના હાથમાં હતો. જાહેર પ્રજા વર્તમાનપત્રોનો લાભ લેતી. ધીમેધીમે પુસ્તકોનું પ્રમાણ સારું એકઠું થયું. ખંભાતની જૂની હાઈસ્કૂલના મકાનમાં આ પુસ્તકાલય રાખવામાં આવ્યું હતું.

સને ૧૯૪૮માં ખંભાત રાજ્યનું ભારત સાથે વિલિનિકરણ થયું, ત્યારે સદર પુસ્તકાલયને ખંભાત ઍજ્યુકેશન પુસ્તકાલયમાં ભેળવી દેવામાં આવ્યાં.

૩. કૅમ્બે ઍજ્યુકેશન સોસાયટી-પુસ્તકાલય ( ઈ. સ. ૧૯૧૬ )

ખંભાત શહેરમાં કેળવણીનો પ્રચાર કરવાના ઉદ્દેશથી તા. ૨૧-૫-૧૯૧૬માં 'ધી કેમ્બે ઍજ્યુકેશન સોસાયટી' નામનું મંડળ સ્થપાયું; તે મંડળ તરફથી એક પુસ્તકાલય તથા એક વાંચનાલય તથા એક સ્રીશિક્ષણ સંસ્થા કાઢવામાં આવ્યાં. તેણે ધીમેધીમે સારી પ્રગતિ કરી.

ખંભાત શહેરના સ્વ. શેઠ મણિલાલ જુગલદાસે રૂ. ૧૨૦૦૦ ખર્ચી પોતાના પિતા 'શેઠ જુગલદાસ જગન્નાથ'ના સ્મરણાર્થે સોસાયટીને તા. ૪-૯-૨૦ના રોજ મકાન બંધાવી આપ્યું. આ મકાન બજારમાં આવેલું છે. ગુજરાતી, અંગ્રેજી, દૈનિકો, માસિકો વગેરે આવે છે. વાંચનાલયનો તથા પુસ્તકાલયનો જનતા સારા પ્રમાણમાં લાભ લે છે. વળી લૉર્ડ રે લાયબ્રેરી તથા ગામની બીજી નાની લાયબ્રેરીઓનાં પુસ્તકો તેમાં મળવાથી તેમાં પુસ્તકોની સંખ્યા સારા પ્રમાણમાં છે છતાં સખેદ લખવું પડે છે કે રેફરન્સ માટે જોઈતાં પુસ્તકો નથી, તેમ પૂરતા પ્રમાણમાં નથી. એટલું કહેવું પડશે કે તે સિવાય જાહેરમાં સાર્વજનિક બીજી કોઈ લાયબ્રેરી નથી. પ્રતિવર્ષ રિપોર્ટ છપાય છે. બંધારણપૂર્વક સંસ્થા ચાલે છે. પેટ્રન સભ્યો ૨૩, વા. પેટ્રન ૫, આજીવન સભ્ય ૫૦, અ વર્ગ ૧૧, બ. વ. ૬૬, ક વર્ગ ૬૫ પુસ્તકોની સંખ્યા લગભગ દસ હજાર, વાચકો લગભગ ૬૦૦૦૦ હતા.

આ સિવાય નીચેનાં પુસ્તકાલયો છે પણ તે અમુક વર્ગને માટે છે.

૪. આત્મકમળ જૈન પુસ્તકાલય : બજારમાં ચિંતામણીના દેરાસરના આગળના ભાગમાં છે. મોટે ભાગે જૈનસમાજ તેનો લાભ લે પણ હવે તો તે પણ બંધ છે. તેમાં જૈન ધર્મનાં પુસ્તકો છે.

૫. પટેલ લાયબ્રેરી : પટેલ ભુવનમાં પટેલ કોમના એક દાનવીર શેઠના દાનથી એક ભાગમાં છાપાં આવે છે. પુસ્તકો ખાસ કોઈને મળતાં નથી.

૬. સૈફી લાયબ્રેરી : વહોરા કોમ તરફથી કાઢવામાં આવી હતી. પરન્તુ તેનો ઉપયોગ ન થવાથી તેને વહોરાની સ્કૂલમાં રાખી દીધી છે.

૭. ખંભાત મ્યુનિસિપલ તરફથી વાંચનાલય : ગવારા દરવાજા આગળ શેઠ જીવણલાલ મોહનલાલની ધર્મશાળાના મકાનમાં તા. ૮-૪-૬૦ના રોજ કાઢવામાં આવ્યું છે. પ્રજા તેનો સારો લાભ લે છે. ખં. મ્યુ. તરફથી પહેલાં ફરતું પુસ્તકાલય સને ૧૯૫૪માં કાઢવામાં આવ્યું હતું જેની વ્યવસ્થા પાછળથી બંધ થઈ હતી.

૮. શ્રી સુબોધક પુસ્તકાલય :

શ્રીમદ્ રાજચંદ્રના પરમ ભક્તજનો તરફથી ખંભાત લોકાપરીથી 'શ્રી સુબોધક પુસ્તકાલય'ની સ્થાપના કરવામાં આવી છે.

'સંવત ૧૯૫૬ના માગસર મહિનામાં પૂ. શ્રી. અંબાલાલભાઈ તથા પૂ. શ્રી. નગીનભાઈ ગુલાબચંદ વગેરે ભાઈઓ મુંબઈ ગયેલા. તે વખતે કૃપાળુ શ્રી (શ્રીમદ્ રાજચંદ્રની) પ્રકૃતિ ઘણી નરમ રહેતી. આ પ્રસંગે પ. કૃપાળુ શ્રીએ શ્રી અંબાલાલભાઈને ખંભાતમાં પુસ્તકશાળા સ્થાપવાની જરૂર જણાવી. અને ઘણી ત્વરાથી શાળા સ્થાપવાનું શ્રી મુખે જણાવ્યું. તેઓશ્રીએ ત્યાં આવેલ ભાઈઓને શાળાનું શું નામ આપવું તે પૂછ્યું. સૌ ભાઈઓએ પોતાની મતિ અનુસાર નામ દર્શાવ્યાં, જે સાંભળી કૃપાળુ શ્રીએ ઉપયોગમાં રાખવા યોગ્ય એક વિશિષ્ટતાઓ દર્શાવી કે 'આવી સંસ્થાને કોઈ મત, ગચ્છ, યા સંપ્રદાયસૂચક નામ ન હોવું ઘટે.' અને તેમ જણાવી પરિણામે પોતે જ પૂછ્યું કે, 'ખંભાત સુબોધક પુસ્તકાલય' નામ આપીએ તો કેમ? બધા ભાઈઓએ સઉલ્લાસ તે પરમપુરુષદર્શિત અર્થસૂચક નામ વધાવી લીધું. અને કૃપાળુ શ્રીએ મહા સુદી પાંચમને દિવસે પૂ. શ્રી પટેલ ગાંડાભાઈ ભાઈજીભાઈને હસ્તે મુહૂર્ત કરવા, ખુલ્લું મૂકવા સૂચન કર્યું. શ્રી સુબોધક પુસ્તકાલય માટે ગ્રંથો ખરીદ કરવાની પોતે યાદી ઉતરાવી. અમુક ગ્રંથો પોતે જાતે જઈને ખરીદ કરાવ્યા.'

તેઓશ્રીની આજ્ઞા અનુસાર સૂચવેલ સંસ્થા માટે કુમારવાડાના નાકે એક ભાડાના મકાનમાં શરૂ કર્યું. અને પૂ. શ્રી પટેલ ગાંડાભાઈ ભાઈજીભાઈના પુનિત હસ્તે શ્રી પુસ્તકશાળા ખુલ્લી મૂકવામાં આવી.'[1]

લોકાપરીમાં અત્યારે જે મકાન અસ્તિત્વમાં છે તેનો પ્રથમ ભાગ અમદાવાદનિવાસી ભાઈઓની મદદથી વિ. સં. ૧૯૬૮માં થયો; અને મકાનનો બીજો ભાગ અમદાવાદનિવાસી શ્રી સોમચંદ હીરાચંદની મદદથી થયો. પહેલો ભાગ સં. ૧૯૬૮ના આસો વદી ૫ ને દિવસે તે વખતના દિવાન શ્રી માધવરામભાઈને હાથે ખુલ્લો મુકાયો.

વડવા ક્ષેત્રમાં પણ એક પુસ્તકાલય છે.

૯. શ્રી નવાબ જાફરઅલીખાન સંસ્કૃત પુસ્તકાલય (વિ. સં. ૧૯૬૭ના આસો)

નવાબસાહેબ મુસ્લિમ કોમના હોવા છતાં તેઓ શ્રી સર્વધર્મ અને સર્વજાતિ તરફ સમભાવ રાખતા હતા; શ્રી નવાબ જાફરઅલીખાન સંસ્કૃત પુસ્તકાલય એ આથી દેખાય છે.

વિ. સં. ૧૯૬૭ના આસો વદ ૦))ના દિવસે સવારના નવ વાગે વૈદ્યરાજ રણછોડભાઈ તથા શેઠ નાનાલાલ તરફથી બાંધવામાં આવેલ સંસ્કૃત શાળા તથા સંસ્કૃત પુસ્તકાલય ખુલ્લું મૂકવાની ક્રિયા કરવામાં આવી હતી. મેળાવડો શાક મારકીટની સામે પુસ્તકાલયની નજીકમાં કરવામાં આવ્યો હતો. નવાબસાહેબ મ. જાફરઅલીખાનસાહેબે તેને ખુલ્લું મૂકવાની ક્રિયા કરી હતી; દિવાન સા. માધવરાવે ભાષણ કર્યું હતું. અને દર વરસે રૂા. ૫૦)ની સહાય આપવા જણાવ્યું હતું.[2] આજે આ પુસ્તકાલય અને વહીવટ અવ્યવસ્થિત છે.

---

૧. 'શ્રીમદ્ રાજચંદ્ર અને સુબોધક પુસ્તકાલય' નામે પુસ્તકમાથી પૃ. ૭ વડવાતીર્થ ક્ષેત્રમાં શ્રીમદ્ રાજચંદ્ર દેવની મુદ્રાના પ્રતિષ્ઠાન પ્રસંગે સંવત ૨૦૧૧ના ફાગણ સુદ ૩, તા. ૨૫-૨-૧૯૫૫ છાપેલી પુસ્તિકામાંથી.

૨. 'બ્રાહ્મણ ધર્મ' નામે સંવત ૧૯૬૭માં ખંભાતમાંથી નીકળેલું માસિક પૃ. ૧૩૭. હાલ આ પુસ્તકાલય સારી હાલતમાં નથી.

બાળ પુસ્તકાલય : ( સને ૧૯૩૮ )

નાનાં બાળકોને વાચનની જિજ્ઞાસા થાય, તેને વાચનમાં, ચિત્રમાં રસ પડે; આ શુભ હેતુથી ખંભાતના શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટે તા. ૧–૪–૩૮ના રોજ ગવારામાં સિદ્ધનાથ મહાદેવના મેડા ઉપર તે સમયના દિવાન રા. સા. પુરુષોત્તમ જોગીભાઈને હસ્તે એક બાળ પુસ્તકાલય શરૂ કર્યું. તેમાં બાળભોગ્ય પુસ્તકો ખરીદાયાં. ધીમે ધીમે બાળકોને ખૂબ રસ પડચો આથી તેઓશ્રીએ રાજ્યઅધિકારીશ્રીનો સંપર્ક સાધી દરેક શાળામાં બાળકોને વાંચવા પુસ્તકો મળે તેવી ગોઠવણ કરો, અને તે પ્રમાણે સરકાર તરફથી અને પ્રજાજન તરફથી શાળાઓમાં બાળલાયબ્રેરીઓ શરૂ કરાવી; દિવસે દિવસે સરકારે તે વાત માન્ય કરીને બધી જ શાળાઓમાં બાળોપયોગી સારાં પુસ્તકોની સંખ્યા થઈ છે; અને આ પુસ્તકાલયનાં પુસ્તકો વગેરે શાળાઓમાં આપી દઈ; આ પુસ્તકાલય બંધ કરવામાં આવ્યું.

નેશનલ વૉર ફ્રન્ટ પુસ્તકાલય : ખંભાતના નવાબસાહેબના સને ૧૯૪૨ના અરસામાં એક ફરતું પુસ્તકાલય કાઢવામાં આવ્યું હતું. નાની નાની પેટીઓ કરાવવામાં આવી હતી. અને તેને વારાફરતી ગામડે મોકલવામાં આવતી હતી; આમ જ્ઞાનપ્રચાર માટે રાજ્યે સારી યોજના કરી હતી.

ખંભાત મુખ્ય ગુજરાતી મુખ્ય નિશાળમાં તથા ખંભાત ' કેમ્બે હાઈસ્કૂલ 'માં પુસ્તકોની સંખ્યા સારી છે.

ખંભાત – કૉલેજનું પુસ્તકાલય : સને ૧૯૬૦માં ખંભાતમાં કોલેજો સ્થપાયા પછી તેમાં પુસ્તકોની વ્યવસ્થા સારી કરવામાં આવી છે. તેનો ઉપયોગ કોલેજના વિદ્યાર્થીઓ વધુ કરી શકે; શ્રી નટવરલાલ મો. ખારેકવાળાએ પુસ્તકાલય માટે ત્રીસ હજારનું દાન કર્યું છે. અને તેથી તે સમૃદ્ધ પણ થયું છે.

આ સિવાય કેટલીક જ્ઞાતિનાં પુસ્તકાલયો છે; ટોળકિયા બ્રાહ્મણ, લાડ વણિક, મોઢવણિક; પટેલ જ્ઞાતિ, મોઢદૂધારા, વગેરે. વળી તારાપુર, ઉંદેલ, કાણીસા, જલસણ, જલુધ, ભંડેરજ, ટીંબા, પીપળોઈ, ફીણાવ, વટાદરા, ભુવેલ, ખરનાલ, માલુ, રાળજ, વત્રા વગેરે ગામોએ નાનાંમોટાંપુસ્તાકલયો છે.

મુસ્લિમ પુસ્તકાલયો :

ઇતિહાસલેખક જ. અબુઝફર નદવીસાહેબ ઈ. સ. ૧૯૨૧માં ખંભાત આવેલા ત્યારે તેમણે ખાનગી મુસ્લિમ પુસ્તકાલયો વિષે નોંધ કરેલી. તે લખે છે કે મોમીનખાન પહેલાંના વખતમાં અહીંયાં અરબી, ઇરાની ( ફારસી ) અને હિન્દુસ્તાની વિદ્વાનોનું મંડળ હતું. ઘણી લાયબ્રેરીઓ હતી. પાછળથી પુસ્તકો અસ્તવ્યસ્ત થયાં. મેં સને ૧૯૨૧માં કેટલાંક પુસ્તકો જોયાં હતાં. તેમાં એક કુરાને શરીફ સારા અક્ષરોવાળું કે જે હજરતઅલીના પવિત્ર હાથનું લખેલું સમજીને તેની બહુ કદર કરતા. વળી કેટલાંક પુસ્તકો કાજીસાહેબ પાસે હતાં. એક પુસ્તકાલય અબ્દુલ લતીફદિવાન સાહેબને ત્યાં હતું, પણ તેમના વારસો સંભાળી ન શકચા અને બરબાદ થઈ ગયું.

પ્રકરણ ૩જુ

# પ્રાથમિક કેળવણીનું રેખાદર્શન

ખંભાત પ્રાચીનકાળથી વિખ્યાત છે. રાજકીય, વ્યાપારિક અને ઔદ્યોગિક ક્ષેત્રમાં તેણે વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. સાહિત્ય, સંગીત અને કલામાં તેણે અગ્રપદ મેળવ્યું છે. સંસ્કાર અને વિદ્યાનું ધામ હતું. મહારાજ સિદ્ધરાજ જયસિંહે જેની વિદ્વત્તાને માન આપી જેના ગ્રંથોને હાથી ઉપર વરઘોડા ચઢાવી તેને પોતાના પુસ્તકભંડારમાં સ્થાપિત કર્યા; એ મહાન પંડિત શ્રી હેમચંદ્રાચાર્યે ખંભાતમાં જ દીક્ષા લીધી અને તર્કશાસ્ત્ર, વ્યાકરણ આદિ વિદ્યાભ્યાસ ખંભાતમાં જ કર્યો. સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓના પંડિતો ખંભાતમાં જ આવતા અને વિદ્યાનું પઠનપાઠન થતું; પુસ્તકોનું લેખન થતું અને લહિયાઓ તેની નકલો કરતા. આજે પણ તે પુસ્તકો વિદ્યાક્ષેત્ર તરીકે સાક્ષી પૂરે છે. 'શાન્તિનાથ તાડપત્રિય જ્ઞાનભંડાર' એ ખંભાતને ગૌરવ અપાવનાર દિવ્ય માન છે.

## મોગલ સમયની કેળવણી :

ખંભાતના કવિ ઋષભદાસે વિ. સં. ૧૬૮૫માં રચેલા હીરવિજય સૂરી રાસમાં કેળવણીનું વર્ણન આપવામાં આવ્યું છે. કવિના જ શબ્દોમાં જોઈએ.

### નિશાળ :

'ઉલટ અધિક હીર પિતાય, પંચવરસનો સુત તે થાય
મહુરત લગન જોઈ શુભ સાર, નિશાળે મૂકયો હે કુમાર.'

### વરઘોડો :

'ખુંપ તિલક શિરછત્ર ધરે; હીર તણો વરઘોડો કરે,
આવ્યાં ફોફળ શ્રીફળ પાન, જાનરડી કરતી બહુમાન;
મિલ્યા પુરુષ વાગ્યા નિસાણ, નિશાળે મૂકયો સુત જાણ,
ખડિયા, લેખણ રૂપા તણાં, નિશાળિયા પહિરાવ્યા ઘણા
પાટી લાદૂ સુખડી દીધ, નિશાળિયા માંહી હુઆ પ્રસિદ્ધ.'

### પંડયાજીનો સત્કાર :

બંભ પટોળું પીળે વાને, ગંઠોડા પહિરાવે કાને,
પંડયાણીને આપ્યું ચીર, નિશાળે બેઠો ગુરુ હીર.

### સારો વિદ્યાર્થી :

માંઈ કાંકલા ભણતો વેર, ભલે ભણીને આવ્યો ઘેર,
સકળ સૂતરાં શીખ્યો આંક, પંડયો નવિ કાઢે તસવાક.

### અભ્યાસ :

એકા અગ્યારા આવડે, એકવીસા મુખ આવી ચડે
એકત્રીસા, સવાઈઆ ગણે, ડોઢા, ઉઠા, અઢિયા ભણે
સકળ આંક ને બારાખડી, શીખ્યો ચાણાયક આવડે

ફલામણી લેખુ ને ગણિત,
વળી ભણ્યો નર શાસ્ત્ર જ નીત.

### ઠોઠ વિદ્યાર્થી :

પંડયો હરખે મન અદ્‌ભુત, એ તો દીસે શારદપૂત,
કંઠશોષ કરાવે ઘણા, દા'ડા ન વળે મુરખ તણાં,
અક્ષર માંઢે ન ચઢે ખરાં, ગુરુ જાણે કદિ જાએ પરા
અવડાવ્યું જાએ વિસરી, પકવે માથું પાછો ફીરી,
એવા શિષ્યે લાધે સંતાપ, પ્રકટયું ગુરુનું પૂરવ પાપ,
હીર સરીખો છતરજ મિલે, તામ મનોરથ ગુરુના ફળે.

## ઓગણીસમો સૈકો :

ના. નવાબસાહેબનો સમય.

### ગામઠી શાળાઓ : ઈ. સ. ૧૮૭૦.

મોગલ સમયમાં જે પ્રમાણે શાળાઓ ચાલતી હતી તે પ્રમાણે ખંભાત શાળાઓ – મહેતાજીની

શાળાઓ ચાલતી હતી. ઈ. સ. ૧૮૭૦માં નીચે પ્રમાણે મહેતાજીની શાળાઓ હતી, અને છેક વીસમી સદી સુધી વિદ્યાર્થીને નિશાળે બેસાડતાં 'વરઘોડો' ચડાવતા. તેને 'નિશાળ ગઈયણું' કહેતા. છેલ્લી ગામઠી શાળા રાણાચકલામાં ચાલતી હતી, તે લગભગ ઈ. સ. ૧૯૧૫માં બંધ થઈ.

| ઠેકાણું | મહેતાજી |
|---|---|
| ૧ દેવની પોળ | ગણપતરામ રામચંદ્ર |
| ૨ નાગરવાડો | શિવશંકર ધનેશ્વર |
| ૩ કડિયાપોળ | મહાશંકર ઉત્તમરામ |
| ૪ કોઠીપાડો | હરિનાથ રામનાથ |
| ૫ રાણાચકલું | લાલભાઈ લક્ષ્મીદાસ |
| ૬ વાંસડાવાડ | નંદકેશ્વર બાપુજી |
| ૭ પતંગેશ્વરની પોળ | શિવશંકર નાનાભાઈ |
| ૮ ચોક | ગંગાશંકર જેકૃષ્ણ |
| ૯ ગીમટી | પ્રાણનાથ જીભાઈ |
| ૧૦ બાજીશા | જીણાભાઈ ધનેશ્વર |
| ૧૧ વાંસડાવાડ | પ્રભુરામ બાપુજી |
| ૧૨ મોચીવાડ | નાથાલાલ દેવશંકર |
| ૧૩ માછીપરું | નરોત્તમ |
| ૧૪ માણેકચોક | શાળા હતી |
| ૧૫ દંતારવાડા | શાળા હતી |

ઉપરની શાળાઓમાં લગભગ ૮૦૦ વિદ્યાર્થી ભણતા. તેમાં ખાસ કરીને બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર વગેરે ઊંચી કોમના લોકો બાળકોને ભણાવતા. અભ્યાસ પણ ઉપર જણાવ્યા પ્રમાણે ચાલતો. દરેક શાળામાં શારદાની સ્તુતિ બોલાવતા તેમાં પણ ખંભાતનું નામ અંકિત થયેલું જણાય છે. આ બધી ગામઠી શાળાઓના મહેતાજીઓ બ્રાહ્મણો હતા.

સરસ્વતી તું મોરી માય,
પહેરી પટકુળ, પીઅર જાય,
ખોદતાં ખોદતાં આવ્યું ગામ,
ભલે પાડિયું, ખંભાત નામ
ખંભાવતીમાં, અંબાવતી
ઊભે ચૌટે, સરસ્વતી.

આમ મોટી સ્તુતિ શાળાઓમાં બોલાવવામાં આવતી.

## નવી કેળવણી

સરકારી નિશાળની સ્થાપના : ઈ. સ. ૧૮૭૨ મ. નવાબસાહેબ પહેલાં હુસેનયાવરખાન ગાદી પર હતા. તેમણે ખેડાના કલેકટર મારફતે ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઈન્સપેકટર દ્વારા ખંભાતમાં નિશાળ કાઢવાની યોજના કરી.

મંગલ પ્રભાત : તા. ૧–૪–૧૮૭૨

ઈ. સ. ૧૮૭૨ના એપ્રિલની ૧લી તારીખે ખંભાતમાં પ્રથમ સરકારી ગુજરાતી નિશાળ કાઢવામાં આવી. એ. ઈન્સ્પેકટરે આમોદના શિક્ષક રાજેભાઈ ભાઈજીભાઈને ખંભાત મોકલ્યા. તેઓએ ખંભાતના સુપ્રતિષ્ઠિત ગૃહસ્થોને એકત્ર કરી કેળવણી વિષય ઉપર ભાષણ કર્યું, પાન-સોપારી અને ગોળધાણા વહેંચાયા અને શાળા શરૂ કરી.

શરૂઆતમાં શેરડીની પોળે એક મકાન ભાડે રાખવામાં આવ્યું. ત્યાં એક માસમાં બસો વિદ્યાર્થીઓની સંખ્યા થઈ અને દિન પર દિન સંખ્યા

વધવા લાગી. તેથી બીજી બ્રાંચ શાળાઓ કાઢવામાં આવી.

શાળાનો ખર્ચ ખંભાત રાજ્ય તરફથી આપવામાં આવતો, પરંતુ અભ્યાસ, સાધનો, શિક્ષકો, પુસ્તકો વગેરે સઘળો વહીવટ એ. ઈ. તરફથી કરવામાં આવતો. બોરસદ તાલુકાની શાળાઓમાં આ શાળાને ગણવામા આવતી અને હિસાબ વગેરે ત્યાં મોકલવામાં આવતો.

વહીવટ ખંભાત સરકારે લીધો : નિશાળોની સંખ્યા વધવાથી ખંભાત સરકારે તે વહીવટ બ્રિટિશ રાજ્યના ખાતામાંથી છૂટી પડી ઈ. સ. ૧૮૯૪માં પોતાને હસ્તક લીધો, અને કેળવણી-ખાતાનું કામ સીધી દીવાનસાહેબની દેખરેખ નીચે મુકાયું.

શાળાધિકારીની નિમણૂક :
( ઈ. સ. ૧૮૯૮ )

સને ૧૮૯૮માં એક અધિકારીની નિમણૂક કરવામાં આવી. આરંભમાં તે અધિકારી કેનેડી હૉસ્પિટલમાં કામ કરે અને થોડો વખત શાળાઓનું કામ કરે, પરંતુ શાળાઓની સંખ્યા વધતાં ઈ. સ. ૧૯૧૫માં તેમની સ્વતંત્ર ' શાળાધિકારી ' તરીકે નિમણૂક કરી. તેઓ શહેર અને ગામડાની શાળાઓનો વહીવટ કરતા. પહેલા શાળા અધિકારી તરીકે શ્રી હિરાલાલ મણિલાલ ધ્રુવ હતા.

પરીક્ષા, અભ્યાસક્રમ, શિક્ષકોને ટ્રેઈન્ડ કરવા વગેરે સઘળી બાબતોનું ગવર્મેન્ટને ધોરણે ત્યાંના અધિકારી મારફત કામ થતું. તે મુજબ સુધારા-વધારા સાથે કેળવણી ખાતું ચાલતું. દિન પ્રતિદિન કેળવણીનો પ્રચાર વધવા લાગ્યો.

ઈ. સ. ૧૮૮૦માંના જાફરઅલીખાન સાહેબ તખ્તનશીન થયા. તેમના બાહોશ અમલદારોની દેખરેખ નીચે કેળવણીની સારી પ્રગતિ થઈ અને ત્યાર પછીના નવાબસાહેબ હુસેનયાવરખાન સાહેબે પોતાના અમલ દરમિયાન કેળવણીની દિશામાં અનેકવિધ પ્રગતિ કરી છે. પ્રા. શાળાઓનાં મકાનો, શાળામાં તમામ પ્રકારનાં સાધનો, પુસ્તકો, સ્કોલરશિપો, ઇનામ, ગ્રાન્ટો, શિક્ષકોને રાજ્ય તરફથી ટ્રેઈન કરવા વગેરે અનેક બાબતો તરફ ધ્યાન અપાયું.

કન્યા કેળવણી, સંસ્કૃત શાળાઓ, ઉર્દૂ શાળાઓ, હરિજન શાળાઓ, હાઇસ્કૂલો વગેરે કાઢી તેમણે કેળવણીને ઉત્તેજન આપ્યું.

ખંભાત રાજ્યના મર્જર વખતે
( તા. ૧૦-૬-૪૮ )

સને ૧૯૪૮માં ખંભાત રાજ્ય મુંબઈ પ્રાંતમાં જોડાઈ ગયું ત્યારે ખંભાત શહેરમાં કુલ ૧૦ શાળાઓ હતી. તેમાં ૪ છોકરાઓની શાળા, ૪ કન્યાશાળા અને ૧ ઉર્દૂશાળા, ૧ હરિજન શાળા ચાલતી, અને ગામડાં ખાતે ૪૭ શાળા ચાલતી. કુલ ૫૭ ગુ. પ્રા. શાળાઓ ચાલતી હતી.

વહીવટ : ખંભાત રાજ્યના કેળવણી ખાતાનો વહીવટ એ. જિ. લોકલ બૉર્ડના હાથમાં સને ૧૯૪૮માં લેવામાં આવતાં, શાળા અધિકારીની જગા રદ કરી. અને મુખ્ય નિશાળને તાલુકા શાળા તરીકે ગણી અને પહેલા તાલુકા માસ્તર તરીકે શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટની નિમણૂક કરી.

મર્જર પછી પ્રાથમિક શાળાઓ ખંભાત શહેરની અને તાલુકાની શાળાઓ

ખંભાત શહેર અને તાલુકામાં પ્રાથમિક કેળવણીનો કેટલો વિકાસ થયો છે; તે જાણવા ખંભાત તાલુકા પંચાયતના આધારથી આ પ્રમાણે છે.

ખંભાત શહેર : ( સને ૧૯૬૮ ડિસે. )

શાળાઓની કુલ સંખ્યા – ૧૭ છે. તેમાં બેઝીક શાળાઓ ૭ અને સામાન્ય શાળાઓ ૧૦ મળી કુલ ૧૭ છે.

વિદ્યાર્થીઓની સંખ્યા : કુમાર કન્યા કુલ

૪૦૮૮ + ૩૦૬૦ = ૭૧૪૮

શિક્ષકોની સંખ્યા :

| ટ્રેન | | | અનટ્રેન | | |
|---|---|---|---|---|---|
| શિ. | શિક્ષિકા. | કુલ. | શિ. | શિક્ષિકા. | કુલ. |
| ૭૩ + | ૬૧ = | ૧૩૪ | ૩૧ | ૧૫ | ૪૬ |

કુલ ૧૦૪ શિક્ષકો + ૭૬ શિક્ષિકાઓ = ૧૮૦ કુલ.

મકાનો : ભાડાનાં ૯ + ૧૨ પંચાયતનાં = ૨૧ કુલ.

ગ્રામ્ય વિસ્તાર : ( સને ૧૯૬૮ ડિસે. )

શાળાઓની કુલ સંખ્યા : ૧૧૪ છે; તેમાં બેઝીક શાળાઓ ૨૩ છે અને સામાન્ય શાળાઓ ૯૧ મળી કુલ ૧૧૪ શાળાઓ છે.

મકાનો : તાલુકા પંચાયતનાં મકાનો ૧૦૧ તથા ભાડાનાં મકાનો ૧૧ મળી કુલ ૧૧૨ છે.

વિદ્યાર્થીઓની સંખ્યા : ૧૨૧૦૪ કુમાર + ૬૫૮૨ કન્યા = કુલ ૧૮૬૮૬

શિક્ષકોની સંખ્યા :

ટ્રેન શિક્ષિકા કુલ
૨૭૯ + ૩૫ = ૩૧૪

અનટ્રેન
શિક્ષકો શિક્ષિકા કુલ
૧૧૫ + ૧૦ = ૧૨૫

કુલ ૩૯૪ શિક્ષકો + ૪૫ શિક્ષિકાઓ = ૪૩૯ કુલ

કુલ શાળાઓ =— ૧૩૧ છે; તેમાં બેઝીક ૩૦ + ૧૦૧ સામાન્ય = ૧૩૧ કુલ છે.

તાલુકાના વિદ્યર્થીઓ =— ૧૬૧૯૨ કુમાર + ૯૬૪૨ કન્યા = ૨૫૮૩૪ કુલ બાળકો

કુલ શિક્ષકો — ૬૧૯ છે.

ટ્રેન શિક્ષકો શિક્ષિકા કુલ
૩૫૨ + ૯૬ = ૪૪૮

અનટ્રેન શિક્ષકો શિક્ષિકા કુલ
૧૪૬ + ૨૫ = ૧૭૧


શિક્ષકા શિક્ષિક કુલ
કુલ = ૪૯૮ + ૧૨૧ = ૬૧૯

## ખાનગી નિશાળો

સરકાર જેને ગ્રાન્ટ આપે છે તેવી કેટલીક પ્રાથમિક શાળાઓ છે.

૧ ચંદનબાઈ જૈન કન્યાશાળા : ઈ. સ. ૧૯૦૭. ઘણાં વર્ષોથી જૈન લોકોના હસ્તક ચાલતી આ કન્યાશાળા માણેકચોકમાં આવેલી છે. તેનું પોતાનું સ્વતંત્ર મકાન છે. તે મકાન સને ૧૯૪૪માં બાંધવામાં આવ્યું હતું. તેમાં પ્રાથમિક સાત ધોરણ સુધીના વર્ગો છે; અને તેમાં જૈનો અને જૈનેતર બાળાઓ અભ્યાસ કરે છે. સરકાર તેને ગ્રાન્ટ આપે છે. સંખ્યા સારા પ્રમાણમાં છે.

૨ મદ્રેસા એ તૈયબિયાહ શાળા : ઈ. સ. ૧૯૧૬. ખંભાતના વહોરા કોમની 'મદ્રેસા એ તૈયબી કમિટી'એ એની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૯૧૬માં વહોરવાડમાં ડેલાગલીમાં એક નાના ભાડાના મકાનમાં શાળા સ્થાપવામાં આવી હતી. પ્રારંભમાં છોકરા અને છોકરીઓ મળી ૩૫ વિદ્યાર્થીઓ હતાં. અને માત્ર પહેલું અને બીજું એ ધોરણ કાઢવામાં આવ્યાં હતા. સાથે ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું હતું. ધાર્મિક શિક્ષણ માટે એ અને ગુજરાતી શિક્ષણ માટે એ શિક્ષક રાખવામાં આવ્યા હતા અને શિક્ષક ધાર્મિક અને ગુજરાતી બેઉ જાણે તેવો એક શિક્ષક રાખ્યો હતો. તેનું ઈન્સ્પેકશન ખંભાતના કેળવણીઅધિકારી કરતા હતા. ગુજરાતીમાં સરકારી ખાતાના અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસક્રમ રાખ્યો હતો. આ શાળાના વહીવટકર્તાઓના અથાગ પરિશ્રમને લઈને શાળા ગુજરાતી સાત ધોરણવાળી થઈ તથા સને ૧૯૪૩-૪૪ના અરસામાં મીડલ સ્કૂલ કાઢવામાં આવી, અને ત્યાર પછી સને ૧૯૬૦માં હાઈસ્કૂલ થઈ, હજી તેના કાર્યકર્તાઓને કોલેજ બનાવવાના મનસૂબા છે; જે સ્કૂલ ભાડાના મકાનમાં બેસતી હતી તે સ્કૂલે આજે



મદ્રેસા એ તૈયબિયાહ પ્રાથમિક શાળા – ખંભાત-વહોરવાડ.

પોતાનાં મકાનો બાંધ્યાં છે; રમતગમતનાં, વિજ્ઞાનનાં અને સઘળાં શિક્ષણનાં સાધનો વસાવ્યાં છે.

આ સિવાય ખાનગી પ્રાથમિક શાળાઓ આ પ્રમાણે છે:


૧. આર. સી. મિશનશાળા, ૨. આઈ. પી. મિશનશાળા, ૩. સર્વોદય શાળા, ૪. ભરત પ્રા. શાળા, ૫. એસ. એ. મિશન શાળા, બામણવા, ૬. એસ. એ. મિશન શાળા, શકરપુર, ૭. આર. સી. શાળા, કલમસર, ૮. આર. સી. શાળા, વરસડા, ૯. ઈલેક્ટ્રીક સીટી શાળા, ધુવારણ.

## ખંભાતમાં પ્રાથમિક શાળાનાં નવાં બંધાયેલાં મકાનો

સને ૧૯૪૮માં ખંભાત રાજ્યનું વિલીનીકરણ થયા પછી પ્રજા પોતાનાં બાળકોની કેળવણી વિષે વધુ સમજતી થઈ એમ કહેવું જરા પણ અતિશયોક્તિભરેલું નથી. અને દાનની દિશાઓ બદલાઈ. જૂના દેશી રાજ્ય વખતે સરકાર તરફથી શાળાનાં મકાનો બંધાવાતાં હતાં અને બાળકોની કેળવણીનો ભાર સરકાર જ ઉપાડે એમ હતું; પરંતુ હવે ગૃહસ્થો સરકારની મદદ લઈ પોતાની ઉદારતાથી મકાનો બંધાવે છે.

૧ શ્રી ઠાકોરલાલ હરિલાલ કુમારશાળા : સને ૧૯૬૪. ખંભાતમાં જૂની મંડાઈની બ્રાંચ નંબર ૩ જાની શાળાના મકાન ઉપર મેડો નંખાવી આપી અને તેનું નામ 'ઠાકોરલાલ હરિલાલ કુમારશાળા' રાખવામાં આવ્યું. આ માટે ઉપરના ગૃહસ્થના ટ્રસ્ટી શ્રી વલ્લભદાસ મણિલાલ કોઠારીએ રૂા. ૫૦,૦૦૦ પચાસ હજાર દાનમાં આપ્યા. અને ૨૬-૧-૬૪ના પ્રજાસત્તાક દિને શ્રી માધવલાલ ભાઈલાલને હાથે ઉદ્‌ઘાટન થયું. (મહા સુદ-૧૨, વિ. સં. ૨૦૨૦, તા. ૨૬-૧-૬૪)

૨ શ્રી મણિલાલ હરિલાલ પ્રાથમિક કન્યાશાળા : સને ૧૯૬૫. ખંભાત મુખ્ય કન્યાશાળાનું મકાન નાનું પડતું હતું; ત્યાં આગળ થોડી જમીન વગેરે હતુ; તે જગા ઉપર નવેસરથી નવું મકાન બાંધવામાં આવ્યું. આ માટે ધારિયાવાડામાં રહેતા શ્રી રસિકભાઈ વગેરે પોતાના પિતાના સ્મરણાર્થે 'શ્રી મણિલાલ હરિલાલ પ્રા. કન્યાશાળા' નામ જોડી રૂા. ૬૦૦૦૦ સાઠ હજારનું દાન કર્યું છે. અને ગુજરાત રાજ્યના કેળવણીપ્રધાન શ્રી ઇંદુમતિ શેઠે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.



શ્રી મણિલાલ હરિલાલ કન્યાશાળા, ખંભાત. સને ૧૯૬૫ (જૂની મંડાઈ)

૩. શેઠ મનુભાઈ નાથાભાઈ કુમારશાળા : સને ૧૯૬૭. ખંભાત ગવારા કુમારશાળાનું એક માળનું મકાન હતું. તેના ઉપર બીજો મજલો નંખાવી સારી સગવડવાળું મકાન શ્રી બચુભાઈ સુંદરલાલ અને બાબુભાઈ સુંદરલાલ ઝવેરીએ રૂા. ૮૧૦૦૦ એકાસી હજાર ખરચીને બંધાવીને ખંભાત તાલુકા પંચાયતને અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના પ્રધાન શ્રી ઠાકોરભાઈ મુખ્ય મહેમાન હતા. તેમ જ દાતાના ધર્મગુરુ વગેરે હાજર હતા. ઝવેરી ભાઈઓ ખંભાતના મોઢ વણિક દૂધારા છે. અને ધારિયાવાડા – ખંભાત રહે છે. ઉદ્‌ઘાટનદિવસ વિજયાદશમી, વિ. સં. ૨૦૨૩ છે.

૪ શ્રી શકુંતલા કાન્તિલાલ વાઘેલા કન્યાશાળા : સને ૧૯૬૮. ગવારા કન્યાશાળાનું મકાન વરસાદથી પડી ગયું હતું, તથા ત્યાં બીજી કેટલીક જમીન છૂટી હતી. આ બધી જગા ઉપર નવેસરથી બાર ઓરડાવાળું વિશાળ મકાન તે સ્થળ પાસે રહેનાર શ્રી કાન્તિલાલ વાઘેલાએ પોતાની પત્ની 'શ્રી શકુંતલા કાંતિલાલ કન્યાશાળા 'ના નામે પોતાની દેખરેખ નીચે બંધાવ્યું. અને ખંભાત તાલુકા પંચાયતને અર્પણ થશે.

તાલુકાની પ્રાથમિક શાળાઓ માટે દાન કરનાર
શ્રી મંગળભાઈ નાથાભાઈ પટેલ

ખંભાત તાલુકાના તારાપુર ગામના વતની અને આફ્રિકાના બુકોબા ખાતે રહી કોફીની નિકાસનો મોટો વેપાર કરનાર તેઓ અગ્રણી વેપારી હતા. તેઓશ્રીએ ખંભાત તાલુકાના ભાલવિસ્તાર તથા કાંઠા વિભાગમાં જ્યાં જ્યાં શાળાઓ ન હતી ત્યાં ત્યાં ઉદાર સખાવતથી લગભગ એક લાખ રૂપિયા આપ્યા હતા તારાપુર ગામમાં ૧,૦૫,૦૦૦ રૂ. ખરચીને કુમારશાળા તથા કન્યાશાળાનાં મકાન બંધાવી આપ્યાં છે. બાલમંદિર બનાવવાની પણ તેમની યોજના હતી. આ ઉદાર સદ્‌ગૃહસ્થનું તા. ૧૪–૩–૬૧ના રોજ બુકોબા ખાતે અવસાન થયું હતું.

તારાપુર કુમારશાળા : ઈ. સ. ૧૯૫૭. 'શ્રી નાથાભાઈ તળસીભાઈ કુમારશાળા' શ્રી મંગળભાઈ નાથાભાઈએ ૧૭ ઓરડાની શાળા બંધાવી આપી. તેની ઉદ્‌ઘાટનવિધિ તારીખ ૩–૧૦–૧૯૫૭ના રોજ ના. નવાબ હુસેનયાવરખાન-સાહેબને હાથે થઈ.

આ સિવાય શકરપુર, રાળજ, ઉંદેલ, સાયમા વગેરે ઘણાં ગામોમાં શાળાઓનાં મકાનો થયાં છે.

ખંભાતની પ્રાથમિક શાળાઓએ ઉજવેલા મહોત્સવ :

ગવારા છોકરાની શાળા — સુવર્ણ મહોત્સવ ઈ. સ. ૧૯૪૫

હે. મા. શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ

ગ. બ્રા. નં. ૨ જાની શાળા તરફથી તેનો સંપૂર્ણ મહોત્સવ તા. ૨૯; ૩૦–૧૦–૪૫ના રોજ ઉજવાયો. પ્રમુખસ્થાને શ્રી દિવાનસાહેબ બેઠા હતા. તથા બાળકેળવણીકાર શ્રી તારાબેન મોડક આવ્યાં હતાં. આ અંગે પ્રદર્શન, ભાષણો, મનોરંજન કાર્યો, આનંદબજાર વગેરે રાખવામાં આવ્યું હતું.

વાલીદિન ઉત્સવ–ઈ. સ. ૧૯૪૭

ઉપરની શાળા તરફથી વાલીદિન ઉત્સવ ઉજવ્યો હતો તેમાં પ્રખર કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટ તથા ગુજરાતના જાણીતા સાહિત્યકાર શ્રી સાકરલાલ દવે પધાર્યા હતા. વાલીઓ સાથે સંભાષણો તથા મનોરંજન કાર્યક્રમ રાખ્યો હતો, ( તા. ૧૨–૬–૧૯૪૭ ) અને સવારે નજરબાગમાં રમતગમતનો કાર્યક્રમ રાખ્યો હતો.

## કન્યા કેળવણી : ઈ. સ. ૧૮૮૧

ગુજરાતમાં ઈ. સ. ૧૮૫૬ પહેલાં કન્યાશાળા ન હતી. ત્યાર પછી થોડા વર્ષમાં મોટાં શહેરોમાં કન્યાશાળા ઉઘાડવામાં આવી.

## ખંભાતમાં પ્રથમ કન્યાશાળા : ઈ. સ. ૧૮૮૧

તા. ૨૬-૧૧-૧૮૮૧માં સ્વતંત્ર કન્યાશાળા ઉઘાડવામાં આવી. શરૂઆતમાં ભણનાર કન્યાઓની સંખ્યા ઓછી હતી. ૭ વર્ષમાં ભણનારની સંખ્યા ૧૮૬ થઈ. ઊંચી કોમના હિન્દુઓની સંખ્યા વધુ થવા લાગી. શરૂઆતમાં ધો. ૪ હતાં. મફત શિક્ષણ આપવામા આવતું.

દિનપ્રતિદિન ભણનાર કન્યાઓની સંખ્યા વધવા લાગી, તેથી એક મુખ્ય કન્યાશાળા અને બીજી બે બ્રાંચ કન્યાશાળાઓ કાઢવામાં આવી. વળી ઉર્દૂ કન્યાશાળા પણ કાઢવામાં આવી જેથી મુસ્લિમ કોમમાં પણ કેળવણીનો પ્રચાર થાય.

## કન્યાશાળાઓમાં અંગ્રેજી શિક્ષણ : ઈ. સ. ૧૯૩૨

ગુ. કન્યાશાળામાં સને ૧૯૩૨માં અંગ્રેજી વિષય શિખવવામાં આવતો. અંગ્રેજી બે ધોરણ સુધી શીખ્યા પછી હાઈસ્કૂલમાં જવું હોય તો જાય. છોકરીઓની સંખ્યા વધવાથી કેમ્બે એજ્યુકેશન સોસાયટીએ ઈ. સ. ૧૯૩૬માં કન્યાઓ માટે એક સ્વતંત્ર અંગ્રેજી શાળા મોટા ભાટવાડા આગળ કાઢી, પરન્તુ કેટલાંક કારણોસર તે બંધ કરવી પડી. પરન્તુ દિનપ્રતિદિન લોકોમાં કન્યાઓને શિક્ષણ આપવાની ભાવના જાગૃત થઈ અને અંગ્રેજી ભણનારની કેમ્બે હાઈસ્કૂલમાં સંખ્યા વધી. આજે ત્રણ દરવાજાની ' ન્યૂ કેમ્બે હાઈસ્કૂલ 'માં ધોરણ ૮થી ૧૧ સુધીના કન્યાઓના મોટા વર્ગો છે. અને હવે તો એસ. એસ. સી.માં સારી સંખ્યામાં પરીક્ષામાં બેસે છે.

## ખંભાતમાં ઉર્દૂશાળા : ઈ. સ. ૧૮૮૫

ના. નવાબ સાહેબ જાફરઅલીખાનના સમયમાં દિનપ્રતિદિન કેળવણીની વૃદ્ધિ થવા લાગી. મુસલમાનોને ઉર્દૂ ભાષાનું તથા ધાર્મિક શિક્ષણ મળે તે હેતુથી સને ૧૮૮૫ના ઓગસ્ટની ૨૨મી તારીખે એક શાળા કાઢી. આ શાળાનું નામ ' મદ્રસે અંજુમન ઈસ્લામ ' એવું રાખવામાં આવ્યું. સને ૧૮૯૦માં મુસલમાનના લગભગ ૧૧૨ છોકરા ભણતા હતા. અને એક છોકરો પારસીનો ભણતો હતો. ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કરાવવામાં આવતો હતો. મફત શિક્ષણ આપવામાં આવતું હતું. મહેતાજી અને મૉનિટરનો કુલ ખર્ચ લગભગ ૭૫૦ રૂ. થતો. આ શાળાનું નામ પાછળથી ' મદ્રસ એ ઈસ્લામી એ જાફરખાની ' રાખવામાં આવ્યું. તેનું ભવ્ય મકાન બંધાવી, તેમાં મુસલમાનોનાં બાળકો માટેની સુવિધા માટેનાં સાધનો આપ્યાં.

દિવસે દિવસે મુસલમાનોમાં કેળવણી વધવા માંડી એટલે શહેરમાં ઉર્દૂ બ્રાંચ શાળાઓ કાઢવામાં આવી. તે ઉપરાંત તારાપુર, કલમસર વગેરે ગામોમાં ઉર્દૂ શાળાઓ કાઢવામાં આવી. ખંભાતમાં ખાનગી રીતે બાળકોને ધાર્મિક ઉર્દૂ ગૃહસ્થોની મદદથી શિખવાય છે.

## હરિજન શાળા : ઈ. સ. ૧૯૧૨

ના. નવાબસાહેબનો સમય હતો ત્યારે પછાત ગણાતી ' હરિજન ' જાતિ તરફ બેદરકારી રાખવામાં આવી ન હતી. તે લોકો ભણેગણે અને આગળ વધે તે માટે ફત્તેહ દરવાજા પાસે કે જ્યાં તેમની વસ્તી છે; ત્યાં આગળ તા. ૧-૪-૧૨ના રોજ ' અત્યંજ શાળા ' કાઢવામાં આવી હતી. ચાર ધોરણ સુધી તે રાખવામાં આવી હતી; આગળ ભણનારને ગુજરાતી તથા અંગ્રેજી નિશાળમાં તે વિદ્યાર્થીઓ સાથે ભણાવવાનો પ્રબંધ કરેલો હતો. આવી એક શાળા ઉંદેલ ગામે પણ હતી.

સને ૧૯૪૮માં મર્જર થયા પછી ઉપરની તથા ઉંદેલની જુદી શાળા કાઢી નાંખવામાં આવી, અને હરિજન વિદ્યાર્થીઓ ગુજરાતી ભણનાર બાળકો સાથે જ શિક્ષણ લે છે.

### બાલમંદિરો : ઈ. સ. ૧૯૪૦

ખંભાત સ્ટેટ હતું તે વખતે સ્ટેટ તરફથી એક શિક્ષક અને એક શિક્ષિકાને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન – ભાવનગરમાં સને ૧૯૩૮–૩૯માં તાલીમ લેવા મોકલેલા. તે પછી તેનો કાંઈ અમલ થયો નહિ.

સને ૧૯૪૦માં બહારગામના એક શિક્ષકે ખાનગી રાહે ઊંચી શેરીમાં એક બાલમંદિર શરૂ કર્યું. ખંભાતમાં આ જાતની કેળવણી પ્રથમ જ હતી. તેથી કેળવાયેલા વર્ગે તેનો લાભ લીધો. બે વર્ષ સુધી તે બાલમંદિર ચાલ્યા પછી તે એક વ્યક્તિને આપી ચાલ્યો ગયો.

### કમળાલક્ષ્મી બાલવાડી ઈ. સ. ૧૯૪૨

ઉપરનું પ્રથમ બાલમંદિરનાં સાધનો વગેરે ખરીદ કરી, ખભાતમાં દશાદિશાવાળ વણિકની વાડીમાં વિ. સં. ૧૯૯૮ના અધિક જેઠ વદ ૨, તા. ૧–૬–૪૨ના રોજ બેચરભાઈ નામે એક બ્રાહ્મણે પોતાની પત્ની કમળાલક્ષ્મીને નામે બાલમંદિરની શરૂઆત કરાવી અને તેનો વહીવટ કરવા એક કમીટી નીમી. બાળકો વધવાથી તેમણે (૨) નૂતન બાલમંદિર મોઢ દૂધારાની વાડીમાં શરૂ કર્યું. આ બાલમંદિરોને સને ૧૯૬૫માં ખંભાત મ્યુ. ને સોંપવામાં આવ્યાં. ખંભાત મ્યુ. તરફથી બાલમંદિરો કાઢવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. અને બાલમંદિરો નીકળ્યાં છે.

ભરત બાલમંદિર અને પરામાં બાલમંદિર એ પણ સારી પ્રવૃત્તિ ધરાવે છે. લોકો બાલમંદિરોમાં પોતાનાં બાળકોને સારા પ્રમાણમાં મોકલે છે. જેથી તેમાં સારી સંખ્યામાં બાળકો હોય છે. કુલ ૬ બાલમંદિરો ( ૧૯૬૮ ) છે.

### સરકારી સંસ્કૃત શાળા : ઈ. સ. ૧૮૯૮

જેમને સંસ્કૃત શીખવું હોય તે વિદ્યાર્થી ખંભાત કોઈ પંડિત કે શાસ્ત્રીને ઘેર ભણવા જતા. આમ ઘણાં વર્ષ સુધી ચાલ્યું પરંતુ સંસ્કૃત શીખનારે અનુકૂળ પડે તે હેતુથી તા. ૮–૧૨–૧૮૯૮ના રોજ બહુચરાજી માતાની પોળમાં એક સંસ્કૃત શાળા ઉઘાડવામાં આવી. આ શાળામાં એક સંસ્કૃત ભણેલા શાસ્ત્રીની નિમણૂક કરી. ખાનગી રીતે અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ તથા સરકારી હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ સારી રીતે લાભ લેતા હતા. સને ૧૯૪૯ના આરસામાં બંધ થઈ.

વેદશાળા : બોરિયાપાડાના નાકે એક વેદશાળા સ્થાપવામાં આવી હતી; તે એક ખાનગી ગૃહસ્થની મદદથી ચાલતી અને તેને નવાબસરકાર તરફથી ગ્રાન્ટ મળતી. આ શાળામાં મુખ્યત્વે વેદ ભણાવવામાં આવતા તથા કાવ્ય, કર્મકાંડ વગેરે વિષયોનું અધ્યયન કરાવવામાં આવતું હતું.

સને ૧૯૫૦ના અરસામાં આ શાળાઓનો પૂરતો લાભ નહિ ઉઠાવવાથી તે બંધ કરવામાં આવી છે.

### ખંભાતના સ્વ. શેઠ મગનલાલ હરગોવનદાસ સંસ્કૃત શાળા ( ઈ.સ. ૧૯૩૧ )

સદર શેઠના સ્વર્ગવાસ પછી તેમની યાદગીરીમાં તેમનાં પત્ની વીજકોરે એક સંસ્કૃત શાળા સને ૧૯૩૧ ( સં. ૧૯૮૭ )માં કાઢી. શરૂઆતમાં તો બહારના બ્રાહ્મણના વિદ્યાર્થીઓને ત્યાં મફત ભોજન કરાવવામાં આવતું. હાલ આ શાળા વાડાપોળ આગળ મકાનમાં બેસે છે.

૩

અન્ય સ્થળની લેવાતી સંસ્કૃત પરીક્ષાઓ હાઈસ્કૂલોમાં જુદા અને ખાનગી અભ્યાસથી લેવાય છે

**શ્રી ભટીબાઈ સ્યાદ્વાદ સંસ્કૃતપ્રાકૃત શાળા :**

શ્વે. જૈન સમાજ તરફથી આ ધાર્મિક પાઠશાળા ચાલે છે. તેમાં સારી સંખ્યામાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ ધાર્મિક જ્ઞાનનો લાભ લે છે. તેનો વાર્ષિક ઉત્સવ મુનિરાજાના પ્રમુખપણા નીચે થાય છે. નાગરવાડા સામે આવેલા ભંમપોળના ઉપાશ્રયમાં શેઠ ભુલાખીદાસ નાનચંદ તરફથી ચાલે છે.

પ્રકરણ ૩૧ મું

## માધ્યમિક શાળાઓ

માધ્યમિક કેળવણી (હાઈસ્કૂલો)

અંગ્રેજી કેળવણીની શરૂઆત (ઈ. સ. ૧૮૪૨)

ગુજરાતમાં ઈ. સ. ૧૮૪૨માં સુરતમાં, ઈ. સ. ૧૮૪૬માં અમદાવાદમાં અને ૧૮૫૬માં ખેડા તથા નડિયાદમાં અંગ્રેજી નિશાળ ઉઘાડવામાં આવી હતી.

**ખંભાતના વિદ્યાર્થીઓ અંગ્રેજી ભણવા માટે નડિયાદ જતા. ઈ. સ. ૧૮૭૪**

ઈ. સ. ૧૮૭૪માં સરકારી ગુજરાતી નિશાળમાં અભ્યાસ પૂરો કરી અંગ્રેજી ભણવા માટે નડિયાદ હાઈસ્કૂલમાં જવાની ગોઠવણ કરવામાં આવી; અને પ્રતિવર્ષે એક–બે વિદ્યાર્થીઓને દર માસે રૂા. ૪) સ્કોલરશિપ આપી નડિયાદ મોકલવામાં આવતા. આ પ્રમાણે સને ૧૮૮૭ સુધી ચાલ્યું.

**ખંભાતમાં અંગ્રેજી શિક્ષણનાં પ્રાથમિક પગલાં : ઈ. સ. ૧૮૮૭**

સને. ૧–૭–૧૮૮૭થી ખંભાતમાં જ અંગ્રેજી શિખવવાની શરૂઆત થઈ. પ્રારંભમાં ગુજરાતી નિશાળના ભેગા વર્ગો બેસાડવામાં આવતા. અને તેનું નામ 'એંગ્લો વર્નાક્યુલર સ્કૂલ' રાખવામાં આવ્યું. તે વખતે વિદ્યાર્થીની સંખ્યા માત્ર ૧૪ હતી. ૧૮૮૮માં ૨૧ વિદ્યાર્થી હતા. તેમાં ૪ બ્રા. + ૧ જૈન + ૫ વાણિયા + ૨ બીજા હિંદુ + ૧ મુ. + ૧ પા. ત્રણ છોકરા માફી હતા, અને બાકીનાની ફી લેવાતી.

**'કેમ્બે હાઈસ્કૂલ' નામ અને સ્થાપના સને ૧૮૯૫.**

ઉપર જણાવી ગયા તે પ્રમાણે અંગ્રેજી ભણનારની સંખ્યા વધવા લાગી, એટલે સને ૧૮૯૫ના જાન્યુઆરીની પહેલી તારીખથી 'એંગ્લો વર્નાક્યુલર' નામ બદલીને તેનું નામ 'કેમ્બે હાઈસ્કૂલ' રાખવામાં આવ્યું. આ વખતે વિદ્યાર્થીની સંખ્યા ૮૦ થઈ હતી અને ૧૮૮૯–૯૦માં તો ૧૮૪ સંખ્યા હતી. આ શાળાના પ્રથમ હેડમાસ્તર તરીકે સુરતના શ્રી ચન્દ્રવિદ્યાનંદ એસ. પંડ્યા હતા.

**કેમ્બે હાઈસ્કૂલનું પ્રથમ મકાન : સને ૧૮૮૮–૮૯**

ખંભાતના ત્રણ દરવાજાની અંદર કે જ્યાં હાઈસ્કૂલની શરૂઆત થઈ; ત્યાં ખંભાત સ્ટેટ તરફથી હાઈસ્કૂલનું મકાન બાંધવાનું નક્કી થયું. તે મકાનનું ડિઝાઈન ઈ. સ. ૧૮૮૮–૮૯માં સોરાબજી શાપુરજી મહેતાએ આપ્યું હતું; તેમણે જાફરઅલીખાન બુરજ ઘડિયાળનું ડિઝાઈન પણ આપ્યું હતું. તે ભવ્ય મકાન નવાબસાહેબ

જાફરઅલીખાનસાહેબના સમયમાં તૈયાર થઈ ગયું. અને ત્યાં પ્રારંભમાં ગુજરાતી અને અંગ્રેજીના વર્ગો બેસતા હતા.


હાઈસ્કૂલનાં બીજાં બે મકાનો ત્રણ દરવાજાની દક્ષિણ બાજુએ સને ૧૯૨૩ અને સને ૧૯૩૩ એમ બે ભાગ જોડીને દસ દસ વર્ષને અંતરે નવાબસરકારે બાંધ્યાં.

મીડલસ્કૂલ — સને ૧૯૪૧માં હાઈસ્કૂલમાં વિદ્યાર્થીની સંખ્યા વધવાથી તેમાંથી મીડલસ્કૂલ છૂટી પાડવામાં આવી. તે પ્રથમ દેતારવાડાની ગુજરાતી શાળામાં બેસતી અને ત્યાર પછી અલીંગના ભાડાના મકાનમાં બેસતી હતી. પછી હાઈસ્કૂલનુ બેઠક રોડ ઉપર નવું મકાન સને ૧૯૫૭માં થયું એટલે આ સ્કૂલને ત્રણ દરવાજાની સ્કૂલના મકાનમાં લઈ જવામાં આવી. તા. ૧–૬–૧૯૫૮થી કેમ્બે મીડલસ્કૂલને 'ન્યૂ કેમ્બે હાઈસ્કૂલ'નું નામ આપવામાં આવ્યું. આ શાળામાં વિદ્યાર્થિનીઓની સંખ્યા મુખ્ય છે અને ધો. ૫થી ૭ સુધી વિદ્યાર્થીઓ બેસે છે.

**સાર્વજનિક હાઈસ્કૂલ : ઈ. સ. ૧૯૩૯**

ખંભાતમાં સરકાર તરફથી 'ધી કેમ્બે હાઈસ્કૂલ' ચાલતી હતી. તેની ફીમાં સને ૧૯૩૯માં વધારો કરવામાં આવ્યો. લોકોને આ વાત રુચતી ન આવી; વિદ્યાર્થીઓએ હડતાલ પાડી અને તોફાન થયાં. પોલીસે તેમના સેક્રેટરીને પકડ્યા. કેસ ચાલ્યો. તેમાં એક જણનો દંડ થયો અને બીજાને ત્રણ માસની સજા થઈ.

ખંભાતના નાગરિકો તરફથી ફંડ ઊભું કરી તેમાંથી વિ. સં. ૧૯૯૫ના આસો સુદ ૨ને શનિવાર તા. ૧૪–૧૦–૩૯ના સાર્વજનિક હાઇસ્કૂલ કાઢવામાં આવી. આ શાળા માણેકચોકમાં આવેલા ઉપાશ્રયમાં બેસાડવામાં આવતી હતી. છેવટે રાજા–પ્રજા વચ્ચે આ વાતનું સમાધાન થઈ જવાથી તે સ્કૂલ બંધ કરવામાં આવી અને નાણાં જેનાં તેને પાછાં આપવામાં આવ્યાં.



ધી ન્યુ કેમ્બે હાઈસ્કૂલનું મકાન – ઈ. સ. ૧૯૨૩–૧૯૩૩

**શેઠ વરજીવનદાસ માણેકચંદની સખાવત : ઈ સ. ૧૮૭૨**

આ સમયમાં કેળવણીને ઉત્તેજન આપનાર ગૃહસ્થ શેઠ વરજીવનદાસનું નામ કેળવણીના

ઇતિહાસમાં અમર રહેશે. તેમણે જ્યારે ખંભાતના અંગ્રેજી ભણવા માટેના વિદ્યાર્થીને નડિયાદ મોકલવામાં આવતા હતા, ત્યારે તેને સ્કોલરશિપ ચાર રૂપિયા આપતા. વળી જૂની હાઈસ્કૂલ બાંધતી વખતે રૂા. ૮૫૭૬ આપ્યા હતા. એવી શરતે કે ખંભાત હાઈસ્કૂલમાં જેટલા વિદ્યાર્થી ભણતા હોય તેના પાંચ ટકા માફી તેમના તરફથી કરવામાં આવે. આથી ઘણા વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો. નવાબ સરકારે તેમની મદદને યાદ રાખવા ખંભાત હાઈસ્કૂલના જૂના મકાનના ઓટલામાં નીચે પ્રમાણે લેખ લખ્યો છે. અંગ્રેજી તથા ગુજરાતી બન્ને ભાષામાં લખ્યો છે.

'આ ઈમારત બાંધવાના ખર્ચમાં ખંભાતના શેઠ વરજીવનદાસ માણેકચન્દે ઈ. સ. ૧૮૭૨ની સાલમાં રૂા. ૮૫૭૬નો ફાળો આપ્યો છે.'

આ સખી ગૃહસ્થ ખંભાતની ઊંચી શેરીમાં રહેતા હતા અને જ્ઞાતિએ શ્રીમાળી વણિક હતા. જે જમાનામાં માત્ર શિક્ષણના પ્રકાશની શરૂઆત થતી હતી તે જમાનામાં તેમણે આપેલો પ્રકાશ પ્રશંસાને પાત્ર ગણાય.


### કેમ્બે એજ્યુકેશન સોસાયટીને કબજો સોંપ્યો. ઈ. સ. (૧૯૫૦) :

ખંભાત રાજ્યનું વિલીનીકરણ હિંદીસંઘમાં તા. ૧૦-૬-૧૯૪૮ થયા પછી અંગ્રેજી સ્કૂલોનો વહીવટ નવાબ સાહેબના હાથમાં હતો તે મુંબઈ રાજ્યના એજ્યુકેશનલ ઈ. સાહેબના હાથમાં ગયો. તેમણે તે બે વર્ષ સુધી ચલાવ્યો; ત્યાર બાદ તા. ૧૨-૬-૫૦ ના રોજ ખંભાત હાઈસ્કૂલ અને મીડલ સ્કૂલનો વહીવટ ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટીને સોંપ્યો. આ સ્કૂલો લેતી વખતે સોસાયટી પાસે પાંત્રીસ હજાર રૂપિયા હતા. તેમાં ખંભાતના ઉદાર ગૃહસ્થ શ્રી ભોગીલાલ કુબેરદાસે પચાસ હજારની મદદ કરી. આથી સોસાયટીને હાઇસ્કૂલ અને મીડલ સ્કૂલો સોંપાઈ. તા. ૧૨-૬-૫૦ ના રોજ જીમખાનામાં મેળાવડો ભરી આભાર માન્યો હતો.

### કેમ્બે હાઈસ્કૂલનું નવું મકાન ( બેઠક રોડ ) ઈ. સ. ૧૯૫૭ :

ખંભાત રાજ્યના વિલીનીકરણ ( સને ૧૯૪૮ ) સમયે ના. નવાબ સાહેબે બે લાખ રૂપિયા કેમ્બે હાઇસ્કૂલ માટે મંજૂર કર્યા હતા. અને જ્યારે ૧૯૫૦ માં મુંબઈ સરકારે વચગાળાની સરકારે વહીવટ સોંપ્યો ત્યાર પછી સને ૧૯૫૫માં મુંબઈ સરકારે વચગાળાની સરકારે મંજૂર કરેલી બે લાખની રકમ મકાન બાંધવા એજ્યુકેશન સોસાયટીને સોંપી. ખંભાતના દાનવીરોએ બેઠક આગળ કીમતી જમીન ૧૩૦૦૦ ચો. વાર વિના મૂલ્યે આપી; અને ના. નવાબ સાહેબ હુસેનયાવરખાન સાહેબના હાથે પાયો નંખાયો; અને મકાન સને ૧૯૫૭માં તૈયાર થતાં મુંબઈ રાજ્યના કેળવણી પ્રધાનના હાથથી તા. ૨-૧-૫૭ના રોજ તેનુ ઉદ્દ્ઘાટન થયું. પ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે 'ખંભાતમાં એક જુનીયર ટેકનીકલ સ્કૂલ થઈ શકે તેમ છે. આ કાર્ય માટે સરકાર તરફ નજર નાખવાને બદલે આ શહેરમાં મુંબઈ ખાતે વસનારાં વતનપ્રેમી ધનવાન સજ્જનો પોતાનો હાથ થોડો લંબાવે તો આ કામ જરૂર આસાન થાય તેવું છે. આ કાર્ય થતું હોય તો મુંબઈ સરકાર અને મધ્યસ્થ સરકાર યથાશક્તિ મદદ કરશે જ તેની હું ખાતરી આપું છુ.'

આ નવા મકાનમાં રૂા. ૧૮૦૦ના ખર્ચે એક મોટું ઘડિયાળ સદ્દગત શાસ્ત્રી અંબાલાલ છગનલાલના સ્મરણાર્થે તેમના પુત્ર ડો. પ્રભાકર શાસ્ત્રીએ મુકાવ્યું.



ધી ડેરએ હાઈસ્કૂલ, એઠક રોડ, સ્થાપના – ૧૯૫૭.

### શાળામાં શિખવાતા વિષયો અને પ્રગતિ :

વિદ્યાર્થીઓને દેશપરદેશના બનાવોથી પરિચિત રાખવા માટે રોજનાં છાપાં, માસિકો, તથા વિશાળ પુસ્તકાલય રાખવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓને શારીરિક તાલીમ મળે તે માટે વ્યાયામ તથા એ. સી. સી.ની તાલીમ આપવામાં આવે છે.

કાંતણુ, વણાટ, ચિત્રકામ, વાણિજ્ય શિક્ષણ, ટાઈપ રાઈટીંગ, રાષ્ટ્રભાષા, સંસ્કૃત પરીક્ષા વગેરે વિવિધ પ્રકારની કેળવણી આપવામાં આવે છે.

### વાણિજ્યશિક્ષણ :

ખંભાત સ્ટેટ હતું ત્યારથી ખંભાત હાઈસ્કૂલમાં વ્યાપાર વાણિજ્યના ખાસ વર્ગો ચલાવવામાં આવતા. ઘણા વિદ્યાર્થીઓએ લંડન ચેમ્બર ઑફ કૉમર્સ પરીક્ષાનાં પ્રમાણપત્રો મેળવ્યાં છે. સ્કૂલમાં લગભગ ૨૩ ટાઈપરાઈટરો છે, જેમાં ૧૬ અંગ્રેજી, ૪ હિંદી, ૩ ગુજરાતી છે. હજી નવાં સાધનો ખરીદવાનો પ્રબંધ ચાલે છે.

### વાણિજ્ય પરીક્ષાનું કેન્દ્ર :

આ શાળાને બનાવવામાં આવેલ છે. આ કેન્દ્રમાં શોર્ટહેન્ડ ટાઈપરાઈટીંગની પરીક્ષા લેવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧૯૫૮ | એપ્રિલ | ૪૦ | વિદ્યાર્થીઓ |
| ૧૯૫૮ | નવેમ્બર | ૪૪ | ,, |
| ૧૯૫૯ | એપ્રિલ | ૫૧ | ,, |
| ૧૯૫૯ | નવેમ્બર | ૧૧૮ | ,, |

આ શિક્ષણ મધ્યમ વર્ગની જનતાને ઘણું જ ઉપયોગી નીવડયું છે.

### વ્યાયામશિક્ષણ :

સ્ટેટ વખતથી વ્યાયામ શિક્ષક રાખી શાળાના વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ તરફ ધ્યાન અપાય છે.

ધી કેમ્બે હાઈસ્કૂલ. બેઠક રોડ, ખંભાત

| વિદ્યાર્થીઓની સંખ્યા | | ખર્ચ |
|---|---|---|
| ૧૯૬૦–૬૧ | ૯૪૬ | ૯૭૦૪૮–૨૬ |
| ૧૯૬૧–૬૨ | ૮૮૩ | ૧૦૩૫૪૯–૯૪ |
| ૧૯૬૨–૬૩ | ૧૦૦૨ | ૧૦૯૫૪૨–૯૧ |
| ૧૯૬૩–૬૪ | ૧૦૧૫ | ૧૧૧૧૫૭–૨૩ |
| ૧૯૬૪–૬૫ | ૧૦૮૯ | ૧૧૬૫૭૩–૫૯ |
| ૧૯૬૫–૬૬ | ૧૧૩૩ | ૧૪૩૯૫૩–૯૮ |
| ૧૯૬૬–૬૭ | ૧૦૯૦ | ૧૫૦૭૪૦–૦૨ |
| ૧૯૬૭–૬૮ | ૧૦૨૯ | ૧૮૦૬૩૩–૧૪ |
| ૧૯૬૮–૬૯ | ૧૧૩૭ | |

ન્યૂ કેમ્બે હાઈસ્કૂલ, ખંભાત

| વિદ્યાર્થીઓની સંખ્યા | ખર્ચ |
|---|---|
| ૧૦૭૫ | ૭૫૧૬૫–૫૨ |
| ૧૪૦૧ | ૧૦૦૨૦૪–૮૦ |
| ૧૫૫૧ | ૧૧૫૫૬૪–૧૯ |
| ૧૬૧૯ | ૧૩૩૦૩૨–૫૫ |
| ૧૫૫૫ | ૧૪૨૭૪૧–૧૭ |
| ૧૭૮૦ | ૧૬૧૫૭૮–૮૩ |
| ૧૫૯૧ | ૧૮૫૭૫૫–૬૩ |
| ૧૪૯૭ | ૧૭૭૨૭૮–૪૪ |

જે હાઈસ્કૂલમાં અંગ્રેજી ભણનારની સંખ્યા તેના પ્રારંભ સમયે સને ૧૮૯૫માં ૮૦ હતી તેમાં સને ૧૯૬૮માં ૨૬૩૪ થાય છે, એ સૂચવે છે કે કેળવણીની પ્રગતિ થઈ છે.

### ખંભાત શહેર અને તાલુકાની હાઈસ્કૂલો

| | | |
|---|---|---|
| ૧ | ધી કેમ્બે હાઈસ્કૂલ–ખંભાત– સને | ૧૮૯૫ |
| ૨ | ન્યૂ કેમ્બે હાઈસ્કૂલ ,, | ૧૯૫૮ |
| ૩ | ન્યૂ કેમ્બે હાસ્કૂલ યુનિટ–૨ ખંભાત | ૧૯૬૮ |
| ૪ | ધી મદ્રેસા એ તૈબિયાહ હાઈસ્કૂલ ખંભાત | ૧૯૬૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | મ્યુ. જ્યુબિલિ હાઈસ્કૂલ | ખંભાત | ૧૯૬૫ |
| ૬ | વિજય હાઈસ્કૂલ | ખંભાત | ૧૯૬૪ |
| ૭ | સર્વોદય સેકન્ડરી સ્કૂલ | ખંભાત | ૧૯૬૪ |
| ૮ | એન. ટી. હાઈસ્કૂલ | કાણીસા | ૧૯૫૪ |
| ૯ | તારાપુર ઈંગ્લીશ સ્કૂલ | તારાપુર | ૧૯૫૪ |
| ૧૦ | શ્રી જલસણ હાઈસ્કૂલ | જલસણ | |
| ૧૧ | ઉંદેલ હાઈસ્કૂલ | ઉંદેલ | |
| ૧૨ | સર્વોદય વિદ્યાલય | ખડા | |
| ૧૩ | સાયમા હાઈસ્કૂલ | સાયમા | |
| ૧૪ | વિમુક્ત વિદ્યાવિહાર | વટાદરા | |
| ૧૫ | જલુંધ પીપલોઈ હાઈસ્કૂલ | જલુંધ | |

## પ્રકરણ ૩૨ મું


# કૉલેજો

| | | |
|---|---|---|
| ૧ | રજની પારેખ આર્ટ્સ કૉલેજ ઈ. સ. | ૧૯૬૦ |
| ૨ | શ્રી ભીખુબેન ચંદુલાલ જલુંધ-વાળા, સાયન્સ કૉલેજ | ૧૯૬૧ |
| ૩ | શ્રી કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ | ૧૯૬૪ |
| ૪ | શેઠ શ્રી પ્રાણજીવનદાસ ચેરીટેબલ ટ્રષ્ટ ઑઈલ ટૅકિનકલ વિજ્ઞાનશાળા | ૧૯૬૧ |
| ૫ | શ્રી મહેન્દ્રકુમાર એસ. શ્રોફ ટૅકિન-કલ ટ્રેનિંગ સેન્ટર | ૧૯૬૨ |
| ૬ | ગવર્નમેન્ટ ડ્રૌઈંગ અને પ્રિન્ટીંગશાળા | ૧૯૫૪ |
| ૭ | ઑક્ઝીલીયરી નર્સમીડવાઈફ ટ્રેનિંગ સ્કૂલ | ૧૯૬૮ |
| ૮ | બી. સી. જે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન | ૧૯૬૮ |

### શ્રી રજની પારેખ આર્ટ્સ કૉલેજ
#### ઇ. સ. ૧૯૬૦

ખંભાત નગરપાલિકાને સને ૧૯૬૦માં પચાસ વર્ષ પૂરાં થતાં હોવાથી તેના સુવર્ણ મહોત્સવ નિમિત્તે કેળવણી ક્ષેત્રે તેણે ડગલાં ભર્યાં. આ માટે 'ખંભાત સાર્વજનિક કેળવણી મંડળ'નીસ્થાપના કરવામાં આવી; અને તે દ્વારા ખંભાતમાં ઉચ્ચ શિક્ષણ માટે કૉલેજો કાઢવા પ્રયત્ન કરવામાં આવ્યો.

આ માટે ખંભાતના સુપ્રતિષ્ઠિત સ્વ. શ્રી ચીમનલાલ મોહનલાલ પરીખના ભાઈ શ્રી માણેકલાલ મોહનલાલે રૂ. ૮૧૦૦૦ એકયાસી હજારનું દાન કર્યું. અને પોતાના પુત્ર શ્રી રજનીકાન્ત માણેકલાલ પરીખનું અવસાન થયેલું તેનું નામ જોડી 'શ્રી રજનીકાન્ત પારેખ આર્ટ્સ કૉલેજ' રાખ્યું.



શ્રી રજનીકાન્ત માણેકલાલ

આ કૉલેજના પ્રથમ આચાર્ય તરીકે શ્રી પુષ્કર ચંદરવાકરની નિમણૂક કરવામાં આવી. તેમણે કૉલેજને લગતી સઘળી વ્યવસ્થા કરી.

મંગળ પ્રારંભ–શરૂઆત હોવાથી કૉલેજને પોતાનું મકાન ન હતું એટલે ખંભાતની એજ્યુકેશન સોસાયટીના સંચાલકો પાસે હાઈસ્કૂલના મકાનની માગણી કરવામાં આવી; તે તેમણે સહર્ષ સ્વીકારી; અને તે મકાનમાં કૉલેજનો પ્રારંભ થયો.

વિક્રમ સંવત ૨૦૧૬ના જેઠ વદ ૭, તા. ૧૫–૬–૧૯૬૦ના રોજ સવારના સાત વાગ્યે સરસ્વતીમંદિરને પુષ્પોથી વધાવવામાં આવ્યું; ધૂપદીપથી વાતાવરણને સુગંધમય બનાવ્યું; અને વિદ્યાના અર્થીઓનું ભાવભર્યું સ્વાગત કરી; પ્રભુપ્રાર્થનાથી પ્રારંભ કરવામાં આવ્યો : અધ્યાપકો અને વિદ્યાર્થીઓનાં હૈયાં આનંદથી ભર્યાં ભર્યાં હતાં. સંચાલકોના આનંદનો પાર ન હતો. પ્રથમ વર્ષમાં ૪૩ અને ઈન્ટર આર્ટસમાં ૧૦ વિદ્યાર્થી હાજર હતા.

પાટિયા ઉપર કેળવણીપ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઇ તથા અન્ય અગ્રગણ્ય કેળવણીકારોનાં પ્રેરણાત્મક તથા આશીર્વાદાત્મક સંદેશાઓ મૂકવામાં આવ્યા હતા.

કેટલોક સમય હાઈસ્કૂલના મકાનમાં બેઠા પછી કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી તેમ કૉલેજ અંગેનાં સાધનો વધવાથી કૉલેજને બેઠકના મકાનમાં લઈ જવામાં આવી; અને પછી કૉલેજનું મકાન થતાં તેમાં લઈ જવામાં આવી. કૉલેજનું મકાન બેઠકથી આગળ જતાં આવે છે.

## હેમચંદ્રાચાર્ય સંસદ ( ૧૯–૭–૬૨ )

ર. પા. આર્ટસ કૉલેજમાં શ્રી હેમચંદ્રાચાર્ય સંસદની સ્થાપના કરવામાં આવી હતી. જેનું ઉદ્‌ઘાટન ખંભાતના જાણીતા ઇતિહાસકાર શ્રી નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટને હાથે કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ‘ખંભાત તે હેમાચાર્યના યુગથી સરસ્વતીની ઉપાસનાભૂમિ બનેલ છે.’ અને ઇતિહાસને લગતી બીજી કેટલીક હકીકતો રજૂ કરી હતી કે જે માર્ગદર્શક થાય તેવી હતી.

## શ્રી ભીખુબહેન ચંદુલાલ જલુંધવાલા સાયન્સ કૉલેજ–સને ૧૯૬૧

ખંભાત તાલુકાના સાર્વજનિક કેળવણીમંડળના પ્રયાસથી ખંભાતમાં સાયન્સ કૉલેજ કાઢવા માટે શ્રી ભીખુબહેન ચંદુલાલે એક લાખ એકાવન હજારનું ( ૧૫૧૦૦૦ ) દાન આપ્યું. એ સાથે તેમનું નામ જોડી ‘ શ્રી ભીખુબહેન ચંદુલાલ જલુંધવાળા સાયન્સ કૉલેજ ’ રાખવામાં આવ્યું.

બેઠક રોડ ઉપર કતકપુર બાજુમાં વિશાળ પ્લૉટમાં તા. ૮–૫–૬૧ના રોજ સવારે સાડા નવ વાગ્યે અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનના મેયર અને મીલમાલિક મંડળના પ્રમુખ શ્રી જયકૃષ્ણ હરિવલ્લભભાઈને હાથે ખાતમુહૂર્ત કરાવવામાં આવ્યું હતું.

કૉલેજના પ્રથમ આચાર્ય શ્રી ડૉ. જે. જે. ત્રિવેદી, પી. એચ. ડી. કે જેઓ વિજ્ઞાનની કૉલેજોમાં અને વિદ્યાર્થીજગતમાં ઘણા પ્રિય થઈ પડ્યા છે એવા ઓરગેનિક કેમીસ્ટ્રીના નિષ્ણાતની નિમણૂક કરવામાં આવી. તેઓશ્રીએ કૉલેજને સારી રીતે દીપાવી. શરૂઆતના પ્રથમ વર્ષમાં ૫૧ તથા બીજા વર્ષમાં ૫૧ વિદ્યાર્થીઓ હતા.

આ કૉલેજમાં પી. એચ. ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર અભ્યાસ કરે છે.

## શ્રી બાપુલાલ હરજીવનદાસ કેમીકલ રીસર્ચ લેબોરેટરી–સને ૧૯૬૪ :

ખંભાતમાં એમ. એસ.ની પદવી માટે ઓરગેનિક કેમીસ્ટ્રીના વિષયમાં જૂન, સને ૧૯૬૪થી અનુસ્નાતક–કેન્દ્ર સ્થાપવા માટે ખંભાતના વતની

શ્રી બાપુલાલ હરજીવનદાસ વકીલે રૂપિયા ૩૦,૦૦૦ ત્રીસ હજારનું દાન કર્યું. અને તેમનું નામ જોડી 'શ્રી બાપુલાલ હરજીવદાસ કેમીકલ રીચર્સ લેબોરેટરી' રાખ્યું સદ્ગૃહસ્થ ખંભાતના કડિયાપોળમાં રહેતા શ્રીમાળી વણિક છે અને ધંધાર્થે મુંબઈ રહે છે.

### શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ–સને ૧૯૬૪

ખંભાતમાં આર્ટસ્ અને સાયન્સ એ કૉલેજો હતી, હવે વિદ્યાર્થીઓને વાણિજ્યનો વિષય સારી રીતે ભણી શકે તે હેતુથી ખંભાતના શ્રી કેશવલાલ બુલાખીદાસના ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી નવીનચંદ્ર કેશવલાલ અને શ્રી ધીરુભાઈ કેશવલાલે ખંભાતમાં કૉમર્સ કૉલેજ કાઢવા માટે રૂ. ૮૧૦૦૦ એકાસી હજારનું દાન કર્યું અને ખંભાતના સાર્વજનિક કેળવણી મંડળને આપ્યું.

ખાતમુહૂર્ત : — તા. ૭–૧૨–૬૩ ના રોજ શ્રી રજની પારેખ આર્ટ્સ કૉલેજ અને શેઠ શ્રી કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજના મકાનની ખાતમુહૂર્તવિધિ ગુજરાતના કેળવણીપ્રધાન શ્રી ઈન્દુમતીબેન ચીમનલાલ શેઠને હાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે તેમણે બોલતાં કહ્યું હતું કે 'આપણે ત્યાં પહેલાં ધર્મશાળા, અન્નક્ષેત્રો વગેરેમાં દાન આપતા હતા. પણ હવે દાનનો પ્રકાર બદલાયો છે. સમાજની જરૂરિયાત અને દેશકાળને પાત્ર જોઈને દાન આપવામાં આવે તેની વિશેષ જરૂરિયાત છે. આજે શિક્ષણક્ષેત્રે સ્વૈચ્છિક સંસ્થાઓ વધતી જાય છે. અને પૈસાને અભાવે આવું કામ કોઈ દિવસ અટકી પડતું નથી.'

ઉદ્ઘાટન : તા. ૩–૭–૬૪ના રોજ ગુજરાત રાજ્યના આરોગ્ય અને મજૂરખાતાના મંત્રી શ્રી મોહનલાલ વ્યાસને હાથે ઉદ્ઘાટન કરાવવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'વેપારી વૃત્તિવાળા માણસો જ્યાં વસતા હોય ત્યાં વિદ્યા અને સંસ્કારને પ્રાધાન્ય મળે તે ઘણું જ જરૂરનું છે.'

કૉલેજમાં ભણનારની સંખ્યા ૧૮૬૮–૬૯ ફેબ્રુઆરી.

| | છોકરા | કન્યા | કુલ |
|---|---|---|---|
| ૧. શ્રી બી. સી. જે. સાયન્સ કૉલેજ | ૨૮૪ | + ૪૫ | = ૩૨૯ |
| ૨. શ્રી રજની પારેખ આર્ટસ્ કૉલેજ | ૮૦ | +૧૦૦ | = ૧૮૦ |
| ૩. શ્રી કે. બી. કૉમર્સ કૉલેજ | ૨૪૪ | + ૨૯ | = ૨૭૩ |
| ૪. શ્રી બી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન | ૫૮ | + ૭ | = ૬૫ |
| કુલ | ૬૬૬ | + ૧૮૧ | = ૮૪૭ |

### શેઠ પ્રાણજીવનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ, ટૅકનિકલ વિજ્ઞાનશાખા–૭–૪–૬૧

ખંભાતની ભૂમિમાંથી તેલ નીકળ્યું છે, અને ખંભાતની જાહોજલાલીનાં દ્વારા ખુલ્લાં થયાં છે. રશિયન, રૂમાનિયન, અમેરિકન, ઇટાલિયન, જર્મન, બ્રિટન અને ફ્રેન્ચ એમ વિદેશી નિષ્ણાતો દ્વારા તેલસંશોધન અને તેલપ્રાપ્તિના પ્રયોગો થયા છે. આ કાર્ય આપણે માટે નવું જ છે; અને તેથી ભારતીય વિદ્યાર્થીઓને આ ક્ષેત્રની તાલીમ મળે તેવી યોજનાની જરૂર છે; અને હવે તેવા નિષ્ણાતો ભારતમાં તૈયાર થાય તો જ કાર્યની સગવડ અને સરળતા થાય.

આ માટે ખંભાતના વતનપ્રેમી શ્રી ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહે પોતાની સદ્કમાણીમાંથી પોતાના પિતા 'શેઠ પ્રાણજીવનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ' સ્થાપ્યું તેના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે પોતે,

માધવલાલ શાહ અને અરવિંદ શાહ એમ ત્રણ જણ નીમ્યા.

આ મહાશાળાની ઉદ્દ્‌ઘાટનવિધિ ગુજરાત રાજ્યના પંત પ્રધાન શ્રી જીવરાજ મહેતાને હસ્તે તા. ૭–૪–૬૧ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રસરકારના ખાણો અને તેલખાતાના પ્રધાન શ્રી બાણુભાઈ જશભાઈ, ગુ. કૉ.ના મંત્રી ખંભાત શહેરના પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થો, ના. નવાબ-સાહેબ તથા ઑઈલ–કમિશનના કર્મચારીઓ, સરકારી અમલદારો વગેરે હાજર હતા, અને ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો.

કેન્દ્રસરકારના ખાણ અને તેલખાતાના પ્રધાને કહ્યું હતું કે 'આ તાલીમકેન્દ્રમાં હજાર જેટલા જુવાનોને તાલીમ આપી શકાય. આ કાર્યને વિસ્તારવાને તેલકમિશન પ્રયાસ તો કરશે જ, પણ આ કાર્યમાં રાજ્યસરકારનો સહયોગ પ્રાપ્ત થાય તેવી આશા રાખું છું.'

મુખ્ય પ્રધાન શ્રી જીવરાજ મહેતાએ જણાવ્યું હતું કે 'બસો વર્ષની પડતી પછી પ્રસ્થાન કરતા ખંભાતના વાસીઓને નમ્ર બનવાની શીખ આપી હતી. અને ખંભાતની ભૂતકાલિન જાહોજલાલીની યાદ તાજી કરાવતાં કહ્યું હતું કે ખંભાત મોટું બંદર હતું, પણ હાલ તે ભાગી ગયું છે. પણ તેના દેશપરદેશ ખેડનારા સાહસિક વેપારીઓથી તે આજેય જાહોજલાલી ભોગવતું રહ્યું છે; અને હવે તેલ નીકળવાને કારણે ખંભાત અનેકગણું વધી જશે. આ માટે આ શહેરના શહેરીઓને હું અભિનંદન આપું છું.'[1]

ખનીજ તેલઉદ્યોગ

શાળાનો અભ્યાસક્રમ :

એસ. એસ. સી. થયેલાને બે વર્ષની મુદતના સવેતન તાલીમી અભ્યાસક્રમો ઑઈલ ઍન્ડ નેચરલ ગેસ સંચાલિત ખંભાતનો ટૅક્‌નિકલ ટ્રેનિંગ સ્કૂલમાં મળતા હોય છે. આ અભ્યાસક્રમોમાં (૧) ડિઝલ–મિકેનિક, (૨) ઑટોમિકેનિક, (૩) મિકેનિક, (૪) ફીટર, (૫) ટર્નર, (૬) વેલ્ડર વગેરે હોય છે. તાલીમ પૂરી થયા બાદ રૂ. ૧૧૦થી ૨૦૫ જેટલા પગારધોરણે રોજગારી મળી રહે છે.

પેટ્રોલિયમ, ટૅક્‌નોલૉજીને લગતો ચાર વર્ષનો મુદ્દતનો ડિપ્લોમા અભ્યાસક્રમ ઈન્ટર સાયન્સની કે તેની સમકક્ષ પરીક્ષા ગણિતશાસ્ત્ર સાથે પાસ કરનારને મળી રહે.[2]

---

૧. ડૉ. જીવરાજ મહેતાના ભાષણનો એક ભાગ.
૨. 'ગુજરાત' માહિતીખાતું, તા. ૨૭–૫–૬૫, પૃ. ૧૪.



શ્રી પ્રાણજીવન જ્ઞાનમંદિર અને તેલવિજ્ઞાનશાળા ખંભાત, સને ૧૯૬૧

પરીક્ષામાં પાસ થનારને નીચેના ધોરણે પગાર મળે છે.

| | |
|---|---|
| ૧ ઑટો મીકેનિકને પગાર | રૂ. ૧૧૦ થી ૧૮૦ |
| ૨ મીકેનિકને પગાર | ૧૧૦ થી ૧૮૦ |
| ૩ ટર્નરને પગાર | ૧૧૦ થી ૧૫૫ |
| ૪ વેલ્ડરને | ૧૧૦ થી ૧૫૫ |
| ૫ ડિઝલ મીકેનિકને | ૧૫૦ થી ૨૦૫ |
| ૬ ફીટરને | ૧૫૦ થી ૨૦૫ |

સગવડો; (૧) તાલીમીઓને તાલીમ દરમિયાન કંઈ પણ ફી લેવામાં આવતી નથી. (૨) રહેવા-જમવાનું મફત અને (૩) પહેલે વર્ષે દર મહિને ૩૦, બીજે વર્ષે દર માહિને ૩૫, અને ત્રીજે વર્ષે રૂ. ૪૦ શિષ્યવૃત્તિ આપવામાં આવે. છે જે વિદ્યાર્થીને મફત રહેવાની સગવડ નહીં આપી શકાય તેવાઓને શિષ્યવૃત્તિ ઉપરાંત માસિક રૂ. ૫૦ વધારાના આપવામાં આવશે. તેવા તાલીમીઓએ રહેવાની અને જમવાની સગવડ જાતે કરી લેવાની હોય છે. આ ઉપરાંત યત્રંશાળા ઉપર કામ કરવા માટે મફત ગણવેશ આપવામાં આવે છે. મફત તબીબી સેવા અને મફત રમતગમતનાં સાધનો આપવાના.

આ માટે પ્રવેશપત્ર: ટ્રેઈનિંગ ઑફિસર (ખંભાત) પાસેથી મંગાવી શકાય સરનામું ટ્રેનિંગ ઑફિસર ટેક્નિકલ ઇન્સ્ટિટ્યુટ ઑઇલ ઍન્ડ નેચરલ ગૅસ કમિશન

ઠે. લાલબાગ, ખંભાત (ગુજરાત)

**મહેન્દ્રકુમાર એસ. શ્રોફ ટેકનિકલ ટ્રેનીંગ સેન્ટર તા. ૧૪–૧૨–૬૨**

ખંભાતની ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ટેકિનકલ હાઈસ્કૂલના વર્કશૉપના મકાનનું ખાત-મુહૂર્ત ગુજરાત રાજ્યના મુખ્યપ્રધાન શ્રી જીવરાજ મહેતાએ તા. ૭–૪–૬૧ના રોજ કર્યું હતું.

તેઓશ્રીએ જણાવ્યું હતું કે, 'ખંભાતવિસ્તારમાં તેલ મળ્યું છે ત્યારે ટૅકનકલ તાલીમની જરૂર છે. અને આજના સંજોગોમાં વર્કશૉપ ઘણી ઉપયોગી નિવડશે. આ શાળા માટે ભારતસરકાર તરફથી મકાન અને સાધનો માટે ૧,૦૨,૦૦૦ની મદદ મળી છે, અને તેમાં ૬૮૦૦૦ ઍજ્યુકેશન સોસાયટી તરફથી ઉમેરવામાં આવ્યા છે. આ રકમમાંથી રૂ. ૮૦૦૦૦ મકાન બાંધવા માટે વાપરવામાં આવશે અને ૯૦૦૦૦ તેવું હજાર સામગ્રી વસાવવામાં આવશે.'

[1]ઉદ્દ્ઘાટન–સામારંભ ૧૪–૧૨–૬૨


ધી કેમ્બે એજ્યુકેશન સોસાયટી સંચાલિત કેમ્બે હાઈસ્કૂલમાં મહેન્દ્રકુમાર એસ. શ્રોફ ટૅકિનકલ ટ્રેનિગ સેન્ટરના ઉદ્દ્ઘાટનનો સમારંભ તા. ૧૪–૧૨–૬૨ના રોજ હાઇસ્કૂલના બેઠક રોડ ઉપરના મકાનના સેન્ટ્રલ હૉલમાં રાખવામા આવ્યો હતો. જેમાં અતિથિવિશેષ તરીકે અમદાવાદના જાણીતા ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ પધાર્યા હતા. તેઓશ્રીએ જણાવ્યું હતું કે, 'ખંભાત ભારતમાં જ નહિ પણ સમગ્ર દુનિયામાં પંકાયેલું શહેર છે. એની ભૂતકાલીન જાહોજલાલી ને ગૌરવભર્યા દિવસો ઇતિહાસે જોયા છે. અને જેની પાસે આંતરરાષ્ટ્રીય મહત્ત્વ પામેલો દરિયો અને પ્રાચીન બંદર હતું. પરંતુ અંગ્રેજોએ આ બંદરના મહત્ત્વને ભાંગી નાખ્યું. અને તેને નિષ્પ્રાણ બનાવ્યાથી આજે નદીના કાદવથી પુરાતું ગયું છે. પરંતુ તેની અસ્મિતા આજે પણ ટકી રહી છે; કારણ કે ખંભાતમાંથી તેલ અને ગૅસના કૂવાઓ મળ્યા છે; અને તેથી હવે આ શહેર ગુજરાતનું નાક બની રહેશે. તેમાં મને જરાય શંકા નથી.'

ખંભાતના ધનાઢ્યો લાખો રૂપિયા એકઠા કરી દીકરાઓને આપી જવાના હોય તેના કરતાં શહેરના ઉત્કર્ષ અને વિકાસ માટે ખર્ચવા આપવા એ શ્રેષ્ઠ છે. વળી તેમણે કહ્યું હતું કે, સંપૂર્ણ પુરુષાર્થથી કામ કરવામાં આવે તો ખંભાત એ ગુજરાતનું બંદર થઈ શકે.

આ પ્રસંગે રૂ. ૧૦૦૦) શ્રી શનાલાલ દલસુખભાઈએ દાનમાં આપ્યા હતા. અને રૂ. ૧૦૦૦) શ્રી રતિલાલ મૂળચંદ કાપડિયાએ તથા રૂ. ૧૦૦૦) શ્રી પ્રવીણચંદ્ર મૂળચંદ કાપડિયાએ પેટ્રન તરીકે આપ્યા હતા. ફૂલહાર અને આભારવિધિ પૂરો થવા બાદ સભા વિસર્જન થઈ હતી.

---

૧ 'નવસંસ્કાર' તા. ૨૦–૧૨–૬૨ પૃ.૭ ૮



શ્રી એમ. એસ. શ્રોફ ટેકિનકલ ટ્રેનિંગ સેન્ટર, ખંભાત. સને ૧૯૬૨

### ગવર્મેન્ટ ડાઈંગ ઍન્ડ પ્રિન્ટીંગ શાળા : સને ૧૯૫૪

ખંભાતમાં સત્યનારાયણના મંદિર આગળ આ શાળા આવેલી છે. તેમાં રંગ અને છાપવાનું કામ શીખવવામાં આવે છે. તેનું સત્ર પહેલી માર્ચથી શરૂ થાય છે, તેમાં ૧૬ વર્ષથી ૨૫ વર્ષની ઉંમરનો ગમે તે વિદ્યાર્થી – વિદ્યાર્થિની, ગુજરાતી છઠ્ઠું ભણેલો હોવો જોઈએ. તેનો અભ્યાસક્રમ ૧ વર્ષનો છે. તેમાં ભણનારને રૂ. ૨૫) સ્કોલરશીપ આપવામાં આવે છે.

### ઓકઝીલીયરી નર્સમીડવાઈફ ટ્રેઈનિંગ સ્કૂલ : તા. ૧–૬–૧૯૬૮

ખંભાત જનરલ હૉસ્પિટલના રજત જયંતિ પ્રસંગે સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શ્રી ચુનિલાલ ગિરધરલાલની પુણ્ય સ્મૃતિમાં તેમના પુત્રો શ્રી શાંતિલાલ તથા શ્રી હર્ષદભાઈએ રૂ. ૭૫૦૦૦ પંચોતેર હજારની સખાવત કરી હતી, તેમાંથી આ શાળા તા. ૧–૬–૧૯૬૮થી શરૂ કરવામાં આવી છે, ખંભાતની જનરલ હૉસ્પિટલમાં તેનો અભ્યાસ-અનુભવ વગેરે આપવામાં આવે છે.

### શ્રી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન — ખંભાત : તા. ૧–૬–૧૯૬૮

સ્વ. શ્રી ભીખુબહેન ચંદુલાલ જલુંધવાળાના ટ્રસ્ટીઓ તરફથી ખંભાતમાં બી. ઍડ. અને ટી.ડી.ના કોર્સ માટે રૂ. ૮૧૦૦૦ એકાસી હજારનું દાન ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળને આપ-વામાં આવ્યું, તેમાંથી તા. ૧–૬–૬૮ કૉલેજ શરૂ કરવામાં આવી. તેનો ઉદ્‌ઘાટનસમારંભમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ઉમાશંકર જોષી આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું, શિક્ષકો શિક્ષણને વ્યવસાય જ નહિ પણ ધર્મ સમજીને સ્વીકારે. તે દિવસે સાંજના માદળાના તળાવના બાગમાં ખંભાતના નાગરિકો સાથે એક મિલન સમારંભ રાખવામાં આવ્યો હતો.

### હિંદી શિક્ષણ :

સને ૧૯૩૧માં કેટલાક ઉત્સાહી યુવાનોએ હિન્દુસ્તાની ભાષાના પ્રચારાર્થે વિચાર કર્યો અને તેમણે કામ શરૂ કર્યું. વિદ્યાર્થીઓની અભિરુચિ વધતી ગઈ. નવાબસાહેબના સમયમાં વચગાળાની સરકારે તે મંડળને રૂપિયા બે હજાર આપ્યા. સેવાભાવી શિક્ષકોના સહકારથી ઘણાં વર્ષોથી ખંભાતમાં હિન્દી પ્રચારક મંડળ વિદ્યાર્થીઓને સાંજના ૭ વાગ્યા પછી હિન્દુસ્તાનીના વર્ગો ચલાવે છે. હિન્દી પહલી, હિન્દી દૂસરી, તીસરી અને વિનીતના વર્ગો ચલાવે છે. આથી ખંભાતમાં હિન્દી શિક્ષણ પ્રમાણમાં સારું થયું છે.

**શિષ્ટ સાહિત્યની પરીક્ષાઓ :** વડોદરા તરફથી શિષ્ટ સાહિત્યની પરીક્ષાઓનો ખંભાતમાં પ્રારંભ સને ૧૯૫૨થી થયો છે. તેમાં સારા પ્રમાણમાં વિદ્યાર્થીઓ બેસે છે.

### એસ. એન. ડી. ટી.ના વર્ગો : સ્ત્રીઓ માટે, સને ૧૯૬૮.

ધી કૅમ્બે ઍજ્યુકેશન સોસાયટીએ જે સ્ત્રીઓએ એસ. એસ. સી. પરીક્ષા પાસ કરી હોય તેને બી. એ., એમ. એ. વગેરે ભણવા માટેની મુંબઈમાં સંસ્થા છે; તેનો લાભ ખંભાતની સ્ત્રીઓને મળે તેથી હાઈસ્કૂલમાં વર્ગો શરૂ કર્યા છે.

### કૉલેજનું સંગ્રહસ્થાન ( સને ૧૯૬૦ )

ખંભાતનો ભૂતકાળ ઘણો ભવ્ય છે; તેમાં ઘણાં શિલ્પો, મૂર્તિઓ, હસ્તલિખિત ગ્રંથો, વાસણો વગેરે ઘણું એકત્રિત કરીને રજની આર્ટ્સ્ કૉલેજમાં મૂકવામાં આવ્યું છે. મ્યુઝિયમમાં અનેક વસ્તુઓનો સંગ્રહ થઈ શકે છે. જૂની કારીગરીની પિત્તળની, તાંબાની વસ્તુઓ, વાસણો, સિક્કાઓ, લાકડાની કારીગરીની વસ્તુઓ, વસ્ત્રો, ખંભાતી તાળાં, પાઘડીઓ ( વસ્ત્રો ) વગેરે એકત્ર કરવામાં આવ્યું છે. સરકારે પણ તેને મદદ કરી; આથી જ્ઞાનની એક બાજુ ઊભી થઈ.

## પ્રકરણ ૩૩ સું

# છાત્રાલયો

### ૧. ભાલબારા છાત્રાલય–૧૯૪૫

ખંભાતના ભાલબારાનાં ગામોમાં કેળવણીનો ઘણો અભાવ હતો તે દૂર કરવા તથા વિદ્યાર્થીઓને કેળવણીમાં આગળ લાવવા ખંભાતમાં જ 'ભાલબારા છાત્રાલય' સને ૧૯૪૫માં કાઢવામાં આવ્યું. તેમાં તે પ્રદેશના વિદ્યાર્થીઓ રહેતા. તેમના વાલીઓ તરફથી મદદ થતી. આથી તે પ્રદેશમાં કેળવણીનો ફેલાવો સારા પ્રમાણમાં થયો હતો.

આ અંગે તા. ૨૬–૧૧–૫૦ના રોજ વરસડા મુકામે કેળવણી સંમેલન, ભાલબારા વિભાગનું રાખવામાં આવ્યું હતું. આ છાત્રાલય પાછળથી કેનેવાલ લઈ જવામાં આવ્યું હતું.

### છાત્રાલયો

### ૨. સરદાર છાત્રાલય : ( ઈ.સ. ૧૯૫૨ )

વિ. સં ૨૦૦૮ના ચૈત્ર સુદ ૧૫ તા. ૯–૪–૫૨ના રોજ ખંભાત તાલુકા પ્રા. કેળવણી મંડળનું અધિવેશન માદળાના તળાવ ઉપર દિલકુશા બાગમાં ભરાયું હતું, તે વખતે કેળવણી મંડળનો હિસાબ વગેરે રજૂ થયું હતું. આ મંડળ તરફથી ૨૨ પ્રા. શાળાઓ શરૂ કરવામાં આવી હતી. તેમ જ શિષ્ટવાચનની પરીક્ષા લેવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે સરદાર છાત્રાલયની ત્યાં ઉદ્દઘાટનવિધિ શ્રી માધવલાલ શાહે કરી હતી.

સરદાર છાત્રાલય કેટલાંક વર્ષો સુધી દિલકુશા બાગમાં ભાડાના મકાનમાં હતું; હવે તેને પોતાનું મકાન બંધાવવાની તજવીજ થતાં શ્રી માધવલાલ શાહે તેનો પાયો તા. ૯–૧૧–૫૫ના રોજ પાણીની ટાંકી પાસે નંખાયો.

છાત્રાલય તૈયાર થઈ ગયા પછી તા. ૨૩–૬–૬૫ના રોજ તેનું ઉદ્દઘાટન શ્રી મોરારજી દેસાઈને હસ્તે થયું હતું. તેઓએ કહ્યું હતું કે 'હું ગઈ વખતે ખંભાત આવ્યો તેના કરતાં આ વખતનું ખંભાત બદલાયેલું લાગ્યું છે તે એક સારી હકીકત છે. આ વિસ્તારમાં આ છાત્રાલયની અત્યંત જરૂર છે. દેશના નવઘડતરમાં શિક્ષણ એક અનિવાર્ય સાધન છે.

'ખંભાત જૂનું–પુરાણું અને જાહોજલાલીવાળું શહેર છે. તેની જાહોજલાલી હાલમાં રહી નથી. પણ ઘણા ફેરફારો થયા છે. પ્રગતિ પણ થઈ છે. હવે જૂની જાહોજલાલી પાછી લાવવા માટે સૌએ શ્રમ કરવાનો રહેશે; તો જ ભૂતકાળ કરતાં પણ વધુ જાહોજલાલી ભોગવી શકાશે.'

### ૩ શ્રી ચુંથાભાઈ મોરારભાઈ પટેલ છાત્રાલય, ખંભાત–સને ૧૯૬૧

કૉલેજના વિદ્યાર્થીઓને રહેવાની અને ભણવાની સગવડ પડે તે માટે નાના કલોદરાના શ્રી અંબાલાલ ચુંથાભાઈ તથા શ્રી ઠાકોરભાઈ ચુંથાભાઈ પટેલે રૂ. ૩૧૦૦૧ એકત્રીસ હજાર એકની રકમ દાનમાં આપી.

### ૪. કાણીસા આદર્શ છાત્રાલય

કાણીસાની આજુબાજુના વિદ્યાર્થીઓ રહી શકે તે માટે બંધાવવામાં આવ્યું છે.

આ છાત્રાલયમાં એ.સી.સી.ના ૫૦ કૅડેટને અઠવાડિયાની તાલીમ આપવામાં આવી હતી. અને તા. ૭–૮–૫૫ પૂર્ણાહુતિ થઈ હતી.

### ૫. પછાતવર્ગ માટે છાત્રાલય, ખંભાત–૧૯૬૩

ગુજરાત હરિજન વિકાસ મંડળ તરફથી ખંભાત મુકામે પછાત વર્ગ કુમાર છાત્રાલય કાઢવામાં આવ્યું; અને તે તા. ૧૬–૬–૬૩ને રવિવારે ખુલ્લું મૂકવામાં આવ્યું.

પ્રકરણ ૩૪ મું

# રમતગમત અને વ્યાયામ

ખંભાત સ્ટેટ હતું ત્યારે શારીરિક વિકાસ કરવા અને કસરત કરાવવા માટે પ્રાથમિક શાળાઓમાં તથા હાઈસ્કૂલમાં ધ્યાન આપવામાં આવતું હતું. કસરતનાં સાધનો પ્રા. શાળાઓ અને હાઈસ્કૂલોમાં આપવામાં આવતાં. હાઈસ્કૂલમાં શારીરિક તાલીમ આપવા માટે એક શિક્ષક જુદો જ નીમવામાં આવતો: વળી રાજ્ય તરફથી ઉત્તેજન આપવામાં આવતું. નવાબસાહેબ હુસેનયાવરખાનના રાજ્યાભિષેક વખતે દરિયા ઉપર રમતોનો પ્રોગ્રામ રાખ્યો હતો; તેમ બીજે પ્રસંગે પણ રમતગમતો દરિયા ઉપર નજરબાગમાં ગોઠવવામાં આવતી હતી, નામદાર નવાબસાહેબ તેમાં સારો રસ લેતા.

ખંભાત રાજ્ય હિંદી હકૂમતમાં જોડાતા પહેલાં વચગાળાની સરકારે રાજ્યના હિત માટે જે જે રકમો કાઢી હતી; તેમાં દસહજાર રૂપિયા વ્યાયામ પ્રચારક મંડળને આપવાનો ઠરાવ કર્યો હતો અને તે રકમ અપાઈ ગઈ હતી.[1] તેમ જ બૅન્ડ આપવાનું હતું; પણ તે ખેડા જતું રહ્યું હતું.

અખાડા: હિંદુમુસ્લિમ બંને જાતિઓએ પોતાનાં બાળકો માટે અખાડા કાઢ્યા હતા; અને તેમાં તાલીમ લેતા હતા.

શ્રી પરમહંસ વ્યાયામશાળા: ગવારાના રજપૂતવાડામાં આવેલા નીલકંઠ મહાદેવના મકાનમાં આ વ્યાયામશાળા આવેલી છે. દિલ્હીથી આવેલા અને આ સ્થાનમાં ઘણા લાંબા સમય સુધી રહી કથાવાર્તા વગેરે કરતા શ્રી પરમહંસ શિવાનંદ મહારાજે વિ. સં. ૧૯૪૦ની આસપાસ વ્યાયામશાળાની સ્થાપના કરેલી. તેઓ મલ્લવિદ્યા, પહેલવાની સારી જાણતા હતા, અને તેમને વ્યાયામનો ઘણો શોખ હતો. તેમની પાસે ખંભાતના ઘણા યુવાનો અંગવિદ્યા શીખવા આવતા હતા. વળી તેઓ વિદ્વાન હતા એટલે તેમની કથામાં રાજાથી રંક સુધીના તમામ માણસો આવતા. તેઓએ 'ભગવત્ભક્તિ સંગ્રહ સરોવર' અને 'મકરંદલહરી' નામે વેદાંતને લગતાં પુસ્તકો લખ્યાં છે. આ પરમહંસ પતંગના ઘણા શોખીન હતા. તેઓ જાતે પતંગ બનાવે; અને ઉડાડે. આજ પણ આ સ્થાન 'પરમહંસના અખાડા' નામે ઓળખાય છે. વળી તેના પછી કોઈ કોઈ સાધુ તે અખાડામાં આવે અને તે કસરતનો શોખીન હોય તો અખાડો સારો ચલાવે છે. એવા જ એક સાધુ મૃત્યુંજય આવી ગયા. તે તેમને વ્યાયામનો શોખ હોવાથી બાળકોને વ્યાયામની તાલીમ આપતા. અને રથયાત્રા કે આરોગ્યદિન કે એવા કોઈ પ્રસંગે તે વ્યાયામના પ્રયોગો જાહેરમાં કરાવતા. (સને ૧૯૫૧–૫૨માં) આ બ્રહ્મચારીએ સને ૧૯૫૩માં અખાડામાં શ્રી બલવંતબલિની મૂર્તિ પધરાવી; અને અખાડામાં ચેતન પ્રકટાવ્યું. ત્યાર પછી તે અખાડાની વ્યવસ્થા માટે એક સમિતિ નીમી. અને તેની વ્યવસ્થા તે કરે છે.

તાલુકા અને જિલ્લા–હરીફાઈ: પ્રાથમિક શાળાઓની વ્યાયામ હરીફાઈ તથા જિલ્લાની હરીફાઈ થાય છે અને તેમાં વિદ્યાર્થીઓ આગળ આવે છે. હવે વ્યાયામ તરફ લોકોને રસ જાગ્યો છે.

ખંભાતમાં આવાં વ્યાયામનાં સાધનો છે; સ્થાન છે, તો પછી યુવાનોએ તેનો લાભ લેવો એ જ યોગ્ય છે. આળસ અને પ્રમાદનો ત્યાગ કરી શરીર સુધારવું એ જ સારી કમાણી છે.

## ભારતમાં ક્રિકેટનું ઉગમસ્થાન—ખંભાત ઈ. સ. ૧૭૨૧

ક્રિકેટની રમતનું ઉગમસ્થાન ખંભાત હતું તે વિષે ક્રિકેટજગતના સૂક્ષ્મ સંશોધક શ્રી દાસબાબુ

[1] 'નવસંસ્કાર' તા. ૧૭–૩–૫૦ પૃ. ૪

વાઈવાળાએ જુદા જુદા દેશોમાં ક્રિકેટની રમતનો ઉદ્ભવ અને વિકાસ કેવી રીતે થયો તે વિષે લખેલો તેમનો લેખ ' આપણે ત્યાં ક્રિકેટની શરૂઆત ' એ શીર્ષક હેઠળ આપેલી માહિતીમાં જણાવ્યું છે કે ' ભારતમાં સૌ પ્રથમ ઈ. સ. ૧૭૨૧માં ખંભાતના અખાત દ્વારા દાખલ થઈ હતી. એ વર્ષમાં એક વિલાયતી જહાજ ખંભાતના અખાતમાં પંદર દિવસ સુધી રોકાયું હતું, તે જહાજના ગોરા અંગ્રેજ મુસાફરો ખંભાત બંદરના દરિયાકિનારા ઉપર સૌ પ્રથમ ક્રિકેટ રમ્યા હતા. અને ત્યાંથી ક્રિકેટનો ભારતમાં પગપેસારો થયો હતો.

' ક્રિકેટના આરંભકાળે મોચીએ સીવેલા દડા અને સુથારે ઘડેલા બૅટથી ક્રિકેટ રમાતી હતી. ભારતમાં સૌ પ્રથમ ક્રિકેટ રમનાર અંગ્રેજ સિપાઈઓ અને સારજંટો હતા. પછી તે રમતને પ્રથમ અપનાવનાર પારસી ભાઈઓ હતા. ભારતમાં સૌ પ્રથમ ઈ. સ. ૧૭૯૭માં લશ્કર અને મુંબઈ વચ્ચે પ્રથમ ક્રિકેટ રમાઈ હોવાની નોંધ મળે છે.'[૧]

**ખંભાત હાઈસ્કૂલમાં ક્રિકેટ :** ખંભાત સ્ટેટમાં અંગ્રેજી રાજ્યના કોર્સ પ્રમાણે કેળવણી અપાતી હતી; એટલે કૅમ્બે હાઈસ્કૂલમાં ક્રિકેટની રમત દાખલ કરવામાં આવી; અને તે રમવા માટે દરિયા ઉપર ગ્રાઉન્ડ રાખવામાં આવી હતી. બીજી હાઈસ્કૂલો સાથે હરીફાઈ કરવા જતી હતી અને બીજી સ્કૂલો ખંભાત હાઈસ્કૂલ સાથે રમવા આવતી હતી. આજે પણ આ રમતો ચાલુ છે. પૂર્વે કૅમ્બે રાયફલ ઍન્ડ સ્પૉર્ટ્સ કલબ તરફથી પણ ક્રિકેટ રમાતાં હતાં.

**કૅમ્બે રાયફલ ઍન્ડ સ્પૉર્ટ્સ કલબ :** સને ૧૯૫૨માં ખંભાતમાં સ્થાપવામાં આવી. અને રવિવારના દિવસોએ લાલબાગમાં સાંજે પાંચ વાગ્યા પછી રાયફલની તાલીમ આપવાની યોજના રાખવામાં આવી હતી. જે યુવાનોને શોખ હતો તેઓ તેમાં દાખલ થયા હતા; ધીરે ધીરે તેમાં રસ જામ્યો હતો, પછી પંદરમી ઑગસ્ટ જેવા રાષ્ટ્રીય તહેવારોમાં હરીફાઈ ગોઠવવામાં આવતી. દાખલ થવા માટે ૧૫ વર્ષની ઉમરનો હોવો જોઈએ. તેમ મફત તાલીમ આપવામાં આવતી. આ પ્રવૃત્તિમાં કેટલાક યુવાનોએ સારો રસ લીધો હતો. અને ધી નેશનલ રાયફલ એસો. તરફથી પહેલી રાયફલ શૂટિંગ ચેમ્પિયન હરીફાઈમાં ભાગ લેવા દિલ્હી ગયા હતા. વળી કલબ તરફથી લશ્કરી તાલીમ આપવાના વર્ગો ( ૨૫ મી ફે. ૧૯૫૩ ) શરૂ કરવામાં આવ્યા હતા. તેમ ખંભાતમાં ૨૬મી જાન્યુઆરીના ( ૧૯૫૩ ) દિવસોએ હરીફાઈ ગોઠવાતી હતી.

**ઍડમીંગ્ટનની રમત :** કૅ રા. સ્પૉ. જુદાં જુદાં સ્થળોએ રમાતી હતી તેમ તેની હરીફાઈ કરવામાં આવેલી છે.

## શેઠ જુગલદાસ જગન્નાથ જીમખાના : (૧૯૨૦)

ખંભાતના સ્વ. શેઠ મણિલાલ જુગલદાસે પોતાના પિતાના સ્મરણાર્થે સને ૧૯૨૦ (તા. ૩–૯–૨૦)માં સ્ટેશન નજીક રૂપિયા ૨૨૦૦૦ બાવીસ હજાર ખરચીને જીમખાનું બંધાવી આપ્યું છે. આ શુભ કાર્યમાં ખંભાતના તે વખતના ઍડમિનિસ્ટ્રેટર વી. કે. નામના જોષીએ આ પ્રજાહિતના કાર્યને લક્ષમાં રાખી જીમખાનાની જમીન નહિ જેવી જ કિંમતે આપેલી અને પ્રજાના શારીરિક વિકાસમાં રાજ્યને સહાય આપેલી. આ જીમખાનું અને એજ્યુકેશન સોસાયટીનું મકાન બેઉ સ્વ. શેઠશ્રી મણિલાલે બંધાવીને ધી કૅમ્બે એજ્યુકેશન સોસાયટીને સોંપ્યાં. જીમખાનાના સામાન્ય વહીવટ માટે જુદી સમિતિ નિમાય છે.

---

[૧] નવસંકાર — તા. ૧૯–૧–૬૧, પૃ. ૬




શેઠ જુગલદાસ જગન્નાથ જીમખાના

**જ્ઞાતિઓ તરફથી :** ખંભાતમાં શ્રી દશાશ્રીમાળી વણિક વ્યાયામ મંડળ, ટોળક વ્યાયામ મંડળ, પટેલ વ્યાયમ મંડળ એમ ઘણાં મંડળો સ્વજ્ઞાતિનાં બાળકોના સ્વાસ્થ્ય માટે સાધનો લાવી દેખરેખ રાખતા; પણ હવે તેમાં ઢીલાશ આવી છે.

**બાળકો માટે ખંભાત મ્યુનિસિપાલિટી તરફથી રમતનાં સાધનો :**

સ્ટેશન ઉપરના તિલકબાગમાં નાનાં બાળકો માટેનાં રમતનાં સાધનો મૂકવામાં આવ્યાં છે. તેમ માદળાના તળાવ ઉપરના બાગમાં બાળકો માટે રમતનાં સાધનો મૂક્યાં છે જેનો બાળકો લાભ લે છે.



બાળકો માટે રમતનાં સાધનો તિલકબાગમાં

### પ્રકરણ ૩૫ મું

# ખંભાતના સાહિત્યકારો અને સાહિત્યદર્શન

**૧ ખંભાત રચાયેલા સંસ્કૃત ગ્રંથો**

કોઈ પણ દેશના સાંસ્કૃતિક ઇતિહાસમાં એના સંત પુરુષો અને સાહિત્યકારોનું સ્થાન એક રીતે તો એના રાજપુરુષો કરતાં પણ ઊંચું છે. અને એમની કીર્તિ રાજપુરુષો કરતાં વધારે ચિરંજીવ છે. રાજપુરુષોને એમની તાત્કાલિક સત્તાને લીધે માન મળે છે. પણ એમના જમાના પછી ભાગ્યે જ કોઈ સંભારે છે. જ્યારે સંતોને એમના તપ અને શુદ્ધ જીવનને લીધે પ્રસરેલી સનાતન શાંતિને લીધે અને સાહિત્યકારોને એમણે સર્જેલાં વિદ્યા-સંસ્કારનાં સાધનોને લીધે એમના જમાના પછી પણ અનંતકાળ સુધી લોકો સંભારે છે. છતાં સંતોનું તેમ જ સાહિત્યકારોનું સ્થાન ઊંચું છે એ ભુલાવું ન જોઈએ. આપણી સરકારે અનેક કલાવિદોનું બહુમાન કર્યું છે એ આનંદની વાત છે.

**ખંભાતમાં રચાયેલા કેટલાક સંસ્કૃત ગ્રંથો :**

**શાંતિનાથચરિત્ર :** વિ. સં. ૧૧૬૦માં ખંભાતમાં હેમચંદ્રના ગુરુ દેવચંદ્રસૂરિએ પ્રાકૃતમાં ગદ્યપદ્યમાં રચ્યું છે. તેમાં અપભ્રંશ ભાષા વપરાયેલી છે. તેની તાડપત્રની પ્રત પાટણ ભંડારમાં છે. સમય સિદ્ધરાજનો છે.[૧]

આદિનાથચરિત્ર વર્ધમાનાચાર્યે વિ. સં. ૧૧૬૦માં પ્રાકૃત ભાષામાં રચ્યું. કોઈ કોઈ સ્થળે અપભ્રંશ ભાષા છે. આ વર્ધમાનાચાર્ય નવાંગિ-વૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય હતા. તેમણે સ્તંભ-તીર્થમાં આ રચના કરી છે. તેમાં 'खंभाईत्थ' પ્રયોગ કર્યો છે. પીટર્સન રિ. ૫/૮.

૧. પીટર્સનનો રિપોર્ટ ૭૩ પીટર્સન રિપોર્ટ ૪; ૧૦ ઉપરથી 'જૈન સાહિત્યનો ઇતિહાસ' મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ. ૨૩૮

**ઉક્તિયકમ્ :** (સં.) લેખક એક અજ્ઞાત પંડિત છે. વિ. સં. ૧૪૮૪માં ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ જ્ઞાતિના વિદ્વાન બ્રાહ્મણે 'ઉક્તિયકમ્' નામે વ્યાકરણનો ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથનો પરિચય 'જૂની ગુજરાતીમાં એક ટૂંકી સમાસ શીક્ષા' એ શિર્ષક નીચે શ્રી ભોગીલાલ સાંડેસરાએ કરી છે. (સાહિત્ય માસિક, સને ૧૯૩૨)

**કુંડતત્ત્વપ્રદીપ :** ( સં. ) વિ. સં. ૧૬૮૦ના ચૈત્ર સુદ ૧૫ ખંભતના શ્રી ગૌડ બ્રાહ્મણે યજ્ઞ કરવાના કુંડ વિષે ગ્રંથ રચ્યો છે. અને તે સંસ્કૃતમાં 'કુંડવિશંતિ'નામે પ્રસિદ્ધ થયેલા ગ્રંથમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**પારસ્કર ગુહ્ય સૂત્રના બે કાંડનું ભાષાન્તર :**

વિ. સં. ૧૬૯૨ના મહા સુદ ૧૪, મંગળવારે ખંભાતના લક્ષ્મીધરે કાશીમાં જઈને તેનું ભાષાન્તર કર્યું.[૨]

**જયરત્નગણિ :** વિ. સં. ૧૬૬૨.

આ જૈન આચાર્યે સંસ્કૃતમાં (૧) જવરપરાજય અને (૨) દોષરત્નાવલિ નામે બે ગ્રંથો ખંભાતમાં રચ્યા છે. 'જવરપરાજય' વિષે વિસ્તારથી મો. દ. દેસાઈએ 'જૈનપત્ર'ના રોપ્યમહોત્સવ અંકમાં પૃ. ૧૩૭ ઉપર વર્ણન કર્યું છે. 'દોષરત્નાવલિ' વિશે ડૉ. ત્રિ. લે.ના પ્રશસ્તિ સંગ્રહમાંથી. ( જૈન રોપ્ય મહો. અંક, પૃ ૧૩૭)

**શ્રી રવિચંદ્ર :**

હીરચંદગણિ ( વિ. સં. ૧૬૯૪)ના શિષ્ય રવિચંદ્રે ખંભાતમાં સં. ૧૭૧૨માં 'ઉપાસકદશાંગ'ની પ્રતિ લખી.[૩]

૨. ગુજરાતી પ્રિ. પ્રેસ. પૃ. ૪૦૩

૩. આ. ક. પાલીતાણા.

શ્રી આત્મારામજી : વિ. સં. ૧૯૪૨.

ખંભાતમાં વિ. સં. ૧૯૪૨ 'અજ્ઞાનતિમિર-ભાસ્કર' ગ્રંથ લખી તૈયાર કર્યો; અને તે ભાવનગરની જૈ. હિ. સભાએ પ્રકાશિત કર્યો.

૧ પ્રજ્ઞાપનાસૂત્રવૃત્તિ (સં.) આચાર્ય મલયગિરિ રચિત. સં. ૧૩૮૭
૨ કર્મપ્રકૃતિસટિક (સં.) આચાર્ય મલયગિરિ સં. ૧૪૫૧.
૩ સમરાઇચ્ચ કહા (પ્રા.) કર્તા–હરિભદ્રસૂરિજી સં. ૧૨૯૯.
૪ વસુદેવહિન્ડી (પ્રા.) સંવત ૧૩૮૮ના માર્ગશિર્ષ સુદી ૧૩, ભોમે.
૫ ચંદ્રપ્રજ્ઞપ્તિવૃત્તિ (સં.) સં. ૧૪૪૫, મલયગિરિ સિમિત. ૬. આવશ્યક લઘુવૃત્તિ (સં.) લે. તિલકાચાર્ય સં. ૧૯૪૫.
૭ સિદ્ધહેમશબ્દાનુશાસન ઉણાદિ તથા સૂત્રપાઠ-લિંગાનુશાસનકર્તા હેમચંદ્રસૂરીશ્વર;
૮ શ્રી ધર્માભ્યુદયકાવ્ય લે. ઉદયપ્રભાસૂરિ સં. ૧૨૯૦.
૯ સાસરવાસો (ગુ.) વિ. સં. ૧૮૨૪, ભૂપતવિજયે લખ્યું.
૧૦ તર્કપરિભાષા (સં.) કેશવમિત્ર સં. ૧૬૬૩.
૧૧ ભગવતી (મૂળ) ૧૨ છન્દાનુશાસનવૃત્તિ — હેમાચાર્ય પ્રણિત.
૧૩ આવશ્યક બૃહદ્વૃત્તિ
૧૪ સુખબોધ નેમિચંદ્રપ્રણિત
૧૫ અંગાવદ્યા સં. ૧૪૮૮
૧૬ ઓઘનિર્યુક્તિભાષ્ય
૧૭ સર્વસિદ્ધાંત વિષમપદપર્યાય, સં. ૧૪૯૩
૧૮ પંડનિયુક્તિવૃત્તિ
૧૯ વ્યવહારભાષ્ય
૨૦ હરિવિક્રમચરિત્ર
૨૧ ધર્મોપદેશમાળા વૃત્તિ — વિજયસિંહસૂરિ રચિત વિ. સં. ૧૧૯૧
૨૨ વાસુપૂજ્યચરિતમ્ — ચંદ્રપ્રભં, વિ. સં. ૧૧૩૯
૨૩ શ્રેયાંસચરિત–દેવભદ્રી, વિ. સં. ૧૪૭૦
૨૪ પર્યુષણાકલ્પ, સં. ૧૩૮૪
૨૫ લલિતવિસ્તરાવૃત્તિ–મુનિચન્દ્ર સૂરિ
૨૬ સુદર્શનાચરિત્ર (પ્રા.) દેવેન્દ્રસૂરિ, સં. ૧૪૫૧
૨૭ જીતકલ્પસૂત્ર વૃત્તિ–વિ. સં. ૧૪૫૬, તિલકાચાર્ય
૨૮ પંચાશક વૃત્તિ–કર્તા અભયદેવ, ૧૪૪૨
૨૯ સંમતિતર્ક ટીકા, અભયદેવ
૩૦ ધર્મસંગ્રહણી ટીકા ૧૪૩૭, રચનાર મલયગિરિ
૩૧ ઉપાસક દશાંદપંચાંગ સૂત્રવૃત્તિ — રચનાર અભયદેવ
૩૨ કથાવલિ–રચનાર ભદ્રેશ્વરસૂરિ
૩૩ વિશેષાવશ્યક લઘુવૃત્તિ, વિ. સં. ૧૪૯૧
૩૪ નેમિનાથચરિત્ર–રત્નપ્રભસૂરિ, ૧૪૭૦
૩૫ સ્તંભનપાર્શ્વનાથચરિત્ર, રચનાર દેવભદ્ર
૩૬ વીતરાગ સ્તોત્ર
૩૭ કુમારપાલપ્રતિબોધ, સોમપ્રભાચાર્ય, વિ સં. ૧૪૫૮
૩૮ અનુયોગ દ્વારસૂત્ર
૩૯ અનુયોગ દ્વારચૂર્ણિ
૪૦ મહાવીરચરિત્ર
૪૧ દશવૈકાલિક વૃત્તિ વગેરે.[1]

---

૧. નોંધ – ઉપરનાં ૧થી ૧૦ સંખ્યાનાં પુસ્તકોની યાદી 'શાંતિનાથ તાડપત્રીય જ્ઞાનભંડારની' યાદીમાં આપેલાં છે; ને ૧૧થી ૨૦ સુધીનાં જેસલમિર ભંડારની સૂચિમાં આપેલાં છે. અને નં. ૨૧થી ૪૧ સુધીનાં નામ પાટણ ગ્રંથભંડારની સૂચિમાં આપેલાં છે. આ સિવાય બીજાં પણ છે. સદર પુસ્તકોમાંથી કેટલાંક ખંભાતમાં રચાયેલાં અને કેટલાંક લખાયેલાં છે, જેથી સમજાશે કે પુસ્તકો લખવાનું કામ ખંભાતમાં થતું હતું.

પ્રકરણ ૩૬મું

# સાહિત્યકારો અને સાહિત્યદર્શન

## (૨) જૈન આચાર્યોની રચેલી ગુજરાતી કૃતિઓ

ખંભાતમાં રહી જૈન આચાર્યોએ રચેલી ગુજરાતી કૃતિઓ :

૧. શ્રી વિનયપ્રભ : ( વિનય પ્રભ કે ઉદયવંત ?) ' ગોતમ સ્વામીનો રાસ ' ખંભાતમાં રચ્યો.

અંતભાગ – ' ચઉદહ સઈ બારોત્તર વરિએ, ખંભનપરિ સિરિપાસ પસાઈ ગોયમ ગણધર કેવલ દિવસે કીઉ કવિત ઉપગાર વસે.'

૨. શ્રી લાવણ્યસમય[1]

સુરપ્રિય કેવલી રાસ - વિ. સં. ૧૫૬૭ના આસો સુદ...રવિવાર

અંતભાગ :– સંવત પંનરસત (૬) સઠઈ આસો સુદિ રવિવાર રચિઉ ચરિત્ર સોહામણું ત્રંબાવતી મચીરી–૧૯૮, તપગચ્છ ગુરુ ગોયમ સમા સોળ સુંદર સૂરિ-રાય સમય રત્ન સહિગુરુ જયઉ, પામી તેહના પાય. ૧૯૯

૩. શ્રી નન્નસૂરિ : (કોરંટ ગચ્છે સર્વદેવસૂરિ શિષ્ય)

૧. વિચાર ચોસઠી : વિ. સં. ૧૫૪૪માં ખંભાતમાં રચી.

અંતભાગ — એહના નામ વિચાર ચોસઠી, સુષ શ્રેણી કરે એકઠિ ખંભનયર આનંદ-પુરી કોરંટ ગઢ થંભણે નનસુરિ. ૬૪

૨. ગજકુમાર રાજર્ષિ સઝાય : વિ. સં. ૧૫૫૮

અંત — તિણિપરિ પંનર અઠાવન ઈ ષંભાઈત માંહિ થંભણ પાસ પંચાઉ લઈ રચિઉં ઈછા હિ–૪૩

૩. પંચતીર્થ સ્તવન : (આશરે સં. ૧૫૫૩ લગભગ )

આ સ્તવન ક્યારે અને ક્યાં રચ્યું તે લખ્યું નથી, પણ તે લગભગ સં. ૧૫૫૩ પછી એકબે વરસમાં રચાયું હશે. તેમાં વપરાયેલા ' ખંભાયત ' શબ્દ ઉપરથી આ નોંધ લીધી છે.

' સકલ મૂરતિ ત્રેવીસમું સામિ ખંભાયત પુરમંડણું એ ' ( પાર્શ્વનાથસ્તવન )

આ સૂરિના સં. ૧૫૬૯, ૧૫૭૩, ૧૬૧૧, ૧૬૧૨ના ખંભાતના લેખ મળ્યા છે.[2]

૪. ભુવનકીર્તિ ( પહેલા ) :

કલાવતીચરિત્ર : વિ. સં. ૧૫૮૦ના માગશર સુદ ૫

અંતઃ ' પનરઅસી બરસામી માગશર સુદિ. ૫ દિવસ થંભતિરથ ભલે ગુરુદિન નિર્મલે ' ૮

૫. કનક સોમ : ( ખ. અમર માણિક્ય શિષ્ય )

આષાઢભૂતિ સઝાય : વિ. સં. ૧૬૩૮ વિજયા દશમી.

૬. સોમવિમલસૂરિ :

ધમ્મિલ રાસ : વિ. સં. ૧૬૧૫, પોષ સુદ ૧ રવિવાર.

---

૧. કવિલાવણ્ય સમય વિષે ' આનંદ કાવ્ય મહોદધિ ' મૌકિતક ૭મું.

૨. જુઓ ધાતુપ્રતિભા લેખ સંગ્રહ ભાગ ૨જો.

૭. વચ્છરાજ : ( પાર્શ્વચંદ્રસૂર - અમરચંદ્રસૂરિ – રત્નચંદ્રસૂરિ ( શિષ્ય )
 ૧. સમ્યકત્વ કૌમુદી રાસ-વિ. સં. ૧૬૪૨ માઘ સુદી ૫, ગુરુ
 ૨. શાંતિનાથચરિત્ર – વિ. સં. ૧૬૪૨

૮. સકલચંદ્ર ઉપાધ્યાય :
 વાસુપૂજ્ય જિન પુણ્યપ્રકાશ રાસ : વિ. સં. ૧૬૪૩

૯. કુશલલાભ :
 સ્તંભનનાથસ્તવન – વિ. સં. ૧૬૫૩

૧૦. સમરચંદ્ર :
 મહાવીરસ્તવન - વિ. સં. ૧૬૦૭, જેઠ સુદી ૮

૧૧. વિજયદેવસૂરિ :
 થ ભણાધીશસ્તવન

૧૨. રત્નસુંદર :
 ૧. શુક બહોતરી – વિ. સં. ૧૬૩૮, આસો સુદ ૫
 ૨. સાત વ્યસન પર ચોપાઈ, વિ. સં. ૧૬૪૧

૧૩. વાચક નયરંગ
 સતરહ ભેદી પૂજા

૧૪. જયચંદ્ર :
 રસરત્ન રાસ - વિ. સં. ૧૬૫૪. આ રાસ રાયચંદ્ર સૂરિના સંબંધમાં છે. તે ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૧લામાં પ્રસિદ્ધ થયો છે.

૧૫. સમયસુંદર
 ૧. સાંબપ્રદ્યુમ્ન પ્રબંધ : વિ. સં. ૧૬૫૯ વિજયાદશમી.
 ૨. શબ્દાર્થવૃત્તિ : વિ. સં. ૧૬૬૧માં દશ વૈકાલિક સૂત્ર ઉપર ટીકા લખી.[૪]

૧૬. સ્થાનસાગર
 અગડદત્તરાસ-વિ. સં. ૧૬૮૫, આસો વદ ૫. આ રાસના અંતભાગમાં ખંભાતનું વર્ણન છે.

૧૭. ભાવવિજય
 ધ્યાનસ્વરૂપ ચોપાઈ, વિ. સં. ૧૬૯૬ ચૈત્ર વદી ૧૦, રવિવાર

૧૮. ભુવનકીર્તિ-બીજા
 ગજકુમાર ચોપાઈ, વિ. સં. ૧૭૦૩, મહા વદ ૧૧, ગુરુ.

૧૯. મતિસાગર
 ખંભાતની તીર્થમાળા, વિ. સં. ૧૭૦૧માં રચી.

૨૦. મતિસાગર ( ખ. જિનરત્નસૂરિ – જિન વર્ધમાન શિષ્ય )
 ધન્નાઋષિ ચઉપઈ-વિ. સં. ૧૭૧૦ના આસો સુદી ૬

૨૧. યશોવિજય
 ૧ સાધુવંદણા, સં. ૧૭૨૧, વિજયાદશમી.
 ૨ મૌન એકાદશીનાં ૧૫૦ કલ્યાણક સ્તવન, સં. ૧૭૩૨
 ૩ બ્રહ્મગીતા, ૩૦ કડી, સં. ૧૭૩૮માં રચી.
 ૪. જંબૂરાસ-સં. ૧૭૩૯માં રચ્યો.

૨૨. લક્ષ્મીવિજય
 શ્રીપાલમયણા સુંદરીરાસ, વિ. સં. ૧૭૨૭ ભાદરવા સુદ ૯.

૨૩. જ્ઞાનકીર્તિ
 ગુરુરાસ-વિ. સં. ૧૭૩૭ના માઘ સુદ ૬

૨૪. ભાનુવિજય
 મૌન એકાદશી સ્તવન, વિ. સં. ૧૭૩૭ના વૈ. સુ. ૩

૨૫. જ્ઞાનવિમલ ( નય વિમલ )
 તેમનો જ્ઞાનભંડાર ખંભાતના ખારવાડામાં વિમલના ઉપાશ્રયમાં વિદ્યમાન છે. તેમના રચેલા

---

૪. ' સમયસુંદર ' વિષેનો નિબંધ, સાતમી સાહિત્યપરિષદમાં મોહનલાલ દલિચંદ દેસાઈએ વાંચેલો છે.

ઘણા ગ્રંથો સુખસાગર કવિએ લખેલા છે. તેઓનો જન્મ વિ. સં. ૧૬૯૪માં ભિન્નમાય શહેરમાં થયો હતો. તેમના પિતા ઓસવાલ વંશના વાસવગોત્રી વાસવ શેઠ હતા. તેમની માતાનું નામ કનકાવતી હતું. સં. ૧૭૦૨માં તેમણે તપગચ્છના પંડિત ધીર વિમલગણિ પાસે દીક્ષા લીધી હતી ને દીક્ષા નામ જયવિમલ હતું. તેઓ ઘણો વખત ખંભાતમાં રહ્યા અને અહીં જ મરણ પામ્યા. તેમનાં પગલાં શકરપુરમાં છે.

૨૬. ઉદયરત્ન–વિ. સં. ૧૬૩૨માં[૧]

આ જૈન કવિનું મૂળ વતન ખંભાત હતું. તેના રચેલા ગ્રંથો :

૧ ધર્મબુદ્ધિ મંત્રી અને પાપબુદ્ધિ રાજાનો રાસ
૨ ભુવનભાનુ કવલી રાસ
૩ લીલાવતી રાસ, સં. ૧૭૬૭
૪ શત્રુંજય તીર્થમાલા ઉદ્ધાર રાસ, ૧૭૬૯
૫ ભાગવારક સઝાય, સં. ૧૭૬૯

૨૭. મુનિ–કાર્તિ વિજયજી–જન્મ વિ. સ. ૧૯૭૨

' ખંભાતમાં સંઘવીની પોળમાં વીશા શ્રીમાળી જૈન વણિક જ્ઞાતિમાં તેમનો જન્મ થયો. તેમના પિતાનું નામ મૂળચંદભાઈ વજેચંદ અને માતાનું નામ ખીમકોરબાઈ. વિ. સં. ૧૯૭૨ના ચૈત્ર વદી અમાસને દિવસે તેમનો જન્મ થયો હતો. તેમનુ સંસારી નામ કાંતિલાલ હતું.

વિ. સં ૧૯૮૯ના પોષ સુદિ ૬ ને દિવસે ચાણસ્મામાં શ્રી વિજયલબ્ધિ સૂરિના શિષ્ય આચાર્ય શ્રી વિજયલક્ષ્મણ સૂરિની પાસે દીક્ષા લીધી. અને તેમનું નામ મુનિરાજ કીર્તિવિજય રાખ્યું. ત્યાર પછી તે વર્ષનઃ વૈશાખ સુદિ ૬ ને દિવસે વડી દીક્ષા આપવામાં આવી.

તેઓએ વ્યાકરણ, કાવ્ય, ન્યાય, જ્યોતિષ, સૂત્રસિદ્ધાંત વગેરેના અનેક ગ્રંથોનું ખૂબ પરિશિલન કર્યું; અગાધ અભ્યાસશક્તિથી તેઓ મહા વિદ્વાન અને કપિકુલતિલક બન્યા છે. વિ. સં. ૨૦૦૦માં પોતાના ગુરુ સાથે ખંભાત પધાર્યા હતા તથા સં. ૨૦૨૧માં ફરી ખંભાત આવ્યા હતા.

તેઓએ ચિત્તની એકાગ્રતા ખૂબ કેળવી, અને તેઓ ' શતાવધાની ' થયા. અનેક સ્થળોએ તેમણે શતાવધાનના પ્રયોગો કર્યા.

રચેલા ગ્રંથો

૧ નૂતન સ્તવનાવલિ
૨ વૈરાગ્યરસઝરણાં
૩ અમીનાં વહેણ
૪ મહાવીર સ્વામીનું સંક્ષિપ્ત ચરિત્ર
૫ મહાબળકુમાર
૬ ધૈર્યશાળી ધનદકુમાર
૭ દીવાદાંડી યાને મહાન વિભૂતિઓ
૮ સંસ્કારસીડી
૯ વિદ્યાવિલાસ
૧૦ અહિંસા અને માર્ગદર્શન
૧૧ દક્ષિણમાં દિવ્ય પ્રકાશ
૧૨ આર્હત ધર્મપ્રકાશ

ઉપરનાં બધાં પુસ્તકો છપાયાં છે અને તેની ઘણી જ નકલો વહેંચાઈ છે.

૨૮. દીપવિજય — સં ૧૮૭૭માં તેમણે ' ખંભાત કી ગઝલ ' ૧૦૩ ગાથાની બનાવી છે. કૃતિ મેળવવા મેં જુદા જુદા ભંડારોમાં તજવીજ કરી પણ મળી શકી નથી. તેમણે ' પાટણની ગઝલ ' ' સુરતની ગઝલ ' ' જંબુસરની ગઝલ ' ' ઉદેપુરની ગઝલ ' એમ બીજાં શહેરોની ગઝલો લખી છે. આ કવિ સં. ૧૮૫૯ના ચોમાસામાં ખંભાતમાં હતા. ને ખંભાતમાં ' રોહિણીસ્તવન ' રચેલું છે.[૧]

---

૧. ' ગુજરાત ત્રિમાસિક ' પૂ. ૧૬, અંક ૧, પૃ. ૭૫

૧. જૈનગુર્જર કવિઓ ભાગ– ૩જો. કવિ નં. ૫૫૨. આ કવિ વિષે જૈનયુગ પુ. ૪, અંક ૩–૪, પૃ. ૧૪૩ થી ૧૪૬

૨૯. બુદ્ધિલાવણ્ય — સં. ૧૮૩૯ના આસો સુદ – ૫. ખંભાતમાં ' અષ્ટમીસ્તવન ' રચ્યું છે.[૨]

૩૦. ઉમેદચંદ —સં. ૧૯૨૫ના વૈશાખ સુદ-૬, ' મેતારજ મુનિ ' નામે કાવ્ય રચ્યું.[૩]

૨. ઉપર મુજબ.

૩. જૈ. ગુ. ભા. ૩ જો.

૩૧. જયસાગર — કૃત તીર્થમાળા સ્તવન રચ્યું છે. ખંભાતમાં હીરવિજયસૂરિ ચાતુર્માસ પ્રવહણ સઝાય સં. ૧૬૮૫માં રચી છે. તેમાં ખંભાતનાં પરા, મંદિરો, મોટા આગેવાનો તથા શ્રાવકો વગેરેનું વર્ણન આપ્યું છે. શિતળનાથની પ્રતિષ્ઠા કરવા સાથે ૨૧૫ જિન બિંબોની અંજનશલાકા કરી હતી.[૪]

૪. જૈનયુગ પુ. ૪થું, સં. ૧૯૮૬, પૃ. ૪૮૫

પ્રકરણ ૭મું

# ખંભાતના સાહિત્યકારો અને સાહિત્યદર્શન

## ૩

## ખંભાતના કવિઓની ગુજરાતી કૃતિઓ

### ભાગ પહેલો

**અબ્દુર રહેમાન :**

( વિ. સં ૧૨ શતકના ઉત્તરાર્ધમાં )

ગુજરાતી સાહિત્યમાં મુસ્લિમ કવિઓની ગણતરી કરતાં વિ. સં. પંદરમા શતકના પ્રારંભમાં થયેલા ખંભાતના કવિ અબ્દુર રહેમાનનું નામ સૌથી પ્રથમ આવે છે. આ મુસ્લિમ કવિએ ' સંદેશરાસક ' નામે એક દૂતકાવ્ય લખ્યું છે; તે એક જ કાવ્યથી ગુજરાતી સાહિત્યનાં પાનાં ઉપર પોતાનું નામ ચમકતું કરી ગયો છે. કાવ્યશાસ્ત્રની દષ્ટિએ અવલોકતાં જેને કવિ કહેવામાં આવે તે બધી યોગ્યતા તેમાં છે. કવિ મુસ્લિમ હોવા છતાં તેણે સંસ્કૃત – પ્રાકૃત, અપભ્રંશ ભાષાનો સારો અભ્યાસ કર્યો છે; અને પોતાની કૃતિ ' સંદેશરાસક ' – તે જ ભાષામાં રચી છે. તેમાં એક પણ ફારસી, અરબી શબ્દ આવતો નથી. આ વસ્તુ દેખાડે છે કે ખંભાત વિદ્યાનું કેન્દ્ર હતું.

કવિ પોતાના નામનો નિર્દેશ નીચેની પંક્તિઓમાં કરે છે.

पच्चाएसि पहूओ पुव्वपसिद्धो य मिच्छदेसो त्थि ।
तह विसए संभूओ आरदो मीरसेणस्स ॥३॥
तह तणओ कुलकमलो पाइयकव्वेसु गीय विसचेषु ।
अद्दहमाण पसिद्धो संनेहय रासयं रइयं ॥४॥

' પશ્ચિમ દેશમાંના મ્લેચ્છ દેશમાં મીરસેન – મીરહુસેનને ત્યાં અદહમાણ = અબ્દુર રહેમાન નામનો પુત્ર અવતરેલો. જે પ્રાકૃત કાવ્યોમાં નિપુણ હતો તેણે ' સંદેશરાસક ' નામે કાવ્ય રચ્યું.

આ કવિ કયારે થયો તેની ચોક્કસ સાલ મળતી નથી. મુનિશ્રી જિનવિજયજી, કાવ્યમાં મૂલસ્થાન

પંજાબના મુલતાનની સમૃદ્ધ દશા જોઈને શાહબુદ્દીન ઘોરીના આક્રમણ પહેલાં અબ્દુર રહેમાને આ કાવ્ય રચ્યાનું કહી સિદ્ધરાજ કે કુમારપાળના સમયમાં ( વિ. સં. ૧૨૨૯ સુધીમાં ) થયાનું વિધાન કરે છે.' પણ શ્રી કે. કા. શાસ્ત્રી તેને વિ. સં. ૧૩૫૬–૧૪૬૫ વચ્ચે આ કવિતાના વિષયનો સમય માને છે. સ્વ. શ્રી કૃ. મો. ઝવેરી તેને સુમારે માને છે. (શ્રી મો. દ. દેસાઈ.)

તેને બારમી સદીના સાહિત્યવિભાગમાં મૂકે છે. આ કવિના સંબંધમાં સામાન્ય જનતા ઓછું જાણે છે. ' સંદેશરાસક 'ની એક પ્રત પાટણના જૈન ભંડારમાંથી મળી હતી. બીજી એક પ્રત પૂનામાંથી, ત્રીજી પ્રત મારવાડના લોહાવટમાંથી પં. જિનવિજયજીને મળી હતી. અને તેના ઉપરથી અપભ્રંશના સારા અભ્યાસી શ્રી હરિલાલ ભાયાણીએ ટીકા, શબ્દકોશ, વ્યાકરણ, છંદ વગેરે ઘણું લખ્યું છે. ભારતીય વિદ્યામંદિર, મુંબઈથી શ્રી જિનવિજયજીએ સ્વ. બાબુ શ્રી બહાદુરસિંહજી સિંધીની સ્મૃતિમાં પ્રસિદ્ધ કર્યું છે.

આ દૂતકાવ્યનો સાર એ છે કે વિજયનગરની એક વિરહિણી સ્ત્રી એક પથિક સાથે પોતાના પ્રિયતમને સંદેશો મોકલાવે છે. પ્રથિક તું ક્યાંથી આવ્યો અને કયાં જાય છે ? પથિક કહે છે કે હું સામોરથી આવું છું અને મારા શેઠનો સંદેશો લઈ સ્તંભતીર્થ જાઉં છું. ત્યારે તે નામ સાંભળી વિરહિણી પતિના વિરહથી દુઃખી થયેલી પોતાનો સંદેશો પોતાનો ધણી જે સ્તંભતીર્થમાં છે તેને મોકલે છે એમ કહી વિરહથી થયેલા દુઃખનું વર્ણન કરે છે. સંદેશો કહેવાનો પૂરો થાય છે અને પથિક જાય છે, એટલામાં વિરહિણીને તરત પોતાનો પ્રિયતમ સામેથી આવતો દેખાય છે; તેથી તે સુખી થાય છે. કવિ વાચકને પણ આવું સુખ મળજો એમ કહી આશિર્વચન આપે છે.

રાસયુગના કવિઓ વિશે લખતાં શ્રી કે. કા. શાસ્ત્રી લખે છે છે કે આ કાવ્ય માત્ર કવિતાદેવીની ઉપાસના જ એનું ધ્યેય છે. આ જાતનાં કાવ્યો ગુજરાતી ભાષામાં સધાયાં જ નથી. જો સધાયાં હોત તો એક નવો જ પ્રકાર મળત.[1] ગુજરાતના વિદ્વાનોએ ગુજરાતી ભાષામાં લખાયેલા કવિઓમાં તેની ગણના પહેલી કરી છે. કવિ કાલિદાસના મેઘદૂત નામે સુંદર કાવ્યનાં ઘણાં અનુકરણો થયાં છે. લગભગ ૩૬ જેટલી છે. જેમ કે ' પવનદૂત ' કવિ ધોયાનું;[2] તેવી રચના ' સંદેશરાસક 'ની છે.

જમિયતખાં ( વિ. સં. ૧૫૮૦ )

આ મુસ્લિમ કવિ વિ. સં. ૧૫૮૦માં ખંભાતમાં હતા. વૈષ્ણવ સંપ્રદાયના ચાચા હરિવંશજી અમદાવાદ પધાર્યા અને ત્યાંથી શ્રી ઠાકુરજી માટે કેટલીક સામગ્રી લેવા ખંભાત પધારેલા તે વખતના ભક્ત શ્રી માધવલાલ દલાલે સહજપાલ દોશીને ઘેર તેમને લઈ ગયા. તે વખતે ખંભાતના મુસ્લિમ કવિ જમિયતખાં તેમની સાથે વાતચીત કરી રહ્યા હતા. ત્યાં માધવદાસે તેમનું ઓળખાણ કરાવ્યું અને જે જે માલ જોઈતો હતો તે બતાવ્યો. જમિયતખાં તેમની સાથેની વાતચીતમાં ઘણાં પ્રભાવિત થયા અને તેમના દિલમાં શ્રી હરિવંશજીની મુખાકૃતિ વસી ગઈ. અને હૃદયમાં જ્ઞાનની જાગૃતિ થઈ તેથી તેઓ ફરી ચાચાજીને મળવા માટે અમદાવાદ ગયા. ત્યાંના જે વેપારી સાથે જમિયતખાંને સારો સંબંધ હતો અને તે જ વેપારીને ચાચાજી સાથે જ્ઞાનવાર્તા ચાલતી હતી. આ બધું જમિયતખાંએ સાંભળ્યું અને દર્શન કરી ખંભાત આવ્યા. પછી તેમને પોતાના ગુરુ માન્યા;

૧. ' આપણા કવિઓ ' ખંડ ૧, પૃ. ૩૮૧ તથા કવિ અબ્દુલ રહેમાન કૃત ' સંદેશરાસકનું અવલોકન ' પંડિત બેચરદાસ દોસી તથા ' મધ્યકાલીન રાસસાહિત્ય ' નિબંધમાં ભારતી મધુકાંત વૈદ્યે લખ્યું છે. તેમ જ ગુજરાતના બીજા વિદ્વાનોએ તેની ખાસ નોંધ લીધી છે.

૨. ગુજરાતીનો દીપોત્સવી અંક, ૧૯૩૧ પૃ. ૭૨

અને મસ્ત દશા પ્રાપ્ત થઈ. અનેક તીર્થોમાં તેમણે ભ્રમણ કર્યું. તે વ્રજમાં ગયા. અને ત્યાં ચાચાજીને મળ્યા. તેમના ચરણમાં પડયા. તેમણે કેટલાંક પદો રચ્યાં છે,[૧]

પદ

રે મન વૈષ્ણવ લચ્છ પિછાનો — ટેક
આવ્યા મોહ, રહત ન ઉરમાં,
પરમારથ દિલડાનો – ૧
હક્ક પેખે અરૂ સ્હસે રીઝે,
વૈષ્ણવ સોહી જાતો – ૨
હરદમ નૈન લગ રહે હરિસે,
લિખે નામ નિરખાનો – ૩
જમિયત સાહી સાધ મિલે,
તાકો વૈષ્ણવ માનો – ૪

માધવદાસ દલાલ, વિ. સં. ૧૬૧૩

'નાગર નંદાજીના લાલ રાસ રમતાં મારી નથણી ખોવાણી'

'સાકર કેરા કરા પડયા સાહેલી રે
દૂધડે વર્ષ્યા મેહ જમુનાજી જઈએ ઝીલવા સાહેલી રે'

આ ભક્તિથી છલકાતી અમર પંક્તિઓનો સર્જક ખંભાતનો પરમ વૈષ્ણવ ભક્તકવિ માધવદાસ દલાલ છે. પુષ્ટિમાર્ગના આદ્ય પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિ. સં. ૧૫૩૫માં ચંપારણ્ય જિલ્લાના રાયપુરમાં પ્રગટ્યા. તેમણે હિંદનો પ્રવાસ કરી પુષ્ટિમાર્ગ સ્થાપ્યો. ત્યાર પછી શ્રી વિઠ્ઠલનાથજી ગુસાઈજી વિ. સં. ૧૫૭૨માં થયા. તેઓશ્રીએ વૈષ્ણવોના પુષ્ટિમાર્ગનું રહસ્ય સમજાવવા અને ભક્તિમાર્ગનું રસામૃતપાન કરાવવા માટે ભારત–વર્ષમાં પરિભ્રમણ કરવા માંડયું. તેઓશ્રી વિ. સં. ૧૬૧૩માં ગુજરાતના પાટનગર અમદાવાદ પધાર્યા.

આ સમયે ખંભાત શહેર ઘણું પ્રસિદ્ધ અને સમૃદ્ધ શહેર હતું. ઘણા ધનાઢ્ય વેપારીઓથી તે ભરપુર હતું. દેશવિદેશના પ્રવાસીઓ, યાત્રિકો, આચાર્યો આ શહેરની મુલાકાતે આવતા.

ખંભાતના વૈષ્ણવોની ભાવભરી વિનંતીથી શ્રી ગુસાજી ખંભાત પધાર્યા, તેમનો સદુપદેશ સાંભળી ઘણા વૈષ્ણવોએ તે સંપ્રદાયનો સ્વીકાર કર્યો. તેમાં મુખ્ય તેવી સહજપાલદોસી જીવાપારેખ મુરારિ આચાર્ય, રામદાસ, મગનભાઈ અને માધવદાસ દલાલ છે.

શ્રી ગુસાજીના સદુપદેશથી માધવદાસે વેપારમાં જૂઠું નહિ બોલવાની પ્રતિજ્ઞા લીધી. અને પ્રભુ-સેવામાં સદાનિમગ્ન રહેવા લાગ્યા. પ્રભુકૃપાથી તેમનામાં કવિત્વશક્તિ ખીલી. તેઓ શ્રીનાથજી, ગોકુલમથુરા વગેરે વૈષ્ણવોનાં તીર્થધામોની યાત્રા કરવા લાગ્યા. ગોકુલમાં શ્રી ગુસાઈજીનાં દર્શન કરીને ગાયું કે—

'ધન્ય કાલિંદી ધન્ય વૃન્દાવન, ધન શ્રી ગોકુળ ગામ,
માધોદાસ કે ધની શ્રી વિઠ્ઠલ, પુરી હમારી આશ.'

આ કવિએ ઘણાં પદો, ધોળ, કીર્તન રચ્યાં છે, અને વૈષ્ણવોમાં તે ગવાય છે, એટલું જ નહિ પણ તે ઘણાને મુખપાઠ હોય છે.

પદ ૧

નાગર નંદાજીના લાલ, રાસ રમતાં
મારી નથણી ખોવાણી–ટેક
નથની કાજે હું તો ઢુંઢુ વૃંદાવન
નથની આપો ને મારા પ્રાણજીવન, વન વન–નાગર
એક એક મોતીને સોના કેરો તાર
સરખી સાહેલીમાં રાખો મારો ભાર ભાર ભાર–નાગર
નાનેરી ઘડાવો મારે નાકે ન સુહાય
મોટેરી ઘડાવો મારા મુખ પર ઝોલાં
ખાય ખાય ખાય–નાગર

---

૧. શ્રી હીરાલાલ મોહનલાલ સંગ્રહિત 'ગીત સાગર લહરી' પૃ. ૨૪૬–૪૭, બીજાં પદો પણ આપ્યાં છે. તેમ વૈષ્ણવ કવિઓ માધવદાસ દલાલ, રામદાસ, મુરારિ–આચાર્ય વગેરેનાં પદ આપ્યાં છે.

વૃંદાવન કી કુંજગલનમાં બોલે મીઠા બોર
રાધાજીની નથનીનો શામળિયો છે
ચોર ચોર ચોર–નાગર
નથની આપો તો પ્રભુ લાગુ તમારે પાય
માધવદાસના સ્વામિ ઉપર જાઉં બલિહાર
હાર હાર–નાગર

**રામદાસ – વિ. સં. ૧૬૧૩**

શ્રી રામદાસ વૈષ્ણવ સંપ્રદાયના કવિ થઈ ગયા. તેઓ ખંભાતના બ્રાહ્મણ હતા. તેઓ વ્રજમાં જાત્રા જતાં શ્રી ગુસાઈજી પાસે નામનિવેદન કરાવ્યું અને અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાની દીક્ષા લીધી. આથી તેમના દિલની શુદ્ધિ થઈ. પછી તેમને ૭ માસ પંચાક્ષર મંત્રના જપની દિક્ષા મળી. આથી તેમની મનશુદ્ધિ થઈ. પ્રભુનો અનુભવ થવા માંડ્યો. અને ભગવતવાર્તા, કીર્તન કરવા લાગ્યા. રાત્રે ગોવિંદદાસની કદમખંડીમાં જતા અને ત્યાં પ્રભુ પાસે નૃત્ય કરતા. પ્રભુભક્તિમાં લીન રહેતા.

પદ

શ્રી વલ્લભ રામ રામ રસ ઝલકે.
ભરે સમુદ્ર અનેક ન રસ કે,
કૃપા લહેર ઉર હલકે – ૧
જે જે જો રસ કે અધિકારી,
ભરત સંભારી ન છલકે
રામદાસ પદ કમલ મહારસ,
ચાખનકો જીય લલકે – ૨

**મુરારિ આચાર્ય – વિ. સં. ૧૬૧૩**

મુરારિ આચાર્ય ખંભાતના બ્રાહ્મણ હતા. તેઓ ષડ્શાસ્ત્રસંપન્ન હતા. તેઓએ ખંભાતમાં શ્રી ગુસાઈજી પધારેલા ત્યારે તેમનાં દર્શન કરેલાં. પછી કાશી સંઘમાં ગયા. ત્યારે ફરીથી તેમનાં દર્શન કરેલાં. શ્રી ગુસાઈજીએ તેમને માર્ગના સિદ્ધાંતો કહ્યા. તેઓ બ્રહ્મસંબંધ પામી વૈષ્ણવ થયા. અને તેમને સેવામાં શ્રી નવનીતપ્રિયજીનું વસ્ત્ર પધરાવી આપ્યું. તેમણે શુદ્ધાદ્વૈત વેદાન્તનો પ્રચાર કર્યો, તેમના મોટા દીકરાએ વિજપુર તરફ જઈ માયાવાદીઓને જીત્યા હતા. શ્રી ગુસાઈજી આ પિતાપુત્રની સેવાથી પ્રસન્ન રહેતા. શ્રી ગોકુલનાથજી ખંભાત પધાર્યા ત્યારે એક દિવસ તેમને ત્યાં ભોજન લીધું હતું.

પદ

નંદ મહરકો કુંવર કન્હૈયો
હોરીખેલ ન જાને હો
રસમેં વિરસ કરે અરવીલો,
લઘુ દીરઘ ન પહચાને હો – ૧
અંગુરી ગહત ગહે કર પોંહોચો,
ભુજમૂલન લગ આવે
દેખ વિરાને શ્રીફળ ઉપર
લાલચી મન લલચાવે – ૨
આંજ્યો ચાહે ઓર કે નયના
અપને નયન દુરાવે
પકર્યો ચાહે સુધાનિધિ હાથ ન,
અધર સુધા કયોં પાવે ?– ૩
તેલ ફુલેલ ઉલેંડે સિરતે
ગ્રંથ દુકૂલને જોરી
બહુત ગુલાલ ડાર આંખનમેં હંસ
લંગર ગુક ઝોરી – ૪
કમલ પત્રિકા રચે કપોલન
મરઘટ મુખહિ બનાવે
દુલહનીસી કરેં પઢવત ઉતતેં
દુલ્હે આપ કહાવે – ૫
જો હમ રૂઠ જાય ઘર બેઠેં
તો સખિ હમહિ મનાવે
સકત સનેહ કરે યુવતિ ન સો
સેનન અર્થ બતાવે – ૬
રાજા મિત્ર સુન્યો નહિ દેખ્યો
ભયો બખાનો સાચો

[1]મુરારિદાસ પ્રભુસોજિન બોલો,
કોટિક નાચ કિનનાચો – ૭

## મહા કવિ વિષ્ણુદાસ
### સં. ૧૬૧૫થી સં. ૧૬૮૫

સત્તરમા શતકમાં ખંભાતમાં તથા ગુજરાતી સાહિત્યમાં જે કવિઓ થયા છે તેમાં ખંભાતનો કવિ વિષ્ણુદાસ પ્રથમ નંબરે છે. અથવા શ્રી કે. કા. શાસ્ત્રીના શબ્દોમાં વિષ્ણુદાસ સત્તરમા શતકનો અધિષ્ઠાતા છે.

### કવિ વિષેનું સાહિત્ય

કવિ નર્મદાશંકરે કવિચરિતમાં વિષ્ણુદાસ વિષે ટૂંક નોંધ કરી છે. પ્રાચીન કાવ્ય ત્રૈમાસિકના તંત્રી શ્રી હરગોવિંદદાસ કાંટાવાળાએ પ્રાચીન કાવ્ય-માળામાં લખ્યું છે. બ. કા. દો. ભા. ૮ના પ્રકટ-કર્તા શ્રી નટવરલાલ ઈ. દેસાઈએ પ્રસ્તાવનામાં કવિ વિષ્ણુદાસ વિષે લખ્યું છે. શ્રી ભાનુસુખરામે વિષ્ણુ-દાસે નામે પુસ્તક સયાજી સાહિત્યમાળામાં પૃ. ૪૫ પ્રકટ કર્યું છે. તથા છઠ્ઠી સાહિત્યપરિષદમાં 'વિષ્ણુદાસ અને વિદ્વાનો' વિષે નિબંધ લખ્યો છે. તથા એ કવિના પ્રસિદ્ધ થયેલા 'જાલંધરાખ્યાન'ની પ્રસ્તાવનામાં રામલાલ ચુ. મોદીએ સારી છણાવટ કરી છે. અને મુંબઈ ફાર્બસસભા તરફથી પ્રસિદ્ધ થયેલા 'ગુજરાતી મહાભારત'ના ભા. ૧લામાં સારો પ્રકાશ પાડયો છે. વળી 'કવિચરિત' નામે પુસ્તકમાં તથા 'મામેરું'માં શ્રી ભોગીલાલ સાંડેસરાએ સારો લેખ લખ્યો છે. આ સિવાય તુલનાત્મક અભ્યાસની દૃષ્ટિએ આ સમયના અન્ય કવિઓમાં આ કવિ વિષે ખૂબ લખાયું છે.

### જીવનકાળ : સં. ૧૬૧૫થી ૧૬૮૫

કવિનો જીવનકાળ એનાં કાવ્યો ઉપરથી વિ. સં. ૧૬૧૫થી ૧૬૮૫ સુધીનો વિદ્વાનો ધારે છે. અને તેનો લેખનકાળ વિ. સં. ૧૬૩૪થી સં. ૧૬૮૧ સુધીનો માને છે.

### નિવાસસ્થાન

કવિએ કાવ્યોના અંતભાગમાં તેણે પોતાનું રહેવાનું ગામ અને સ્થળ રહેવાનું જણાવ્યું છે

'સાગરતટ ત્રંબાવટીવાસ, સદા સર્વ લીલવિલાસ

કવિજન જ્ઞાત મકરકુલ સોય, વાસ ખાન-પુર મધ્યે હોયે,

ગંગાજીનો સુત વિષ્ણુદાસ સદા શ્રીકૃષ્ણ જ મુને તારી આશ.

કવિએ કાવ્યોને અંતે ત્રંબાવટી અને ખાનપુર નામનો નિર્દેશ કર્યો છે. ત્રંબાવટી તે ખંભાતનું પ્રાચીન નામ છે; અને ખાનપુર તે ખંભાતનું એક પરું છે. કવિના મૂળ ઘર વિષે તપાસ કરતાં કાંઈ પણ પત્તો લાગ્યો નહિ. પણ આ લત્તામાં બ્રાહ્મણોનાં ઘર હતાં; એટલે નાગર બ્રાહ્મણ વિષ્ણુ-દાસ અહીં વસતો હશે. હાલ તો આ પરામાં બ્રાહ્મણનું એક પણ ઘર નથી. ખેતી કરનાર ખેડૂત અને ઝવેરાતનો ધંધો કરનારા પાટીદાર વસે છે

### કવિનાં માતાપિતા અને કુટુંબ

'કવિ નાગર નોતમ કુલમાંય પવિત્ર ને ઉત્તમ વર્ણ જ્યાંય' કવિ નાગર બ્રાહ્મણ જણાવે છે. ખંભાતમાં નાગર બ્રાહ્મણો અને નાગર વાણિયાનાં ઘરો હતાં, આજે તો ખંભાતમાંથી આ બંને જ્ઞાતિ ધીમે ધીમે અમદાવાદ, નડિયાદ, મુંબઈ, વડોદરા વગેરે સ્થળે ચાલી ગઈ છે. ખંભાતમા 'નાગરવાડો' મહોલ્લાનું નામ માત્ર રહ્યું છે :

કવિની અટક 'મકરકુલ'ની છે. આ નાગર બ્રાહ્મણોની અટક છે. કોઈ 'મકરકુલ'ને માછી ગણે છે. પરંતુ તે વાસ્તવિક નથી. માછીઓની વસ્તીનું પરું જુદું છે. અને તે 'માછીપરા' નામે ઓળખાય છે. કવિની માતાનું નામ ગંગાજી છે; પિતાના નામનો નિર્દેશ કોઈ કાવ્યમાં નથી. વળી તેના પુત્રના નામનો નિર્દેશ મળી આવે છે.

---

૧. શ્રી હીરાલાલ મોહનલાલ સંગ્રહિત 'ગીત સાગર લહરી' પૃ. ૧૨૮–૨૯

'વાડવ નાગર વિષ્ણુસુત અવિચળ ગાવા હામ '[૧]

અવિચલ પણ કવિ હતો. તેણે વિ. સં. ૧૬૯૫માં આરેણ્યિક પર્વ રચ્યું છે. અને અષ્ટમ સુધી પણ રચ્યો છે. વળી કવિકુંવરે ઉત્તરકાંડની કથા બનાવી છે. તેમાં ગુરુનું નામ બાળકૃષ્ણ ભટ્ટ જણાવ્યું છે. એટલે કવિ વિષ્ણુદાસના ગુરુ અને કવિકુવરના ગુરુ બે એક જ છે, તેથી અનુમાન થાય છે કે કવિકુંવર વિષ્ણુદાસનો ભત્રીજો થતો હશે.[૨]

## કવિના ગુરુ

કવિનાં કાવ્યોમાં જુદાં જુદાં નામોનો નિર્દેશ મળે છે. હરિભટ્ટ, ભૂધરવ્યાસ, વિશ્વનાથ વ્યાસ અને બાળકૃષ્ણ ભટ્ટ એમ ચાર ગુરુ માનવાનો પ્રયત્ન થયો છે. એમાં હારભટ્ટ ગુરુ છે એમ શ્રી રા. ચુ. મોદી માને છે.[૩] બાળકૃષ્ણ ભટ હોવાનું સ્વ. કવિ નર્મદાશંકર માને છે.[૪] સ્વ. અંબાલાલ જાની બાળકૃષ્ણ ભટ્ટ, ભૂધરવ્યાસ, અને વિશ્વનાથ વ્યાસ હોવાનું જણાવે છે.[૫]

ભાનુસુખરામ મહેતા ચારે (હરિ સ્થાને હરિહર મળતાં પાંચ) ગુરુ હોવાનું જણાવે છે.[૬] વળી સાચા નિર્ણય ઉપર આવવા નીચેનું ઉદાહરણ ટાંક્યું છે.

'ભટ્ટ બાલકૃષ્ણે' કરુણા કરી જાણ બુદ્ધિ
આપી શીશ મૂક્યો પાણ
તેહતણી કૃપાએ કરી ઉત્તરકાંડે કહ્યું વિસ્તરી'

૧. શ્રી કે. કા. શાસ્ત્રી અવિચળને વિષ્ણુદાસનો પુત્ર ગણતા નથી. 'કવિચરિત' પૃ. ૩૨૭
૨. 'કવિચરિત' પૃ. ૩૩૩
૩. જાલંધરઆખ્યાનની પ્રસ્તાવના, પૃ. ૩૦
૪. બૃહત્ કાવ્યદોહન, ભા. ૮, પૃ. ૬૦
૫. એ જ પૃ ૬૦–૬૧
૬. 'વિષ્ણુદાસ' પૃ. ૨૮. ૨૯

## પ્રકાશવંત સત્તરમો સૈકો :

સત્તરમા સૈકાને પ્રથમ ગુજરાતી સાહિત્યનો અંધકારયુગ માનવામાં આવતો; પરંતુ એ સમયના કવિઓનાં ઘણાં આખ્યાનો હવે પ્રકાશમાં આવ્યાં છે, જેથી એમ જણાય છે કે એ શતકના જેટલી સાહિત્યવિપુલતા અન્ય શતકોમાં નહોતી. સત્તરમા શતકમાં ખંભાતમાં પણ અનેક કવિઓ જેવા કે શિવદાસ ( નાગર બ્રાહ્મણ ); કુંવર ( નાગર બ્રા.); ભૂધર ( ઔદુંબર બ્રા. ); મેઘજી ( બંધારો ); હરિદાસ ( વાળંદ ); ઋષભદાસ ( જૈન વણિક ) ઈત્યાદિ થયા છે.

આ કાળમાં સાહિત્યની સમૃદ્ધિ થવાનું કારણ એ છે કે અકબર, જહાંગીર અને શાહજહાંનો શાન્તિયુગ અને મોગલ જાહોજલાલીનો મધ્યાહ્ન હતો. જહાંગીર સાગરદર્શન અર્થે સં. ૧૬૭૪માં ખંભાત આવ્યો હતો. એની સવારીનો ઠાઠમાઠ વિષ્ણુદાસે નજરે જોયો હશે. કેમકે જાલંધરના સૈન્યનું વર્ણન એણે જે કર્યું છે એ જહાંગીરની સવારીના વર્ણન જેવું જણાય છે.[૭] આથી જાલંધરઆખ્યાન એ સાલ પછી રચાયું હશે; એમ લાગે છે.

## સંસ્કૃતનો અભ્યાસી :

કવિ વિષ્ણુદાસ સંસ્કૃતનો સારો અભ્યાસી જણાય છે. તેણે મહાભારત અને રામાયણ ગુજરાતીમાં ઉતાર્યાં. તેનું સભાપર્વ વાંચતાં એક ઉત્તમ ભાષાન્તરકાર તરીકે નજરસન્મુખ આવે છે.[૮] મૂળ સંસ્કૃત મહાભારત હાથમાં ન હોય તો કદાપિ એવો ખ્યાલ ન આવે કે તેમાંના કેટલાક પ્રસંગો આબાદ પ્રતિકૃતિ છે. એ સ્વતંત્ર કૃતિ જેવી જ લાગે એ એની વિશેષતા છે.[૯]

૭ 'જાલંધરાખ્યાન' રા. ચુ. મોદી પ્રસ્તાવના
૮. ગુજ. મહા. ભા. ૧લો, ઉપોદ્‌ઘાત પૃ. ૫૪
૯. એ જ

### આખ્યાનકારોમાં શ્રેષ્ઠ :

સંસ્કૃતમાંથી ગુજરાતી આખ્યાનો ઉતારવાની આખ્યાનપદ્ધતિ એ સત્તરમા સૈકામાં જે કવિઓ થયેલા છે તેમાં સૌથી શ્રેષ્ઠ છે. કવિના કાવ્યગ્રંથોની યાદી ઘણી મોટી છે. એના જેટલું વિસ્તૃત્વ કાવ્ય-લેખન પ્રેમાનંદ સિવાય અન્ય કોઈ પ્રાચીન ગુજરાતી કવિનું નથી. પ્રેમાનંદના પણ વિવાદગ્રસ્ત કાવ્ય-નાટકો બાદ કરીએ તો તેનાથી વિષ્ણુદાસનું લખાણ કદાચ વધી જાય.[૧૦] વિષ્ણુદાસે ધર્મ અને નીતિને અનુસરીને, લોકોની સ્વાભાવિક વૃત્તિ, ગુણ, વર્તન, શીલ, ચારિત્ર્ય ઈત્યાદિ ઉચ્ચ સ્થિતિમાં રાખવાને માટે તેઓએ એક પણ પગથિયું ચૂકીને કશું લખ્યું હોય એમ જણાતું નથી.

૧૦. જાલંધરઆખ્યાનની પ્રસ્તાવના – રામલાલ ચુનીલાલ મોદી

### અર્ધશતાબ્દી સુધી સાહિત્યસેવા :

કવિની પ્રથમ કૃતિ લક્ષ્મણાહરણ છે. નવ કડવાંની એ નાની કાચી કૃતિ છે. વાણી વિષે જશ આપવા માટે કવિ આ કાવ્યમાં સરસ્વતીની પ્રાર્થના કરે છે.

'સ્વામિ વિઘન સીઘ્રે થઈ હરે;
આપજે શુભ મતિ સોહ
જસ કીરત શુભ મતિ પાંમવા,
તુંને આરાધે ત્રવકોએ
કમલ ભુતન આને સ્તવું આણિને મન ઓહોલ્લાસ
વાણી વીખે જશ આપજે, કરજોડી કહે વિષ્ણુદાસ.

કવિનો લેખનકાળ વિ. સં. ૧૬૩૪થી સં. ૧૬૮૫ સુધીનો વિદ્વાનો માને છે; એટલે અર્ધ-શતાબ્દી સુધી અવિરત સાહિત્યસેવા બજાવી એ નાનુંસૂનું કામ નથી અને એ રીતે ખંભાતમાં થયેલા કવિઓમાં તો પ્રથમ પંક્તિમાં આવે તેવા છે.

## કવિ વિષ્ણુદાસ રચિત ગ્રંથો

| ગ્રંથ | રચ્ચા સાલ | પ્રસિદ્ધ કે અપ્ર. વિશેષ માહિતી |
|---|---|---|
| ૧ લક્ષ્મણાહરણ | સં. ૧૬૨૪ | હાથપ્રત ગુ. વિદ્યાસભા, અમદાવાદ પુ. નં. ૧૭ |
| ૨ કુંવરબાઈનું મામેરું | " | પ્રકટ ભા. નિ. મહેતા, વડોદરા |
| ૩ શુકદેવાખ્યાન | | |
| ૪ યુવનાશ્વની કથા | | હાથપ્રત ગુ. વિ. સ. તથા ફા. સા. સભા, મુંબઈ |
| ૫ ભીમ હાસ્યની કથા | | ફા. સા. સ. મુંબઈ |
| ૬ અનુશાલ્વ આખ્યાન | | પ્ર. બુદ્ધિપ્રકાશ, સને ૧૯૦૩, પૃ. ૩૨ |
| ૭ અશ્વપ્રયાણ | | હા. પ્ર. ફા. સા. સ. મું. |
| ૮ નીલધ્વજનું આખ્યાન | | હા. પ્ર. ગુ. વિ. સ. તથા ફા. સા. સ. |
| ૯ ચંડીનું આખ્યાન | | પ્ર. બુદ્ધિપ્રકાશ, સને ૧૯૦૪, પૃ. ૧૯૩ |
| ૧૦ સુધન્વાખ્યાન | સં. ૧૬૩૨ | |
| ૧૧ બભ્રુવાહન આખ્યાન | | પ્ર. બુ. પ્ર. સને ૧૯૦૨ તથા ફા. સા. સ. |
| ૧૨ લવકુશ આખ્યાન | | પ્ર. પ્રાચીન કાવ્યસુધા ભા. ૩, પૃ. ૫૪ ઉપર પ્રસિદ્ધ |
| ૧૩ મોરધ્વજ આખ્યાન | | હા. પ્ર. ગુ. વિ. સ. અને ફા. સા. સ. |

| | | |
|---|---|---|
| ૧૪ ચન્દ્રહાસ આખ્યાન | સં. ૧૬૩૪ | વડોદરા ઓ. એ તથા ફા. સા. સ. |
| ૧૫ રુકમાગદ આખ્યાન | ” | પ્રા. કા. મા. ત્રૈ. પુ. ૮, અંક ૪ પ્રસિદ્ધ તથા બુ. કા. દો. ગ્ર. ૮ હા. પ્ર. ગુ. પ્રિ. પ્રેસ મુંબઈ |
| ૧૬ વિરાટપર્વ | | ” |
| ૧૭ આરણ્યકપર્વ | સં. ૧૬૪૬ | |
| ૧૮ સભાપર્વ | સં. ૧૬૫૦ | પ્ર. ફા. સા. સ. ગ્રં. ૧ લો |
| ૧૯ આદિપર્વ | | હા. પ્ર. ફા. સા. સ |
| ૨૦ ઉદ્યોગપર્વ | | પ્ર. ફા. સા. સ. ગ્રંથ ૩જો |
| ૨૧ કર્ણપર્વ | સં. ૧૬૫૫ | પ્ર. ફા. સા. સ. ગ્રં. ૪થો |
| ૨૨ દ્રોણપર્વ | સં. ૧૬૫૭ | હા. પ્ર. ગુ. પ્રિ. પ્રેસ. મુંબઈ |
| ૨૩ ભીષ્મપર્વ | સં. ૧૬૬૩ | હા. પ્ર. ગુ. વિ. સભા |
| ૨૪ શલ્યપર્વ | | પ્ર. પ્રા. કા. ત્રૈ. હાથપ્રત ફા. સા. સ |
| ૨૫ ગદાપર્વ | | પ્ર. ફા. સા. સ. ગ્રં. ૫મો |
| ૨૬ સ્ત્રીપર્વ | સં. ૧૬૬૫ | પ્ર. ફા. સા. સ. ગ્રં. ૫મો |
| ૨૭ મૌશલપર્વ | | હા. પ્ર. ફા. સા. સ |
| ૨૮ પ્રસ્થાનપર્વ | સં. ૧૬૬૮ | ” |
| ૨૯ સ્વર્ગારોહણપર્વ | | ” |
| ૩૦ અંબારેષ આખ્યાન | સં. ૧૬૪૩ | |
| ૩૧ રામાયણ અયોધ્યાકાંડ | | ફા. સા. સ. |
| ૩૨ અરણ્યકાંડ | સં. ૧૬૪૭ | ” |
| ૩૩ કિષ્કિન્ધાકાંડ | સં. ૧૬૫૪ | ” |
| ૩૪ સુન્દરકાંડ | | હા. પ્ર. ગુ. વિ. સભા નં. ૨૭૬ |
| ૩૫ યુદ્ધકાંડ | સં. ૧૬૬૦ | ફા. સા. હ. બિ. ભા. ૨જો પ્ર. ૧૩૩ |
| ૩૬ ઉત્તરકાંડ | સં. ૧૬૫૬ | |
| ૩૭ હરિશ્ચન્દ્ર આખ્યાન | સં. ૧૬૫૭ | પ્ર. પ્રાચીન કા. ત્રૈ અંક ૩ અને ૯૧ તથા ગુ. વ. સો. |
| ૩૮ જાલંધરા આખ્યાન | | પ્ર. ગુ. વિ. સભા અમદાવાદ સને ૧૯૩૨ |
| ૩૯ નરસિંહ મહેતાની હૂંડી | | પ્ર. બુદ્ધિપ્રકાશ સને ૧૯૨૦ |
| ૪૦ ધ્રુવાખ્યાન | | પ્ર. બુ. કા. દો. ગ્ર. ૮ |
| ૪૧ અંગદાવષ્ટિ | | હા. પ્ર. વેડછી |
| ૪૨ ઓખાહરણ | | પ્ર. ગુ. વિ. સ. |
| ૪૩ દ્વારકાં વિલાસ | | |
| ૪૪ શિવરાત્રીની કથા | | |
| ૪૫ સુદામા ચરિત્ર | | |
| ૪૬ છૂટક પદો | | ફા. સા. સ. |
| ૪૭ સૌપ્તિક પર્વ | | હા. પ્ર. ફા. સા. સ. |
| ૪૮ અશ્વમેધ પર્વ | | ” |

દ્વારકાવિલાસ અને શિવરાત્રીની કથાનું સૂચન શ્રી ભાનુસુખરામે કરેલું છે, પણ તેની હાથપ્રતનું સ્થળ જણાવ્યું નથી, એમ શ્રી રા. યુ. મોદી જણાવે છે. વળી સુદામાચરિત્ર, અંગદવિષ્ટિ, ઓખાહરણ તથા ઉપરના બે પુસ્તકો વિશે તે મળ્યાં નથી.

ફાર્બસ સા. સભા મુંબઈ તરફથી કવિ વિષ્ણુપ્રસાદનાં નીચેનાં પર્વો તે સભા તરફથી પ્રસિદ્ધ થયેલા ગુ. મહાભારતમાં શ્રી કે. કા. શાસ્ત્રીએ લીધા છે.

| | | | |
|---|---|---|---|
| ૧ સભાપર્વ | મહાભારત | ભા. ૧લો | પૃ. ૩૧૮ થી ૩૯૦ |
| ૨ ઉદ્યોગપર્વ | ,, | ભા. ૩જો | પૃ. ૨૩૭ થી ૩૦૦ |
| ૩ કર્ણપર્વ | ,, | ભા. ૪થો | પૃ. ૨૩૩ થી ૩૬૦ |
| ૪ ગદાપર્વ | ,, | ભા. ૫મો | પૃ. ૧૯ થી ૪૪ |
| ૫ સ્ત્રીપર્વ | ,, | ભા. ૫મો | પૃ. ૮૦ ઉપર |
| ૬ પ્રસ્થાનપર્વ | ,, | ભા. ૭મો | પૃ. ૩૪ થી ૫૨ |

### કવિની ભાષા

'કવિ વિષ્ણુદાસનાં આખ્યાનો તદ્દન ઉપેક્ષાને યોગ્ય નથી. જેમ ચંદ્રોદયના ઉદયથી તારાગણો અને ગ્રહસમુદાયનો પ્રકાશ અભિભવ પામે છે; તેમ પ્રેમાનંદ, શામળાદિ કવિના પ્રભાવમાં તેમની પૂર્વેના કવિઓની કિંમત સારી અંકાઈ નથી. ગમે તેમ હો તોપણ વિષ્ણુદાસની ભાષા સરળ, સાદી, સપાટ પ્રદેશમાં શાંતિથી વહી જતી અને લીલોતરીથી સુશોભિત તળવાળી નદીના જેવી છે. તેમાં સામાન્ય સ્ત્રીપુરુષો તેનાં તદ્દન સ્વચ્છ પાણીમાં નાહી, હરિરસનું અને ધર્મનીતિના જ્ઞાનનું પાન કરી શકે તેમ છે.' ૧૧

વળી જાલંધરઆખ્યાનની પ્રસ્તાવનામાં શ્રી રા. યુ. મોદી લખે છે કે આ કાવ્ય તેની બીજી કૃતિઓમાં સર્વોત્તમ છે; તથા ગુજરાતી ભાષાનાં ઊંચા પ્રકારનાં પ્રાચીન આખ્યાનોમાં તે સ્થાન લે તેવું છે. તેણે શૃંગાર અને વીરરસની જમાવટ ઘણી સરસ કરી છે સંવાદો વજનદાર; વિષ્ણુ અને લક્ષ્મી, વૃંદા અને જાલંધર, લક્ષ્મી અને જાલંધર આદિના સંવાદો જોવાથી આ વાત સ્પષ્ટ થશે. લોકોક્તિઓનો એણે કરેલો બહોળો ઉપયોગ એનો જગતનો વિશાળ અનુભવ દર્શાવે છે. એનાં વર્ણનો પણ સુશ્લિષ્ટ અને મનોહર છે. નવા પ્રસંગોના સર્જનમાં અને મૂળના પ્રસંગોના પ્રમાણબદ્ધ આલેખનમાં તેની પ્રતિભાની પરીક્ષા થાય છે. કવિ પ્રેમાનંદે કવિ વિષ્ણુદાસ પાસેથી લીધેલ પ્રેરણા

ગુજરાતી સાહિત્યમાં કવિ વિષ્ણુદાસે જેટલાં આખ્યાનો રચ્યાં છે, તેટલાં પ્રેમાનંદે રચ્યાં છે. એટલે બંનેનાં કાવ્યોની તુલના ગુજરાતી સાહિત્યના અભ્યાસીને કરવાની તક સાંપડે છે. તેમાં કવિ નર્મદાશંકરને વિષ્ણુદાસની ભાષા મોળી લાગી છે. વળી રસની જમાવટમાં પ્રેમાનંદ શ્રેષ્ઠ છે એમ સૌ કોઈ કહે છે. પ્રેમાનંદે લક્ષ્મણાહરણના પ્રારંભમાં વિષ્ણુદાસને યાદ કર્યો છે.

'મોટા કવિજન આગળ થયા,
આઈ તે તારો પ્રતાપ ।
વ્યાસ મુનિ પરાશર સરખા,
પ્રહ્લાદ વિભેષણ સાર.
નૃસિંહ મહેતો વિપ્ર વિષ્ણુદાસ,
કોઈ નવ પામ્યા પાર ॥

---

૧૧. બૃહદ્ કાવ્યદોહન ભાગ ૮, પ્રસ્તાવના, પૃ. ૬૭

શ્રી. ભો. જે. સાંડેસરા કહે છે કે 'વિષ્ણુદાસમાં વિચારો, પ્રસંગો અને વર્ણનોનાં એવાં કેટલાંક રસબીજ છે કે જેને પ્રેમાનંદે ખિલવ્યાં છે.' વળી પ્રેમાનંદે વિષ્ણુદાસની જે પંક્તિઓ ઉપાડી છે તેમાં સ્વાભાવિક વર્ણનના રૂપમાં છે. તે આ પ્રમાણે છે.

'ઝાઝા માકણ, ઝાઝા જુઆ,
ત્યાંહાં મેતાના હુતારા હુઆ'

આ સિવાય બીજી કેટલીક પંક્તિઓ છે.

આ ઉપરથી બન્નેની તુલના કરી કોઈને ઉતારી પાડવાનો યદ્કિંચિત પ્રયાસ કર્યો નથી. બન્ને કવિઓ વિશે માન ઉપજે તેમ છે.*

કવિ વિષ્ણુદાસ અને કવિ પ્રેમાનંદ એ બેની તુલના કરતો નિબંધ છઠ્ઠી સા. પરિષદમાં શ્રી ભા. નિ. મહેતાએ વાંચ્યો છે. તેમાં વિષ્ણુદાસનાં કાવ્યશક્તિ, રસદર્શન તથા બીજી અનેક બાબતો વિશે ઘણો પ્રકાશ પાથર્યો છે. સત્તરમા સૈકામાં એ કવિઓએ કવિતાનો જે પાયો નાખ્યો તેના ઉપર પછીના કવિઓ પ્રેમાનંદ અને શામળ એ બન્નેએ અલંકારવાળી રચના રચી – ઈમારત બાંધી છે, વિષ્ણુદાસ આદિ કવિઓ પોતાના સમયના સમાજની પ્રીતિ સંપાદન કરી શકેલા અને તેમનાં કાવ્યો લોકપ્રિય હતાં એટલે એ કાવ્યોની પ્રતિકૃતિઓ થયેલી. અને તેને પરિણામે પ્રેમાનંદાદિ કવિઓના હાથમાં એ કાવ્યોની હસ્તલિખિત પ્રતો આવેલી ને તેવી પ્રતોમાં સમયાનુકૂળ યથાશકિત વધારોઘટાડો કરી, પોતપોતાનાં કાવ્યો કલાત્મક વિધિએ રચી નાખ્યાં હશે. કવિ વિષ્ણુદાસ કવિની કાવ્યશકિત હલકા પ્રકારની ન હતી. તેણે અનેક રસનાં કાવ્યો રચ્યાં છે. કરુણરસ, વાત્સલ્યભાવ, હાસ્યરસ વગેરે રસોની જમાવટ કરી છે. ધર્મ તથા નીતિના જ્ઞાનના જેવો બોધ વિષ્ણુદાસ અને નાકર કવિઓનાં કાવ્યો ઉપરથી થાય છે તેવો કેટલોક બોધ કેટલાક પ્રસંગમાં પ્રેમાનંદ કવિના કાવ્યમાંથી થતો નથી. ઉકત કવિઓનાં લખાણો ધર્મ અને નીતિને અનુસરી અને લોકનાં સ્વભાવ, વૃત્તિ, વર્તન, શીલ, ચારિત્રાદિ ઉચ્ચ સ્થિતિમાં રાખવાને માટે છે. વિષ્ણુદાસની ભાષા સરળ, સાદી, સપાટ પ્રદેશમાં શાંતિથી વહી જતી અને લીલોતરીથી સુશોભિત તળવાળી નદીના જેવી છે.

૧. 'સુવાસ' માસિકના ડીસે. ૧૯૪૦ પૃ. ૩૦૧–૨–૩

*. છઠ્ઠી શ્રી સાહિત્યપરિષદમાં ભા. નિ. મહેતાનો લેખ વાંચો.

## કવિ શિવદાસ
### ( સં. ૧૬૪૦થી ૧૬૯૦ )

કવિ શિવદાસ વિ. સં. ૧૬૪૦થી ૧૬૯૦ સુધીમાં થયાનું વિદ્વાનો માને છે. વતન ખંભાત; જ્ઞાતિએ – વડનગરો નાગર બ્રાહ્મણ. ગુરુનું નામ ભૂધર વ્યાસ. તેના માતાપિતાનું નામ માલૂમ પડયું નથી. તેમ ખંભાતમાં કયે સ્થળે રહેતો હતો, તે પણ જણાવ્યું નથી. જેમ કે વિષ્ણુદાસ નાગર કવિ હતો અને તે ખાનપુરમાં રહેતો હતો વળી શિવદાસે વિજાપુરની મુલાકાત લીધેલી તેના આખ્યાનમાંથી મળે છે.

### રચેલું સાહિત્ય

૧ પરસુરામ આખ્યાન – વિ. સં. ૧૬૬૭, પ્રગટ પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક, વર્ષ ૭, અંક ૪ સને ૧૮૯૧, હાથપ્રત સં. ૧૬૬૮ ગુ. વિ. સભા.

૨ કૃષ્ણચરિત્ર – વિ. સં. ૧૬૬૭, હાથપ્રત ગુ. વિ. સભા અને ફા. સા. સ. મુંબઈ

૩ ચંડી આખ્યાન – સં. ૧૬૬૭, પ્રગટ શિલાછાપ; હાથપ્રત ગુ. વિ. સ. તથા ફા. સા. સ, મુંબઈ

૪ જાલંધરાખ્યાન – સં. ૧૬૬૭, પ્રગટ ગુ. વિ. સભા અમદાવાદ સને ૧૯૩૨

૫ મુસળપર્વ–સં. ૧૬૬૭ પ્રગટ ફા. સા. સ. મુંબઈ સને ૧૯૬૧, તેના 'ત્રૈમાસિક'માં છપાયું છે.

૬ એકાદશી માહાત્મ્ય – સં. ૧૬૭૦ પ્રકટ બૃ. કા. દા. ભા. ૪

૭ ડાંગવ આખ્યાન – સં. ૧૬૭૨ પ્રગટ પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક વર્ષ ૭, અંક ૪ સને ૧૮૯૧ હાથપ્રત ગુ. વિ. સ. અને ફા. સા. સ.

૮ દ્રૌપદી સ્વયંવર – સં. ૧૬૭૩ બૃ. કા. દો. ભા. ૪થામાં પ્રકટ તથા પ્રા. કા. ત્રિમાસિક અંક ૧૨માં પ્રસિદ્ધ

૯ શિવવિવાહ – હાથપ્રત, ગુજરાતી પ્રેસ

૧૦ હંસાવલિ – સં. ૧૬૭૩ 'સાહિત્ય' માસિકમાં સને ૧૯૧૯થી છૂટક છૂટક સને ૧૯૨૧ સુધી છપાઈ છે.

૧૧ કામાવતીની કથા – સં. ૧૬૭૬ પ્રગટ મગનલાલ દલપતરામ જોશી. હાથપ્રત. ગુ. વિ. સભા અમદાવાદ અને ફા. સા. સ. મુંબઈ

૧૨ બાલચરિત્ર – સં. ૧૬૬૭ હાથપ્રત ફા. સા. સ. મુંબઈ

૧૩ નરકાસુર આખ્યાન – અપ્રસિદ્ધ પ્રાચ્યવિદ્યામન્દિર પાસે, વડોદરા

૧૪ સ્વસ્તિક પાઠ – અપ્રસિદ્ધ પ્રાચ્યવિદ્યામન્દિર પાસે, વડોદરા

સંવત સોળ સડસઠ વર્ષે માઘ માસ પાવન,
શુક્લ પક્ષ સપ્તમી શુભ છે રવિવાસરનો દન.
તે દહાડે આખ્યાન કર્યું મેં આણી મન ઉલ્લાસ,
શ્રી ગુરુચરણ કૃપા થકી બુદ્ધિ આપી ભૂધરવ્યાસ.
કવિ કુળ ક્ષુદ્ર નાતનાગરની, વીશ વશા શુભ જાત,
મહીસાગર તટ સ્તંભતીર્થે કવિ વસે છે સાક્ષાત.
સદા ભક્ત કામેશ્વર કેરો, ગુરુનો પદ મહીમાય
કહે શિવદાસ મુને ચરણે રાખો, સ્વામિ વૈકુંઠરાય ૨૦
પરશુરામ આખ્યાન, કડવું ૧૨મું

કવિએ આખ્યાનો લખ્યાં છે; પરંતુ 'કામાવતી'ની વાર્તા અને 'હંસા ચારખંડી'ની વાર્તા લખી છે. એ તેને યશ અપાવનાર છે. લોકસાહિત્યમાં આ કૃતિઓ ગણનાપાત્ર છે. આ બંને વાર્તાનાં વર્ણન અને કાવ્યશક્તિ વિષે શ્રી કો. કા. શાસ્ત્રી લખે છે કે 'કાવ્યબંધની દૃષ્ટિએ બંને કાવ્ય ઉપયોગી છે. કેમકે નષ્ટ થવા બેઠેલા પ્રબંધ–પવાડા–પ્રકારનું આમાં પુનરુજ્જીવન છે. મુખ્ય ચોપાઈ અને વચ્ચે વચ્ચે પૂર્વ છાયા મથાળે દોહરાઓથી આ બંને કાવ્ય બંધાયેલાં છે. આમાંનું કામાવતી સળંગ કાવ્ય છે જ્યારે હંસાને ચાર ખંડમાં વિભક્ત કરવામાં આવ્યું છે.' વળી તેનાં કાવ્યો વિષે લખે છે કે 'તેનાં કાવ્યોની નકલોનો ખૂબ પ્રચાર થયો છે. તેથી તેનો પ્રચાર વધારે થયો છે.'

બે વાર્તાઓ :

શિવદાસની કામાવતી અને હંસા ચારખંડી એ બે વાર્તાઓ ઘણી પ્રખ્યાત છે. બંનેની હસ્તપ્રતો ફાર્બસ સા. સભા મુંબઈમાં છે.

હંસા ચારખંડી વિષે 'સાહિત્ય' માસિકના સને ૧૯૨૦ના ઓગષ્ટ અંક ૮, પૃ ૬૪૩ ઉપર સદ્‌ગત છગનલાલ વિદ્યારામ રાવલે એક લેખ લખ્યો છે. તેમાં તે જણાવે છે કે 'આ કાવ્યની કેટલીક હસ્તલિખિત પ્રતોમાં 'હંસાવલિ આખ્યાન' અથવા 'હંસાવતી આખ્યાન' અને 'ચારખંડી હંસા' એવાં જુદાં જુદાં નામ જોવામાં આવે છે. તેમાંની કેટલીક પ્રતોમાં કર્તા તરીકે શિવદાસ કવિ અને કેટલીક પ્રતોમાં કર્તા તરીકે ગિરધરનું નામ જોવામાં આવે છે. તેથી તેનો કર્તા કોણ? તે નક્કી થતું નથી. પણ પાછળથી ગિરધર અને શિવદાસની જગ્યા ઉપરથી તે શિવદાસની જ છે એમ કહે છે'

વિ. સં. ૧૯૨૬માં ભરૂચમાંથી પેસ્તનજી નામના પારસી ગૃહસ્થે આ કાવ્ય (હંસા ચારખંડી) શિલા પ્રેસમાં છપાયેલું હોવાથી તેની એક નકલ નાંદોદમાંથી હાથ આવી હતી. પણ તેના આરંભનાં તેમ છેડાનાં પાન ફાટી ગયાં હોવાથી કર્તા વગેરેની માહિતી મળતી નથી.

એક બીજી પૂરેપૂરી પ્રત ગુજરાતી પ્રેસવાળા નટવરલાલ ઇચ્છારામ દેસાઈ પાસે છે. તે પણ ઉપરની પ્રત પ્રમાણે શીલા પ્રેસમાં છાપેલી છે.[૧] વળી હંસા ચારખંડી વડોદરાથી પ્રસિદ્ધ થયેલા 'સાહિત્ય' (અને હમણાં બંધ પડેલા) માસિકના સને ૧૯૨૦, અંક ૫થી શરૂ થઈ સને ૧૯૨૧ના જાન્યુઆરી સુધી છપાઈ છે.

કામાવતીની વાર્તા ફાર્બસ સભાના હસ્તલિખિત પુસ્તકોની નામાવલિમાં પૃ ૭૧માં તથા બીજી હસ્તપ્રત ૮૬ તથા ૮૩ છે. પ્રથમ પ્રત સં. ૧૮-૦૩માં લખેલી છે અને બીજી સં. ૧૯૦૨માં લખેલી છે. ઘણાં વર્ષો પૂર્વે મગનલાલ દલપતરામ જોષીએ પ્રકટ કરી હતી પણ તેનું નામનિશાન નથી. બીજી હસ્તપ્રત ગુજરાત વિદ્યાસભા અમદાવાદ છે. આ વાર્તા દોહા, ચોપાઈ અને પૂર્વછાયામાં કડવાંબદ્ધ રચાયેલી છે. કડવાં ૨૮ છે. કુલ કડી ૫૮૩ છે. પૂર્વછાયા એ દોહાનું નામાંતર છે. ભાષામાં કાંઈક પ્રાચીન તત્ત્વના સંસ્કાર રહેલા છે. રચના સાદી અને સરળ છે.

### જૈન કવિવર ઋષભદાસ

(વિ. સં. ૧૬૪૧થી ૧૭૦૦ અનુમાને)

વિક્રમના સત્તરમા સૈકામાં થયેલો ખંભાતનો જૈનકવિ ઋષભદાસ ઉત્તમ સાહિત્યકૃતિઓ આપી ખંભાતને તેમ પોતાને અમરકીર્તિ આપી ગયો છે. આ કવિનું જીવન જાણવા માટે તેણે રચેલી સાહિત્ય કૃતિઓથી માલૂમ પડે છે. અને તે ઉપરથી 'શ્રાવક કવિ ઋષભદાસ' એ શિર્ષકવાળો એક નિબંધ સુરતની પાંચમી સાહિત્યપરિષદમાં (તા. ૧૦-૫-૧૫) શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ એ વાંચ્યો હતો; અને તે જ નિબંધ સુધારાવધારા સાથે આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૮માં આપવામાં આવ્યો છે. વળી ઉપરના પુસ્તકમાં સાક્ષરવર્ય શ્રી બળવન્તરાય કલ્યાણરાય ઠાકોરે પ્રવેશક લખી તે ઉપર પ્રકાશ પાડચો છે.

**કવિનો સમય :** કવિએ ખંભાતમાં રહી અનેક કૃતિઓ રચી ગુજરાતી સાહિત્યમાં સમૃદ્ધ ફાળો આપ્યો છે, અને વિશિષ્ટ સ્થાન ભોગવ્યું છે. કવિએ પોતાનો જન્મ કોઈ ગ્રંથમાં ચોક્કસ આપ્યો નથી, પરંતુ તેમની પહેલી કૃતિ વ્રતવિચાર રાસ સં. ૧૬૬૬માં રચાયેલી છે, એટલે તે વખતે તેમની ઉંમર ૨૫ વર્ષની ગણીએ તો તે વિ. સં. ૧૬૪૧ની આસપાસ જન્મેલા હોવા જોઈએ. અને છેલ્લી અને છેલ્લી કૃતિ વિ. સં. ૧૬૮૮ રોહિણીઆ રાસ મળી આવે છે. એટલે ત્યાર પછી તે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયેલા ગણી શકાય. એમનો કવનકાળ વિ. સં. ૧૬૬૬ થી ૧૬૮૮ નક્કી છે. એટલે એમનો જીવનકાળ વિ. સં. ૧૬૪૧ થી ૧૭૦૦ સુધી ગણવામાં વાંધો નથી.

**વંશપરમંપરા :** કવિ ઋષભદાસના પિતામહનું નામ મહિરાજ હતું, અને તે વિસલનગરમાં રહેતા, જ્ઞાતિએ વીસા પોરવાડ વણિક હતા. તેઓએ સંઘપતિ થઈ ને શત્રુંજય, ગિરનાર અને આબુની જાત્રાઓ કરી હતી. કવિના પિતાનું નામ સાંગણ અને માતાનું નામ સરૂપાદે હતું. તેઓ વીસનગરમાંથી ત્રંબાવતી એટલે ખંભાતમાં આવીને વસ્યા હતા. તેમણે પણ સંઘ કાઢીને જાત્રાઓ કાઢેલી અને સંઘવી નામ જાળવી રાખેલું. તેનો પુત્ર ઋષભદાસ હતા.

'સંઘવી સાંગણનો સુત કવિ છે, નામ તસ ઋષભદાસ

જનની સરૂપાદેને શિર નામી જોડચો ભરતનો રાસ રે!'

ભરત બાહુબલિ રાસ, સં. ૧૬૭૮


**ગૃહસ્થાશ્રમ :** કવિની પત્નીનું નામ મળતું નથી, પરન્તુ સુલક્ષણી પત્ની, બહેન, બાંધવ અને બાળકો હતાં; ઘેર ગાય, ભેંસ વગેરે દુઝતી હતી અને લક્ષ્મી પણ પ્રસન્ન હતાં. કવિ પોતાને સંઘવી તરીકે ઓળખાવે છે એટલે કદાચ પોતે સંઘ કાઢચો હોય અગર બાપદાદાની ચાલતી અટક તેમણે રાખી

---

૧. ગુજરાત શાળાપત્ર, સને ૧૯૧૧

હોય ! ખંભાતમાં આજે નાગરવાડા આગળ 'સંઘવીની પોળ' આવેલી છે અને તેમાં બધા જૈનો વસે છે. આ નામ કયા સંઘવીના નામ ઉપરથી પડયું છે તે ચોક્કસ મળતું નથી; વળી સંસ્કૃતમાં 'નેમિદૂત અથવા નેમિચરિત્ર' નામે ૧૨૫ શ્લોકવાળું કાવ્ય છે તેમાં એક શ્લોકમાં ટૂંકમાં 'સાંગણ સુત વિક્રમ' બતાવે છે, એટલે ઋષભદાસ અને વિક્રમ બન્ને ભાઈઓ હોય એમ વધારે સંભવિત છે.

કવિના ગુરુ : કવિ જૈન શ્વેતાંબર સંપ્રદાયના તપગચ્છના હતા. અને તેમના સમયમાં ગચ્છની ૫૮મી પાટે હીરવિજયસૂરિ થયા અને ૫૯મી પાટે વિજયસેનસૂરિ થયા. આ સૂરિને કવિ સારુ માન આપતા, તે સ્વર્ગવાસી થતાં તેમની પાટ પર આવેલા શ્રી વિજયાણંદસૂરિ થયા. તેમને કવિ ગુરુ તરીકે માનતા.



ખંભાતના જૈન કવિ ઋષભદાસના હસ્તાક્ષર વ્રતવિચારરાસ વિ. સં. ૧૬૭૯

## કવિ ઋષભદાસે રચેલી કૃતિઓ

| | ગાથા | રચ્યા સંવત |
|---|---|---|
| ૧ શ્રી રીષભદેવનો રાસ | ૧૨૭૧ | વિ. સં. |
| ૨ વ્રતવિચાર રાસ | ૮૬૨ | વિ. સં. ૧૬૬૬ કારતક વદી ૦)) ખંભાતમાં આ પ્રત આગ્રાના ભંડારમાં છે |
| ૩ નેમીનાથ રાસ | ૧૬૬૭ | વિ. સં. ૧૬૬૭ પોષ સુદી ૨, કાંતિલાલ વિજયના ભંડારમાં વડોદરા |
| ૪ સ્થુલીભદ્ર રાસ | ૭૨૮ | સં. ૧૬૬૮ આસો વદ ૦)) ગુલાબવિજયના ભંડારમાં છે અમદાવાદ |
| ૫ સુમિત્ર રાજર્ષિ રાસ | ૪૨૬ | સં. ૧૬૬૮ પોષ સુદ ૨, ગુરુ ડેકન કોલેજ. પુનામાં છે |
| ૬ કુમારપાલ રાસ | ૪૫૦૬ | સં. ૧૬૭૦ ભાદ. સુદ ૨, પ્રકટ આ. કા. મ. મૌ. ૮માં |
| ૭ જીવવિચારનો રાસ | ૫૦૨ | સં. ૧૬૭૬ આસો સુદ ૧૫ |
| ૮ નવ તત્ત્વ રાસ | ૮૧૧ | સં. ૧૬૭૬ દિવાળી |
| ૯ અંજાપુત્ર રાસ | ૫૫૯ | સં. ૧૬૭૭ અમદાવાદમાં |
| ૧૦ ભરતેશ્વરનો રાસ | ૧૧૧૬ | સં. ૧૬૭૮ પોષ સુદ ૧૦, ખંભાતમાં પ્રકટ આ. કા. મહોદધિ મૌ. ૩જામાં |

| | | |
|---|---|---|
| ૧૧ સમકીતસાર રાસ | ૮૭૯ | સં. ૧૬૭૮ જેઠ સુદ ૨, ખંભાતમાં |
| ૧૨ બાર આરા સ્તવન અથવા ગૌતમ પ્રશ્નોત્તર સ્તવન | | સં. ૧૬૭૮ |
| ૧૩ પૂજાવિધિ રાસ | ૫૭૧ | સં. ૧૬૮૨ વૈશાખ સુદ ૫, ગુરુ |
| ૧૪ શ્રેણીક રાસ | ૧૮૩૯ | સં. ૧૬૮૨ આસો સુદ ૫, ગુરુ |
| ૧૫ હિતશિક્ષા રાસ | ૧૮૪૫ | સં. ૧૬૮૨ મહા સુદ ૫, ગુરુ, પ્રકટ ભીમશી માણેક મુંબઈ |
| ૧૬ પુણ્ય પ્રશંસા રાસ | ૩૨૮ | સં. ૧૬૮૩ |
| ૧૭ કઈવન્ના રાસ | ૨૮૪ | સં. ૧૬૮૩ |
| ૧૮ વીરસેનનો રાસ | ૪૪૫ | સં. ૧૬૮૩ |
| ૧૯ રોહિણીઆ મુનિ રાસ | ૨૫૦૦ | સં. ૧૬૮૪ પોષ સુદ ૭, ગુરુ |
| ૨૦ હીરવિજય સૂરિના બાર બોલ | | સં. ૧૬૮૪ના શ્રાવણ વદ ૨, ગુરુ |
| ૨૧ મલ્લીનાથ રાસ | ૨૯૫ | સં. ૧૬૮૫ પોષ સુદ ૧૩ |
| ૨૨ હીરવિજય સૂરિ રાસ | | સં. ૧૬૮૫ આનન્દ કા. મો. ૫માં પ્રસિદ્ધ થયો |
| ૨૩ અભયકુમાર રાસ | | સં. ૧૬૮૭ |
| ૨૪ ક્ષેત્રપાલ પ્રકાશ | | |
| ૨૫ સમયસ્વરૂપ રાસ | | |
| ૨૬ દેવગુરુ સ્વરૂપ રાસ | | |
| ૨૭ શત્રુંજય રાસ – શત્રુંજયોદ્ધાર – ઋષભદાસ મહારાજ કૃત, જેની એક નકલ જેસલમેરના ભંડારમાં છે. રચ્યા સાલ સં. ૧૬૬૭ | | |
| ૨૮ કુમારપાલનો નાનો રાસ | | |
| ૨૯ જીવંત સ્વામિનો રાસ | | |
| ૩૦ ઉપદેશમાલા રાસ | | |
| ૩૧ શ્રાદ્ધવિધિ રાસ | | |
| ૩૨ આધકુમાર રાસ | | |

આ ઉપરાંત ૩૩ સ્તવન, સઝાય, નમસ્કાર, સુભાષિત ૪૦૦, ગીત ૪૧, હરિયાલી ૫ વગેરે રચ્યાં છે.

**સમકાલીન કવિઓ ખંભાતના :**

કવિ ઋષભદાસ જૈન સાહિત્યને ગુજરાતીમાં લાવવા પ્રયાસ કરી રહ્યા હતા. તે વખતે મહાભારત અને રામાયણને પ્રજા સમક્ષ મૂકનારા વિષ્ણુદાસ હતા. તથા બીજા કવિઓમાં શિવદાસ, હરિદાસ, મેઘજી કાશી, કવિ કુંવર વગેરે હતા, તેમ આ શાંતિના યુગમાં જૈન સાધુઓમાં નયસુંદર, સમયસુંદર વગેરે અન્ય સ્થળે વિખ્યાત કવિઓ થયા.

**કવિની ભાષા :**

કવિની ભાષા સંબન્ધમાં ‘ કવિ જૈન હોવાથી અને જૈન સાધુઓના સમાગમમાં રહેવાથી ભાષા-ભેદ અને ભાષાસાંકર્યનો દોષ તેના પર મૂકી શકીએ. કારણ કે તેણે પોતાની સર્વકૃતિઓ ખંભાતમાં જ રહીને કરી છે. આથી તેની ભાષાનો

અભ્યાસ ખંભાતની આસપાસના પ્રદેશમાં અને ગુજરાતમાં ઈ. સ.ના સત્તરમા શતકમાં કેવા પ્રકારની ભાષા પ્રચલિત હતી તેનો ઘણો સારો ખ્યાલ આપી શકે તેમ છે.

કવિએ કરેલું ખંભાતનું વર્ણન :

કવિએ સત્તરમી સદીના ખંભાતનું વર્ણન, જિનાલયો, લોકો, રીતરિવાજ, પહેરવેશ વગેરેનું વર્ણન તેના ગ્રંથોમાં સારું કર્યું છે. કે જેથી તે સમયના ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પાડે છે. આટલું બધું વર્ણન તે સમયના ખંભાતના કોઈ કવિએ કર્યું નથી. આ વર્ણન આ પુસ્તકમાં અન્યત્ર આપવામા આવ્યું છે.

કવિના હસ્તાક્ષર :

કવિએ વ્રતવિચાર રાસ સં. ૧૬૭૯માં રચેલો; તેમાં હસ્તાક્ષરનો નમૂનો અત્રે મૂકવામાં આવ્યો છે. તે ૧૧½" × ૪½" લાંબા કાગળ ઉપર બાળબોધ અક્ષરમાં લખતા હતા. કવિ સંસ્કૃતના જ્ઞાતા હતા; તેમણે પોતાનાં કાવ્યોમાં શ્લોકો મૂકયા છે, અને કેટલીક જગાએ શ્લોકનો ગુજરાતી તરજૂમો કાવ્યમાં મૂકયો છે.

જૈન દહેરાં અને ઉપાશ્રયો :

કવિના સમયમાં ખંભાતમાં જૈન દેરાસરો તથા ઉપાશ્રયો કરેલાં હતાં; તે તેમણે કાવ્યમાં જણાવ્યું છે. તે કહે છે,

'પંચ્યાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણ તિહાં ઘંટાનાદ.'

'પિસ્તાલીસ જિહાં પોષધશાલ કરઈ વષાણ મુની વાચાલ'

કેટલાંક કાવ્યો વિષે :

(૧) કવિએ કુમારપાલ રાસ તે જિનમંડનગણિના કુમારપાળ પ્રબંધ ઉપરથી અને (૨) હીરવિજયસૂરિ રાસ દેવવિમલગણિકૃત હીર સૌભાગ્ય નામના સંસ્કૃત કાવ્ય ઉપરથી ગુજરાતીમાં ઉતાર્યો છે અને (૩) ભરતેશ્વર બાહુબલીરાસ તે હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્રમાંના ઋષભદેવ ચરિત્ર પરથી રચેલ છે. છતાં પોતાની સ્વતંત્ર કૃતિ હોય એમ ભાસ થાય છે. એ ધર્મકથાનક વસ્તુ છે. કુમારપાલ રાસ અને હીરવિજયસૂરિ રાસ એ ઐતિહાસિક ચરિત્રો છે. હિતશિક્ષાના રાસમાં ધર્મ સંબંધી છે. અને તે જૈન ગ્રંથોને આધારે બનાવેલ છે. ઋષભદેવ અને મલ્લિનાથ એ તીર્થંકરોનાં ચરિત્રો છે. તથા ધર્મગ્રંથો ઉપરથી જુદા જુદા રાસો બનાવ્યા છે. વ્રતવિચારરાસ, પુણ્યપ્રશાસ્તરાસ શત્રુંજયરાસ વગેરે અનેક રાસો, સ્તવનો, સ્તુતિઓ, નમસ્કારો વગેરે ઘણું જ સાહિત્ય રચ્યું છે. અને જૈનોમાં આચારવિચાર વિષે ઊંડી છાપ પાડી છે. વળી સંસ્કૃત જાણતા હતા. તેથી કેટલીક ઠેકાણે શ્લોક મૂકયા છે. કેટલીક ઠેકાણે સમસ્યાઓ મૂકી છે. જેવી શામળ કવિમાં જોવામાં આવે છે તેવી. વળી ઋષભદાસ કવિનું કેટલુંક આગળના કવિઓએ લીધું છે. અને ઋષભદાસે પણ પોતે તે પ્રમાણે કર્યાનો સ્વીકાર કર્યો છે. શ્રી. બ. ક. ઠાકોર કહે છે કે 'ઋષભની કૃતિઓમાં જે લોકપ્રિય ઢાળોનાં મીઠાં અસરકારક પદો જોવામાં આવે છે તે એની કવિત્વની પદ્ધતિનો અંશ શામળમાં નથી." ૧

'મારે ઘેર આવજો માવા,
ભાવે તો ઢેબરૂં ખાવા'

કવિ કુંવર

(વિ. સં. ૧૭૧૬માં વિદ્યમાન)

સત્તરમા શતકમાં ખંભાતમાં થયેલા કવિઓમાં કવિ કુંવર આવી શકે. તેના નામ વિષે કોઈ કોઈ કાવ્યમાં 'રામજનકુંવર' કે 'જનકુંવર' એવા શબ્દો મળે છે. ઉપરની પ્રખ્યાત પંકિતઓને તો લેખક છે.

'શ્રી રામજન કુંવર કહે, પછી વાલ્મીકિઋષિ બોલ્યા સહી.' (ક. ૪૧)
જનકુંવર કહે વિમાન તજી રઘુનાથ ત્યાં આવીયા સહી રે (ક. ૪૬)

૧. આનંદકાવ્ય મહોદધિ મૌકતક ૮, પૃ. ૨૧

દાસકુંવર કહે રામ સંઘાત, શત્રુઘન બોલ્યો સાક્ષાત (ક. ૪૪)

ઉત્તરકાંડના કડવામાં ઉપર પ્રમાણે તેના નામની ત્રણ છાપ મળે છે.

કવિ પોતાની ઓળખ આ પ્રમાણે આપે છે. 'પદ એકવીસસે છત્રાસ સો એ, શુભ કડવાં ૫૭ વન હો એ, ભટ બાલકૃષ્ણ કરુણા કરી જાણ, બુધ આપી શિર મૂકો પાણ, તેહ તણી કૃપાએ કરી ઉત્તરકાંડ કથા વિસ્તરી સંવત ૧૭૧૬ સાર આસો વદ તૃતીય સોમવાર. તે દિન પૂરણ હવું આખ્યાન, સાહ્ય કરી મુને ભગવાન, વાસે સ્તંભતીર્થ છે જાહ, કવિતા જ્ઞાતિ મકર કુલ માંહે ખાનપોર મધ્યે મુજ વાસ, વૈષ્ણવજનનો કહાવું દાસ. કવિ કુંવર કહે રાઘવ રાએ, મુજને કરજો પરમ કૃપાએ.

(ઉત્તરકાંડ) [૧]

આ કવિ ખંભાતના ખાનપોર પરામાં રહેતો હતો. તેનું મકરકુળ ઓળખાતું હતું એટલે તે નાગર બ્રાહ્મણ હતો. અને વિષ્ણુદાસનો સગો થતો હશે. તેના ગુરુ બાળકૃષ્ણ હતા.

કવિની કૃતિઓ

૧ રામાયણનો ઉત્તર કાંડ

૨ મહાસાગર સંગમકથા સં. ૧૭૧૧માં રચ્યું છે. વડોદરા સેંટ્રલ લાયબ્રેરીમાં છે.

૩ તારકાસુર આખ્યાન – ફા. સા. સભા મુંબઈ હાથપ્રત છે. સં. ૧૭૧૩ છે.

૪ લક્ષ્મણહરણ અથવા સાંબઆખ્યાન, વિ. સં. ૧૭૧૦ રચ્યું છે.

૫ સુરેખાહરણ – શ્રી પુરુષોત્તમ વિશ્રામજીના સંગ્રહમાં છે.

૬ મહાકાલેશ્વરનો ગરબો (કવિ દલપતરામ હસ્તલિખિત સંગ્રહની સૂચી) પૃ. ૨૪૪

કવિનું પ્રસિદ્ધ ભજન

થાળ

મારે ઘેર આવજો માવા,
ભાવે તો ઢેબરું ખાવા,
બાજરીનાં બે ઢેબરાં કીધાં,
તળિયા તાતે તેલ
તલ પાપડ ને કોચલી માંહી,
દહીંનું દડબું મેલ...મારે ઘેર૦
મારા ખેતરમાં લેંબડી પાકી,
આવી કુમ તંદેલ
કાળંગડીનું શાક ખાઓ તો,
એ દીસે છે વેલ...મારે ઘેર૦
બાજરીનાં બે ઢેબરાં કીધાં,
ઘીએ મહેલ્યાં વાહી
કર જોડીને કહે કુબેરો,
ભવાનદાસનો ભાઈ...મારે ઘેર૦

(બૃ. કા. ભા. ૬ પૃ. ૭૬૧)

તારકાસુર આખ્યાનના અંતભાગમાં લખે છે કે —

પદ સહસ્ર અઠાણું સાર,
કડવાં ઓગણચાલીશ વીશ તાર. ૪૩
શંમત શતરતેત્રો સાર,
શ્રાવણ વદીએ દશમી નીરવાણ. ૪૪
બુધવાર હતો અતિસાર,
તવ પુરણ હવો વિસ્તાર ૫૫
શ્રી ગુરુચરણ કીરપાએ કરી,
પાવન કથાઓ વિસ્તરી ૪૬
કુમાર કથા સૂણે નરનાર,
છત્રવંત તે હોએ નીરધાર. ૪૭
ધની ધનેથો નર સૂણતાં ધ્યાન,
અસહે સીધ પામે નિદાન. ૪૮

▣ ▣ ▣

શમ પુરણ કથાનો સાર,
કુમારીકાખંડ કરો વિસ્તાર.

---

૧. રામાયણના 'ઉત્તરકાંડ'નો કર્તા કોણ? લે. રામલાલ ચુ. મોદી ગુજરાતી દીપો. અંક સને ૧૯૩૨, પૃ. ૩૩ વિસ્તારથી લેખ લખ્યો છે.

તારકાસુર કેરુ આખ્યાન,
સૂણતાં કીરપા કરે ભગવાન.
અધશડને દીધો આધાર,
તો ગ્રંથ પામો પાર.
અણુજાણે કીધો આતમશ,
કવિને કેરો કહાવું દાસ. ૬૪
વાંસે સ્થંભતીરથ છે જેહ,
કવિની જાત ધુમકુળમાં હે.
અધુવર પુર મધે સ્વસ્થાન,
પ્રથમે શમરા શ્રી ભગવાન.
દાસ કુંવર કહે નામીશીશ,
મને કીરપા કરો જગદીશ[1]
કડવાં. ૩૮

ભવાન ભક્ત

સં. ૧૭૩૬માં વિદ્યમાન

ખંભાત પરગણાનો કાનફટા ધર્મનો સાધુ હતો. (કાવ્યદોહન, દલપતરામ ભા. ૧–૨)

આ એક સાધુ થઈ ગયા. તેમણે ઘણી કવિતાઓ બનાવી છે. ખંભાતના એક ધનવાન શેઠ વખતચંદ હતા. તેમનાં માલથી ભરેલાં વહાણો સમુદ્રમાં ડૂબતાં હતાં; તે આ સંત કવિના આશીર્વાદથી ડૂબતાં બચ્યાં. તે પ્રસંગથી તેને કવિ ઉપર શ્રદ્ધા બેઠી અને સંતને મળવા લાગ્યા. ત્યાં તેમણે ઉપદેશ લાગ્યો. અને પ્રભુભકિતમાં મગ્ન થયાં. (ભાણુ પ્રકાશ હિંદી ગ્રંથને આધારે)

આ કવિનાં ઘણાં ભજનો પ્રખ્યાત છે; અને કાવ્યદોહનમાં લેવામાં આવ્યાં છે.

૧ આ પ્રત જૂની હતી તે ઉપરથી મીઠા જોષીએ સંવત ૧૮૦૨માં શ્રાવણ વદી ૧૪ લખી છે. વળી આ ચોપડામાં કવિ વિષ્ણુદાસનાં પદો તથા તારકાસુર આખ્યાન તથા મહાદેવ સુત હરદેવનું સદાશિવ આખ્યાન છે. આ ચોપડો ફાર્બસ સભાના પુસ્તકભંડારમાં છે.

૧. રાવણમંદોદરી સંવાદ — સં. ૧૭૩૬માં લખી છે. અને બૃ. કા. દો. ભાગ પાંચમાં તે છપાઈ છે. વળી છૂટક કવિતાઓ પણ લખી છે.

કવિ હરિદાસ

વિ. સં. ૧૬૩૭માં વિદ્યમાન

વતન ખંભાત; જ્ઞાતિએ વાળન્દ; વિ. સં. ૧૬૩૭માં વિદ્યમાન

રચેલા ગ્રંથો :

૧ ધ્રુવાખ્યાન : સં. ૧૬૩૭માં રચ્યું છે અને બૃ. કા. ભા. ૮માં છપાયું છે.

૨ પ્રેમલા રાણીનું આખ્યાન : હાથપ્રત છે. ગુજરાત વિદ્યાસભાના હાલ. પુસ્તકો નં. ૨૮૧ ક્ષ અમદાવાદ.

૩ મૃગલી સંવાદ : હાથપ્રત છે. ગુ. વિ. સં. અમદાવાદ હ. પ્ર. નં. ૭૪૮.

૪ શામળશાહનો વિવાહ : ફાર્બસ સભામાં છે.* ન. સં. ૧૭૭૫.

૫ પ્રહલાદાખ્યાન : રચ્યાનું કહેવાય છે. પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરામાં છે.

૬ સુધન્વાખ્યાન : વિ. સં. ૧૬૩૪માં લખ્યું. 'નડિયાદ ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં છે.'

હરિદાસે ધ્રુવાખ્યાન સ્કંદપુરાણાંતર્ગત કાશીખંડ અને ભાગવતને આધારે લખ્યું છે.

કવિની ઓળખ એની નીચેની કૃતિ પરથી થાય છે.
'સંવત સોલ આડત્રીસ, વર્ષ માસ ચૈત્ર તે સાર
ધ્રુવનું આક્ષાન કર્યું, એકાદશી શનિવાર' ૧૮
શ્રી ભાગવત કથા રસ, નિર્મલ શ્રવણે કીધું પાન
કાંઈ એક કથા માંહી,
કાશીખન્ડની સમર્યા શ્રી ભગવાન. ૧૯

* સભા મુંબઇના હસ્તલિખિત યાદીમાં અંક ૮૬ સં. ૧૭૭૫, કા. સુ. ૧, ભૃગુવાર 'પ્રાચીન કવિઓ અને તેમની કૃતિઓ' 'સયાજી સાહિત્યમાળા' વડોદરામાં તેની નોંધ છે.

સ્તંભતીરથ પુરવૈકુંઠલ તોલે, કવિનો તાંહાં વાસ,
સાંભળતાં સુખે વૈકુંઠ પામીએ,
રહે લહુઆ સુત હરિદાસ. ૨૦
વાળન્દવર્ણ કુલિ તે ઉત્પન્ન, તેહનો શો અધિકાર,
કહે હરિદાસ હરિવર્ણન જોઈ,
હૃદયે વસો યુગદાધાર. ૨૧

વળી બૃ. કા. ભા. ૮માં નીચે પ્રમાણે છે.
કવિતા કહે સેવક શ્રીરામ વાસો ત્રંબાવટી ગામ
મહિસંગમ અતિ ઉલ્હાસ, ગાય સાંભળે વૈકુંઠવાસ.

*

એહુ કરી કહે હરિદાસ

### કવિ રામભક્ત

*

વિ. સં. ૧૬૬૦માં વિદ્યમાન

આ કવિ વિષે 'કવિચરિત'માં જણાવે છે કે તેણે ભગવદ્ ગીતા ઉપર કલમ ચલાવી છે; અને ગીતા ઉપર લખનાર તે પહેલા છે. એણે ગીતાનો સાર અધ્યાયવાર કવિતામાં સં. ૧૬૬૦માં આપ્યો છે. આ કવિની જ્ઞાતિ તથા તેના માતાપિતા વિષે કશી પણ હકીકત મળતી નથી. તે સં. ૧૬૬૦માં વિદ્યમાન હતો તે નીચેની પંક્તિઓથી જણાય છે.
'સંવત ષોડષ સાઠોતરે, આસો માસ પક્ષઉજલે
દિન દ્વાદશી નિ રવિવાર, કથા હવી પુરણ વિસ્તારે'

આ કવિનાં બીજાં પુસ્તકો :–

(૧) ભગવદ્ ગીતા
'રામ ભકત કહે સાંભલો,
શ્રીહરી રહીત કામના મેં સ્તુતિ કરી,
વેદાંત મત ગીતાનું જ્ઞાન,
ને ઉપર મે કહ્યું આક્ષાન [૪]'

(૨) અંબરિષ આખ્યાન
રામભકત કહે વિનંતી મુને,
કીરપા કરો જુગદીશ.
તાહારી ભગતી નિશ્ચલ,
આપીએ, ચરણે નાનું શીશ. ૪

(૩) કપીલ મુનીનું આખ્યાન
વિષ્ણુલોક તેહની નહિ દુર્લભ જેહની હરીનું ધ્યાન
રામભકત ચરણે રાખો.............ભગવાન.

(૪) ભાગવત એકાદશ સ્કંધ
ત્રૂટે બંધન કર્મ હરિ સેવા જેણે લહી રે
ભટ નારાએણ વૈકુંઠે કથા કહીએ......
મેળવીએ પદબંધ રામભકત ગાઉં દાસ રે. [૬]

(૫) યોગ્ય વસિષ્ઠ
અભિમુરતી હોશે રઘુવીર,
નહિ લેખે જેમ પંકજ નીર,
રામભકત ઝીણો શરવથા,
શરગ એક વીશમે એ કથા. [૭]

એક જૂની હાથપ્રત સં. ૧૭૨૯ની કોઈ ભગવતીદાસ શીરંગજી નાગર 'ખંભાયતી'ના હાથની મળે છે. આ એક નકલ ઉપરથી કવિ ખંભાતનો હશે એવી શ્રી કે. કા. શાસ્ત્રી શંકા કરે છે.

### કવિ ભૂધર

વિ. સં. ૧૬૭૫માં વિદ્યમાન

ભૂધર કવિ જ્ઞાતિએ ઔદુંબર બ્રાહ્મણ હતો. તેમણે વિ. સં. ૧૬૭૫માં હરિશ્ચંદ્રાખ્યાન રચેલું મળી આવ્યું છે. એની પ્રત સ્વ. શ્રી રામલાલ ચુનીલાલ મોદી (પાટણ) પાસે છે.[૮]

આ સમયના કવિ વિષ્ણુદાસે પોતાના ગુરુનું નામ ભૂધર વ્યાસ જણાવ્યું છે. તથા કવિ શિવદાસના ગુરુ પણ તે જ હતા. આ બેઉ સહાધ્યાયી હતા એમ પ્રચલિત થયું છે. પણ તે વધુ સંભવિત નથી.

---

૧ કવિચરિત ભા. ૧-૨, પૃ. ૪૩૦-૪૩૧
૨ ફા. ગુ. સા. સભા ભા. ૨જો, પૃ. ૪૦૨
૩ એજન પૃ. ૨૧
૪ ગુ. વિ. સભા હ. લિ. પુ. નં. ૩૩૪ (૫ મું કડવું ૧૭૬૧ની પ્રત છે)
૫ ફા. ગુ. સભા મુંબઈ હ. લિ. ભા. ૨જો પૃ. ૨૨૯
૬ એજન પૃ. ૨૧૪
૭ કવિચરિત પૃ. ૪૩૩
૮. ગુજરાત વિદ્યાસભા અમદાવાદ તરફથી પ્રકાશિત જાલન્ધર આખ્યાનની પ્રસ્તાવનામાં પૃ. ૨૪ ઉપર તેમણે જણાવ્યું છે.

તેમ તેમના ગુરુ ભૂધર હતા તે પણ નક્કી થઈ શક્યું નથી.[૨]

### કવિ કાશીસુત શેધજી

વિ. સં. ૧૬૧૭માં વિદ્યમાન

વતન—ખંભાત; જ્ઞાતિએ બંધારો, વિ. સં. ૧૬૧૭માં વિદ્યમાન. તેના પિતાનું નામ કાશીદાસ; ગુરુનું નામ નાગજી વ્યાસ.

રચેલા ગ્રંથો

૧ રુક્મિણી હરણ – વિ. સં. ૧૬૧૭ ગુ. ફા. સા. સભા પાસે છે.

૨ સુદામા આખ્યાન – એજન

૩ હનુમાનચરિત્ર – વિ. સં. ૧૬૪૮માં રચ્યું.

૪ મહાભારતના કેટલાંક પર્વો – સભાપર્વ વિરાટપર્વ વગેરે.

૫ ઘોષયાત્રા યાને ચિત્રસેનનું આખ્યાન – વિ. સં. ૧૬૫૦ જેઠ સુદ-૧૫. સોમવાર, આ આખ્યાન વલ્લભવિદ્યાનગર તરફથી પ્રસિદ્ધ થયેલી સંશોધન પત્રિકા (સને ૧૯૫૭–૫૮) પૃ. ૧૧૫૨ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તથા જુદી પુસ્તિકારૂપે છપાયું છે.

૬ અંબરિષ કથા, ૭ પ્રહલાદ આખ્યાન વગેરે તેની સાહિત્યકૃતિઓ છે.

પલવટ કુલ બંધારા સાર,
રામચન્દ્રે કીધો આધાર.
તે મેં ગ્રંથ કીધો પદ બંધ,
કાશીસુત શેધજી મતિમંદ.
(હનુમાનચરિત્ર)

શ્રી સ્તંભપુર સાયર છે યાંહિ,
કવિતા કુલ બંધારા માંહિ.
કાશીસુત કહે કોઈ ન જાણું,
કૃષ્ણ કૃપાળને હૃદયમાં આણ.[૨]
(રૂક્ષ્મણીહરણ)

વળી 'ઘોષયાત્રા'ને અંતે આપે છે.

ઘોષયાત્રાની જોઈ યુગત્ય,
સુણતાં ભવબંધન હુઈ મુગત્ય ॥
સંવત ૧૬ પચાસા વર્ષ,
જેષ્ઠ માસ આરંભ્ય હર્ષ ॥ ૭ ॥
શુકલપક્ષ પૂરણિમા દિન,
સોમવાસર હતું પાવન ॥
કહી કાશીસુત આદિ અનંત,
કૃપા કરે તૂં શ્રી ભાગવંત ॥ ૮ ॥

વિરાટપર્વ વિ. સં. ૧૬૪૮, સભાપર્વ વિ. સં. ૧૬૫૧, દ્રૌપદી વસ્ત્રહરણ વિ. સં. ૧૬૪૮માં રચાયાં છે. વિરાટપર્વ ૨૧ કડવાંનું છે.[૩] વળી શેધજીની ભાષા વિષે 'નાકર એક અધ્યયન' નિબંધમાં લખવામાં આવ્યું છે કે 'એનાં મહાભારતપર્વોને વાંચતાં અત્યંત કુશળતાથી અને સંયમિત રીતે વસ્તુ નિરૂપવાની એની શક્તિનાં આપણને દર્શન થાય છે, એણે કરેલું મયદાનવની રચેલી સભાનું વર્ણન કે ભીમકીચકનો નિરૂપેલો યુદ્ધપ્રસંગ વાંચીએ, રાજસૂયયજ્ઞનું એણે કરેલું વર્ણન કે નાસતી દ્રૌપદીનું ચિત્ર જોઈએ : એ સર્વમાં એકસરખી પ્રૌઢિ દાખવતો એની ભાષાનો શબ્દસ્રોત આપણને સ્પર્શ્યા વિના રહેતો નથી.'[૪]

### કવિ હરદેવરામ

વિ. સં. ૧૭૦૦માં વિદ્યમાન

જન્મ ખંભાતમાં; જ્ઞાતિએ ઉદીચ્ય સહસ્ર બ્રાહ્મણ, યજુર્વેદ, અને વસિષ્ઠ ગોત્ર, તેમના પિતાનું નામ મહાદેવ, માતાનું નામ કૃષ્ણાબાઈ હતું; તેમની પત્નીનું નામ રૂક્ષ્મણી. તેમને સહદેવ,

---

૧. 'સાહિત્ય' માસિક નવે. ૧૯૨૫, પૃ. ७६૦

૨. ઉપર મુજબ અસંભવિતપણું દેખાડયું છે.

૨. ચોથી સાહિત્યપરિષદ રિપોર્ટ, પૃ. ૧૦૫

૩. સ્વાધ્યાય પુ–૬–૧ પૃ. ૨૧થી ૨૯ સુધી કાશીસુત શેધજીકૃત 'વિરાટપર્વ' લેખક એચરભાઈ ર. પટેલ.

૪. નાકર – એક અધ્યયન ડૉ. ચીમનલાલ.

જગનેશ્વર અને જાગેશ્વર નામના ત્રણ ભાઈ હતા. દેવની પોળમાં તેઓ રહેતા હતા. ગુરુનું નામ શ્રીદેવ હતું.

### રચેલા ગ્રંથો :

૧. શિવપુરાણ : સંસ્કૃત બ્રાહ્મણોત્તર ખંડમાંથી શિવપુરાણ નામનું ૩૭ કડવાનું કાવ્ય સં. ૧૭૪૦ના કારતક વદ ૧૩, સોમવારે રચ્યું છે. બીજી એક પ્રતમાં તેનું વતન માધવપુર, જન્મભૂમિ ખંભાત, કાશ્યપ ગોત્ર એમ જણાવ્યું છે. અને ધંધા માટે સુરત આવેલા અને બેગમપુરાના સોમેશ્વર ફળિયામાં રહેતા હતા. ગુરુનું નામ શ્રીદેવ હતું.[1]

ગુજરાતી ભાષામાં શિવપુરાણ આજ સુધીમાં જુદાજુદા કવિઓનાં લખેલાં બહાર આવ્યાં છે. (૧) કાઠિયાવાડના કવિ લવજીકૃત (૨) ખંભાતના કવિ દુર્ગાશંકરકૃત (૩) કવિ શામળકૃત (૪) વલ્લભકૃત.

એક વિશેષ શિવપુરાણ ખંભાતના કવિ હરિદેવનું જાહેરમાં જણાયું છે. વલ્લભ કવિ અને હરદેવ કવિની હસ્તલિખિત પ્રતો મળી છે. હરદેવરામના શિવપુરાણ ( શિવમહાત્મ્મ )ની હસ્તપ્રત ફા. સા. સ. મુંબઈમા છે. તેનાં કડવાં ૧થી ૧૦૨ છે. તેમાં સંવત ૧૭૪૦ આપેલી છે[2]

કવિ પોતાની ઓળખ આપે છે :

' સ્વસ્થાને સીવપુરે અમારો
  જન્મ ભોમી ખંભાતજી
વછશ ગોત્રપદ છે જાણો,
  સહસ્ર ઔદિચ્ય ગુજરાતજી
દેવની પોળ, સોમેશ્વર ફળિયા,
  તાંહા પૂરવે ઘર વાસજી
દારિદ્ર ભંજન શિવકરુણાપૂરણ,
  કીધો એ અભ્યાસજી
તાપીપુર સુરજપુર પાવન,
  બેગમપરામાં વાસજી
સીહોડા સંગ રહું, હવડા,
  માલી ફળિયા પાસજી
સુભક્ષ ભાંડુ સહદેવ,
  જગનેશ્વર, જાગેશ્વર નામ
માતા નામ શ્રી કૃષ્ણજનુની,
  જે થઈ ગોકુળ ગામજી
સુશીલ શ્રી દેવ ગુરુચરણ
  પ્રતાપે,પામ્યો અભીખ્યાનજી
મહાદેવસુત હરદેવ પ્રભુ,
  શીવશક્તિ પરમ નિધાનજી

આ કવિનાં કેટલાંક પદ પ્રાચીન કાવ્ય સુધી ભા. ૩જામાં પૃ. ૨૫૮–૬૦ શ્રી છગનલાલ વિદ્યારામે છપાવ્યાં છે.

### કવિ મેગલ – વિ. સં. ૧૬૩૭

સ્વ. શ્રી હીરાલાલ ત્રિભોવનદાસ પારેખે આઠમી સાહિત્યપરિષદમાં નિબંધ વાંચેલો. ' મધ્યકાલીન રાજકીય પરિસ્થિતિ અને ગુજરાતી સાહિત્ય ' આ નિબન્ધમાં તેમણે કવિ મેગલને ખંભાતનો જણાવ્યો છે. અને તે જ પરિષદમાં ભરતરામ ભાનુસુખરામ મહેતાએ ' કવિ મેગલ અને તેની કવિતા ' એ નિબન્ધ વાંચેલો.[2] આ બીજા નિબન્ધના લેખક જણાવે છે કે કવિ મેગલ કઈ જાતનો હતો ? તેનું પૂરું નામ શું હતું ? તે કયાંનો રહીશ હતો એ વગેરે સવાલોના જવાબ આપી શકાય તેમ નથી. કારણ કે બીજા કવિઓની માફક તેણે પોતાના કાવ્યોમાં પોતપોતાને લગતી કાંઈ પણ હકીકત આપી નથી. પણ પોતાના એક કાવ્યમાં રચ્યાસાલ લખી ન હોત તો તે કયા

---

૧. ગુજરાત શાળાપત્ર, સને ૧૯૦૮ મે.

૨. પાંચમી સાહિત્યપરિષદ ' કાયસ્થ કવિઓ ' એમાં કવિ હરદેવનો સમય જણાવ્યો નથી.

૨. આઠમી સાહિત્ય પરિ.નો હેવાલ પૃ. ૩૭૮

૩. એ જ પૃ. ૧૫૬

સમયનો તે પણ સમજાત નહિ.[૩] તે કવિ વિષે લખતાં તે લખે છે કે તે માણભટ્ટ હોવો જોઈએ; અને પોતાનાં આખ્યાનો સંભળાવી ગુજરાન ચલાવતો હોવો જોઈએ. તેણે લખેલાં બે કાવ્યો પ્રાપ્ત થયાં છે.

૧ ધ્રુવાખ્યાન– રચનાકાળ વિ. સં. ૧૬૩૭ના આસો સુદ ૫, રવિવાર. આ કાવ્ય ભરતરામે પ્રસિદ્ધ કર્યું છે. ( સાહિત્ય નવે. ૧૯૨૫ પ્રસિદ્ધ. )

૨ નાસિકેતાખ્યાન – ભરતરામે પ્રસિદ્ધ કર્યું છે. ( 'સાહિત્ય' ઓકટો. ૧૯૨૫, પૃ. ૭૪૨)

જ્યારે ધ્રુવાખ્યાન મેગલે લખ્યું તે જ સાલમાં હરિદાસે ધ્રુવાખ્યાન લખ્યું છે. તેની રચ્યાસાલ સંવત ૧૬૩૭ના આસો સુદ ૧૧ને શનિવાર છે. મેગલના ધ્રુવાખ્યાન તથા બીજા કવિઓનાં ધ્રુવાખ્યાનો સરખાવ્યાં છે. ધ્રુવાખ્યાનની પ્રત ભરતરામ પાસે છે, તેમ ગુજરાત વિદ્યાસભા પાસે પણ છે. એમાં કામ કરતા શ્રી હીરાલાલ ત્રિભુવનદાસે કવિ મેગલને ખંભાતનો કહ્યો છે તે કદાચ તેમની પાસેની પ્રત ઉપરથી લખ્યો હશે તેથી જ આ પુસ્તકમાં તેને લેવામાં આવ્યો છે.

આ કવિને ઉત્તમ કોટિના તેઓ મૂકતા નથી પરંતુ આધારભય, ગોપાલદાસ, દેવીદાસ, રણછોડ, જીવરામ વગેરે સાધારણ કવિઓની ગણતરીમાં મૂકે છે.

નાસિકેતાખ્યાન છેલ્લા કડવા ૧૪મામાંથી નીચેની પંક્તિઓ પરથી જણાય છે કે તે વિપ્ર હોવો જોઈએ. અને તેના પિતાનું નામ નારણદાસ હોવું જોઈએ.

' કહી કથા સંતોષ્યા હરી,
 નાસકેતી વાણી ઉચરી
ગ્રંથ વિપ્રની પ્રસાદી કરી,
 કથી કથા સંતોષ્યા હરી–૨૪

---

૪. એજ પૃ. ૧૫૬

કહી મેગલ નારાયણદાસ,
 રૂપ બિાંસ એકવીસ પચાસ
ચૌથે ત્રણ્યસિ એશી સહી,
 રઘુનાથ સાંએ કથા મેગલિ કહી.–૨૫

## ભક્ત કવિ વસ્તા વિશ્વંભર
### વિ. સં. ૧૮૩૧માં વિદ્યમાન

ભકત કવિ વસ્તા વિશ્વંભર ખંભાત પાસેના શકરપુરમાં રહેતા હતા. તેમનો જન્મ કઈ સાલમાં થયો હતો, તેની ચોક્કસ માહિતી મળતી નથી; પરન્તુ તેમના રચેલા ગ્રંથોને અંતે આપેલી મિતિઓ ઉપરથી જણાય છે કે તેઓ વિ. સં.ની ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા.

તેઓનું મૂળ ગામ કહાનવા ( તા. જંબુસર ) હોવાની માહિતી મળે છે. તેઓ ત્યાથી ખંભાત તરફ આવ્યા. કહેવાય છે કે કેટલોક સમય દરિયાકાંઠે રહ્યા હતા અને તેમના સમયમાં ખારવા લોકો વિશેષ આવ્યા હતા. કારણ કે ખારવા અને માછીઓનાં ઘર દરિયા નજીક છે. આ લોકોએ તેમને ઘણા માનપૂર્વક ખંભાત પાસેના શકરપુરમાં આણ્યા હતા. ખારવા કોમે તેમના ઉપદેશથી માંસત્યાગ કરેલો અને તેમને પોતાના ગુરુ તુલ્ય માન્યા હતા. તેમની સેવા ઘણાં વર્ષો સુધી તે કોમે કરી હતી.

વસ્તા વિશ્વંભર જ્ઞાતિએ ટોળકીયા ઉદીચ્ય બ્રાહ્મણ હતા. તેમના વંશમાં કે સગામાં કોઈ હોય એવી માહિતી પ્રાપ્ત થતી નથી. બચપણથી જૈનોની સોબત અને પૂર્વજન્મના અજબ સંસ્કારથી તેમના મનમાં જીવદયાનો સિદ્ધાંત પ્રાધાન્ય ભોગવતો હતો. ભાભીના મહેણાથી તેમને કારી ઘા લાગ્યો અને તેમણે ઘર છોડયું. ભણવામાં પાછળ પડતા હોવાથી આ પ્રસંગ ઊભો થયેલો. તેમણે ઘરનો ત્યાગ કર્યા પછી તીર્થક્ષેત્રોમાં ફરવા માંડયું. મૂળથી સ્વભાવે સત્યવકતા, જીવદયામાં માનનાર, આગ્રહી અને જરા તીખા પણ આનંદી અને ફક્કડ હતા; પૂર્વના સંસ્કાર, દેશાટન, આર્તતૃષા અને મિષ્ટ જિહ્વા હોય તો પછી પૂછવાનું શું હોય ?

રામાનંદી સંપ્રદાયના વિશ્વંભરદાસજી નામના મહંતની મુલાકાત થતાં; પરસ્પરને પૂર્વનાં સંસ્મરણો થતાં અધૂરો રહેલો યોગ પૂરો કરવા બન્ને સંમત થયા; દીક્ષા લીધી. ગુરુસેવા કરતાં. કરતાં ગુરુગમ જડી અને એક વખતના નિરક્ષર વસ્તારામ પછી વિદ્વાનને હંફાવે એવા વિદ્યાસંપન્ન થયા. અહિંસા પરમોધર્મ જીવનનું કર્તવ્ય માની સાધુદશામાં તેમણે ઉપદેશ દેવાનું કાર્ય આરંભ્યું.

સુધરેલા સમાજે તેમને સેવા માટે ઉપયોગી ન સ્વીકાર્યા પરંતુ પછાત કોમો, ખારવા અને માછીઓએ તેમના બોલને ગુરુબોલ ગણવા લાગ્યા. આથી તે કોમે તેમને ખંભાતમાં લાવીને રાખેલા. ખંભાતના શકરપુર ગામ વચ્ચે તેમનું મંદિર આજે પણ વિદ્યમાન છે.

તેમના મૃત્યુ વિષે પ્રમાણભૂત તિથિ – સાલ મળતાં નથી. પણ ઓગણીસમા ( વિ. સંવત ) સૈકામાં તેઓ મોટી ઉમ્મરે આ દુનિયાનો ત્યાગ કરી ગયા હશે.

તેઓ શકરપુરમાં જે સ્થળે રહેતા હતા તે જગા બરાબર ન સચવાયાથી ખારવા લોકોએ શકરપુરના પાટીદારોને સોંપી દીધી. આ લોકોએ આજે તે સ્થળે એક મંદિર બંધાવ્યું; અને તેમાં વસ્તા વિશ્વંભરની મોટી છબિ પધરાવી અને સાથે રણછોડજીની એક મૂર્તિ તે મંદિરમાં બેસાડી; આજે આ મંદિર ‘ વસ્તા વિશ્વંભરનું મંદિર ’ તરીકે પ્રસિદ્ધ છે.

કવિએ અહીં રહી જે સાહિત્ય રચ્યું છે તે વાંચતાં ભક્તિરસમાં તરબોળ થઈ જવાય છે. એમનાં કાવ્યો પર નરસિંહ મહેતા, મીરાં, અખો અને કબીરનાં કાવ્યોની છાપ સ્પષ્ટ માલૂમ પડે છે. તેમના એક પદમાં ગુરુની પ્રણાલિકા લખી છે.

‘ માધવાનંદ કે ગરીબાનંદ કે લક્ષ્મીદાસ કે ગોપાલદાસ કે નરહરદાસ કે કુબાજી કે જીવણદાસ પ્રહ્લાદજી કે અમરદાસજી કે વિશ્વંભરદાસજી કે દસ્તાદાસજી કે વિષ્ણુદાસજી ’ આ પ્રમાણે લખાણ છે.

વસ્તારામે પોતાના નામનો મોહ ન રાખતાં ગુરુનું નામ પણ સાથે જોડી વસ્તાવિશ્વંભર નામ રાખ્યું હતું. પોતાના દાદા ગુરુનું નામ રાખવા પોતે ‘ અમરપુરીગીતા ’ લખી છે. તેમ પોતાના નામ ઉપરથી ‘ વસ્તુવિલાસ ’ અને ‘ વસ્તુગીતા ’ નામ આપ્યું હોય એમ લાગે છે. તેમનાં કાવ્યોમાં ગુજરાતી ભાષા સારી છે અને હિન્દી પણ કોઈ કોઈ ઠેકાણે આવે છે; પણ તે અશુદ્ધ છે. તેમની વાણીમાં દર્દ છે, દિલાસો છે, પ્રેમ છે. અસાર સંસારમાંથી ક્ષણભંગુર દેહ ચેતન વિહોણો થાય તે પહેલાં જીવનનો સન્માર્ગ ચીંધવો એવી સલાહ આપે છે.

### વસ્તા વિશ્વંભર રચિત ગ્રંથો

(૧) અંગો : વિ. સં. ૧૮૩૧ના ફાગણ વદ ૨,

(૨) વસ્તુવિલાસ : વિ. સં. ૧૮૩૧ના વૈશાખ વદ ૧૧, શુક્રવાર

(૩) અમપુરી ગીતા : વિ. સં. ૧૮૩૧ના જેઠ વદ ૭ (૪) અંગ (૫) ગુરુગીતા (૬) કહેવત (૭) વસ્તુગીતા (૮) પદ (૯) ધોળ (૧૦) આરતી (૧૧) કક્કો (૧૨) છપ્પા, ઉપર પ્રમાણે ૧૨ ગ્રંથો લખ્યા છે.

અંગો — કુલ ૮૮ અંગો લખ્યાં છે. તેના દરેક અંગનું નામ જુદું જુદું આપ્યું છે. જેમ કે ‘ મિથ્યા જ્ઞાનિકો;’ ‘ માયાકો;’ ‘ ચિંતામણીકો;’ ‘ આત્મજ્ઞાનકો;’ ‘ બંદગીકો;’ ‘ આધિનતાકો; ‘ સંતભેદકો ’ છેવટે એક અંગ બતાવી તેમાં ૮૮ અંગોના વિષયોની અનુક્રમણિકા આપી છે. દરેક પદમાં લીટીઓનો સરવાળો દર્શાવ્યો છે.

આ પ્રમાણે વસ્તુવિલાસ, અમરપુરીગીતા, ગુરુગીતા વસ્તુગીતા, પદ, ધોળ, આરતી, કક્કો વગેરે માટેનો મારો લેખ વાંચો.[1] છેવટે

'ગુજરાત મધે ખંભાત ગામ,
શકરપુર માંહે છે નિજ ઠામ
નાથ નિરંજન કરતા બોધ,
તત્ત્વ સર્વે લીધું શોધ
સંશય છેદ રહ્યો અચ્છેદ,
ગુરુગમ કેરો લેતાં ભેદ
વસ્તાવિશ્વંભર સ્વયંભર સાર,
આપે આપ જોયો વિસ્તાર.
( કવિએ રચેલા કક્કાનો અંતભાગ )

★

સંવત અરાડ બેતાલીસ મધ્ય
અક્ષર એક થયા પ્રસિદ્ધ
આસો સુદ છઠ અજવાળી સાર,
શુભ સબળો બૃહસ્પતિવાર.'

ફાર્બસ સાહિત્યસભાના મુંબઈના હસ્તલિખિત ગ્રંથોમાં અંક ૬૭-૧માં 'વસ્તુગીતા'ની નોંધ છે. તથા કેટલાંક અપ્રસિદ્ધ પદો ગુ. વ. સો. સંગ્રહમાં છે.

## અભરામ બાવા

### વિ. સં. ૧૯૨૯માં વિદ્યમાન

પીરસાહેબ શાહ કાયમુદ્દીન ચીસ્તી સુફીવાદના ઓલિયા હતા. તેમણે પવિત્ર કુરાનનું આંતરિક ભેદી જ્ઞાન પ્રાપ્ત કરીને યોગ સાધ્યો હતો. અને તેમને નૂરનાં દર્શન થયાં હતાં. તેમના શિષ્યોમાં પૂજાબાવા, અભરામ બાવા વગેરે થયા. હિંદુ, મુસલમાન ઘણા શિષ્યોમાં અભરામ બાવાનું સ્થાન પ્રથમ આવે છે. તેઓ અસલ ખંભાતના પરંતુ પાછળથી તે ભરૂચ આવીને વસેલા અને પીરસાહેબની મહેરથી આત્મદર્શન પામેલા.[1] પૂજાબાવાની માફક તેઓએ પણ કૃષ્ણભક્તિનાં ઘણાં પદો બનાવ્યાં છે; અને તે સાહિત્ય પુ. ૧૦મું સને ૧૯૨૨માં 'મુસલમાની ગુર્જર સાહિત્ય'માં છપાયાં છે. લગભગ ૨૩ પદ છપાયાં છે. તેમણે કેટલીક કવિતામાં સ્ત્રીરૂપે પ્રેમભક્તિ વર્ણવી છે.

### ભજન ૧

ધન ઓત્તર દેશ કડી, કસ્બાનીમાંય,
વસે રે પીર કાયમદીન.
હું તો ચિસ્તી ઘરાણાની ચેલી,
મેં લાજ શરમ સૌ મેલી.
મને લોક કહેલી ઘેલી —
ધન ઓત્તર દેશ......... ૧

પીર દખણ દિશાથી રે આવ્યા,
કંઈ વલીઓના મારગ લાવ્યા.
પેલા અણસમજુને સમજાવ્યા —
ધન ઓત્તર દેશ......... ૨

દખણ દેશમાં પરદો લીધો છે,
એકલ બારે આવી ડંકો દીધો છે.
પડછો દેખાડી ફડચો કીધો છે —
ધન ઓત્તર દેશ......... ૩

મને ઈશ્ક ઈલાહી લાગ્યો છે,
મારા મનનો ધોખો ભાગ્યો છે.
પેલો અભરામ નિદ્રામાંથી જાગ્યો છે—
ધન ઓત્તર દેશ......... ૪

---

૧. વલ્લભ વિદ્યાનગર – સંશોધન પત્રિકા નં. ૧ 'વસ્તાવિશ્વંભર' વિષે મારો લેખ વાંચો. સને ૧૯૫૭.

૧. શ્રી ફાર્બસ ગુજરાતી સભા મુંબઈના મહોત્સવ ગ્રંથમાં 'અભરામ બાવા' વિષે પૃ. ૯૧ લેખ છે. તથા 'સાહિત્ય' માસિક પુ. ૧૦મું પૃ. ૨૫૮થી અભરામ બાવાનાં પદ આપ્યાં છે.

### સંત કવિ પૂજાબાવા
### વિ. સં. ૧૯૨૯ વિદ્યમાન

ખંભાતની ખારવા જ્ઞાતિમાં જન્મ્યા હતા. તેઓ પ્રભુના ભક્ત અને કવિ હતા. તેમના નામે ઓળખાતું એક મંદિર માછીપરા ( ખંભાતમાં ) છે. ત્યાં તે ગાદીને પૂજે છે.

તે પીર કાયમુદ્દીન બાવાસાહેબના ખાસ મુરીદ ( શિષ્ય ) હતા. કાયમુદ્દીન બાવા કે જેમનો રોઝો પાદરા તાલુકાના એકલબારા ગામે છે. તેમના પ્રસિદ્ધ શિષ્યોમાં પૂજાબાવા, અભરામ બાવા, ઉમરબાવા, જીવણ મસ્તાન, નબીમીંયાં, રતનબાઈ વગેરે છે. માંગરોળના પીર – નવસારી પ્રાંતમાં આવેલા માંગરોળની ગાદીના સજ્જાદાનશીન પીરજાદા મોટામીંયાં છે. તેમના એક વડીલ પીર કાયમદીન બાવા થયા છે. કાનમ અને સુરત અઠ્ઠાવીસના વહોરા તેમને વધુ માને છે. તેમણે રચેલા પુસ્તકનું નામ 'નુરરોશન' છે તે હિ. સ. ૧૧૧૧માં રચ્યું છે.[૧]

આ સંત કવિએ ગુજરાતી ભાષામાં ઘણાં પદો રચ્યાં છે. અને તેમાંનાં કેટલાંક 'મુસલમાની ગુજરાતી સાહિત્ય' એ વિષયના લેખમાં 'સાહિત્ય' માસિક પુ. ૧૦મું, પૃ. ૬૫૬માં છપાયાં છે. કૃષ્ણની ભક્તિના તે ગુણો ગાય છે. લગભગ ૪૦ પદો ત્યાં આપ્યાં છે.

---

૧. 'અર્વાચીન કવિતા'માં તે વિ. સં. ૧૯૨૯ હયાત હતા એમ જણાવે છે. પૃ, ૪૯૫

છઠ્ઠી સા. પરિષદના પ્રમુખ શ્રી હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળાએ તે અહેવાલમાં પૃ. ૫૨, કેટલુંક લખ્યું છે.

## પ્રકરણ ૩૯ મું

# ખંભાતના સાહિત્યકારો અને સાહિત્યદર્શન

## ૪

## ખંભાતના કવિઓની કૃતિઓ ભાગ ૨ જો.

### શ્રી કવિ રેવાશંકર જયશંકર
### વિ. સં. ૧૮૯૫ થી વિ. સં. ૧૯૭૯

કવિ રેવાશંકર જ્ઞાતિએ ઉદીચ્ય ટોળકિયા બ્રાહ્મણ. તેમનો જન્મ સં. ૧૮૯૫ના માગશર સુદ ૧૩ ને દિવસે થયો હતો. અને તેમનું અવસાન વિ. સં. ૧૯૭૯માં થયું હતું. લગભગ ૮૪ વર્ષનું લાંબુ આયુષ્ય તેમણે ભોગવ્યું છે.

કવિનું કુટુંબ : કવિના પિતાનું નામ જયશંકર; કવિને બે પત્નીઓ, રૂક્ષ્મણી અને ગિરિજા નામે હતી. તેમને કોઈ સંતાન ન હતું. કવિને કરુણાશંકર અને રવિશંકર એમ બે ભાઈ હતા.

કવિએ પોતે આપેલો પરિચય :

ગુણ સાગર ગુજરાત મધ્યે,
સિંધુ તટ પર ગામ

ખંભાયતમાં વાસ કવિજન,
રેવાશંકર નામ – ૨૫
દ્વિજ ઉદિચ્ય ટોળકિયા,
તેમાં કૃષ્ણાતરી કુળ જેહ
વિસાવટ પંડ્યા પ્રખ્યાતે,
પાવન પરમ જ તેહ –૨૬
જયશંકરનો સુત કરજોડી,
કવિજન પ્રત્યે ગાય,
પ્રભુ કપાએ આ ગ્રંથ પ્રકાશ્યો,
કરજો ખોડ ક્ષમાય–૨૭
ચતુર ચરોતર માંહે પાવન,
ભાદરણ એવું ગામ
ભદ્રકાળી ત્યાં ઈષ્ટ દેવીને,
ગુરુ શિવશંકર નામ–૨૮
માત તણા તે તાત જ કહાવે,
આદિ એ ઉપદેશ
ભદ્રકાળીને ભજતાં વાસ્યા,
વદને શારદ શેષ–૨૯



કવિશ્રી રેવાશંકર જયશંકર

**કવિત્વશક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ:**

પોતાના માતામહ ( માના બાપ ) શિવશંકર ભાદરણ ગામમાં રહેતા હતા. તેઓ માતાના ઉપાસક હતા; તેમનું અનુકરણ કવિએ કર્યું; અને ભાદરણનાં ભદ્રકાળી માતાની ઉપાસનાથી તેમનામાં અપૂર્વ કાવ્યશકિત પ્રાપ્ત થઈ.

**આજીવિકાનું સાધન :**

કવિને આજીવિકા માટેનું સાધન કથાવાર્તા હતું. વળી કેટલાક વખત ગામડી મહેતાજીની નિશાળ માંડતા; અને તેમાં વિદ્યાર્થીઓને ભણાવી તેમાંથી ગુજરાન ચલાવતા.

**નિસ્પૃહી અને નીડરતા :**

કવિ સ્વભાવે તદ્દન નિસ્પૃહી હતા એટલે આર્થિક મુશ્કેલીઓ ઊભી થતી. પણ અડગ નિશ્ચિય, અપૂર્વ શકિત, અથાગ પરિશ્રમ, પુરુષાર્થ આ બધા ગુણોને લીધે તેઓ આખી જિંદગી સુધી કાવ્ય કરવામાં જ મશગૂલ રહ્યા. અને જિંદગીભર સરસ્વતી-દેવીની ઉપાસના કરવી એ તેમને મન મહત્ કાર્ય હતું.

**કવિના કેટલાક પ્રસિદ્ધ ગ્રંથો :**

(૧) કામનાથ માહાત્મ્ય : સં. ૧૯૪૬માં લખ્યો, શિલાછાપમાં પ્રસિદ્ધ થયો. તેમાં ખંભાત તાલુકાના કાણીસા ગામ પાસેના કામનાથનું વર્ણન આપ્યું છે.

(૨) જાલંધરાખ્યાન : સં. ૧૯૨૬ના ફાગણ વદ ૫, મંગળવારે રચ્યો. આ કાવ્યની તેર આવૃતિ થઈ છે. એટલે લોકમાં તે ગ્રંથ બહુ પ્રિય થઈ પડ્યો છે. રા. ચુ. મોદીએ ગુ. વિ. સભા તરફથી ' જાલંધરાખ્યાન ' પ્રસિદ્ધ કર્યું તે વખતે જૂની પ્રતોમાં ખૂટતી પંકિતઓ આ કવિના આખ્યાનમાંથી લીધી છે. વળી તેઓ તેની પ્રસ્તાવનામાં લખે છે કે ' કવિ રેવાશંકરે વિષ્ણુદાસનું આખ્યાન વાંચેલું હોવું જોઈએ. આમ ધારવાનું કારણ એ છે કે મૂળ પુરાણમાં નહિ એવા પ્રસંગો જે વિષ્ણુદાસે વધારેલા છે તે રેવાશંકરના આખ્યાનમાં એવા જ

ક્રમમાં અને લગભગ એટલા જ વિસ્તારમાં આપેલા છે. આ ઉપરાંત ઘણે સ્થળે બન્નેની ભાષામાં પણ સ્પષ્ટ રીતે સામ્ય દૃષ્ટિગોચર થાય છે. આથી જ્યાં જ્યાં વિષ્ણુદાસના આખ્યાનનો ભાગમાં પ્રતમાં ત્રુટક છે. ત્યાં ત્યાં સંદર્ભ જળવાય એ હેતુથી રેવાશંકરના આખ્યાનમાંથી પંક્તિઓ લઈ કૌંસમાં મૂકી છે.[૧] '

(૩) મનહરમાળા ભા. ૧લો : વિ. સં. ૧૯૫૬માં પ્રસિદ્ધ કર્યો. આ કાવ્ય વિનોદાર્થે લખ્યું છે. તેમાં જે જે પ્રસંગો લખ્યા છે તેમાંથી હાસ્ય ઉપજે છે.

(૪) તુકારામચરિત્ર : વિ. સં. ૧૯૬૮ મહા સુદ ૧૦, ચન્દ્રવાસરે રચ્યો છે. તેમાં ૬૦ અધ્યાય છે. કવિએ દક્ષિણી ભાષામાં 'તુકારામચરિત્ર' નામનો ગ્રન્થ મંગાવીને, અને એક તદ્દેશીય બ્રાહ્મણની પાસે તેનો અર્થ સમજીને તેમણે આ ગ્રન્થ રચ્યો. તેમાં મનુષ્યના સ્વભાવનું વર્ણન સારું કર્યું છે.

(૫) દિવ્ય કંડકપુર માહાત્મ્ય : વિ. સં. ૧૯૪૩માં લખ્યું. તે શિલાપ્રેસમાં છપાવ્યું. હાથનાં દોરેલાં ચિત્રો મૂક્યાં છે. તેમાં ૭૫ અધ્યાય છે.

(૬) દશમસ્કંધ : વિ. સં. ૧૯૪૬માં રચ્યો. તેમાં ૧૨૩ અધ્યાય છે. પાના આકારે છાપેલો છે. વટાદરા ગામના એક વિપ્રને ત્યાંથી દશમસ્કંધ સંસ્કૃતમાંથી મંગાવીને તેમણે રાગરાગિણીમાં આ ગ્રન્થ તૈયાર કર્યો.

(૭) ત્રિભુવનકીર્તિ : આ જ્યોતિષને લગતો ગ્રન્થ, તેમણે દોહરા ચોપાઈમાં લખ્યો છે. તે ઉપરાંત કેટલાંક યંત્રો કરવાની રીત, તથા કેટલીક જાણવા જેવી ઉક્તિઓ આપી છે. આ ગ્રન્થ સંસ્કૃત નહિ જાણનારને ઘણો ઉપયોગી થઈ પડ્યો છે. તેથી તેની ત્રણ આવૃત્તિઓ બહાર પડી છે.

### કવિ રેવાશંકર જયશંકર રચિત ગ્રંથો

| | |
|---|---|
| ૧ રેવાશંકર કૃત ગ્રંથ (ગાયન) | રચ્યા સં. ૧૯૧૫ |
| ૨ વનીતાવિલાસ | ,, ૧૯૧૭ |
| ૩ સુધા સંચિત ( વૈદક ) | ,, ૧૯૧૯ |
| ૪ તર્ક ભાસ્કર | ,, ૧૯૨૨ |
| ૫ એકાદશીઓની કથા | ,, ૧૯૨૪ |
| ૬ જાલંધરાખ્યાન | ,, ૧૯૨૬ પ્રસિદ્ધ |
| ૭ ઓખાહરણ | ,, ૧૯૨૭ |
| ૮ ચંડીચરિત્ર | ,, ૧૯૩૭ |
| ૯ ડંકપુર માહાત્મ્ય | ,, ૧૯૪૩ પ્રસિદ્ધ |
| ૧૦ કામનાથ માહાત્મ્ય | ,, ૧૯૪૬ આસો વદ ૪, પ્રસિદ્ધ |
| ૧૧ મહાભારતનાં ૧૮ પર્વ | ,, ૧૯૪૯ |
| ૧૨ સત્યનારાયણની કથા | ,, ૧૯૫૦ |
| ૧૩ મનહર માળા ભા. ૧ | ,, ૧૯૫૬ પ્રસિદ્ધ |
| ૧૪ મનહર માળા ભા. ૨ | ,, ,, |
| ૧૫ ક્ષુધાષ્ટમિની કથા | ,, ૧૯૬૫ |
| ૧૬ સભારંજન | ,, ૧૯૬૬ |
| ૧૭ તુકારામચરિત્ર | ,, ૧૯૬૮ મહા સુદી ૧૦ સોમ પ્રસિદ્ધ |
| ૧૮ શામળનો વિવાહ | સં. ૧૯૭૩ |
| ૧૯ શબ્દ સિદ્ધાંતકા (વાર્તાવિનોદ) | |
| ૨૦ દશમસ્કંધ ભાગવત | ,, ૧૯૪૬ પ્રસિદ્ધ |
| ૨૧ નરસિંહ મહેતાના પિતાનું શ્રાદ્ધ | |
| ૨૨ પિંગલ પ્રભંજન | |

---

૧. ગુ. વિ સભા તરફથી પ્રસિદ્ધ થયેલા જાલંધરાખ્યાનની પ્રસ્તાવના, પૃ. ૧૭,

૨૩ સંગીત શેખર

૨૪ પાંડવાશ્વમેધ

૨૫ ભાભારામ ચરિત્ર

૨૬ કાવ્યકલ્પદ્રુમ

૨૭ સિદ્ધિ–સાધન

૨૮ વિશ્વમોહિની

૨૯ ત્રિભુવનકીર્તિ (જ્યોતિષ) પ્રસિદ્ધ

### યતિ મુકુન્દાશ્રમ

સં. ૧૯૩૪ – સં. ૧૯૯૯



પૂ. યતિ શ્રી મુકુન્દાશ્રમ

એમનો જન્મ સં. ૧૯૩૪ની સાલમાં થયો હતો. તેઓનું મૂળ વતન સૌરાષ્ટ્ર હતું. તેઓએ પ્રાથમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં લીધું હતું. ત્યાર પછી પી. આર. ટ્રે. કો.માં અભ્યાસ કરી શિક્ષકની નોકરી લીધી હતી. પરંતુ તેઓનું મન વૈરાગ્ય તરફ હતું. આથી તેમણે સં. ૧૯૫૮માં નર્મદાકિનારે કર્નાળી ક્ષેત્રમાં ગોવિંદાશ્રમ પાસે દીક્ષા લીધી. ત્યાર પછી તેમણે ભારતની યાત્રાઓ કરી.

### ખંભાત આવ્યા – નિવાસ કર્યો

વિ. સં. ૧૯૬૦ પછી તરત જ યાત્રા કરી તેઓશ્રી ખંભાત આવ્યા અને મહાકાલેશ્વરમાં મુકામ કર્યો. ત્યાં ઘણા વખત સુધી કથાવાર્તા તથા સંસ્કૃત સાહિત્યનો એકધારો સતત અભ્યાસ કર્યો. બાદ કેટલાક ગૃહસ્થના આગ્રહથી શાણેશ્વરમાં પધાર્યા.

### ઈસ્ટ આફ્રિકાની સફર

ઈસ્ટ આફ્રિકા નૈરોબીમાં વસતા હિંદી સનાતનીઓના અતિ આગ્રહથી એક વૈદિક ધર્મમહાલય બંધાવ્યું હતું તેની ઉદ્દઘાટનક્રિયા કરવા તેમને ત્યાં જવું પડયું. ત્યાં દરરોજ સનાતન ધર્મનાં વ્યાખ્યાન આપતા; જે ‘ વ્યાખ્યાન રત્નાવલિ ’ નામથી હસ્તલિખિત ગ્રંથ આશ્રમમાં વિદ્યમાન છે. તેઓએ ઈ. સ. ૧૯૧૯ના ડિસેમ્બરમાં આ મુસાફરી કરી હતી.

### સનાતન ધર્મપ્રભા : સં. ૧૯૭૭

દેશમાં આવ્યા પછી તેમની સાહિત્યસેવા અટકી ન હતી. તેમણે ખંભાતમાંથી ‘ સનાતન ધર્મપ્રભા ’ નામે એક ધાર્મિક માસિક સં. ૧૯૭૭ના ચૈત્ર સુદ ૧ શરૂ કર્યું. તેમાં ધર્મભાવનાને પ્રોત્સાહિત કરે તેવા લેખો આવતા. આ માસિક ત્રણ વર્ષ ચાલી સં. ૧૯૮૦ના ફાગણમાં બંધ પડયું.

વીસમી સદીમાં ખંભાતને વિપુલ સાહિત્ય આપનારા કવિ રેવાશંકર અને પૂ. યતિ મુકુન્દાશ્રમ મુખ્ય હતા.

## સાહિત્યકાર તરીકે

સ્વામીજીએ સનાતન ધર્મપ્રભા બંધ કર્યું છતાં તેમનું લેખનકાર્ય અવિરત ચાલ્યા જ કર્યું હતું. 'ગુજરાતી'ના દિપોત્સવી અંકમાં પ્રતિવર્ષે વેદાન્ત વિષયનો એક લેખ આપતા. અને તે સને ૧૯૨૦ (વિ. સં. ૧૯૭૬)થી શરૂ કરી સને ૧૯૪૨ સુધી લાગલગાટ ૨૨ વર્ષ સુધી ક્રમપૂર્વક લખ્યા છે. જેમાંના ક્રમબદ્ધ કેટલાક લેખોને 'મુકુન્દ વેદાન્ત વિચાર' એ નામથી મેં સંકલિત ગ્રંથ કરી આશ્રમ તરફથી પ્રસિદ્ધ કર્યો છે. જે વેદાન્તના વિષયને જાણનારને ઘણો ઉપયોગી થઈ પડે તેમ છે.

આ સિવાયના બર્મા વર્તમાન, બ્રહ્મદેશ, ધર્મપ્રકાશ, મોઢ માર્તંડ, પ્રભાકર, ગીતાધર્મ, વિશ્વમંગલા, વિશ્વનાથ વગેરે માસિકોને તેમની અવિરત સેવા મળતી.

## સાહિત્યસામગ્રી – અપ્રસિદ્ધ સાહિત્ય

પૂજ્ય સ્વામીએ લખેલા ગ્રંથો પૈકી કેટલાક તેમણે પ્રસિદ્ધ કર્યા છે. એની સંખ્યા લગભગ ૨૦ છે. કેટલાક ગ્રંથોની ત્રણ ત્રણ આવૃત્તિઓ નીકળી છે. વળી ૩૬–૩૭ પુસ્તકો અપ્રસિદ્ધ છે, વળી તેઓ કવિતા સારી કરતા, તેથી કેટલીક કવિતાનાં પુસ્તકો પણ છે.

## વિના મૂલ્યે ધર્મપુસ્તકોનો પ્રચાર

ધર્મ વિષેનાં લખેલાં પુસ્તકોમાંથી દ્રવ્યોપાર્જન કરવાની તેમની બિલકુલ ઇચ્છા ન હતી. આથી તેમણે ગૃહસ્થોની મદદ લઈ જે જે પુસ્તકો છપાવ્યાં તે બધાં તેમણે વિનામૂલ્યે સમાજમાં વહેંચ્યાં છે. તેની કુલ લગભગ ૩૦ હજાર નકલો પ્રજામાં ગઈ છે.

## સંન્યાસઆશ્રમની સ્થાપના

ખંભાતમાં મોચીવાડે જતાં એક મકાન બંધાવી તેમાં સાધુસંન્યાસી રહે તેવી વ્યવસ્થા કરી. વળી કોઈ મંડલેશ્વર આવે તો તેમનો સત્કાર કરતા. બાદ નિત્ય ત્યાં સાંજના કથા કરતા.

## ધાર્મિક પુસ્તકાલય

પૂજ્ય સ્વામીજીએ વેદ, પુરાણ, ઉપનિષદ્‌, કાવ્ય, વ્યાકરણ, કોષ, ન્યાય વગેરે અનેક વિષયને લગતાં ઉપયોગી શાસ્ત્રનાં પુસ્તકોવાળું એક પુસ્તકાલય પોતાના આશ્રમમાં તૈયાર કર્યું કે જેનો કોઈ સાધુ-સંન્યાસી ઉપયોગ કરી શકે.

## ધર્મઢાલ

નડિયાદના મહાસત્રના મુખ્ય પ્રમુખ તેમણે ઘણી જ ઊંચા પ્રકારની સેવા બજાવી હતી. તથા કોઈ કોઈ સ્થળે જ્યારે ધાર્મિક ચર્ચા શરૂ થતી, તે સમયે તેમને તે બાબતનો નિર્ણય લેવા બોલાવવામાં આવતા. ઘણી વખતે તેમણે ધર્મસભાના પ્રમુખપદને શોભાવ્યું છે. ખંભાતમાં ઉજવાતા ધાર્મિક ઉત્સવોમાં તેઓ મુખ્ય હતા. 'ખંભાતના વિદ્યાર્થી આશ્રમ'ની સ્થાપના તેમને હસ્તે થઈ હતી. આવાં અનેક કામો કરી ખંભાતની સનાતન ધર્મપ્રેમી જનતાની તેમણે ચાહના મેળવી હતી. એટલું જ નહિ પણ ગુજરાત અને બહારના પ્રાંતોમાં તેમની સારી કીર્તિ હતી.

## બ્રહ્મીભૂત થયા

સ્વામીજીનું શરીર નિરોગી હતું. છતાં સં. ૧૯૯૮માં તેઓ ભારતમાં ફરવા ગયા. લગભગ પાંચ-છ માસના પર્યટન પછી પાછા ફરતાં તેમની તબિયત બગડી અને કેટલોક વખત પથારીવશ રહ્યા. અને છેવટે વિ. સં. ૧૯૯૯ના વૈશાખ વદ ૧ને ગુરુવારે સ્વામીજીનો વિરાટ આત્મા સંપૂર્ણ શાંતિ પામ્યો.

વેદાન્ત–તત્ત્વદર્શન યતિ મુકુન્દાશ્રમે લખેલાં પુસ્તકો :

| | સંવત |
|---|---|
| ૧ વેદાન્તસાર | |
| ૨ દર્પદલન | ૧૯૭૮ |
| ૩ પદ્યમંજરી | |
| ૪ વેદાંતપ્રક્રિયા | ૧૯૮૧ |
| ૫ વિચારસાગર ( પદ્યભાગ ) | ૧૯૮૨ |
| ૬ અવ્યક્ત બોલ | ૧૯૮૩ |
| ૭ પત્રવ્યવહાર ( સનાતનીઓ અને સામાજીઓનો ) | ૧૯૭૧ |
| ૮ વૈધવ્યધર્માદર્શ | ૧૯૭૫ |
| ૯ સુરતાસ્વયંવર | |
| ૧૦ ગૃહસ્થની ગાઈડ | |
| ૧૧ સાયંસ્તુતિ | |
| ૧૨ સત્યસુધા | |
| ૧૩ સનાતની ધર્મની પડતીનાં કારણો | |
| ૧૪ શિવમહિમ્ન ( ગુ. પદ્યાનુવાદ ) | |
| ૧૫ શ્રી ચિદ્‌ઘનવાણી વિલાસ | |
| ૧૬ શ્રી કૈવલ્યની કૂંચી | |
| ૧૭ તત્ત્વાદર્શ | |
| ૧૮ મૃત્યુમીમાંસા | |
| ૧૯ પ્રબોધમાલા | |
| ૨૦ ગુજરાતીમાં છપાયેલા લેખોનું ' મુકુન્દ વેદાંત વિચાર '[૧] | |
| ૨૧ આ સિવાય બીજાં ઘણાં પુસ્તકો—હસ્તલિખિત તેમના આશ્રમમાં છે તેની યાદી આપવાથી લેખ લાંબો થઈ જાય છે. | |

૧. ' મુકુન્દ વેદાંત વિચાર ' નામથી પૂ. યતિ શ્રીના વેદાંત વિષે ' ગુજરાતી 'ના દિવાળીના અંકોમાં લખેલા લેખોનું સંપાદન આ લેખકે સને ૧૯૫૩માં કર્યું છે. તથા તેમના જીવન વિષેની પુસ્તિકા પણ પ્રકટ કરી છે.

## કવિ દુર્ગાશંકર

### વિ. સં. ૧૯૧૭થી સં. ૧૯૮૮

કવિ દુર્ગાશંકરનો જન્મ વિ. સં. ૧૯૧૭ના ભાદરવા વદી ૨ ને રવિવારે ખંભાતમાં થયો હતો. તેઓ જ્ઞાતિએ શ્રીગૌડ બ્રાહ્મણ હતા. પિતાનું નામ આદિત્યરામ અને માતાનું નામ રૂક્ષ્મણી હતું. તેમનું ગોત્ર ભારદ્વાજ હતું; ખંભાતમાં દેવની પોળમાં તેમનો નિવાસ હતો અને પેટલાદ તાબે નાર ગામે તેમનું અધવારું હતું.

કવિનો વિદ્યારંભ ગામઠી શાળામાં શરૂ થયો. ગુજરાતી લેખન-વાચનનું સારું જ્ઞાન મેળવ્યા પછી શિવદાસ ગુરુ પાસે અભ્યાસ કરવા માંડ્યો. આ વખતે તેમનું વય તેર વર્ષનું હતું. પછી ખંભાત કેટલાક શાસ્ત્રીઓ પાસે વ્યાકરણ, કાવ્ય, નાટકાદિ વગેરે ગ્રંથોનો અભ્યાસ કર્યો. કર્મકાંડ, જ્યોતિષ, વૈદક, પિંગળ વગેરેનો જાતે પરિચય કરી અભ્યાસ કર્યો. તેમના સહાધ્યાયીઓ કહે છે કે ' તેમણે જેટલું જ્ઞાન ગુરુ પાસેથી મેળવ્યું તેનાથી સહસ્ર ગણું જ્ઞાન સ્વપરિશ્રમથી પ્રાપ્ત કર્યું છે.' કવિએ પંદરથી બાવીસ વર્ષ અભ્યાસમાં જ ગાળ્યાં.

### કાવ્યારંભ

કવિએ ત્રેવીસમા વર્ષથી કવિતા કરવાનો પ્રારંભ કર્યો. તેઓ કહે છે, ' હું શરૂઆતમાં સાધારણ પદ, ગરબી, ધોળ વગેરે કરતો; તેમાં મને ઠીક રસ પડવા માંડ્યો છે. એક વખત મને એવો વિચાર સ્ફુર્યો કે હજારો રૂપિયા ખરચી જળાશયો, દેવાલયો કે એવાં લોકોપયોગી કાર્યો કરી લોકો સ્વાર્થ સાથે પરમાર્થ કરે છે; પરન્તુ દૈવના કારમા ચક્ર તળે તે આવી નાશ પામે છે, પણ કવિતા એવી છે કે તેને

કાલ ભક્ષણ કરતો નથી.' આ હેતુથી મેં કવિતાઓ કરી.

## કવિએ રચેલા ગ્રંથો

૧ મહાભારત બહુ જ પ્રખ્યાત છે.

૨ શિવપુરાણ ઘણી આવૃત્તિઓ થઈ છે.

૩ નીતિસાર સં. ૧૯૪૧માં પ્રસિદ્ધ

૪ પુરુષોત્તમ માસની કથા — સં. ૧૯૫૭માં પ્રસિદ્ધ

૫ ભક્તવિલાસ કાવ્ય સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ થયું.

૬ જ્ઞાનચિંતામણી

૭ સદ્ધર્મ સિદ્ધાંતમાળા

૮ કુવલયાનંદ કારિકા

૯ દુર્ગાશંકર કૃત પીંગળ

૧૦ નવરસ વર્ણન

૧૧ સંસ્કૃત અષ્ટકો

અ. શંકરાચાર્યના પાંચ અષ્ટકો.

૧૨ છુટક પદો, ગરબીઓ તથા પ્રસંગોચિત કાવ્યો

મહાભારત : આખું મહાભારત અમદાવાદના સવાઈભાઈ રાયચંદે સમશેર બહાદુર પ્રેસમાં છાપીને પ્રસિદ્ધ કર્યું છે.

શિવપુરાણ : કવિ દુર્ગાશંકરનું શિવપુરાણ ઘણુ પ્રસિદ્ધ થયું છે અને તેની ઘણી આવૃત્તિઓ થઇ છે; અને અમદાવાદના પ્રસિદ્ધ બુકસેલરે છપાવી છે.

પુરુષોત્તમમાસની કથા : ૧૯૫૭માં પ્રસિદ્ધ કરી, કાલિકાપુરાણ બ્હદ્‌નાદિક પુરાણ, ભવિષ્યોત્તર પુરાણ તથા પદ્મપુરાણને આધારે તૈયાર કરી.

ભક્તિવિલાસ : સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કર્યું અને ખંભાતના શેઠ હરિલાલ જગન્નાથ હાંડીવાળાને અર્પણ કર્યું. અને 'નીતિસાર' પ્રસિદ્ધ કર્યા. આ પાંચ સિવાય બીજા ગ્રંથો અપ્રસિદ્ધ છે.

## કવિએ પોતે રચેલું સ્વપરિચિત કાવ્ય

ગ્રંથકર્તા વિપ્રની જાત,
શ્રીગોળ માળવી જ્ઞાતિ સાક્ષાત
નવીનપક્ષ ગુરુ શિવરાય,
ગોત્ર ભારદ્વાજ તો કહેવાય. ૨૪

શાખામાધ્યદીન શ્રેષ્ઠ કવિ,
ઉંમર ચોવીસ વર્ષ કહાવે
ઇષ્ટદેવ મહાકાળી માત,
જેથી ગ્રંથ રચ્યો સાક્ષાત. ૨૫

પ્રવર ત્રણ્યને કુળદેવી ચંડી,
કુંડાસના નામે દુષ્ટ ખંડી
ઉદ્યમ કૃષ્ણકથા અભિરામ,
નામ નિર્મળ દુરગારામ. ૨૬

નગ્ર ખંભાત માંહિ નિવાસ,
પોળ દેવની માંહી પ્રકાશ
અધવારું વળી ગામ નાર,
ગાયકવાડી રાજ્ય માંહી સાર. ૨૭

રચ્યાતે ઠેકાણે રહી ગ્રંથ,
શુભ કર્મ તણો શ્રેષ્ઠ પંથ
પૂરા બાસઠ તેના અધ્યાય,
રાગ જુદા જુદા તે જણાય. ૨૮

અનુક્રમે છે સઘળી વાત,
મૂળ પ્રમાણે એ સાક્ષાત
પાંચ પક્ષની જાણ વિદ્યાય,
શાસ્ત્ર, વેદાન્ત ને ન્યાય. ૨૯

જ્યોતિષ આયુર્વેદ પુરાણ,
સાંખ્ય યોગ વળી નીરવાણ

કાવ્યક્રિયા થકી આણિવાર,
રચ્યા ગ્રંથ ઘણા નિરધાર. ૩૦
ભારતનીતિ ને શિવપુરાણ,
પુરુષોત્તમ માહાત્મ્ય પ્રમાણ
જ્ઞાનસિંધુ ને ભક્તિવિલાસ,
દીપક દૈવજ્ઞ નામે પ્રકાશ. ૩૧
એહ આદિ પુસ્તક તો સારાં,
રચ્યાં ભાષાની માંય ઘણેરાં
તેને સાંભળીને શ્રોતાજન,
ખોડ દેશો નહિ બળવંત. ૩૨
મૂળ પ્રમાણે સઘળી વાત,
નથી કલ્પિત એમાં સાક્ષાત
વ્યાસ ભગવાન કેરી જ વાણી,
પ્રાકૃત ભાષાની માંય વખાણી. ૩૩
જેમાં ફેર નહિ તલપુર,
અલંકાર ને રસ પ્રચુર. ૩૪

### કવિ છગનલાલ ભાઈશંકર

વિ. સં. ૧૯૧૨–સં. ૧૯૯૧

કવિ જ્ઞાતિએ ટોળકિયા બ્રાહ્મણ હતા. ખંભાતના વતની હતા. અને અલીંગ કડાકોટડીમાં તેમનું ઘર હતું. તેમના પિતાનું નામ ભાઈશંકર અને માતાનું નામ પાર્વતી. તેમનો જન્મ વિ. સં. ૧૯૧૨ના આસો સુદ ૮ થયો હતો. તેઓ કાઠિયાવાડ તથા વડોદરામાં જુદાજુદા ખાતામાં નોકરી કરતા હતા. પાછળથી તે ખંભાત સ્ટેટના દરબારી પ્રેસના મેનેજર તરીકે નીમાયા હતા. તે પેન્શન સુધી રહ્યા. તેઓ કવિ હતા.

રચેલા ગ્રંથો

| | |
|---|---|
| ૧ વનરાજ ચાવડો | સં. ૧૯૪૧ |
| ૨ મણિમાહાત્મ્ય | સં. ૧૯૪૬ |
| ૩ ફત્તેસિંહ લગ્નમહોત્સવ | સં. ૧૯૬૦ |
| ૪ પ્રસન્ન પાઠાવલિ | સં. ૧૯૬૧ |
| ૫ છગુ કાવ્યમાળા | અપ્રસિદ્ધ |

કવિને સંતાનમાં એક પુત્રી હતી, તેનું નામ પ્રસન્ન. તેના નામથી 'પ્રસન્ન પાઠાવલિ' કાવ્યસંગ્રહ બહાર પાડયો હતો.

### શ્રી કવિ દયાશંકર રવિશંકર

(વિ. સં. ૧૯૩૪ થી ૧૯૯૦)

ખંભાતની ટોળક જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેઓ સંસ્કૃતના મહાપંડિત હતા; તથા સારા કવિ હતા. તેમના પિતાનું નામ રવિશંકર અને માતાનું નામ મહાલક્ષ્મી.

તેઓ ખંભાતના સુપ્રસિદ્ધ કવિ રેવાશંકરના ભત્રિજા થાય. કવિ રેવાશંકરનાં પુસ્તકોની પ્રસ્તાવના તેઓ લખતા. તેઓની ભાષા ઘણી જ મીઠી, ભાવવાહી અને મર્મજ્ઞ હતી. વ્યાખ્યાનોમાં તેઓ એક મહાન વિદ્વાન તરીકે ખંભાતને માન–પ્રતિભા અપાવતા હતા.

રચેલા ગ્રંથો

૧ દર્પદલન (ક્ષેમેન્દ્ર કવિરચિત) ભાષાન્તર વિ. સં. ૧૯૭૮
૨ ભર્તૃહરિ રચિત નીતિશતકનું ભાષા. સં. ૧૯૬૬
૩ પ્રશ્ન રત્નમાલિકા
૪ સત્યનારાયણની કથા (ગુ. પદ્ય)
૫ શિવ સહસ્ર નામમાળા
૬ રામાર્યા (સમશ્લોકી અનુવાદ)
૭ વિવાહમીમાંસા ખંડનવિમર્શ
૮ છૂટક કાવ્યો
૯ જંબુ વિરચિત – જીન શતકનો (ગુ. અનુ.)
૧૦ છૂટા લેખો

### શાસ્ત્રી ભદ્રશંકર જયશંકર

સં. ૧૯૬૪માં અવસાન

ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ જયશંકર શાસ્ત્રી હતું; તેઓ સંસ્કૃતના

સારા પંડિત હતા. તેઓ દેવકીનંદનજી મહારાજની સાથે કેટલોક વખત રહ્યા હતા; અને વ્યાખ્યાનો આપતા. તેઓને ઘેર શ્રી ગોકુલચંદ્રનું સ્વરૂપ બિરાજતું હતું. વૈષ્ણવ ધર્મના ચુસ્ત અનુયાયી હતા. તેઓ વિ. સં. ૧૯૬૪માં પરલોકવાસી થયા. ભદ્રશંકરે વ્યાકરણ, કાવ્ય, વેદાંત, પુરાણ વગેરેનો અભ્યાસ કર્યો હતો. અને વડોદરાની શ્રાવણ માસની દક્ષિણા પરીક્ષાઓ આપી હતી. શાસ્ત્રી ભદ્રશંકરમાં નૈસર્ગિક કવિત્વશક્તિ હતી. તેથી તેઓ સંસ્કૃત તથા ગુજરાતી કવિતાઓ બનાવતા. તેમણે સંપ્રદાયના નીચેના ગ્રંથોનાં ભાષાન્તરો કર્યાં છે.

રચેલા ગ્રંથો

૧ બાલરામાયણ ( રાજશેખર કવિ રચિત )
૨ પુરુષોત્તમ સહસ્રનામ
૩ શૃંગાર રસ મંડન
૪ યમુનાષ્ટક
૫ વલ્લભ કલ્પદ્રુમ
૬ ગીત ગોવિંદ ( અપ્રકટ )

તેઓ ઘણાં વર્ષો સુધી વૈષ્ણવ મહારાજાઓની સાથે શાસ્ત્રી તરીકે કાર્ય કર્યું છે. તેમને કાંકરોલી ગોસ્વામિ મહારાજ તરફથી 'શુદ્ધાદ્વૈત વિશારદ'ની પદવી મળી હતી. ખંભાત સુપ્રસિદ્ધ વિદ્વાન તરીકે પોતાની કીર્તિ મૂકી વિ. સં. ૨૦૧૫માં ગોલોકવાસી થયા.

## શ્રી ગિરજાશંકર નિર્ભયરામ

જન્મ સં. ૧૯૩૪, અવસાન સં. ૨૦૦૩

તપોધન બ્રાહ્મણ જ્ઞાતિમાં ખંભાતમાં જન્મેલા; અને ધંધાર્થે મુંબઈ ગયેલા; ત્યાં ઘણો લાંબો સમય સુધી મુંબઈ મ્યુ.માં ઓદ્ધાની નોકરી કરી હતી; પછી તેઓ ખંભાત આવ્યા હતા. તેમનાં પત્નીનું નામ ઈચ્છાલક્ષ્મી હતું. તેઓ આર્યસમાજને વધુ માનતા. તેથી તે માટેનાં માસિકોનું લખાણ વગેરે પોતે કરતા. જ્ઞાતિના તે આગેવાન અને સુપ્રતિષ્ઠિત હોવાથી તેઓને જ્ઞાતિનાં સંમેલનોમાં પ્રમુખ બનાવ્યા હતા. તેમના સ્વર્ગવાસ પછી તપોધન જ્ઞાતિ તરફથી 'સ્મારક' ગ્રંથ તેમના સ્મારકમાં બહાર પાડ્યો અને તેમને ઘણું માન આપ્યું.

રચેલા ગ્રંથો

૧. તપોધન બ્રાહ્મણોની ઉન્નતિ.
૨. તપોધન બ્રાહ્મણોને વેદાધિકાર.
૩. સંધ્યા-અગ્નિહોત્ર.
૪. તપોધન તત્ત્વપ્રકાશ.
૫. તપોધન તત્ત્વપ્રકાશની સમાલોચના.

## શ્રી ચુનીલાલ શ્યામજી ત્રિવેદી

જન્મ સંવત ૧૯૪૩, અવસાન ૧૯૯૩ (ખંભાત)

તેમનું મૂળ વતન ભાવનગર હતું. ત્યાંના શ્રીમાળી બ્રાહ્મણ હતા. ખંભાતના નવાબસાહેબના સમયમાં વકીલાત કરતા અને પાછળથી તેઓ સ્ટેટ ખંભાતની સરકારી નોકરીમાં જોડાઈને મેજીસ્ટ્રેટની જગા ઉપર હતા. તેઓ રાજકારભારમાં તેમ જ પ્રજાહિતકાર્યોમાં એક પૂલ સમાન હતા. તેઓ ઊંડા અભ્યાસી હતા.

રચેલા ગ્રંથો

૧ ગીતાભ્યાસી – જ્ઞાનયોગ પ્ર. સં. ૧૯૮૬
૨ ગીતાભ્યાસ – કર્મયોગ પ્ર. સં. ૧૯૯૨
૩ ષડદર્શનાભ્યાસ અપ્રકટ
૪ સ્મૃતિ સારાભ્યાસ "
૫ દેશી રાજ્યોને ફેડરેશન પ્ર. સિ. સં. ૧૯૯૪
૬ કર્મ અને પુનર્જન્મ
૭ પ્રજાજીવનમાં આરોગ્યનું સ્થાન

'દેશી રાજ્યો અને ફેડરેશન' આ પુસ્તકની પ્રસ્તાવના ખંભાતના દિવાન શ્રી કે. કે. ઠાકોર તથા બેરિસ્ટર શ્રી પોપટલાલ લવજી ચુડગરે લખી

છે; અને ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે તે પ્રસિદ્ધ કર્યું છે. તા. ૬-૮-૩૭ના રોજ ખંભાત મુકામે તેમનો દેહવિલય થયો. ખંભાતની જનતાએ તેમને શોકાંજલિ અર્પણ કરેલી અને શહેરમાં બે દિવસ હડતાલ પાડેલી. મીઠા વિષે કેટલાંક રાજ્યોને કયા કયા હક છે, તેમની સાથે મીઠા વિષે કરાર થયા છે કે નહિ અને થયા હોય તો તેની અગત્યની શરતો શી છે, તે બધી બાબતોનું એક પત્રક 'બટલર કમિટી' નીમી હતી તે તેણે તૈયાર કર્યું હતું. તેમાં ખંભાત બાબત પૃ. ૨૬૩ ઉપર હકીકત આપવામાં આવી છે. દેશી રાજ્યોના હક્કો વગેરેને લગતું બહુ જ અગત્યનું પુસ્તક છે.

## યાજ્ઞિક હિંમતલાલ નાથાલાલ

(વિ. સં. ૨૦૧૮માં સ્વર્ગસ્થ થયા)

ખંભાતના ટોળક બ્રાહ્મણ જ્ઞાતિના તેઓ અગ્રગણ્ય હતા. તેમના પિતાનું નામ નાથાલાલ; તેઓએ 'ચિત્રકામ' (ડ્રોઇંગમાસ્તર)નો ધંધો સ્વીકારી સરકારી નોકરીમાં સારી સેવા બજાવી છે.

તેઓએ જ્ઞાતિની પણ સારી સેવા બજાવી છે. તેઓ પોતાના સાળાવતી અંબાજી માતાનો માગશરી સંઘ કાઢતા. ઘણાં વર્ષો સુધી તે સંઘવી તરીકે રહ્યા. તેઓએ માતાજીના ગુણ ગાવા માટેનાં કેટલાંક પુસ્તકો રચ્યાં છે.

| | | |
|---|---|---|
| ૧ રણછોડરાય મહારાજનાં ભજનો | સં. | ૧૯૯૦ |
| ૨ ભુવનેશ્વરી ગીતા | ,, | ૧૯૯૬ |
| ૩ શક્તિલીલામૃત સ્તોત્ર | ,, | ૨૦૦૧ |
| ૪ જગદંબા અપરાધ ક્ષમાપન સ્તોત્ર | ,, | ૨૦૦૪ |
| ૫ ગબ્બરનો ગોવાળ | ,, | ૨૦૦૫ |
| ૬ આરાસુરી અંબાજીની યાત્રા | | |

તેઓ ઘણું દીર્ઘાયુષ ભોગવી સં. ૨૦૧૮માં સ્વર્ગવાસી થયા.

## શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

(અવસાન તા. ૭-૮-૬૦)

ખંભાતમાં ચોકસીની પોળે જતાં દેરાસર પાસે તેમનું મકાન છે. તેઓશ્રી જ્ઞાતિએ જૈન વાણિયા. તેમના પિતાનું નામ દીપચંદ અને માતાનું નામ પ્રેમબાઈ હતું. તેઓએ પ્રાથમિક કેળવણી ખંભાતમાં લીધેલી. પાછળથી ધંધા માટે તેઓ મુંબઈ ગયા. ત્યાં ઝવેરાતનો ધંધો કરવા લાગ્યા. તેઓ ઘણા બાહોશ હોવાથી પોતાની હોંશિયારીથી મુંબઈમાં તે જૈન સમાજમાં અગ્રગણ્ય બની ગયા. શ્રી જૈન શ્વે. કો.ના ઉપપ્રમુખ; શ્રી જૈન ઍજ્યુકેશન બૉર્ડ; રાષ્ટ્રીય મહાસભા, ખંભાત પ્રજામંડળ (મુંબઈ), ખંભાત પાંજરાપોળ, તથા મુંબઈ સુધરાઈના સભ્ય; ખંભાતના શાંતિનાથ જૈન તાડપત્રીય ભંડાર તથા શ્રી આત્મારામ જન્મશતાબ્દી બૉર્ડના મંત્રી, શ્રી સાગર ગચ્છ ટ્રસ્ટ તથા શ્રી ગુલાબભાઈ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા જૈન ઍસોસિએશન ઑફ ઈન્ડિયાના સભ્ય. એમ અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા. તેઓ ઘણા જ ધાર્મિક હતા.

તેઓ સારા લેખક હતા. તેમની સાહિત્યસેવા આ પ્રમાણે છે.

૧ દંપતીજીવન-દીપિકા

૨ ખંભાત ચૈત્યપરિપાટી વિ. સં. ૧૯૮૫

૩ સામાજિક ભડકા

૪ સ્થૂલભદ્રની સંસારનૌકા

૫ વીરજયંતિમહોત્સવ

૬ ઐતિહાસિક પુરુષોની ગૌરવગાથા-બાર પુસ્તકો લખ્યાં છે

૭ જૈન લગ્નવિધિ અને લગ્નગીતો

૮ પ્રભાવિક પુરુષો ભા. ૧-૨-૩

સ્વયંસેવક નામનું પત્ર કાઢતા હતા. લગભગ ૭૦ વર્ષનું આયુષ્ય ભોગવી તા ૭-૮-૬૦ના રોજ મુંબઈ મુકામે અવસાન પામ્યા.

સરનામું : તાંબા કાંટા, જૂનો વહોરાનો માળો, મુંબઈ.

## મણિશંકર ગૌરીશંકર પંડિત
( સં. ૧૯૫૨માં વિદ્યમાન )

ખંભાતના ઉદિચ્ય ટોળકિયા બ્રાહ્મણ હતા. તેમણે કાવ્ય પર હાથ ચલાવ્યો છે.

### રચેલ ગ્રંથ

મેઘદૂત : મહાકવિ કાલીદાસના મેઘદૂતનું શ્લોક સાથે ગુજરાતી ભાષાન્તર કર્યું છે. અને તે 'ખંભાત પુસ્તક પ્રચારક કંપની તરફથી છપાવ્યું છે, અને તે અમદાવાદ ગુજરાત ગેઝેટ પ્રેસ અને પેટલાદ પારસમણી પ્રેસમાં છાપ્યું છે ઈ. સ. ૧૮૯૬, વિ. સં. ૧૯૫૨.

## જુગલરામ મંગલરામ પંડ્યા
( વિ. સં. ૧૯૫૬માં વિદ્યમાન )

આ જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. નવાબસાહેબના રાજ્યમાં નોકરી કરતા હતા. તેમણે 'ખંભાત શહેરનો ઇતિહાસ' પહેલવહેલો ઈ. સ. ૧૯૦૦માં લખ્યો છે. તે પહેલાં આવો પ્રયત્ન થયો નથી.

### રચેલ ગ્રંથો

૧ ખંભાતનો ઇતિહાસ વિ. સં. ૧૯૫૫

૨ રસિક લલિતા

૩ રમણ અને તારા

૪ વીર રમણી

૫ સતી સાવિત્રી

૬ સુંદર સદ્બોધમાળા

## પંડિત મોહનલાલ જયેષ્ઠારામ
(વિ. સં. ૧૯૪૫માં વિદ્યમાન)

ખંભાતના ઉદિચ્ય ટોળકિયા બ્રાહ્મણ હતા. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. છતાં તેઓ સારાં કાવ્યો બનાવી જાણતા.

### રચિત ગ્રંથો

૧ સંગીતસત્યાગ્રહ સં. ૧૯૮૬ પ્રસિદ્ધ

૨ મોહન મંત્રમાળા સં. ૧૯૮૧ ,,

૩ સપ્તાધ્યાયી સત્યનારાયણ કથા સં. ૧૯૭૯ પ્રસિદ્ધ

કવિના કાવ્યને છેડે પોતાનું ઓળખાણ આપ્યું છે.

## પંડિત સોમેશ્વર મગનલાલ
(વિ. સં. ૧૯૬૩માં વિદ્યમાન)

તેઓ ખંભાતના ટોળકિયા બ્રાહ્મણ હતા. તેઓ કેટલોક વખત વડોદરા, નરસિંહજીની પોળમાં રહેતા. ત્યાં તેમણે 'સ્વધર્મ' નામે વિ. સં. ૧૯૬૩માં માસિક કાઢ્યું હતું. પાછળથી તેઓ ખંભાત આવ્યા હતા. અને હનુમાનની પોળમાં રહેતા. તેઓએ સાહિત્યપ્રવૃત્તિ સારી કરી હતી. સુરેન્દ્રનાથ; નરેન્દ્ર મોહિની; બેન્જામિન; ફાંકલન, શરીરસુખ, પ્રતાપસિંહ (ઈ. સ. ૧૯૦૯) વગેરે નવલકથાઓ લખી છે.

## સ્વામી શિવાનંદ
( વિ. સં. ૧૯૬૧માં વિદ્યમાન )

ખંભાતના રજપૂતવાડામાં આવેલા મંદિરમાં રહેતા એક સાધુ હતા. તેઓ ઘણા પ્રભાવશાળી હતા, વિદ્વાન હતા. મૂર્તિ ઉપર ખૂબ આસ્થા રાખી ભક્તિભાવથી પૂજનઅર્ચન કરતા. તેઓ દરરોજ સાંજે કથા કરતા; તેમાં શહેરના સારા પ્રતિષ્ઠિત ગૃહસ્થો આવતા.

### રચેલા ગ્રંથો

૧ શ્રી ભક્તિ વિજ્ઞાન મકરંદ લહરી–વિ. સં. ૧૯૬૦માં પ્રસિદ્ધ કર્યું. બાળબોધ લિપિ છે. અને હિંદીમાં વર્ણન કર્યું છે.

૨ શ્રી ભગવદ્‌ભક્તિ સંગ્રહ સરોવર–વિ. સં. ૧૯૬૧માં પ્રસિદ્ધ કર્યું. બાળબોધ લિપિ છે.

### સ્વામી નિત્યાનંદજી

(વિ. સં. ૧૯૮૨માં વિદ્યમાન)

આ સ્વામી મહારાજ ખંભાતમાં આળીમાં આવેલા આત્મારામના મંદિરમાં રહેતા. તેઓએ 'બોધ ચાબુકનો ફટકો' નામનું પુસ્તક વિ. સં. ૧૯૮૨માં પ્રસિદ્ધ કર્યું, તેઓ સદ્‌ગત થયા છે.

### રામાનંદગિરિ

વિ. સં. ૧૯૬૮માં વિદ્યમાન

આ એક મહાન વિદ્વાન સાધુ હતા, તેમણે રચેલા 'સદ્‌ગ્રન્થાવલિ' ગ્રંથમાં લખે છે, ઈતિ શ્રી મત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ગણેશાનંદ-ગિરિ શિષ્ય રામાનંદગિરિનિર્મિત સદ્ધર્મોપદેશ.

સં. ૧૯૬૮ના પોષ સુદી ૫.

આ ગ્રંથ બાળબોધ લિપિમાં, હિંદી ભાષામાં સંસ્કૃત શ્લોકોના અર્થ સાથે ખંભાતમાં રચ્યો છે.

૧ શ્રી હરિલાલ પ્રાણજીવન ૧. વિષય વિષવિદારક

૨ શ્રી કૃપાશંકર લલ્લુભાઈ ૧. સીતાવિરહ

૩ શ્રી જટાશંકર રવિશંકર (૧) વીરમતિ (૨) વિસ્મયનગર

૪ શ્રી પ્રાણશંકર ભગવાનજી (વિ. સં. ૧૯૩૩–૧૯૬૯)

(૧) નેમિનાથ અને ટેકેલી (૨) રાજુલા (૩) ક્ષત્રિવિજય (૪) વસંતયુકત (૫) વિજયાદુ:ખદર્શક (૬) મોહિની અને સવિતા.

૫ શ્રી નાથાભાઈ માણેકલાલ : (૧) સંગીત-રામાયણ પ્ર. સં. ૧૯૫૪

૬ શ્રી રેવાશંકર વ્યાસ : ૧ 'અભિમન્યુનો ચક્રાવો' લખ્યો છે અને મંજુલાલ ર. મજમુદારે પ્રસિદ્ધ કર્યો છે.

### મુનશી કમાલુદ્દીન

વિ. સં. ૧૯૦૦માં વિદ્યમાન

સ્વ. ના. નવાબ જાફરઅલીખાનસાહેબના સમયમાં રાજ્યમાં સારું માન ધરાવનાર હતા; અને રાજ્યના નોકર પણ હતા. તેઓએ ફારસી ભાષામાં 'ખંભાતના રાજાની વંશાવળી' નામે એક પુસ્તક લખ્યું છે. પુસ્તક નાનું છે. દરેક પાનામાં આજુ-બાજુ વેલ છે. અને વચમાં થોડું લખાણ છે. આ પુસ્તક નવાબસાહેબનો પૂર્વઇતિહાસ જાણવાને માટે સારું છે.

### સૈયદ અબ્દુલ લતીફખાન

વિ. સં. ૧૯૪૩માં વિદ્યમાન

તેઓ ખંભાતના વતની હતા. તેમના પિતાનું નામ સૈયદ અબ્બાસ હતું. ના. જાફરઅલીખાન-સાહેબના સમયમાં સૈયદ અબ્દુલ લતીફખાન 'નોંધણી દરોગા' હતા. પરન્તુ ઘણા હોશિયાર હોવાથી તેમના 'ખંભાતના દિવાન'ની જગા આપી હતી. તે જગા ઉપર તેઓ ઝાઝો વખત રહ્યા ન હતા.

### રચેલા ગ્રંથો

૧. ઍંગ્લો પરસિયન ગ્રામર (ઈ. પરસિયન અને ગુજરાતી)

૨. ઍંગ્લો પરસિયન એડીમસ, સં. ૧૯૫૧

૩. ઝકાલી દે સફર, સં. ૧૯૫૬

તેઓ તા. ૧૪–૭–૧૯૧૪ના રોજ ખંભાતમાં મરણ પામ્યા.

### મીરઝાં મહંમદ કાઝી

(વિ. સં. ૧૯૦૨માં વિદ્યમાન)

ખંભાતના આ મુસલમાન લેખકે 'ગુજરાતી-અંગ્રેજી શબ્દકોશ' રચવા માંડ્યો હતો. તેમણે પંદર હજાર શબ્દો ભેગા કર્યા હતા. ૭ વર્ષ મહેનત કરી હતી. પછી તે કામમાં નવરોજજી ફરદુનજીની મદદ લીધી; તેમણે બે વર્ષ લીધાં. તે ગ્રંથ ઈ. સ. ૧૮૪૬માં પ્રસિદ્ધ થયો.[1]

### પ્રો. આગા કૌસર

( હિ. સ. ૧૩૪૦માં અવસાન )

તેઓએ પ્રથમ મુંબઈમાં સેઈન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અને ત્યાર પછી અમદાવાદ કૉલેજમાં ઉર્દૂના પ્રોફેસર તરીકે કામ કર્યું હતું. તે ઉર્દૂ અને ફારસી ભાષાના સારા કવિ હતા. તેઓનો સંબંધ ખંભાતના નવાબસાહેબના કુટુંબ સાથે થયો હતો. અમદાવાદથી તેઓ ખંભાત આવીને વસ્યા. ને પોતાની દીકરી નવાબસાહેબના સગામાં નાખી. આથી રાજ્યમાં તેઓ ખૂબ માનવંતા બન્યા હતા. તેમને બ્રિટિશ સરકાર તરફથી સને ૧૯૦૯ના ૨૫મી જને 'શકસ–ઉલ–ઉલમા 'નો માનવંતો ખિતાબ મળ્યો હતો. તેઓનો રચેલો ગ્રંથ 'દિવાને કૌસર' ઉર્દૂ વિ. સં. ૧૯૬૫માં પ્રસિદ્ધ થયો છે.[2] તેઓ સાહેબ ૧૯ માહે સફર, ૧૩૪૦ હિ. સ.માં ખંભાતમાં બેહસ્તનશીન થયા છે.

### શેખ સુલતાનભાઈ મીરાતુલ મુહકકેકીન મીઆં

હિ. સ. ૧૨૫૮માં હયાત ખંભાતી

ખંભાતના કોઈ શેખ સુલતાને કવિતામાં તસણુફ રચેલું છે, હિ. સ. ૧૨૪૮.

ફાર્બસ સાહિત્યસભાની ફારસી હસ્તલિખિત ગ્રંથોની યાદી પૃ. ૭૧માં ઉપર પ્રમાણે નોંધ છે.

### સ્વ. વૈદ્ય રણછોડભાઈ હરિવલ્લભ

અવસાન સં. ૧૯૮૪

વીસમી સદીમાં ખંભાતમાં 'આંધળા વૈદ્ય' તરીકે પ્રસિદ્ધિ પામેલા વૈદ્ય રણછોડભાઈ હરિવલ્લભ ખૂબ પ્રખ્યાત અને સિદ્ધહસ્ત વૈદ્ય હતા. તેઓ ખંભાતની ટોળકિયા બ્રાહ્મણ જ્ઞાતિને દીપાવનાર એક નર હતા. તેઓ વૈદ્ય હતા. સાથે કવિ હતા.

તેમણે પોતાનું ઓળખાણ આ પ્રમાણે આપ્યું છે, તે બહુ રસિક હોવાથી આપું છું.

ઈન્દ્રવિજય

'ઉમર બાવીસ વર્ષ સુધી રહી
હર્ષથી સરસ ખૂબ તન ખાસી
સંવત ઓગણી-ચોત્રીસ ફાગણ
માસ અચાનક આવી ઉદાસી.
ખોળી વળી બધી દુનિયા
દીનબંધુએ દફતર જોયું તપાસી.
બાળપણે કર્યું ના બળિયે બળ
એ ભૂલતો ભવતારને ભાસી.
શીતળતા ન શરીર તપે તન
તાપ કહો વળીએ શીતળાથી.
અંગમાં આગ્ય ભમી ગયું,
ભાગ્યલગીરના લાગ થયો જ નીરાશી
પ્રીત તજી મુજ પાસ તણા બેઉ
મિત્રો હતા તે થયા જ પ્રવાસી
સૂર્ય ને ચંદ્ર સિધારી ગયા,
મુજ સાધન રહ્યું ન પ્રકાશી

---

૧. 'ગુજરાતનું અર્વાચીન રેખાદર્શન' ભા. ૧લો.

૨. 'આગા કૌસર' વિષે 'જાગૃતિ' દી. અં., સં. ૨૦૧૮, પૃ. ૬૯થી ૭૨. શ્રી જમિયત પંડ્યાનો લેખ.

મનહર છંદ

સાધનના સાધ્ય રહ્યાં અર્થ સર્વ વ્યર્થ ગયાં
કહો દિન રાતવેળા કેવી રીતે ગાળવી.

વૃદ્ધને વડીલ મુજ વૈદ્ય હરજીવને તે
વિચારીને ભલી રીતે ભીષક્તા ભાળવી.

ક્રિયામાં કુશળ નહિ, વેદના વિરામું નહિ
છતાં પડી પીડ માથે સુખેથી સંભાળવી.

માનું ઉપકાર જગતાર કિરતાર તારો
ભલી જુગતીએ જગતાત લીધો જાળવી.

આ વૈદ્ય બ્રાહ્મણોનાં બાળકોને ભણવા વિષે સારી સહાય કરી હતી. વળી પ્રતિવર્ષે બ્રહ્મભોજન ( ચોરાસી ) કરતા.

રચેલા ગ્રંથો [૧]

૧. શંકર દિગ્વિજય – ગુજરાતી ૩૨ કડીઓમાં એકત્રીસા સવાયા છંદમાં રચ્યો છે. તેમાં શંકરના જીવનને સ્પર્શતા બધા જ ગુણો આવી જાય છે. વળી તે એટલો બધો રસમય, શબ્દલાલિત્યથી ભરપુર છે કે તે સહેજમાં આવડી જાય તેવો છે. પ્રતિવર્ષે શંકર-જયંતિ પ્રસંગે ( વૈશાખ સુદ-૫ )ના રોજ તે ગવાતો હતો.

૨. સુરતી કોંગ્રેસની કવિતા – આ કવિતા તે સમયનો ચિતાર રજૂ કરે છે.

તેઓશ્રીએ લગભગ ૮૪ વર્ષનું દીર્ઘાયુ ભોગવ્યું; અને મરણપ્રસંગ આવતાં તેઓએ ' આતુર-સંન્યાસ ' લીધો. અને સં. ૧૯૮૪ના ચૈત્ર વદી ૧૦ને રવિવારે દેહ છોડયો.

## મુલ્લા ગુલામ અબ્બાસ સાદિકઅલી અઝહર સોદાનવાલા

( ઈ. સ. ૧૯૬૬માં વિદ્યમાન )

ખંભાતના દાઉદી વહોરા કોમમાં મુલ્લા ગુલામ અબ્બાસ સાદિકઅલી સારા લેખક છે; તેઓને સૈયદના બદરૂદ્દીનસાહેબ ( ક. રૂ. )એ ' અઝહર ' તખલ્લુસ ઈનાયત ફરમાવ્યું. ' અઝીઝુ લકદ્ર 'નો ખિતાબ અંજુમને તરક્કી ઉર્દુ તરફથી સને ૧૯૨૧માં મળ્યો. તેઓ અરબી, ઉર્દુ, ગુજરાતીના સારા મશહુર શાહેર અને સારા વકતા છે. તેઓએ તન, મન અને ધનથી કોમના સાહિત્યને સમૃદ્ધ બનાવવા કોશીશ કરેલી છે. આ પ્રમાણે છે. ૧ અમીરૂલ મુમીનીન, ૨ અલીઝૈનિલ આબેદિન, ૩ સીરતે ખદીજતિલ કુબરા, ૪ સીરતે ઝુબેદાખાતુન, ૫ સૈયદના અબીઝર, ૬ સૈયદના અમ્માર, ૭ સૈયદના જાબિર, ૮ અબી, અય્યુબીલ અનસારી, ૯ અદીબિનં હાતિમ, ૧૦ હ. અબીલ અસ્વદ, ૧૧ બહલોલ દાના, ૧૨ માસેકિસ અશતર, ૧૩ સીરતે ગાઝી જોહર, ૧૪ સીરતે સૈયદના સલ્માન, ૧૫ કાઝી–નોમાન, ૧૬ અખીયા કુબીલ વઝીર, ૧૭ જામે અઝહર, ૧૮ દુન્યામાં ધર્મની અગત્ય, ૧૯ રિસાલ એ આમ, ૨૦ કસીદાહ્મદેહ, સલામ વગેરેના રીસાલાઓ, ૨૧ બયનીયહ કલામો, ખુમ્મે ગદીર, મવલુદે કાબા, ફાતેમા બીજો અસદ, ફઝાએલે પંજતન, હઝરતે ઝૈનબકા ઝખાવી જ હાય વગેરે ઘણી પુસ્તિકાઓ લખી છે.

ખંભાતની દાઉદી વહોરા કોમના આ સાહિત્ય-વિલાસી પુરુષની નામના તમામ વહોરા કોમમાં

---

૧. કવિ વિષે વિસ્તારથી વાંચવા માટે શ્રી હરિહર નાથાલાલનો ' નવસંસ્કાર ' દીપોત્સવી અંક સં. ૨૦૧૯, પૃ. ૭૩ જુઓ.

પ્રસરેલી છે. તેમનો જન્મ ૨૦મી શવ્વાલ છે. હિ. સ. ૧૩૭૯-૮૦માં તેમને ૬૬ વર્ષ થયાં હતાં. તેઓ દાઉદી વહોરા કોમની કમિટિઓમાં તથા ખંભાત શહેરની સાહિત્ય તથા બીજી કમિટિઓમાં જાહેર રીતે કામ કરે છે.



શ્રી જમિયત કૃપાશંકર પંડ્યા

શ્રી જમિયત કૃ. પંડ્યા.
વિ. સં. ૨૦૧૭માં વિદ્યમાન

ખંભાતના ટોળકિયા બ્રાહ્મણ છે. સાહિત્ય-પ્રવૃત્તિમાં તેમણે જીવન વિતાવ્યું છે. 'ગઝલ' એ તેમનો મુખ્ય વિષય છે. તેમની ગઝલો ઘણી ભાવવાહી અને હૃદયભેદક છે. 'જિગર' ઉપનામથી તે લખે છે.

તેઓ ખંભાતમાં પ્રથમ 'નવસંસ્કાર' અઠવાડિક છાપાના તંત્રી તરીકે કામ કરતા. પછી તેઓ 'નવપ્રભાત' નામે ખંભાતમાંથી ઈ. સ. ૧૯૩૭માં નીકળતા માસિકના તંત્રી બન્યા. પછી 'જાગૃતિ' અઠવાડિકના શરૂઆતમાં તેઓ તંત્રી બન્યા. પછી તેઓ અમદાવાદના શાયરોના અગ્રગણ્ય બન્યા અને ત્યાં જ રહેવાનું રાખ્યું. મૂળ વતન ખંભાત હોવા છતાં વ્યવસાયને અંગે તેમણે ખંભાત છોડયું; પરન્તુ ખંભાતને તેઓ ભૂલ્યા નથી.

પોતાના પુત્રના લગ્નપ્રસંગે ગુજરાતના પ્રસિદ્ધ ગઝલકાર શ્રી 'શયદા 'સાહેબને તથા અમદાવાદના અન્ય કવિઓને બોલાવી ખંભાતમાં જાહેર જલસો કરી ખંભાતની જનતાને કાવ્યરસપાન કરાવ્યું હતું; એટલું જ નહિ પણ બીજા પ્રસંગોએ પણ તેઓ સાથીદારોને લઈ ખંભાત આવી મુશાયરાનો લાભ આપે છે.

રચેલા ગ્રંથો

૧ આક્રંદ — સને ૧૯૩૬
૨ નાગરાણી — સને ૧૯૫૬
૩ કમનસીબનું કિસ્મત — સને ૧૯૬૧
૪ વરદાન — સને ૧૯૬૬ ( ગઝલસંગ્રહ )
૫ મહારાજ શ્રી કુલાશંકર
૬ સમાજથી તરછોડાયેલી ( વાર્તાસંગ્રહ )
૭ પ્રાયશ્ચિત્ત કોને ? અને બીજી વાતો
૮ પ્રાર્થના ( ઉપનિષદ્‌ના શ્લોકોનું ભાષાન્તર )
૯ ઉરગંગા ( કા. સં. ]
૧૦ તરસ્યા જીવ
૧૧ આયુર્વેદિક ઉપચારો
૧૨ સંગેય રાઘવની નવલકથા ( અનુ.)
૧૩ બ્રહ્માનંદ મહારાજનું જીવનચરિત્ર
૧૪ ઝાળઝાકળ ( કા. સં. )
૧૫ નજરાણું ( કા. સં. )
૧૬ પલ્લવ – રાધાવલ્લભ સંપ્રદાયનો ઇતિહાસ
૧૭ ટંકારવ — યુદ્ધગીતો
૧૮ ગઝલસાહિત્યની ઉત્પત્તિ અને વિકાસ ( નિબંધ )

### શ્રી હીરાલાલ મોહનલાલ પરીખ

વિ. સં. ૨૦૧૭માં વિદ્યમાન

ખંભાતના મોઢ વણિક છે. તેમના પિતાનું નામ મોહનલાલ. તેમના પિતા ખંભાતના વૈષ્ણવ મંદિર — મોટું મંદિર — ના અગ્રગણ્ય કાર્યકર્તા હતા. તેઓ ચુસ્ત વૈષ્ણવ હતા; જેથી ભગવત્-ભક્તિમાં રચ્યાપચ્યા રહેતા. તેમના ગુણો શ્રી હિરાલાલમાં ઊતરી આવ્યા. અને વૈષ્ણવ સંપ્રદાયનાં પુસ્તકો લખવાને પ્રેરાયા. તેઓએ જીવનભર સરકારી નોકરી કરી છે.

લખેલાં પુસ્તકો

૧ સેવામાર્ગીય રત્નાવલિ પ્રસિ. સં. ૧૯૮૩

૨ ષોડશ ગ્રંથ સં. ૨૦૦૬ પ્રસિદ્ધ

૩ પુષ્ટિમાર્ગની ઝાંખી સં. ૨૦૧૧ પ્ર.

૪ ખંભાતના વૈષ્ણવ ભક્ત કવિઓનાં પદ, ધોળ, કીર્તનો પ્ર. સં. ૨૦૧૩

૫ પચામૃતય વારસમય સ્તોત્રાણિ પ્ર. ૨૦૧૫

૬ ગીત સાગરલહરી પ્ર. ૨૦૧૬

૭ શ્રીમદ્ ભાગવત વિહંગાવલોકન પ્ર. સં. ૨૦૨૩

ઉપર પ્રમાણેનાં પુસ્તકો વૈષ્ણવ સંપ્રદાયને લગતાં તેઓએ લખીને પ્રસિદ્ધ કરવાથી ખંભાતના વૈષ્ણવ સંપ્રદાય પર સારો પ્રકાશ પડ્યો છે. તથા ઇતિહાસને લગતી વિગતો સારા પ્રમાણમાં એકત્ર કરવામાં ભારે શ્રમ લીધો છે. વળી તેમણે ગાયત્રી મંત્રો તથા પુરુષ સુકત ઉપર પુસ્તક લખ્યાં છે.

### પ્રહ્લાદભાઈ દામોદરદાસ બ્રહ્મભટ્ટ

( જન્મ ઈ. સ. ૧૯૦૮ )

શ્રી પ્રહ્લાદભાઈનું મૂળ ગામ તારાપુર. તેઓ જ્ઞાતિએ બ્રહ્મભટ્ટ છે. તેમનો જન્મ ઈ. સ. ૧૯૦૮માં થયો છે. તેઓ અભ્યાસ છોડ્યા પછી 'નૂતન ગુજરાત' સાપ્તાહિકમાં જોડાયા, બાદ 'સંદેશ' દૈનિક પત્ર નીકળ્યું; તેમાં રિપોર્ટર તરીકે કામ કર્યું. ગાંધીજીની દાંડીકૂચ વખતે તેઓ રિપોર્ટર તરીકે સાથે ગયેલા અને હેવાલો મોકલેલા. તેમાં સહ-તંત્રીપદે ચૂંટાયા. વળી 'સંદેશ' તરફથી સાંજના દૈનિક તરીકે નીકળતા 'સેવક'ના તંત્રીપદે આવ્યા. ત્યાં આઠ વર્ષ કામ કર્યું. બાદ વડોદરાથી નીકળતા 'લોકસત્તા'ના ૧૯૫૧ થી ૧૯૫૩ સુધી સહતંત્રી રહ્યા પછી અમદાવાદથી નીકળતા 'જનસત્તા'ના સહતંત્રી તરીકે કામ કરે છે.

તેમણે લખેલાં પુસ્તકો

૧. અધૂરા ફેરા ૨. કોની આઝાદી ૩. નેતાજી વગેરે.

હાલ અમદાવાદ રહે છે — કિલ્લોલ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ.

### જોષી રમાશંકર મુક્તાશંકર

જન્મ તા. ૨૨–૧૦–૧૯૩૦

જોષી રમાશંકરના પિતાનું નામ મુક્તાશંકર મણિશંકર જોષી છે. એ ખંભાત દરબારના રાજ્ય-જોષી હતા. રાજા મુસલમાન હોવા છતાં હિન્દુ જ્યોતિષને તેઓ સંપૂર્ણ માનતા. વળી તેઓ ઉત્તમ પ્રકારના યાજ્ઞિક હતા. તેમના પુત્ર મુક્તાશંકર અંગ્રેજી તથા સંસ્કૃતના સારા અભ્યાસી હોવા ઉપરાંત જ્યોતિષનો વિષય પરંપરા ચાલતો આવેલો તે તેમણે સાધ્ય કરેલો. તેમ જ તેઓ જગન્નાથપુરીના શંકરાચાર્યના ધર્માધિકારી તરીકે કામ કરતા. તેમના પુત્ર જોષી રમાકાન્તે બાપદાદાની વિદ્યા સંપાદન કરી; તથા અંગ્રેજી અને સંસ્કૃતનું સારું જ્ઞાન મેળવ્યું. શિક્ષક તરીકે તેઓ હાઈસ્કૂલમાં નોકરી કરતાં કરતાં તેમણે જ્યોતિષને લગતાં પુસ્તકો તૈયાર કરી પ્રસિદ્ધિમાં મૂક્યાં.

૧ મારું ભવિષ્ય ભા. ૧–૨–૩

૨ ફળદીપિકા – ૧૯૬૪ ( ભાષાન્તર )

૩ મુહૂર્તસારસંગ્રહ – ૧૯૬૪

૪ સ્વપ્નસિદ્ધિ – ૧૯૬૪

૫ બૃહત્સંહિતા – ૧૯૬૫ ( ભાષાન્તર )

૬ શ્રી શ્રાદ્ધકલ્પદ્રુપ – ૧૯૬૫

૭ વિશ્વકર્માપુરાણ – ૧૯૬૬

શ્રી જોષી જ્ઞાતિએ ખંભાતના મોઢ બ્રાહ્મણ છે. તેમનું સરનામું ખંભાત, ઠે. વાડાપોળ છે.

મકરણ ૩૯ મું

## ગુજરાતી લોકસાહિત્યમાં ખંભાત

ગુજરાતી સાહિત્યમાં ખંભાત વિષે ઐતિહાસિક ઉલ્લેખોને બાદ કરીએ તો; વાર્તાસાહિત્ય કે કથાસાહિત્યમાં તેને ઊંચું સ્થાન મળ્યું છે. વાર્તામાં ખંભાતને મુખ્ય નગર ગણી તેને તેમાં ગૂંથી લેવામાં આવ્યું છે. ખંભાતના કોઈ રાજાને, કોઇ પ્રધાનને, કોઈ પ્રજાજનને, કોઈના કુંવર કે કુંવરીને કલ્પિત નામો આપી પાત્રાલેખનમાં તેમને વર્ણવવામાં આવ્યાં છે; તેનાથી વાર્તાનો રસ જમાવવામાં કે તેને શોભાવવામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે, એથી એમ કહી શકાય કે ખંભાતની કીર્તિગાથા દેશવિદેશમાં ગવાતી; અને લોકસાહિત્યકારોએ સ્વરચિત સાહિત્યમાં તેને સ્થાન આપ્યું, એ વિષેના ઉલ્લેખો એકત્ર કરવાનો અલ્પ પ્રયત્ન છે.

કવિ નરપતિ 'પંચદંડ 'ની વાર્તા :[૧] વિ. સં. ૧૫૬૦ (ઇ. સ. ૧૫૦૪ ).

આ કવિએ વિ. સં. ૧૫૬૦માં પંચદંડની વાર્તા લખી છે. તે કવિનું જન્મસ્થળ કયું તે માલૂમ પડયું નથી, તેમ તેનાં માતાપિતા કોણ હતાં તે માલૂમ પડયું નથી. તે જ્ઞાતિએ બ્રાહ્મણ હતો એમ તેનાં કાવ્યો પરથી લાગે છે.

' પંચદંડ 'ની વાર્તા એ પ્રાચીન ' સિંહાસનબત્રીસી ' તથા જૈન લેખક કૃત પંચદંડાત્મક વિક્રમચરિત્રમ્ ( રચ્યા સં. ૧૨૯૦ )ની સામ્ય છે. વિક્રમવિષયક વાર્તાઓ ઉત્તરોત્તર લોકરુચીએ સપ્રેમ સ્વીકારી છે.

કવિએ ' પંચદંડ 'ની વાર્તામાં જે વિભાગો પાડયા છે તેને ' આદેશ ' નામ આપ્યું છે. તેમાં અભયદંડનું માહાત્મ્ય બતાવ્યું છે. ત્રીજા આદેશમાં ખંભાતનું વર્ણન આ પ્રમાણે આપે છે.

કવિ ખંભાતનાં નામ આ પ્રમાણે ગણાવે છે.[૨]

'નગર જોઅંતાં મન મોહંતિ;
પાંચ નામ એહનાં બોલંતિ.'

'પહલઈ નામઈ ત્રંબાવતી, બીજા નામઇ ભોગાવતી
ત્રીજઈ નામઈ લીલાવતી, ચઉથઈ નામઇ અમરાવતી
નામ પાંચમઈ ખંભાવતી,
વિચિત્ર પણઇ જાણિ સરસતી '
જેહવું નામ તેહવું પરણામ,

૧. પ્રકાશક – શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુંબઈ ઈ. સ. ૧૯૩૪.

૨. પંચદંડ વાર્તા–પૃ. ૫૮

એહ નગર છઈ ઉત્તમ ઠામ !

*

જિ, કહીઈ નયર ખંભાતિ,
બીજી ઉપમા નહિ ખંભાતિ '

વિક્રમ રાજા ખંભાત આવે છે ત્યારે —

' કાને સુણિઉં ત્તિ નયણિ દીસંતિ
નિરમલ લોક રાય હરખંતિ '

ચઉહુટા તણા ચોક ઝલકંતિ;
ત્રિણિ કલસિ નરમન મોહંતિ

નગર તણી ચતુરાઈ ઘણી,
વિખાણઈ અવયંતી ઘણી,

નગર દેખી રાજામનિ, વસિઉં,
રાજધાન જોઉં જઈ કિસિઉં ?

એક મહેલને ત્રીજે માળે તે કન્યા જુએ છે —

' જાણે હેમતણિ એ ઘડી,
ચિંતા તણઈ સાયરી તિ પડી !

દાસી પાંચસાત વિસતાર,
તેહ તણઉ કીધઉં નિવારી.

તવ તે કુંઅરી ઊભી થઈ,
ચઉથઈ માલઈ પુહુતી જઈ.

મકાનને ચાર ચાર મજલા હતા. રાજાનું, રાજવહીવટનું તથા સમાજજીવનનું વગેરે અનેક પ્રકારનું વર્ણન ' અભયદંડ ' નામના ત્રીજા આદેશમાં આવે છે. ખંભાતની રાજકુમારી રતન-મંજરી વિક્રમની સાથે પરણે છે.

૨. કવિ મધુસૂદન વ્યાસ રચિત–હંસાવતી વિક્રમ ચરિત્ર વિવાહ[2] : વિ. સં. ૧૬૧૬ (ઈ. સ. ૧૫૬૦)

કવિ મધુસૂદનની જન્મભૂમિ સારસા ગામ છે. અને જ્ઞાતિએ બ્રાહ્મણ છે. તેણે રચેલી ' હંસાવતી વિક્રમ ચરિત્ર વિવાહ ' વાર્તા સાહિત્યમાં ઘણી જાણીતી છે. કવિએ આ વાર્તામાં જુદા જુદા દેશો, નગરો વગેરેનાં નામ ગણાવ્યાં છે. વિક્રમ રાજા હંસાવતીને શોધવાને બધે ફર્યો છે; છેવટ તે તેને ખંભાતમાંથી મળે છે. તે કહે છે કે —

' મિ ઘણો દેશ નિરખો નરનાથ,
અઢી વરસ ઉપરિ દિન સાત

દેશમાંહિ સીમ ગુજરાત,
નગરમાંહિ શ્રી ખંભાતિ. ૧૨૮

એ સત્ય વચન માનું રાજન,
જીવા તેહ તણા પરિમાણ

સમીપઈ મહીસાગર પ્રભાસ,
સ્નાન માત્રે અવિચલ પદવાસ ૧૨૯

ત્રંબકસેન મોહોટો રાજન,
તેહ તણો લખમણ પરધાન

બત્રીસ લક્ષણી પૂરી સતી,
લખમણનિ ઘરિ લીલાવતી ૧૩૦

હું તેહતણિ ઘિરિ જઈ ઊતરો,
પ્રથમ મંત્ર લીલાસૂં કરો

લખમણ પ્રેરો લીલાવતી,
તું મિ દેખી હંસાવતી. ૧૩૧

તેજ તનતની સ્ત્રિ કહઈ વાત ?
શિલાબંધ પાખલિ ગઢસાઠ

તે માંહિ મોહોટો આવાસ,
સાત ભૂમિ ઊંચો આકાશ. ૧૩૨

ભલ્લ કમાંડ લોહડાના પાટિ,
ભોગલિ, લોઢ સિ મણ સાત

સંપુટ તાલાં ભીડાં સાર,
તે કૂંચી મૂકિ ભંડારિ. ૧૩૩

---

૨. પ્રકાશક શ્રી ફાર્બસ, ગુજરાતી સભા મુંબઈ, સને ૧૯૩૫

પોહોર બિઈની નોબતિ ફરી,
પ્રણિ પિરિ રજા રક્ષા કરિ
તે ઉપર રાહિ પદમની,
અસી ત્રિભોવનિ નહીં કામિની. ૧૩૪
ચિત્રગયંદા આદિ અનેક,
સેવા કરિ દાસી રાત એક
રમતિ કરિનિ દિન નિગમી,
કવિ કાજ જિ મનનિ ગમિ. ૧૩૫

આગળ હંસાવતીના રૂપનું વર્ણન આવે છે. ત્યારબાદ વિક્રમ રાજા ખંભાતમાં હંસાવતીને પરણવા આવે છે. તે વખતે ખંભાત કેવું છે તેનું વર્ણન કવિ આ પ્રમાણે કરે છે.[૩]

'આવ્યું નગદ અતિ ઢુંકડું,
રૂડા પોલિપગાર
સોના કેરિ કલસતેજે,
ઝલકિ રાજદ્વાર ૧૮૪
દિઠો પ્રાતઃ કાલે કરિ,
ત્રાંબાનો ગઢસાર
દૂર થકો દિસે અસો,
તેજ તણો ભંડાર, ૧૮૪–૧
વાડીમાંહિ વનસ્પતિ ઘણી,
ચોહો પક્ષ નિરખિ રાય
છાયાઈ જઈ ઉભો રહો,
ક્ષુધાતુષાર્ત ઝંપાઈ ૧૮૫
રંગિત ઝાડ સોહામણાં,
રાતાં નીલાં સ્વેત
પીલાં કાલાં જાંબુઆં
પીરોજાં સંકેત. ૧૮૬
છાયા દીઠી માલણી,
ચાંપા કેરિ ઝાડિ
સોલ વરિષનિ સુંદરી,
મોતી તપિ નિલાડી ૧૮૭

વિક્રમ રાજા પૂછે છે —
રજા પુછઈ 'સુંદરી' કુણ નગરી ? કુણ ભૂપ ?
આડિ દષ્ટિ અતિઘણું,
નારી નિરખિ રૂપ ૧૮૮

સુંદરી કહે છે—( ખંભાતનું વર્ણન કરે છે )
સ્તંભતીર્થ ત્રંબાવટી, ચુહિ ખંડિ જાણંત
આગલિ રયણાર ગડગડિ મહીયનદિનો કંથ ૧૮૯
માલણીવાણી સાંભલી રાય ચંપાવ્યો તોખાર
તિહાં વિતપતિ દીસિ ઘણી નગરતણો વિસ્તાર ૧૯૦
ટોડા તોરણ ત્રિકલસાં, સહસ્ત્ર સ્તંભ ગઢબાર
મણિમાંણિકહીરે જડાં, તેજ કરિ ઝબકાર ૧૯૧

ચઉપઈ

અગ્નિ તેજ અંધારિ જસૂ,
પુર ઝલહલતૂં દીસિ અસૂં
મહીસંગમનું આવિ ભરણ
સઘલાં તીર્થતણું આભરણ
દીઠું નગર જસુ કૈલાસ,
દૂરિ થકું દીસિ આકાસિ
જોયણ બાર પાખલિ પ્રાકાર,
હેમરતનમાંણ તેજ અપાર ૧૯૩
ધલહર ગોખ માલિઆ માંહિ,
સિંહાસન સોવનમિ ત્યાંહિ
જાલમાલ મોતીમણિતણાં,
ટોડા તોરણ દીસિ ઘણાં ૧૯૪
ચિત્રસાલા નાના નવરંગ,
પંચશબ્દસું વાજિ ચંગ
ઇંદ્રનીલમણિ નીલિ વાનિ,
કૌસ્તુભમણિ પીતાંબર જાણિ ૧૯૫
વૈડૂર્યમણિ તેજ મહારંગ,
ચંદ્રકાન્તિ મણિ અમ્રતમય અંગ
હીરા હેમરતનમય ઘડા,
તે ઉપરિ ત્રિકલસાં જડા ૧૯૬

૩. ઉપરનું પુસ્તક પૃ. ૨૫ થી ૨૭

ગઢ મંદિર કોસીસાં જોય,
ગગન ગોખજ્યોતિ મનમોહિ
ચદ્રાંઅર્ક પ્રત્યક્ષ તિહાં દીઠ,
મહા વિચિત્ર અનોપમ પીઠ ૧૯૭

દીઠો કલસ હેમમય સ્તંભ,
દીઠી પતાકા લિહિકંતિ તિમ
દીઠાં તોરણુ નવાં સાંતરાં,
દીઠાં સરોવર ખણિયાં તિહાં

દીઠી કેલિઆંબ વનિરાય,
દીઠી ચંપક જમલી જાય
દીઠાં વાહાણુ નિ વાવટા
દીઠા અરહટ નિ પાવડા ૧૯૯

દીઠો પોલિ હેમમય સ્તંભ,
દીઠી દસવિધ નાચિરંભ.

દીઠાં હાટ જસાં કૈલાસ,
દીઠાં નયણિ વિચિત્ર આવાસ ૨૦૦

દીઠી સેરી રૂઅડી રાય,
લખમણુ રાઉત, તણિ ઘિરિ જાય–

ખંભાતની કન્યા હંસાવતીને મધ્યમાં રાખી આખો વાર્તા આલેખો છે.

**૩. કવિ શામળે રચેલો વાર્તાઓમાં ખંભાતનાં ઘણાં વર્ણન આપ્યાં છે. (વિ. સં. ૧૭૭૪–વિ. સં. ૧૮૨૧ વિદ્યમાન).**

ગરધવસેનની વાર્તા, હરણુની વાર્તા, સિંહલદ્વીપની વાર્તા, પંચદંડની વાર્તા, ભદ્રાભામિની વાર્તા, વગેરે વાર્તાઓમાં ખંભાતનું વર્ણન આપ્યું છે, ભદ્રાભામિની વાર્તામાં ખંભાતનાં નામ તે ગણાવે છે, ત્રંબાવટી, કનકાવતિ, રૂપવતિ, ખંભાવતી. વળી તે કહે છે કે :

'કોટીધ્વજ અલખત છે
અતિ લેખાવતા ઝાઝા લખપતિ'

વહાણુવટી વારૂ વેપાર,
અલખત બીજી અપરંપાર

વિદેશથકી આવે બહુ વહાણુ,
અતિશે શોભા ઊગ્યો ભાણુ

કમળચંદશા નગરજ શેઠ,
ડાહ્યો સપુત દંતોશા પેટ

હિરાવતી ઘેર નારી સતી,
પતિવ્રતા ધર્મ પાળતી.
(ભદ્રાભામિની વાર્તા)

ખંભાતનો વહાણોનો વેપાર, વહાણુવટીઓ, વગેરેનું વર્ણન કર્યું છે, સાથે કમળચંદ નગરશેઠ છે અને તેનો દંતોશા દીકરો છે. અત્યારે પણુ ખંભાતમાં 'દંતારવાડો' સ્થળ છે. એટલે કવિએ કલ્પિત લખ્યું હોય અથવા સાચું હોય. બીજી એવી માન્યતા છે કે ખંભાતમાં હાથીદાંતનો વેપાર સારો ચાલતો હતો; અને તે સ્થળે હાથીદાંતનો વેપાર કરનારા રહેતા હતા, તેથી તે નામ પડયું હોય.

૪. કવિ શિવદાસે, કવિ વિષ્ણુદાસે તથા કવિ ઋષભદાસે–સત્તરમા સૈકામાં–ખંભાતનાં ઘણાં વર્ણનો આપ્યાં છે. તેમાં ખંભાતના જૈન કવિ ઋષભદાસે વિ. સં. ૧૬૮૨માં રચેલા 'હિતશિક્ષાનો રાસ'માં આપેલાં વર્ણન આપી;[3] સ્થળસંકોચને કારણે ભવિષ્ય પર છોડી અત્રે અટકવું યોગ્ય છે.

---

૩. હિતશિક્ષાનો રાસ–પ્રા. શ્રાવક ભીમસિંહ માણેક – મુંબઈ.

ઘણા લોક વસે છે ત્યાંહિ,
રાસ રચ્યો ત્રંબાવતી માંહિ
સકલ નગરને નગરી જોય,
ત્રંબાવતી તે અધિકી હોય ૧

સકલ દેશ તણો શિણગાર,
ગુર્જરદેશ જિહાં પંડિત સાર,
ગુર્જર દેશમાં નગર જ બહુ,
હારે ખંભાયત આગલે સહુ– ૨

જિહાં વિવેક વિચાર અપાર,
વસે લોક જિહાં વરણ અઢાર
ઉલખીયેં જિહાં વર્ણાવર્ણ,
સાધુ પુરુષનાં પૂજે ચરણ– ૩

વસે લોક વાસ ધનવંત,
પહેરે પટેલં નર ગુણવંત
કનકતણા કંદોરા જડયા,
ત્રણ આંગુલ તે પહોલા ઘડયા– ૪

હીર તણો કંદોરો તલે,
કનક તણાં માદલિયાં મલે,
બાંધી ખલખલતી હાથેં ખરી,
સોવન સાંકલી ગલે ઉતરી– ૫

વડા વ્યવહારી જિહાં દાતાર,
શાલુ પાઘડી બાંધે સાર,
લાંબી ગજ ભાંખું પાંત્રીસ,
બાંધંતાં હરખેં કરી શીશ– ૬

ભૈરવની એગતાઈ જાંહિ,
જીણા જંગા પહેરે તે માંહિ,
છેડી રેશમી કેડે ભજી,
નવ ગજ લાંબી સવાતે ગજી– ૭

ઉપરે ફાલિયું બાંધે કોય,
ચાર રૂપૈયાનું તે હોય,
કોઈ પછેડી કોઈ પાંમરી,
ત્રીશ રૂપૈય્યાની તે ખરી– ૮

પહેરી રેશમી જોહ કભાય,
એક શત રૂપૈય્યે તે થાય,
હાથે બહેરખા બહુ મુદ્રિકા,
આવ્યા નર જાણું સરગ થકા– ૯

પગે વાણુહિ અતિ સુકુમાલ,
શ્યામ વરણ સબલી તે જાલ,
તેલ પુષ્પ સુગંધ સનાન,
અંગે વિલેપન તિલક ને પાન– ૧૦

એહવા પુરુષ વસે જેણેં ઠાય,
સ્ત્રીની શોભા કહી ન જાય,
રૂપે રંભા બહુ શણગાર,
નિત્ય ઊઠી વંદે અણગાર– ૧૧

ઈસ્યું નગર તે ત્રંબાવતી,
સાયર લેહર જિહાં આવતી,
વાહાણ વખાર તણા નહિં પાર,
હાટે લોક કરે વ્યાપાર– ૧૨

નગર કોટને ત્રિપોલિયો,
માણેકચોક બહુ માણસ મિલ્યો,
વહોરે ફૂણી ડોડી શેર,
આલે દોકડા તેહના તેર– ૧૩

ભોગી લોક ઈસ્યા જ્યાં વસે,
દાનવરે પાછા નવિ ખસે,
પંચાશી જિનના પ્રાસાદ ઈન્દ્રપુરીશું કરતાં વાદ– ૧૪

પોષધશાલા જિહાં બહુ તાલ,
કરે વખાણ ત્યાં ઋષિ વાચાલ,
પુણ્યવંત પોષધ ધરતા ત્યાંહિ,
સાહમ્મીવત્સલ હોયે પ્રાહી– ૧૫

એ નગરીની ઉપમા ઘણી,
જહાંગીર પાદશાહ જેહનો ધણી
તે ત્રંબાવતી માંહે રાસ,
જોડંતા મુજ પહોલી આશ– ૧૬

યુગલ સિદ્ધિ અને રૂતુચંદ,
જતુ સંવત્સર (૧૬૮૨) ધરી આનંદ,
માધવ માસ ઉજ્જલ પંચમી,
ગુરુવારે મતિ હોયે સમી– ૧૭

મેં ગાયો હિત શિક્ષા રાસ,
બ્રહ્મસુતાયે પૂરી આશ,
શ્રી ગુરુનામે અતિ આનંદ,
વંદુ વિજયસેન સૂરિંદ– ૧૮
ઋષભદાસે જોડિયો રાસ,
સંઘ સકમતણી પહોતી આશો.

પ્રકરણ ૪૦ મું

# ખંભાતનું પત્રકારત્વ

## ગુજરાતી વર્તમાનપત્રનો પ્રારંભ : ઈ. સ. ૧૮૨૨

ગુજરાતી વર્તમાનપત્રનો પ્રારંભ કરવાનો મહત્ત્વનો ફાળો ગુજરાતીઓને જ મળે છે. સુરતના ફરદૂનજી મર્ઝબાન નામના એક પારસી ગૃહસ્થે સને ૧૮૨૨માં 'મુંબઈ સમાચાર' નામનું છાપું મુંબઈમાંથી શરૂ કર્યું જે આજે વિદ્યમાન છે. ગુજરાતી મુદ્રણકામ અને ગુજરાતી પત્રકારત્વ લગભગ સાથોસાથ જ શરૂ થયાં છે, એને લઈને મુદ્રણકામમાં જે ઊણપો તથા ત્રૂટીઓ હતી તેની છાપ પ્રારંભના પત્રકારત્વમાં દેખાય છે. તેની જોડણી તથા ભાષા પારસીઓની ભાષાબોલી પ્રમાણે હતું. ત્યાર પછી તળગુજરાતના અમદાવાદથી ઈ. સ. ૧૮૪૯માં 'વરતમાન' પત્ર શરૂ થયું. તે ગુજરાતનું પ્રથમ પત્ર હતું.

## ખેડા જિલ્લામાં પ્રથમ : ઈ. સ. ૧૮૮૫

ખેડા જિલ્લામાંથી સૌથી પ્રથમ સાપ્તાહિક ખેડા વર્તમાન ઈ. સ. ૧૮૬૧માં નીકળ્યું. પછી 'વિશ્વદર્શન' ખેડામાંથી પ્રસિદ્ધ થયું છે. તેના આરંભનો કાળ ઈ. સ. ૧૮૮૫ છે. તેના તંત્રી શ્રી મણિશંકર શ્રીકૃષ્ણ હતા. જાણીને ગૌરવ થશે કે જિલ્લામાં વર્તમાનપત્ર કાઢનાર ખંભાતના વતની અને જ્ઞાતિએ ટોળકિયા બ્રાહ્મણ હતા. આ જ (ઇ. સ. ૧૮૮૫) અરસામાં મહુધામાંથી 'સ્વદેશબંધુ અને ખંભાત ગેઝેટ' નામે સાપ્તાહિક દર બુધવારે પ્રગટ થયું. મુંબઈ રાજ્યમાં તે વખતે પ્રગટ થતાં પત્રોમાં તેનો રજિસ્ટર નંબર બી. ૧૮નો અપાયેલો હતો. આ પત્રનો મુદ્રાલેખ ન્યાય અને નીડરતાનો હતો. આ પત્ર મહુધામાંથી અનોપશી માણેકલાલ દેસાઈ પોતાના સ્વદેશબંધુ પ્રેસમાંથી છાપીને પ્રસિદ્ધ કરતા હતા. પછી સને ૧૯૦૪માં ખેડાથી ખેડા ટાઈમ્સ નામનું અઠવાડિક દર બુધવારે પ્રગટ થવા લાગ્યું ત્યારે 'સ્વદેશબંધુ' અને ખંભાત ગેઝેટ તેની સાથે જોડાઈ ગયું.

## જનતાની અભિરુચી અને સેવા

પત્રકારત્વનો અર્થ સામાન્ય રીતે તો સમાચાર આપવાનો થતો ગણાય છે, વસ્તુતઃ પ્રજાની સર્વાંગીણ કેળવણી પત્રકારને માથે છે. પ્રજાના જીવનનાં એકેએક પાસાને ઉપસાવીને ઊજળું અને સુરેખ કરવાની દૃષ્ટિ તેની પાસે હોવી જોઈએ. પ્રજાના રાષ્ટ્રિય, સામાજિક, ધાર્મિક, આર્થિક, પાસાને ઘડવા અને વિકસાવવાનો પ્રયત્ન હોવો જોઈએ, ઉપરાન્ત આચાર, વિચાર, સાહિત્યકલા

વગેરે અનેક બાબતોનો પ્રજાના કલ્યાણભાવનાથી વિચાર કરવો ઘટે છે. એક રીતે જો કહીએ કે પત્રકાર એ તો પ્રજાનો ગુરુ છે, તો તે ખોટું ન ગણાય; અને સેવા પણ પત્રકારના હાથમાં છે; એટલે સેવક પણ કહી શકાય.

નીડર પત્રકારો હોવા જોઈએ

સને ૧૮૮૨માં ખંભાતમાં રાજા અને પ્રજા વચ્ચે કોઈ કારણસર મતભેદ પડ્યો, અને તેમાં ખંભાતના મુખ્ય અમલદાર તરીકે દિવાન શામરાવ નારાયણ લાડ અને દામોદરદાસ હરિદાસ હતા. રાજ્યના કેટલાક વિઘ્નસંતોષી કારભારીઓએ પ્રજાને એ અમલદારો સામે ઉશ્કેરણી કરી તેમને ખંભાત પાસેના ગાયકવાડી ગામ કાણીસામાં હિજરત કરાવી. ખંભાતમાં મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ.

દામોદરદાસ હરિદાસે સુરતના 'ગુજરાતમિત્ર'ના તંત્રી શ્રી મંછારામને ખાસ તેડાવ્યા. મંછારામે બધા કાગળો જોઈ 'ગુજરાતમિત્ર'માં નવ કટારોનો લાંબો લેખ લખ્યો.

તે દરમિયાન નવાબસાહેબે પોતાના સાળાની સલાહ માની શામરાવ વગેરેને રજા આપી; ને સાળાને કારભારી નીમ્યો. આ આખા પ્રકરણની તપાસ કરવા અંગ્રેજ સરકારે સ્પ્રાઇસાહેબની નિમણૂક કરી. તેનું નિવેદન શામરાવ વગેરેની વિરુદ્ધ ગયું; જે સરકારી ગૅઝેટમાં પ્રસિદ્ધ થયું. 'ગુજરાતમિત્ર'માં મંછારામે લખેલા હેવાલથી એ તદ્દન વિરુદ્ધ હતો, તેથી બીજાં પત્રો પણ ગુજરાતમિત્ર ઉપર પ્રહાર કરવા લાગ્યાં; તેની પ્રતિષ્ઠા જોખમાઈ.

શામરાવે કેટલાક દસ્તાવેજ સરકાર સમક્ષ રજૂ કર્યા; ને પોતાની નિર્દોષતાની ખાતરી કરી આપી. ગૅઝેટનું આગલું નિવેદન પાછું ખેંચી સરકારે નવું નિવેદન કર્યું. 'ગુજરાતમિત્ર'માંના લેખમાંની હકીકતનું આમાં સમર્થન હતું. 'ગુજરાતમિત્ર'નો વિજય થયો.[1]

છાપાંનો ખબરપત્રી કદાચ કોઈનું ભલું ન કરી શકતો હોય પણ અનેકનું બૂરું કરવાની ચાવી તો તેના હાથમાં અવશ્ય હોય છે. અને એ કારણથી કોઈનું અહિત ન થઈ જાય તેની જવાબદારીનો પાર નથી. તેના એક જ અહેવાલથી જબરજસ્ત ઊથલપાથલની શક્યતા છે, તેનું એક જ કથન વસમા વમળ પ્રકટાવી શકે છે, વંટોળ નીપજાવી શકે છે; તિલક મહારાજના મરણ અગાઉ તેમના સમાચાર છપાયા હતા; આથી સમજાશે કે તંત્રી અને ખબરપત્રીની જવાબદારી કેટલી છે.

વળી દેશી રાજ્યોમાં છાપું ચલાવવું ઘણું જ જોખમભર્યું હોય છે. કારણ કે રાજ્યના મતથી વિરુદ્ધ પ્રજાના હિતમાં કાર્ય કરવામાં જોખમ સમાયેલું છે. સત્તા આગળ શાણપણ નકામું હોય છે. સને ૧૯૩૭ની વાત છે, ખંભાત રાજ્યના મ્યુ.ના સભાસદો વિષે તે વખતે ખંભાતમાંથી નીકળતા 'સંસ્કાર' માસિકના તંત્રીએ સ્પષ્ટીકરણરૂપે એક લેખ લખ્યો. આથી તે વખતના ખંભાત રાજ્યના પબ્લિસીટી ઑફિસરે 'ખંભાત રાજ્ય તરફનું નિવેદન' તા. ૧૫–૮–૩૭ના રોજ બહાર પાડ્યું, અને તેમાં જણાવ્યું કે 'સંસ્કાર' માસિકના તંત્રીએ ડેકલેરેશનવિરુદ્ધ વર્તન ચલાવવાથી બંધ કરવું પડ્યું.[2]

આ નિવેદનનો જવાબ ખંભાત શહેરની નીમાયેલી કમિટીએ આપેલો, તેમાં જણાવવામાં આવેલું કે —

---

૧. ગુજરાતી પત્રકારીત્વનો ઇતિહાસ પૃ. ૧૫૩.

૨. ખંભાતના પબ્લિસીટી ઑફિસર તરફથી બહાર પાડેલું નિવેદન, તા. ૧૫–૮–૩૭.

'સંસ્કાર' માસિકના તંત્રીએ જે લેખ લખેલો તે સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવનારો હતો. આટલું પણ જો એક માસિકનો તંત્રી ન લખે તો તેની ફરજ ચૂક્યો કહેવાય. અને તેને માટે તેનું ડેકલેરેશન લઈ લેવું, એ લાગતાવળગતાઓને બિલકુલ છાજતું જ નથી. બ્રિટિશ હિંદુસ્તાન જ્યારે વાણી અને લેખનનું સ્વાતંત્ર્ય આપે છે, તે વખતે સાચી હકીકત નામદાર નવાબસાહેબના ધ્યાન પર લાવવા માટે એક માસિકનો તંત્રી પ્રયત્ન કરે, તે તો ખોટું નથી; ઊલટું તેમ કરવું તે રાજ્ય અને પ્રજા બન્ને વચ્ચે હિતાવહ છે.'[3] આ પ્રસંગથી 'સંસ્કાર' બંધ થયું. અને તંત્રીને પણ વેઠવું પડયું.

### પ્રજાને જ્ઞાનભૂખ જાગી છે:

આપણે આગળ જોઈશું કે ખંભાતમાંથી પ્રકટ થયેલાં છાપાંઓ ગ્રાહકને અભાવે બંધ કરવાં પડ્યાં છે. પણ સ્વરાજની લડત જાગી ત્યારથી ધીમે ધીમે વાચકોની સંખ્યા ઘણી જ વધી ગઈ છે. દેશાવરમાં વસતા ગુજરાતીઓ પોતાના વતનના સમાચાર જાણવાને ઘણા જ ઉત્સુક હોવાથી; અઠવાડિક કે પોતાના વતનના મળેલા સમાચારથી ઘણા જ આનંદમાં આવી જાય છે; વતનમાં જ હોય તેમ તેને લાગે છે; વતનને માટે તેને મમત્વ છે. ત્યારે તાલુકાના પત્રોએ મશાલ બની તેનો પ્રકાશ પહોંચાડવા પ્રયત્ન કરવો જોઈએ.

### તદ્દન તટસ્થ નીતિ તેના તરફ માન અને પ્રેમ ઉપજાવશે.

વળી ખાસ અંકો કાઢી પ્રજાના ઉત્કર્ષના, ચિંતનના, સાહિત્યના લેખો પ્રગટ કરવા એ પ્રજાની નાનીસૂની સેવા નથી. સંગ્રહ થયેલું કે દટાઈ રહેલું સાહિત્ય બહાર લાવી પ્રજામાનસને કેળવવા પત્ર મોટો ફાળો આપે છે. વળી મોટા અક્ષરે હેડિંગ આપી પ્રજાનું ધ્યાન તે દોરે છે. પ્રજાની જ્ઞાનભૂખને સંતોષે છે.

### ખંભાતનાં વૃત્તપત્રો:

પાછળ જોઈ ગયા કે ઈ. સ. ૧૮૨૨માં મુંબઈ સમાચાર શરૂ થયું. ત્યાર પછી ખંભાતમાં પ્રસિદ્ધ થયેલા પત્રોનો ટૂંક પરિચય આપીશું.

### (૧) સ્વદેશબંધુ અને ખંભાત:

ઈ. સ. ૧૮૮૫ જે મહુધામાંથી પ્રસિદ્ધ થતું. જેને વિષે આ અગાઉ લખાઈ ગયું છે.

### (૨) વિશ્વદર્શન: ઈ. સ. ૧૮૮૫

આ સાપ્તાહિક ખેડાથી પ્રકટ થતું હતું. એમ કહેવાય છે કે તે ખેડા જિલ્લામાંથી પ્રથમ શરૂ થયેલું.[4] તેના તંત્રી શ્રી મણિશંકર શ્રીકૃષ્ણ હતા, તેમાં ખંભાતના સામાન્ય સમાચાર આવતા. તેઓ ખંભાતના બ્રાહ્મણ હતા. તે થોડો વખત ચાલી બંધ પડયું.

### (૩) ખંભાત-સમાચાર: ઈ. સ. ૧૮૮૬

આ સાપ્તાહિક ખંભાતમાં છપાતું હતું. તેની સાથે 'વિશ્વામિત્ર' છાપું જોડી દેવામાં આવ્યું હતું. અત્યારે 'ગુજરાત સમાચાર' જેટલી મોટી સાઈઝમાં તે છપાતું હતું. તેના તંત્રી શ્રી મણિશંકર શ્રીકૃષ્ણ હતા. થોડો વખત ચાલી બંધ પડી ગયું.

### (૪) અખબારે ખંભાત: ઈ સ ૧૮૮૯

ખંભાતના તે સમયના વકીલ બાળકૃષ્ણ નારાયણે કાઢેલું. પરન્તુ તેના ઘરાક ઓછા હોવાથી બંધ કરવું પડયું. તે અઠવાડિક હતું.

---

૩. ખંભાત-પ્રતિનિધિમંડળનો જવાબ, પૃ. ૨.

૪ ચરોતર સર્વસંગ્રહ ભા. ૨ જો પૃ. ૫૪૨

(૫) ખંભાત ગૅઝેટ : ઇ. સ. ૧૮૯૦

ખંભાતના આલીજાહ નવાબસાહેબના હુકમથી સ્ટેટ તરફથી ઈ. સ. ૧૮૯૦થી પ્રસિદ્ધ કરવામાં આવતું હતું. તેના મુખ ઉપર ફારસી, ગુજરાતી તથા અંગ્રેજીમાં ' ખંભાત ગેઝેટ ' નામ લખવામાં આવ્યું હતું. તે ફુલસ્કેપ કાગળની સાઈઝમાં નીકળતું હતું. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૧–૮–૦ હતું તેમાં નવાબસાહેબ તરફના હુકમો, દિવાન, પોલીસ વગેરે ખાતાના અધિકારીઓના સમાચાર, ઋતુના સમાચાર, ખેતીવાડીના સમાચાર, અનાજના ભાવ આવતા. પાછળથી તેમાં સરકારનાં ભાષણો ગવર્નમેન્ટ ગૅઝેટના કેટલાક સમાચારો વગેરે છપાતું હતું. આ છાપું સરકાર તરફથી હોવાથી તે ખંભાત રાજ્યનું સને ૧૯૪૮માં વિલિનીકરણ થયું ત્યાં સુધી તે છપાયું છે. તે ખંભાતના સરકારી છાપખાનામાં છપાતું હતું.

(૬) હનુમાન યાને વર્તમાન દર્પણ : ઈ. સ. ૧૮૯૭

આ નામનું માસિક ખંભાતમાંથી વિ. સં. ૧૯૫૩ ( ઈ. સ. ૧૮૯૭ )ના ફાગણ માસથી નીકળતું હતું. તેના પ્રસિદ્ધકર્તા ભગુભાઈ પ્રેમચંદ હતા. તેનું વાર્ષિક લવાજમ એક રૂપીઓ હતું. ખંભાતના સ્તંભતીર્થ ચિંતામણી પ્રેસમાં છપાતું હતું. તેમ કવરપેજ સાથે દશ પેજ હતાં. જુદા જુદા વિષયો ઉપર લેખો ઉપરાંત દેશપરદેશના થોડા થોડા સમાચાર આવતા. આ માસિક થોડો વખત ચાલી બંધ પડયું. તેનું વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૧) હતું.

બ્રાહ્મણ-ધર્મ : ઈ. સ. ૧૯૧૧

આ માસિક તપોધન બ્રાહ્મણોના મંડળ તરફથી ખંભાતમાંથી પ્રસિદ્ધ થતું. સને ૧૯૧૧માં તે પ્રસિદ્ધ થયું. તેના તંત્રી તરીકે સ્વ. ડૉ. અંબાલાલ છગનલાલ શાસ્ત્રી હતા. તેમાં જ્ઞાતિના સમાચારો, લેખો ઉપરાંત ખંભાતના સમાચારો મૂકવામાં આવતા. વાર્ષિક લવાજમ રૂ. ૧ એક હતું. અમદાવાદમાં છપાતું હતું. ચાર વર્ષ ચાલ્યા પછી તેનું નામ ' તપોધન ' રાખવામાં આવ્યું, અને તેના તંત્રી તરીકે તપોધન જ્ઞાતિના એક ગૃહસ્થ થયા. તે માસિક સારા પાયા પર ચાલે છે. જેનો જન્મ ખંભાતમાં થયો હતો; આજે તે બહારગામથી પ્રસિદ્ધ થાય છે.

(૮) શ્રી સનાતન ધર્મપ્રભા : ઈ. સ. ૧૯૨૧

વિ. સં. ૧૯૭૭ના ચૈત્ર માસમાં આ માસિકનો જન્મ થયો હતો. તેના તંત્રી (દષ્ટા) પૂજ્યપાદ યતિશ્રી મુકુન્દાશ્રમ હતા. તેનું વા. લ. રૂ. ૨–૮–૦ હતું. વિદ્યાર્થી અને સાધુઓ માટે રૂ. ૨–૦–૦ હતું. દર મહિને ૩૨ પેજનું ધાર્મિક વાચન આપવામાં આવતું. વેદ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ધર્મ, ચારિત્ર્ય, કાવ્યો વગેરે વિષયો આપવામાં આવતા. ખાસ કરીને તત્ત્વજ્ઞાનના જિજ્ઞાસુઓને તે વધારે પ્રિય હતું. દક્ષિણ આફ્રિકાના ગ્રાહકો ઉપર તે ચાલતું હતું. ત્રણ વર્ષ સુધી તે નિયમિત ચાલ્યું. પરંતુ છેવટે સંવત ૧૯૮૦ના ફાગણ માસમાં બંધ પડયું.

(૯) સંસ્કાર : સને ૧૯૩૬

લાંબા ગાળા પછી સંવત ૧૯૯૨ના વૈશાખ સુદ-૧૦, તા. ૧–૫–૩૬થી સંસ્કાર માસક શરૂ થયું. તેના તંત્રી શ્રી અંબાલાલ હરિલાલ પંડિત અને સહતંત્રી તરીકે શ્રી જમિયતરામ કૃપાશંકર પંડયા હતા તેનું વા. લ. સ્થાનિક રૂ. ૧–૮–૦ અને અન્યત્ર રૂ. ૨–૦ હતું તે ખંભાતમાં જ અરુણોદય પ્રિ. પ્રેસમાં છપાતું હતું. તેમાં ૩૨ પેજ આપવામાં આવતાં. છેલ્લા પાનામાં ખંભાત અને ખંભાત તાલુકાનાં ગામોના સમાચાર આપવામાં આવતા. તે માસિકના ૧૬ અંકો નીકળ્યા. છેલ્લો અંક ઑગસ્ટ સને ૧૯૩૭નો નીકળ્યો. તેનું બંધ પડવાનું કારણ એ હતું કે ' ડેકલેરેશન ' વિરુદ્ધ લખાણ છાપો છો એવા દિવાનસાહેબના હુકમથી બંધ કરવું પડયું હતું.

(૧૦) નવપ્રભાત : ઈ સ. ૧૯૩૭

ઈ. સ. ૧૯૩૭ના જુલાઈ માસમાં નવપ્રભાત માસિકનો જન્મ થયો. તેના તંત્રી શ્રી જમિયતરામ કૃપાશંકર પંડ્યા હતા. તેનું વા. લ. રૂા. ૨–૮–૦ હતું. જુદા જુદા વિષયોના લેખોથી તે વિભૂષિત થયું હતું. અને ૧૯૩૯માં 'નવપ્રભાત' સાપ્તાહિક થયું, ત્યારે તેનું લવાજમ સ્થાનિક ત્રણ રૂપિયા અને બહારગામ ચાર રૂપિયા હતું. તે વખતે સહતંત્રી અને વ્યવસ્થાપક તરીકે શ્રી નટવરલાલ હ. શાહ હતા. અને ખંભાતના નવચેતન પ્રિ. પ્રેસમાં છપાતું હતું. અઠવાડિક થયા પછી તે મુખ્યત્વે ગુજરાતનાં દેશી રાજ્યોના પ્રશ્નોને નીડરતાથી ચર્ચતું. ત્રણેક વર્ષ ચાલ્યા પછી તેણે આરામ લીધો.

(૧૧) દીપક : ઈ. સ. ૧૯૪૭

મુંબઈમાં વસતા ખંભાતી બંધુઓ તરફથી 'ખંભાત તરુણ મંડળ' સ્થપાયું હતું. તેના તરફથી આ માસિકપત્ર શરૂ થયું હતું. તેના શરૂઆતના સંપાદકો શ્રી ધનવંત શાહ, તથા શ્રી સુબોધ શાહ હતા. બીજા અંકથી શ્રી ઘનશ્યામ ભટ્ટ તથા શ્યામલાલ ભરૂચી હતા પછી શ્રી જયંત શાહ અને કાંતિલાલ શાહ તંત્રી હતા. તેનું વા. લ. ત્રણ રૂપિયા હતું. તેમાં ખંભાતના સમાચારો તથા બીજા લેખો આવતા હતા. તે પાંચ વર્ષ પછી બંધ પડયું.

(૧૨) નવસંસ્કાર : ઈ. સ. ૧૯૪૮

ખંભાતમાંથી સને ૧૯૩૬માં સંસ્કાર માસિક કાઢવામાં આવ્યું હતું; તેના જ તંત્રી શ્રી અંબાલાલ પંડિતે તા. ૨૩–૪–૪૮, વિ. સં. ૨૦૦૪ના ચૈત્ર સુદ ૧૫, શુક્રવારથી 'નવસંસ્કાર' સાપ્તાહિક શરૂ કર્યું. ખંભાત તાલુકાના સમાચારો આપવામાં આવે છે. ખંભાતની પ્રજામાં ધીમે ધીમે વર્તમાનપત્ર તરફનો સારો રસ જાગ્યો છે. શરૂમાં તેની કિંમત ૦–૧–૦ એક આનો હતી. ખંભાતની પ્રજાના પ્રશ્નો તેણે હાથ પર લીધેલા હોવાથી તે ખંભાતીઓને વધુ પ્રિય થઈ પડયું; અને જ્યાં જ્યાં વસે ખંભાતી ત્યાં તે દેશપરદેશમાં પહોંચે છે. આજે તે વીસ વર્ષનું આયુષ્ય ભોગવી ચૂક્યું છે. તેણે બાળપણ વિતાવ્યું છે. અને યુવાનીમાં પ્રવેશ્યું છે. આ પત્રે બીજાં પત્રોની માફક સંવત ૨૦૧૫ શ્રી દિવાળીનો ખાસ અંક આપવા માંડ્યો છે. આથી ઊગતા લેખકોને સારું ઉત્તેજન મળે છે. તેમ સાહિત્ય એકત્ર થવા લાગ્યું છે, હવે તે શુક્રવારને બદલે ગુરુવારે પ્રસિદ્ધ થાય છે. ખંભાતની સેવામાં તેનો અગ્રગણ્ય હિસ્સો છે.

(૧૩) ટંકાર : સને ૧૯૪૯

વિ. સં. ૨૦૦૫માં ખંભાત તાલુકા કોંગ્રેસના મંત્રી શ્રી જટાશંકર ત્ર્યંબકરામ ભટ્ટે 'પખવાડિક પત્ર' શરૂ કર્યું. તેઓ જણાવે છે કે 'ગાંધીજીએ દુનિયાનાં પાશવી બળો સામે ત્યાગ અને સેવાનો ટંકાર કર્યો, અને નૂતન સર્વોદય સમાજરચનાના પ્રચારમાં યોગ્ય ફાળો આપે' એ માટેનો નમ્ર પ્રયાસ છે. આ પત્ર થોડો સમય ચાલ્યા પછી બંધ પડયું.

(૧૪) લોકશાહી : ઈ. સ. ૧૯૫૦

સને ૧૯૫૦માં ખંભાતમાંથી ખંભાતના વતની શ્રી બિહારી બ્રહ્મભટ્ટે 'લોકશાહી' અઠવાડિક પત્ર શરૂ કર્યું. શહેરના કેટલાક પ્રશ્નો; સમાચાર વગેરે આપવા પ્રયત્ન કરવામાં આવ્યો. લગભગ બે વર્ષ સુધી તેણે ખંભાતની સેવા કરી. પછી તેણે નિવૃત્તિ લીધી.

(૧૫) નિદર્શન : સને ૧૯૫૦

સને ૧૯૫૦માં ખંભાતના શ્રી અંબાલાલ હ. પંડિતે 'નિદર્શન' નામે માસિક શરૂ કર્યું. તેમાં સાહિત્ય, જ્યોતિષ, સીવણકામ વગેરે વિષયોનુ

સાહિત્ય આપ્યું. તેનો પહેલો અંક તા. ૪–૯–૫૦ના રોજ બહાર પડ્યો. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૬–૦૦ હતા. તેના દસ અંકો નીકળ્યા પછી તેના ગ્રાહકો પૂરતા પ્રમાણમાં ન મળવાથી તે અસ્ત પામ્યું.

(૧૬) નવપ્રભાત : સને ૧૯૫૧

કૉંગ્રેસના પ્રચાર માટે સને ૧૯૫૧ના ફેબ્રુઆરીમાં પહેલો અંક બહાર પડ્યો. તે દર રવિવારે અઠવાડિક બહાર પડતું. વાર્ષિક લવાજમ ત્રણ રૂપિયા હતું. થોડાક અંકો કાઢ્યા પછી તે બંધ પડયું.

(૧૭) જનતા : સને ૧૯૫૩

ખંભાતમાંથી 'જનતા' સાપ્તાહિક શ્રી કનૈયાલાલ માણેકલાલ મોતીવાળાએ તા. ૩૧–૧૨–૫૩ના રોજ શરૂ કર્યું. તેનું વા. લ. રૂા ૪–૦ હતું. મુખ્યત્વે ચરોતરના સમાચાર આપવાની નેમ રાખી હતી. અને જનતાના પ્રશ્નો ચર્ચવાની અભિલાષા સેવી હતી. દર ગુરુવારે તે પ્રસિદ્ધ થતું. પ્રથમ અંકની પ્રસ્તાવનામાં તેઓશ્રી જણાવે છે કે "'સર્વોદય'ની ભાવનાનો આદર્શ છે." પ્રથમ અંકમાં ગુજરાતના સુપ્રતિષ્ઠિત નાગરિકોના આશીર્વાદ મેળવ્યા છે. એકાદ વર્ષમાં ડગ ભરી તે અટકી પડયું.

(૧૮) જાગૃતિ : સને ૧૯૫૬

'જાગૃતિ'નો પ્રથમ અંક તા. ૧૫મી ઓગસ્ટ સને ૧૯૫૬ના રોજ બહાર પડ્યો. પ્રારંભમાં તેના તંત્રી શ્રી જમિયત પંડ્યા હતા. આ અઠવાડિક પત્ર દર શુક્રવારે ખંભાતમાંથી પોતાના કાર્યાલયમાંથી બહાર પડે છે. તે 'નવચેતન પ્રેસ'ના માલિક શ્રી નટવરલાલ હરિવલ્લભદાસ છાપે છે. ખંભાત શહેર અને તાલુકાના બનાવો આપે છે. શરૂમાં તેની કિંમત ૦–૧–૦ રાખવામાં આવી હતી. તેનું એક વર્ષ વિત્યા બાદ તેના તંત્રીપદે શ્રી ચન્દ્રકાંત નટરલાલ શાહ આવ્યા. આ ઉત્સાહી યુવાન તેનો પ્રચાર કરવા તથા ખંભાતને નવા સમાચારો મેળવી, તેને પ્રજા સમક્ષ મૂકવા પ્રયત્નશીલ છે. તેણે એક દાયકો વિતાવી દીધો છે. તે પણ બીજા પત્રોની પેઠે વિ. સં. ૨૦૧૮થી દિવાળીનો ખાસ અંક કાઢે છે. ખંભાતની સેવા બજાવવામાં તેનો ફાળો સારો છે.

(૧૯) જનશક્તિ : સને ૧૯૫૬

'જનશક્તિ' સાપ્તાહિક દર મંગળવારે ખંભાતમાથી પ્રસિદ્ધ થતું હતું. તેના તંત્રી અને પ્રકાશક શ્રી રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી., બી. એસ. સી. હતા. તેનો પહેલો અંક તા. ૧૧–૧૨–૫૬ના રોજ પ્રસિદ્ધ થયો. તે ખંભાતના અરુણોદય પ્રેસમાં છપાતું હતું તેના પ્રથમ અંકના અગ્રલેખમાં પત્રના જન્મ અંગે જે બાબતો જણાવી છે તેમાં મુખ્યત્વે વ્યક્તિ અને સમાજની દષ્ટિએ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દષ્ટિએ આજ અને આવતી કાલની દષ્ટિએ અનેક ગંભીર પ્રશ્નો ઊભા થયા છે; તે તબક્કે આવા અનેકવિધ પ્રશ્નોની છણાવટ કરવાની દષ્ટિએ અમોને સાપ્તાહિક શરૂ કરવાની જરૂરિયાત દેખાઈ.

આ પ્રમાણે તેણે ધ્યેયબદ્ધ કાર્ય શરૂ કર્યું. લગભગ સાડાચાર વર્ષ ચાલ્યા પછી તેણે આરામ લીધો.

(૨૦) બુદ્ધિપ્રભા : ૧૯૫૯

જૈન ધર્મનું આ માસિક તા. ૧–૧૦–૫૯થી શરૂ થયું. તેના તંત્રીઓ તરીકે પંડિત છબીલદાસ અને ભદ્રક જે. કાપડિયા હતા. અરુણોદય પ્રેસમાં શરૂઆતના ૯ મહિના છપાયા પછી આણંદ, નડિયાદ વગેરે પ્રેસોમાં છપાયું. ૧૯૬૪ સુધી નિયમિત ખંભાતથી પ્રગટ થયું અને ત્યાર બાદ મુંબઈથી ગુણવંત શાહના સંપાદન હેઠળ ૧૯૬૪માં છપાયું. અને ૧૯૬૬ પછી તેણે આરામ લીધો.

આ ઉપરાંત કૉલેજનાં વાર્ષિક પત્રો કૉલેજ પૂરતાં નીકળે છે. રજની પારેખ આર્ટ્સ તરફથી 'તીર્થ' અને બી. સી. જે. સાયન્સ કૉલેજ તરફથી 'દીપ' વાર્ષિક અંકો કાઢે છે.